**SPECIAL FOCUS : ROYAL RAJPUT SOCIETY**

BEST SELLERS ₹ 15/-




SPECIAL ISSUE

નવેમ્બર नवम्बर 2014 NOVEMBER

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत , अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम
परित्राणायसाधुनां विनाशाय च दुष्कृताम , धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे

# પ્રતિધ્વનિ

www.universalmedia.org.in

તંત્રીઃ પરેશ મુલાણી

THE VOICE OF INDIA

કારતકઃમાગશર@વિ.સં. 2071

Continue Issue : 215 @ Year : 18th

The Largest circulated A National & International Monthly Magazine



Rameti Rambhadreti Ramchandreti vaa smaran|
Naro na lipyate paapeir bhuktim muktim chavindati||

happy दीवाली

Mission **Change India** for Quality Life

તમારો સંકલ્પ ભારત નિર્માણ કરી શકે છે !

ઈરાદો મજબૂત હોય તો કંઈ પણ હાંસલ કરી શકાય છે. નૂતનવર્ષે કંઈક નવું નિર્માણ કરવાનો સંકલ્પ કરીએ... Change **India** Change



**દીપોત્સવી '2070**

**નૂતનવર્ષ '2071**



ध क्वोलिटी लाईफ पर आधारित मासिक पत्रिका

| | | | | |
|---|---|---|---|---|
| Bangladesh......Taka 20.00 | India................₹ 15.00 | Macao.....HK$11.00 | Others...........US$ 01.00 | Sri Lanka.......Rs 20.00 |
| Brunel...................B$ 02.00 | Indonesia...Rp.1,500 [PPN Incl.] | Malasia....RM 02.00 | P.New Guinea...K 01.50 | Taiwan.......NT$ 35.00 |
| China.................RMB 10.00 | Japan..................#250 | Maldives...Rf 11.00 | Philippines.........P20.00 | Thailand.........B 30.00 |
| Guam..................Us$ 01.00 | Korea..........Won1,050 | Myanmar....K 02.00 | Saipan...........US$ 01.00 | U.S.Forces...US$ 01.00 |
| Hon Kong...........HK$ 10.00 | | Nepal......NRs 17.00 | Singapore........S$ 02.00 | |




દિવાળી અને નવાં વર્ષની શુભકામના...

**રાજુભાઈ દેસાઈ**

પૂર્વ પ્રદેશ કારોબારી સભ્ય
ભારતીય જનતા યુવા મોરચો : ગુજરાત

May The Lamps Of Joy,
Illuminate Your Life And Fill Your Days With
The Bright Sparkles Of Peace, Mirth And Goodwill.

# Happy Diwali &
# Happy New Year



# પ્રતિધ્વનિ THE VOICE OF INDIA

**A National & International Magazine**

- **Editor:Printer:Publisher : Owner:** Pareshkumar Nanubhai Mulani
- **Issue:** 11 ▪ **Continue Issue:** 215 ▪ **Years:** 18th ▪ **Page :** 60
- **Regd. Office :** Pratidhwani, 7/10, Mangalam, Nr. Bapunagar Police Station,Bapunagar, Ahmedabad 380024.
- **Tel** : [079] 22700803, 22706119 ▪ **Tel/fax:** [079] 22700803
- **E mail** : voice@pratidhwaniindia.com ▪ mission@qualitylife.org.in
- **Website :** www.universalmedia.org.in ▪ www.qualitylife.org.in
  www.qualityworld.org.in ▪ www.changeindia.org.in
  www.bharatnirman.org.in ▪ www.vishwasant.org.in
- **America Correspondent :** Madhubala P. Ramani, 26,Glen Oaks, C.T. Cliftion, New Jercy 07012 [USA] ▪ © Pratidhwani, Worldwide all rights reserved, Any type of Reprinting not applicable ▪ **Published by** Paresh Mulani for Pratidhwani, 7/10, Mangalam, Bapunagar, Ahmedabad 380024 & **Printed by** at Mulani Infotech Consultancy, Ahmedabad 380024. ▪ **Price:** ₹ 15/- ▪ **Annual Subscription:** ₹ 225/- ▪ **Member :** AINCE, AISMNF, INSAR, GTS.


**SUBSCRIPTION RATES:**
**PAYABLE IN LOCAL CURRENCIES AT THE FOLLOWING ADDRESS**

| Country | YearlyRate | | Send to Pratidhwani C/o the Following Address |
|---|---|---|---|
| Bangladesh | Taka | 240.00 | International Book Agencies Ltd. 61,Motijheel Commercial Area[2nd Flr]Dhaka 1,000 |
| China | US$ | 120.00 | Bank of China Tower,47/F,1 Garden Road, Central,Hong Kong. |
| Guam | US$ | 12.00 | Holrnes Management Co. 237,Mainis St.,Tamuning,Gaum 96911. |
| Hong Kong | HK$ | 120.00 | Bank of China Tower,47/F,1 Garden Road Central. |
| India | ₹ | 225.00 | "Pratidhwani"7/10,Mangalam, Nr.Bapunagar Police Stn., Amdavad 380 024. |
| Indonesia | Rp, | 18,000 | N.V.Indoprom Company[Indonesia]Ltd., [Home Service A.H.Division ] P.O.Box 2090,Jakarta 10001. |
| Japan | y | 3000 | Sumitomo Seimei Aoyama Bldg,3Fl. 3-1-30 Minami Aoyama,Mianto-Ku Tokyo 107 |
| Korea | W | 12,600 | International Publications Service[IPS] Gongpyong Bldg.,11 Fl, 5-1 Gongpyong-dong. Chongro-Ku,Seoul 110 604 |
| Malaysia | RM | 24.00 | Vines Services Sdn.Bhd No.77,Japan 9/34 B, Sri Edaran Light Industry Park,Kepong.52100, Kaula Lumpur,Malaysia. |
| Maldives | Rf. | 132.00 | Akiri Shop,Boduthakurufaanu Magu,Male.20-05 |
| Myanmar | Kyat | 24.00 | SPPS Trade Corporation 550/552,Merchant street. Yongon,Myanmar |
| Nepal | NRs. | 204.00 | Sandesh Griha News Agents. 69-A,Bangemudha,Kathmandu 12 |
| Pakistan | Rs. | 192.00 | Liberty Books [Private]Ltd. 3,Rafiq Plaza,Inverarity Road,Karachi 74400 |
| Phillippines | P | 240.00 | G/F Skrene Properties Building,3759,Cuenca Cor Emilia Sts.Palanan,1235 Makati City |
| Singapore | S$. | 24.00 | Caxtion Services Co.Pvt Ltd., 29,Tampines Street 92,Caxton Building, Singapore 528879 |
| Sri Lanka | Rs. | 240.00 | Vijitha Yapa Bookshop,P.O.Box 2007,Unity Plaza 2,Galle Road,Colombo 4 Sri Lanka |
| Taiwan | NT$ | 420.00 | Formosan Magazine Press Ltd.,189 Yen Ping South Rd.,6 F.Taipel. |
| Thailand | Baht | 360.00 | S.E.Commercial Enterprise Ltd.,P.O.Box 12-132 Yannawa Post Office,Bangkok 12 |
| US Forces | US$ | 12.00 | Madhubala P.Ramani,26,Glen Oaks C.T.Cliftion, New Jurcy 07012[U S A] |




## નૂતન વર્ષે ક્રાંતિકારી સંકલ્પો

**ભારતીય** સંસ્કૃતિનો શ્રેષ્ઠતમ ઉત્સવ એટલે દીપાવલી. વાઘ બારસથી શરૂ થઈને લાભ પાંચમ સુધી હર્ષોલ્લાસ સાથે આબાલ વૃદ્ધ સૌ આ તહેવારો ઉજવે.રંગોળી પૂરાય, દીવડા પ્રગટે, પૂજન અર્ચન થાય, ફટાકડા ફૂટે, નવાં વસ્ત્રો મળે, મીઠાઈઓ વહેંચાય. ઉજવણી ક્યાંય થોભે નહીં. ભાવિક ભક્તો રામ અને કૃષ્ણનાં કર્મસ્થાનોમાં યાત્રાએ જાય તથા પવિત્ર નદીઓમાં સ્નાન કરી પાપમુક્ત થવાનો આનંદ અનુભવે. પૌરાણિક વાર્તાઓ અને ઈતિહાસ, લક્ષ્મી પ્રાગટ્ય, ભૌમાસુરને પરાસ્ત કરી કૃષ્ણ દ્વારા હજારો મહિલાઓની નર્કમુક્તિ, આદરયુક્ત સ્થાન આપવા ગોપીઓ સાથે કૃષ્ણનો વૈવાહિક સંબંધ, બલી રાજા પાસેથી વામનરૂપે ભગવાને પરત મેળવેલ સંપૂર્ણ વૈભવ અને યમુના મહારાણીને ત્યાં પધારી યમરાજાએ આપેલ અભય વચન, આપણને દરેક પવિત્ર દિવસની યાદ ઉત્સવોનો આનંદ લૂંટવા પ્રેરે છે. ઘરની સાફ સફાઈ, રંગરોગાન, નવી ખરીદી, લક્ષ્મીપૂજન, ચોપડાપૂજન વગેરે આ દિવસોમાં સહજ વણાયેલી પ્રવૃત્તિઓ છે. અર્થોપાર્જન અંગે લક્ષ્મીજીનું આહ્‌વાન સ્વાભાવિક છે. લક્ષ્મીજીનું સ્થાપન અને પૂજન એ ધનતેરસનો યજ્ઞ છે. નૂતન વર્ષનાં સુપ્રભાતે નવાં ચોપડાઓનું પૂજન કરી વર્ષભર જાવક કરતાં આવકનું પલ્લુ ભારે રહે તેવી મા શારદાને પ્રાર્થના પણ અનેરો યજ્ઞ છે. આ યજ્ઞોમાં આસ્થા સાથે પવિત્રતા ભળે એટલે દિવ્યતાનો ઉદય થાય. પૂજન સમયે ધનશુદ્ધિ સાથે યોગ્ય દાનનો સંકલ્પ એક શક્તિશાળી સમાજનો પાયો છે. અમાસની રાત્રીએ દીવાઓ થકી અંધકાર ભાગે છે. ઉજાસ પથરાય છે. જ્ઞાનનો ઉદય થાય છે. શારદા પૂજને ક્રાંતિકારી સંકલ્પનો જન્મ થાય તે જરૂરી છે. નીતિ સાથેનો વ્યાપાર, મહેનત થકી સંપત્તિ ઉપાર્જન અને તેનો વિવેકપૂર્ણ ઉપયોગ વૈભવશાળી સમાજનું નિર્માણ કરશે. વ્યાપાર ચિઠ્ઠીથી નહીં, પરંતુ ચેકથી. નફાખોરી નહીં, પરંતુ યોગ્ય વળતર, ધનસંગ્રહ નહીં, પરંતુ યથાયોગ્ય ધનવૃદ્ધિ અને રાષ્ટ્ર નિર્માણ. ગાંધીની નોટોનું ચલણ કાળાબજારમાં નહીં, પરંતુ રાષ્ટ્રીય સંપત્તિ નિર્માણ પામે તેવો વ્યવહાર. સોનુ, રૂપુ, મોતી, માણેક કે હીરા માત્ર કબાટોમાં ન રહે, પરંતુ રાષ્ટ્ર સંપત્તિમાં ઉમેરો કરે. આવા અનેક આયામો થકી દરેક હાથને કામ, દરેક વ્યક્તિને પોષણયુક્ત ભોજન, દરેક કુટુંબને ઘર અને સમાજની ઓળખ થકી રાષ્ટ્રને ગરીમાપૂર્ણ સ્થાન મળશે. નૂતન વર્ષે અનિષ્ટોને ભગાવીએ. યોગ્ય ભણતર, સમાજ સુધારણા, નવતર સંશોધનો, વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતિ, આધ્યાત્મિક ઉન્નતિ અને સબળ રાષ્ટ્ર દૃષ્ટિગોચર થાય તેવું દૈનિક કાર્ય આચરીએ. સૃષ્ટિ અને સમષ્ટિને સાચા અર્થમાં ઓળખવાનો સમય જ નવું વર્ષ હોઈ શકે. પ્રકૃતિ આપણાં વ્યવહારોથી ખંડિત ન થાય તે જરૂરી છે. આવો આપણે સહુ નૂતનવર્ષે નવાં સંકલ્પો કરીએ, ઈચ્છિત પરિણામો ઈશ્વર સૌને આપે તેવી શુભેચ્છાઓ.

▪ Parth Patel [Managing Editor]




CONTENTS

November 2014

प्रतिध्वनि

THE VOICE OF INDIA

A National & International Magazine

Continue Issue: 215 @Year : 18th





**05 ઉત્સવ**
- ➤ દિવાળી : તમસો મા જ્યોતિર્ગમય @ સમૃદ્ધિનો પ્રકાશ : સમૃદ્ધિ ઉપર આપણો અધિકાર
- ➤ વિદેશની દિવાળી @ પૈસા મારા દેશમાં
- ➤ આપણે કેટલા ખુશ છીએ @ દેશ અંગે વિચારીએ

**10 પર્યાવરણ**
- ➤ ગાંધીજીને સ્વચ્છ ભારતની ભેટ આપીએ @ પ્લાસ્ટિકનો દૈત્ય ધરતી પર વિનાશ વેરી રહ્યો છે
- ➤ વિશ્વનાં શહેરોની સ્વચ્છતા @ વડાપ્રધાનની આદર્શ ગ્રામ યોજના
- ➤ દેશના 100 સ્માર્ટ સિટીમાં જૂનાગઢ

**15 ફોક્સ**
- ➤ પહેલા જ પ્રયત્ને મંગળ સુધી પહોંચનારો ભારત દુનિયાનો પ્રથમ દેશ
- ➤ પ્રથમવાર ભારત પાક.ને મળ્યું શાંતિનું નોબેલ
- ➤ અમદાવાદને મેટ્રો મળી @ હવે બરડામાં સાવજોની ડણક સંભળાશે
- ➤ સુરતી વેપારીઓએ એરલાઈન શરૂ કરી @ ન્યુજર્સીમાં BAPSનું સૌથી મોટું મંદિર
- ➤ વિશ્વનાં ખૂણે ખૂણામાં ધબકે છે 'ગુજરાત' @ સેક્યુલરિઝમ: રંગ બદલતી વિભાવના
- ➤ હિન્દુત્વ એટલે સર્વધર્મ સમભાવ અને સાર્વભૌમ બંધુત્વ @ શ્રીમદ્ ભગવદ્ ગીતા બિનસાંપ્રદાયિક ગ્રંથ છે
- ➤ મુસ્લિમોનો કૃષ્ણ પ્રેમ @ દશાવતારનું મનોવૈજ્ઞાનિક અર્થઘટન
- ➤ શાંતિપ્રિય અને ધર્મપ્રેમી માનવોની જીત થશે @ ધર્મનાં નામે થતી પશુહત્યા અટકવી જોઈએ

**33 મુલાકાત**
- ➤ નરેન્દ્ર મોદી : ન અવગણી શકાય એવું નામ
- ➤ આનંદીબહેન પટેલ : બાહોશ, નીડર અને આખાબોલું વ્યક્તિત્ત્વ
- ➤ રાજનાથ સિંહ : પાવરફુલ રાજનાથને રાજકીય મહત્ત્વાકાંક્ષા નથી
- ➤ રવિન્દ્ર જાડેજા : રનનું રમખાણ... બોલની બઘડાટી

**36 ઈતિહાસ**
- ➤ તાજ મહલ નહીં પણ... બોલો તેજ મહા આલય @ ભારતનાં વીર બાળકો

**52 હેલ્થ**
- ➤ ફળ અને ગાજરનો રસ આયુષ્યમાં વધારો કરે છે

**53 बैंकिंग :** कर्ज पर इमारत कैसै खड़ी करें @ लोन की लक्ष्मी लाएगी सरस्वती

**55 संस्कृति :** आभामय आध्यात्मिकता से ही भारत विश्व गुरु होगा @ भारत भूमि में अध्यात्म की आभा

આર્ચન



ઉત્સવનો ઊજાસ

# દિવાળી : તમસો મા જ્યોતિર્ગમય

દિવાળી પર્વ એટલે સામાન્ય લોકો માટે નવી ખરીદી અને ઉત્સવનું પર્વ. ગામડામાં અત્યારે પાક ખળીમાં આવી ગયો હોય, ખેડૂત તેની પત્નીને કહેતો હોય કે આ વર્ષ સારું છે, દીકરીનું આણું કરી દઈએ. વેપારી વિચારતો હોય કે આવક સારી થાય. કામદાર બોનસ મળ્યાથી રાજી હોય. સર્વત્ર આનંદ હોય ત્યારે બધું સારું દેખાવા લાગે અને લોકો ઉત્સવનાં મૂડમાં આવી જાય. લોકો નવા વસ્ત્રો ખરીદે, મીઠાઈ બનાવે, ફટાકડા ફોડે, જીવન ભર્યું ભાદર્યું લાગે. દિવાળી દરમિયાન આવો ઉત્સાહ અને આનંદ કેમ હોય છે? ઉત્સાહની હેલી ચડે ત્યારે શું કરવું જોઈએ તેના નિયમો આપણા સમાજ ચિંતકોએ ઘડી રાખ્યાં છે. દિવાળી એ પ્રકાશનું પર્વ છે. રામે રાવણનો વિજયાદશમીએ વધ કર્યા પછી દિવાળીએ તેઓ અયોધ્યા પરત ફરે છે. અયોધ્યા નગરીનાં લોકો તેમના આગમનનાં માનમાં દીવડા પ્રગટાવે છે. પ્રતીકાત્મક રીતે જોઈએ તો આ અંધકારમાંથી પ્રકાશમાં જવાનું પર્વ છે. ઋતુ અને લોકોનાં ઉત્સાહનો સમન્વય કરીને સમાજનાં ડાહ્યા લોકોએ તેનું આયોજન કર્યું છે. માત્ર ભારતનાં હિંદુઓ જ નહિ, જૈનો, શીખો વગેર પણ આ પર્વ ઉજવે છે. જૈનો માટે આ તીર્થંકર મહાવીરનો નિર્વાણ દિન છે. આ દિવસે ગુરુ હરગોવિંદ બંદીખાનામાંથી મુક્ત થયાં હતાં. આમ દરેક ધર્મ અને સંપ્રદાયનાં લોકોએ દિવાળીનાં ઉત્સાહને પૌરાણિક પ્રસંગ સાથે જોડી દીધો છે. ભારતમાં જ નહિ, ભારત બહાર વસતા મૂળ ભારતીયો પણ વિદેશમાં દિવાળી મનાવે છે. આમ દિવાળી એ આંતરરાષ્ટ્રીય ઉત્સવ છે. ભારતમાં જ્યાં વિક્રમ સંવત ચાલે છે તેવા ગુજરાત અને માળવામાં દિવાળી વર્ષનો અંતિમ દિવસ છે. કારતક માસથી નવું વર્ષ શરુ થાય છે.

કચ્છમાં નવું વર્ષ અષાઢથી શરુ થાય છે. સમગ્ર ભારતનાં વિવિધ વિસ્તારોમાં જે સંવતો પ્રવર્તતા હોય તે મુજબ નવું વર્ષ હોય છે, પરંતુ દિવાળી તો બધે એક દિવસે હોય છે. આ વર્ષે દિવાળીની શરૂઆત 20 ઓક્ટોબર વાઘ બારસથી થાય છે. આ દિવસે લોકો ઘરની વાર્ષિક સફાઈ કરે છે, નકામી વસ્તુઓ કાઢી નાંખે છે. ઘરમાં રંગ રોગાન કરે છે. ઘર સજાવે છે. તોરણ બાંધે છે. શહેરમાં લોકો ઘર સાફ કરી બત્તીઓ લગાવી ઘરને શણગારે છે. 21 ઓક્ટોબર ધન તેરસ અથવા ધણ તેરસનો દિવસ છે. આ દિવસે ગોપાલકો ધણની પૂજા કરે છે. ગામડામાં સાંજે ગાયોનું ધણ દોડાવાય છે. કેટલાક લોકો ધનની પૂજા કરે છે. આ દિવસે નવી વસ્તુઓની ખરીદી પણ થાય છે. કાળી ચૌદસ એ ઘરમાંથી કકળાટ કાઢવાનો એટલે કે પરસ્પર શાંતિથી જીવવાના કોલનો દિવસ છે. પ્રતીક રૂપે સાંજે ચોંકમાં વડાં મુકવામાં આવે છે. દિવાળી લક્ષ્મી પૂજનનો દિવસ છે. વેપારીઓ ચોપડા પૂજન પણ કરે છે. વેપારીઓ જૂનો હિસાબ પતાવી લાભ પાંચમથી નવા ચોપડાથી શરૂઆત કરે છે. પહેલા રજાઓમાં લોકો પરસ્પર મળતા, હવે વેપારીઓ દિવાળીનું ચોપડા પૂજન પતાવી આબુ, અંબાજી, શ્રીનાથજી કે દીવ દમણ ફરવા ઉપડી જાય છે. પહેલા દિવાળીનાં દિવસે સાંજે રોશની થતી, હવે તાળું હોય છે. સામાન્ય આવક ધરાવતા લોકો ફરવા જઈ શકતા નથી. આ દિવસે ખાસ નવા વસ્ત્રો પહેરવા, ફટાકડા ફોડવા, પરસ્પર ભેટ આપવી, સારું ખાવું વગેરે દ્વારા લોકો પોતાનો ઉત્સાહ વ્યક્ત કરે છે.

દિવાળી સમયે દિવાળી કાર્ડ લખવાનું ચલણ હવે SMSનો જમાનો આવતા મંદ પડી ગયું છે. ગુજરાતીઓ માટે દિવાળીનાં પછીનો દિવસ નવું વર્ષ છે. આ દિવસે લોકો એક બીજાને ઘેર જઈ પરસ્પર અભિવાદન કરે છે. પછીનો દિવસ ભાઈ બીજ ભાઈ બહેનનાં પ્રેમનું પ્રતીક છે. રક્ષાબંધનનાં દિવસે બહેન ભાઈનાં ઘેર આવી રાખડી બાંધે છે. જ્યારે ભાઈબીજનાં દિવસે ભાઈ બહેનનાં ઘેર જઈ જમે છે. પરસ્પરનાં સંબંધોનું આ સમીકરણ આજે કોસ્મોપોલિટન વિસ્તારોમાં નબળું પડતું જાય છે. લાભ પાંચમે વેપારીઓ ધંધાનું મૂહર્ત કરે છે. આ સમયે કોઈ સારા ગ્રાહક થકી મૂહુર્ત કરવામાં આવે છે કે વિવિધ સ્વરૂપનાં સંબંધોનું એક ગુંથન જોવા મળે છે.

સમય સાથે સંબંધો બદલાય છે, એટલે આ સમીકરણ પણ તૂટે છે. જે નવાં સ્વરૂપો ઉભરી રહ્યાં છે તે વ્યક્તિગત અને બહુ તો કૌટુંબિક સંબંધો સુધી સીમિત દેખાય છે. પહેલા બાળકો બેસતા વર્ષે વડીલોને પગે લાગવા જતાં. આમ સેવા આપનારને દિવાળી નિમિત્તે કૈંક અપાતું, પરસ્પર ઘરની મુલાકાતો ગોઠવાતી. આ રિવાજ બદલાતો જાય છે, પરંતુ જૂનું બધું સારું હતું હવે બધું બગડતું જાય છે તેવું નથી. જે સતત બદલાતા રહે છે તે જ સમાજનો હિસ્સો બને છે.

# વિદેશની દિવાળી

ભારતમાં દિવાળીનો ઉત્સવ કેવી રીતે ઊજવાય છે એ આપણે સૌ જાણીએ છીએ. દૂર દેશોમાં એટલે કે ભારતની બહાર કેનેડા, મલેશિયા, નેપાળ, મોરેશિયસ, મ્યાનમાર, સિંગાપુર, શ્રીલંકા, બ્રિટન, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ દિવાળી ખૂબ ધૂમધામથી ઊજવવામાં આવે છે.

**મલેશિયાની 'હરિ દીપાવલી'**

મલેશિયામાં દિવાળી અત્યંત મહત્ત્વનો તહેવાર ગણાય છે. ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજીની આરાધનાને કારણે અહીં તેને 'હરિ દીપાવલી' કહે છે. હિન્દુ સૂર્ય પંચાગનાં સાતમા મહિના દરમિયાન તેની ઉજવણી થાય છે. સમગ્ર મલેશિયામાં સરકાર દ્વારા જાહેર રજા હોય છે. લોકો તેલ લગાડીને સ્નાન કરવાની પરંપરા અનુસરીને અનુષ્ઠાન કરી મંદિરે જાય છે. ફૂલો અને દીવડાથી મંદિરનો શણગાર કરવામાં આવે છે.

**ઊગતા સૂર્યનાં દેશમાં દિવાળી**

જાપાન એટલે ઊગતા સૂર્યની ભૂમિ. અહીં દિવાળી એટલે પ્રગતિ, સુખ, લાંબી ઉંમર અને સમૃદ્ધિનું પ્રતીક ગણાય છે. અહીંનાં લોકો બગીચામાં ઝાડની ડાળીઓ ઉપર રંગીન ફાનસ લટકાવે છે. અહીં પૂજા સ્થાનને વોલપેપરથી શણગારવામાં આવે છે અને ધૂમધામથી દિવાળી ઊજવવામાં આવે છે.

**રાજાશાહી ઠાઠભરી દિવાળી**

બ્રિટનમાં રહેતા ભારતીયો લક્ષ્મી મંદિરે જાય છે. ભારતીય પરંપરા મુજબ દીવડા પ્રગટાવીને ઘરમાં પ્રકાશ પાથરવામાં આવે છે. અહીં ઓક્ટોબર નવેમ્બર મહિનામાં ઠંડી હોય છે તેમ છતાં લોકોનો આ તહેવાર પ્રત્યેનો ઉત્સાહ જરાય ઓછો થતો નથી. અહીં પણ એક નાનકડું ભારત જોવા મળે છે. દરવાજા અને બારીઓ ઉપર દીવડા પ્રગટાવીને મૂકવા તેમજ લક્ષ્મીજીનાં સ્વાગતમાં દરવાજા ખુલ્લા રાખવા અહીંની પરંપરામાં પણ સામેલ છે.

**શ્રીલંકામાં સાકરની દિવાળી**

ભારતનાં દક્ષિણ પૂર્વીય સ્થિત શ્રીલંકામાં પણ દિવાળી ધામધૂમથી ઉજવાય છે. આ દિવસે સાકરનાં ટુકડાથી બનેલાં રમકડાંની પૂજા થાય છે. પછી સાકરનાં આ નાનકડાં રમકડાં મીઠાઈ તરીકે ખાવામાં આવે છે. સાંજે આખો દેશ દીવડાથી ઝગમગી ઊઠે છે અને ભારતીય પરંપરા મુજબ અહીં લોકો ફટાકડા ફોડીને જલસો કરે છે.

**નેપાળમાં 'તિહાર'**

દિવાળીનાં પાંચ દિવસનાં ભવ્ય ઉત્સવમાં અહીં પહેલા જ દિવસે ગાયની પૂજા કરવામાં આવે છે. અહીંનાં લોકો એવું માને છે કે લક્ષ્મીમાતા ગાય ઉપર સવારી કરીને આવે છે. બીજા દિવસે ભૈરવનાં વાહન કૂતરાની પૂજા થાય છે અને ભોજન કરાવવામાં આવે છે. ત્રીજો દિવસ એટલે કે દિવાળી. અહીં દિવાળીને 'તિહાર' નામથી ઓળખવામાં આવે છે. ચોથા દિવસે લાંબી ઉંમરની પ્રાર્થના કરીને યમદેવની પૂજા થાય છે. પાંચમાં દિવસે બહેન ભાઈને તિલક કરીને તેની લાંબી ઉંમર માટે પ્રાર્થના કરે છે. આ પાંચેય દિવસોમાં વિવિધ પ્રકારનાં ગીત સંગીતનાં કાર્યક્રમો પણ યોજાય છે.

**કેનેડામાં 'મિસ દિવાલી ક્વીન'**

કેનેડામાં ખાસ કરીને ઓન્ટારિયોમાં જોશભેર દિવાળીની ઉજવણી થાય છે. દક્ષિણ એશિયાઈ લોકોની વસ્તી અહીં વધારે છે. ભગવાન વિષ્ણુનાં મંદિરમાં ભેગા થઈને સામુહિક રીતે દિવાળીનો આનંદ માણે છે. આ પ્રસંગે 'મિસ દિવાલી ક્વીન'ની પસંદગી પણ થાય છે.



# સમૃદ્ધિનો પ્રકાશ

## સમૃદ્ધિ ઉપર આપણો અધિકાર

- **વિશ્વમાં કુલ ધન : 1578 લાખ કરોડ રૂપિયા [263 ટ્રિલિયન ડોલર]**
- **માત્ર સાડા ત્રણ કરોડ લોકો પાસે છે વિશ્વની અડધી સંપત્તિ**
- **વિશ્વની કુલ વસ્તી 700 કરોડ એટલે કે સાડા ત્રણ કરોડ લોકો પાસે એટલી ધન સંપત્તિ છે જેટલી બાકીનાં 696.5 કરોડ લોકો પાસે**
- **જો તમારી પાસે 5 કરોડ હોય તો તમે દુનિયાનાં ટોપ 1%માં છો**
- **સાડા ત્રણ કરોડ લોકોમાં અઢી લાખ ભારતીય છે**
- **જો બધાં જ પૈસા સરખા હિસ્સે વહેંચી દેવામાં આવે તો... દરેક વ્યક્તિને મળશે 22.54 લાખ રૂપિયા, પરંતુ આવું છે નહીં....**

**આથી લક્ષ્ય છે**

પ્રતિધ્વનિનો વિચાર છે કે સમૃદ્ધિનો પ્રકાશ દરેક વ્યક્તિ સુધી પહોંચવો જોઈએ. આવું સંપૂર્ણપણે સંભવ છે કારણ કે આપણી પાસે બે શક્તિઓ છે. પ્રથમ 65 કરોડ યુવા શક્તિ. બીજી સૌથી મજબૂત મધ્યમ વર્ગ, જેમણે દેશને પારિવારિક સુદૃઢતા આપી છે. તેમને સમર્પિત છે આ દિવાળી અંક.

**સિટી ઓફ લાઈટ્સ**

વારાણસીમાં દિવાળીની પૂર્વસંધ્યાએ ગંગા આરતીનું ભવ્ય દ્રશ્ય. દેશમાં આજકાલ ગંગા સૌથી વધારે ચર્ચામાં છે. દિવાળી બાદ તેની સફાઈનું મહાઅભિયાન શરૂ થનાર છે. જેની પાછળ 50 હજાર કરોડ ખર્ચાશે જે વિશ્વનો સૌથી મોટો રિવર પ્રોજેક્ટ છે. આ રીતે પ્રાચીન ભારતની પૌરાણિક સમૃદ્ધિનું આ પ્રતીક દેશની આધુનિક સમૃદ્ધિનું પ્રતીક બની જશે. 2525 કિમી લાબી ગંગા 40 કરોડ કરતાં વધારે ભારતીયોની જીવાદોરી છે. તે 118 એવાં શહેરો પાસેથી પસાર થાય છે કે જેમની વસ્તી 50 હજાર કરતાં વધારે છે. તેનાં પર બનેલા 17 પાવર પ્લાન્ટોથી વીજળી મળી રહી છે, જ્યારે 69 હાઈડ્રોપાવર પ્લાન્ટ અલકનંદા અને ભાગીરથી પર બંધાઈ રહ્યાં છે.

**આપણી સમૃદ્ધિનાં બે રૂપ**

**વ્યાવહારિક સમૃદ્ધિ :**

આજે આપણે નાણાંની દ્રષ્ટિએ કોઈનાં કરતાં ઓછા નથી. મર્યાદિત સંસાધનો વચ્ચે બચત અને સૂઝબૂઝ વડે ખર્ચ કરવાની આપણી પરંપરા રહી છે. દુનિયાનાં પાંચ મોટા દેશો જેટલું સોનું તો આપણા ઘરોમાં છે.

**વાસ્તવિક સમૃદ્ધિનાં 4 પ્રતીક :1. ખુશી, 2. સ્વાસ્થ્ય, 3. શિક્ષણ, 4. નવા વિચાર**

**વાસ્તવિક સમૃદ્ધિ :** દુનિયાએ ખુશીનાં જે માપદંડો નક્કી કર્યા છે તેમાં આપણે આગળ વધી રહ્યાં છીએ. ખાસ કરીને સકારાત્મક ઊર્જામાં આપણે 8માં સ્થાન ઉપર છીએ. આપણે ત્યાં નાણાં માત્ર નાણાં જ નથી. રક્ષાબંધન પર તે ભાઈ બહેનનાં પ્રેમનાં રૂપમાં બદલાઈ જાય છે. લગ્નમાં શુકન, જન્મદિવસે આશીર્વાદ અને મંદિરોમાં શ્રદ્ધાનાં ચડાવાના રૂપમાં દેખાય છે. નાણાં ખુશીનું કારણ હોઈ શકે, પણ આધાર નહીં.



# પૈસા મારા દેશમાં

**ભારતમાં 216 લાખ કરોડ રૂપિયા**

**સુપર રિચ વધ્યાં : 1.17 લાખ લોકો પાસે 25 કરોડ કરતાં વધારે રૂપિયા**

દેશમાં અલ્ટ્રા હાઈ નેટવર્થ ઈન્ડિવિડ્યુઅલની સંખ્યા 1.17 લાખ છે. આ એવા લોકો છે જે ઓછામાં ઓછા 25 કરોડની સંપત્તિનાં માલિક છે. તેમની વાર્ષિક આવક ₹ 3.5 થી 4 કરોડ છે. 55 ટકા લોકો મેટ્રો શહેરોનાં છે. એટલે કે સમાન રૂપે વહેંચી દેવાય તો દેશનાં દરેક નાગરિકને મળશે ₹ 2.61 કરોડ. દેશની કુલ સંપત્તિ વર્ષ 2008 પછી 8 ટકા વાર્ષિક દરથી વધી છે. ટોચનાં 100 શ્રીમંતોની કુલ સંપત્તિ ગત વર્ષની તુલનામાં 34% વધી છે.

**આપણે ત્યાં કોની પાસે કેટલા નાણાં**

➤ 0.3% લોકો પાસે 60 લાખ કરતાં વધારે સંપત્તિ
➤ 100 સૌથી શ્રીમંત ભારતીયોની કુલ સંપત્તિ ₹ 20,760 અબજ
➤ 95% લોકો પાસે ₹ 6 લાખ થી ઓછી સંપત્તિ

**ભારતનાં ટોપ 10 ટકા લોકો પાસે દેશની 74 ટકા સંપત્તિ**

મધ્યમ વર્ગની આવક વધવા છતાં દેશમાં ટોપ 10 ટકા એવા છે જેમની પાસે દેશની 74 ટકા સંપત્તિ છે. એટલે કે બાકીનાં 90 ટકા પાસે માત્ર 26 ટકા સંપત્તિ. 2000નાં વર્ષમાં ટોપ 10 ટકા લોકો પાસે 65.9 ટકા સંપત્તિ હતી.

**દુનિયામાં કઈ રીતે વહેંચાયેલ છે સંપત્તિ**

➤ 0.7% એટલે કે 3.5 કરોડ લોકો પાસે 44% સંપત્તિઃ ₹ 7,117 લાખ કરોડ
➤ 7.9% એટલે 37 કરોડ લોકો પાસે 41.3% સંપત્તિઃ ₹ 6,669.13 લાખ કરોડ
➤ 21.5% એટલે કે 101 કરોડ લોકો પાસે 11.8% સંપત્તિઃ ₹ 1,909.85 કરોડ
➤ 69.8% એટલે 328 કરોડ લોકો પાસે 2.9% સંપત્તિઃ ₹ 466.72 લાખ કરોડ

**નાણાં કમાવવા માટે ટોપ 4 કન્ટ્રી**

**1.** હોંગકોંગ **2.** સિંગાપોર **3.** ડેનમાર્ક **4.** કેનેડા
અમેરિકા આ યાદીમાં 22માં અને ભારત 74માં સ્થાને છે.

**આ વર્ષે આપણા બજારમાં વધારે નાણાં**

➤ 3.84 લાખ કરોડ રૂપિયાની કરન્સીનું સર્ક્યુલેશન એપ્રિલથી સપ્ટેમ્બરમાં
➤ ગયાં વર્ષે બજારમાં ₹ 1.64 લાખ કરોડ આવ્યાં હતાં.

**સમગ્ર વિશ્વની કુલ સંપત્તિમાં અમેરિકાનો હિસ્સો 25.4 ટકા**

➤ વિશ્વમાં 2.325 અબજપતિ [ચાલુ વર્ષે 155 વધ્યાં, 7 ટકાનો વધારો]
➤ દેશમાં 100 અબજપતિ [વિશ્વમાં છઠ્ઠા સ્થાન ઉપર]
➤ વિશ્વનાં અબજોપતિની કુલ સંપત્તિ ચાલુ વર્ષે 12 ટકાનાં દરથી વધી.
➤ ભારતીયોને આગામી વર્ષે 10.8 ટકા પગાર વધારો મળશે.

**સૌથી ધનિક મહાદ્વીપ**

**પ્રથમ** : ઉત્તર અમેરિકા ₹ 5,588.31 લાખ કરોડ
**દ્વિતીય** : યુરોપ ₹ 5,232.13 લાખ કરોડ

**ક્યાં કેટલા અબજોપતિ**

➤ વિશ્વમાં સૌથી વધારે 103 અબજોપતિ ન્યૂયોર્કમાં
➤ દેશમાં સૌથી વધારે 28 અબજોપતિ મુંબઈમાં
➤ પાછલા વર્ષની સરખામણીમાં દેશમાં 3 ટકા અબજોપતિ ઘટ્યા
➤ 571 અબજોપતિઓની સાથે અમેરિકા નંબર વન
➤ બીજા સ્થાને ચીન : 190
➤ ત્રીજા સ્થાને યુકે : 130
➤ ભારતમાં સ્વિટ્ઝર્લેન્ડથી પણ વધુ અબજોપતિ
➤ સૌથી અમીર મહાદ્વીપ યુરોપ : 775 અબજોપતિ

**ટોચનાં 5 દેશ કરતાં વધું સોનુ આપણાં ઘરોમાં છે**

➤ ભારતીય ઘરોમાં 20 હજાર ટન, ₹ 5,520 અબજનું સોનુ
➤ 2.3 ટન સોનુ આપણે રોજ ખરીદીએ છીએ
➤ 2000 ટન સોનુ તો માત્ર મંદિરોમાં છે
➤ આ સોનાને તમામ લોકોમાં સરખે હિસ્સે વહેંચવામાં આવે તો દરેક વ્યક્તિને સોનાની પાંચ વીંટીઓ મળે. એટલે કે 24 ગ્રામ સોનુ દરેક વ્યક્તિને, આશરે 63 હજાર રૂપિયાનું.
➤ 2500 ટન સોનુ દર વર્ષે ખાણમાંથી કાઢવામાં આવે છે.
➤ 39 ટકા એટલે કે 975 ટન ભારત આયાત કરે છે.

**આ રીતે સોનુ વપરાય છે**

➤ 52 ટકા ઝવેરાતમાં [મોટા ભાગનું ભારતમાં]
➤ 34 ટકા ઈન્વેસ્ટમેન્ટમાં
➤ 12 ટકા ઔદ્યોગિક ઉપયોગ

**ભારત સરકાર પાસે 557 ટન**

અમેરિકા : 8,113, જર્મની : 3,387, IMF : 2,814, ઈટાલી : 2,451, ફ્રાન્સ : 2,435, ચીન : 1,054, સ્વિટ્ઝર્લેન્ડ : 1,041, રશિયા : 976, જાપાન : 765, હોલેન્ડ : 612, ભારત : 557.5

**સૌથી ધનિક મંદિર**

**➤ પદ્મનાભ સ્વામી મંદિરમાં 1 લાખ કરોડ રૂપિયાનું સોનુ**

ભગવાન વિષ્ણુનાં 108 દિવ્ય સ્થળોમાંથી એક છે. અહીં વિષ્ણુની મૂર્તિ આરામની મુદ્રામાં છે. 2011માં અહીંની સંપત્તિ પહેલી વખત વિશ્વની સામે આવી હતી.

**➤ તિરુપતિ બાલાજીમાં 6,135 કિલો સોનુ**

50,000થી વધુ શ્રદ્ધાળુ રોજ આવે છે. અહીંની ભોજન શાળા રોજ 75000થી વધુ ભક્તોને જમાડે છે

**➤ શિરડી સાંઈ મંદિરમાં 627 કરોડ રૂપિયાની FD**

મંદિરમાં દર વર્ષે 350 કરોડ રૂપિયા ભક્તો પાસેથી ભેટમાં મળે છે. તેમાં મળેલા સોના ચાંદીની હરાજી દ્વારા ભક્તો પાછા ખરીદી લે છે.


**રેશમબાઈ પ્રસુતિગૃહ તથા ફર્ટીલીટી હોસ્પિટલ**

ISO 9001 : 2000 Certified Hospital ✦ સ્ત્રી રોગ તથા નિઃસંતાન નિષ્ણાંત

**ડૉ. લક્ષ્મી હસમુખ અગ્રવાલ ✦ ડૉ. હસમુખ એન. અગ્રવાલ**

✦ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર [IUI, IVF & ICSI Centre] ✦ દૂરબીનથી ગર્ભાશયની તપાસ, લેપ્રોસ્કોપી, હિસ્ટરોસ્કોપી સર્જરી ✦ 4-D [3D Live] કલર ડોપ્લર સોનોગ્રાફીની સુવિધા [Abd & TVS] ✦ થર્મોચોઈસ ✦ કોલ્પોસ્કોપીક દ્વારા ગર્ભાશયનાં મુખનું કેન્સર, સફેદ પાણી તથા ખંજવાળની મશીનથી તપાસ ✦ ગર્ભાશયનું ટાંકા વગરનુ તથા લેપ્રોસ્કોપીથી ઓપરેશન ✦ ગર્ભાશયની બંધ નળી ખોલવાની આધુનિક માઈક્રોસર્જરી ✦ ક્રાયોસર્જરી થી ગર્ભાશયનાં મુખની ચાંદી બાળવાની સગવડ ✦ નવજાત શિશુ અને બાળરોગોનાં નિષ્ણાંત

સ્વસ્તિક કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની સામે, શાહીબાગ, અમદાવાદ-380 004.
**Tel. :** 22863777, 22863444, 22861791 **Fax :** 079-22865596
**Email :** info@reshambaiivf.org **Web :** www.reshambaiivf.org
**સમય : સવારે** 10.00 થી 2.00 **સાંજે** 5.00 થી 7.30

# આપણે કેટલા ખુશ છીએ

**પોઝિટિવિટી : 8 અંક વધ્યાં**

➤ દેશમાં સકારાત્મક ઊર્જાનું સ્તર ગત વર્ષો કરતાં વધ્યું છે.

➤ 2013માં સ્કોર 67 થયો. એક વર્ષ પહેલા 59 હતો એટલે કે 8 અંક વધ્યાં. દુનિયાનો સરેરાસ સ્કોર 69 થી વધીને 71 થયો છે.

**દાન : સંખ્યામાં આગળ**

➤ ભારતીયો કમાણીથી વધારે વહેંચવામાં માને છે. દાન આપણી પરંપરા છે.

➤ 2013માં દુનિયામાં સૌથી વધુ 24.4 કરોડ ભારતીયોએ દાન કર્યું. બીજા સ્થાને અમેરિકા [14 કરોડ], ત્રીજા સ્થાને ચીન [13 કરોડ] છે.

**પરિવાર : પહેલી પ્રાથમિકતા**

➤ સૌથી વધુ સંયુક્ત પરિવાર ભારતમાં છે. આથી ભારતીયોને સંસ્કાર વારસામાં મળે છે.

➤ 80 ટકાથી વધુ ભારતીય યુવાનોની પ્રાથમિકતા પરિવાર હોવાનું સર્વેમાં જાણવા મળ્યું. અમેરિકામાં આવું નથી. 41 ટકા અમેરિકન વિભક્ત છે.

**સંબંધ : સૌથી અતૂટ**

➤ આપણે ત્યાં સંબંધોને ધનથી વધું મહત્વ અપાય છે. આથી અતૂટ રહે છે.

➤ ભારતમાં છૂટાછેડાનો દર માત્ર 13 ટકા છે. બેલ્જિયમમાં 70 ટકા લગ્નો તૂટે છે. અમેરિકા, પોર્ટુગલ, હંગેરી અને સ્વિડનમાં આ દર 50 ટકા છે.

**સ્વાસ્થ્ય : સસ્તો ઈલાજ**

➤ ભારતમાં વિકસિત દેશો કરતાં ઈલાજ સસ્તો છે. આપણાં શહેર મેડિકલ ટુરિઝમ હબ બની રહ્યાં છે.

➤ 30 ટકા વાર્ષિક દરે વધી રહ્યું છે મેડિકલ ટુરિઝમ. 2011માં 8.5 લાખ વિદેશી આવ્યાં હતાં. અમેરિકા કરતાં ભારતમાં ઈલાજ 10 ગણો સસ્તો છે.

**શિક્ષણ : દુનિયામાં 8મું સ્થાન**

➤ શિક્ષણની સ્થિતિ સુધરી છે. દેશમાં સાક્ષરતા દર વધી રહ્યો છે. સાથે વિદેશી વિદ્યાર્થી પણ આવી રહ્યાં છે.

➤ દુનિયામાં ક્વોલિટી એજ્યુકેશન મામલે આપણું સ્થાન 8મું છે. સૌથી સસ્તા શિક્ષણમાં આપણે પ્રથમ.

### ચેન્જ ફોર હેપીનેશ

## સ્થિતિ નહી, પોતાનો દ્રષ્ટિકોણ બદલો

**નિરાશાથી** બચવા માટે કોઈની પાસેથી અપેક્ષા ન રાખો. તેના માટે કેટલીક ટિપ્સ અહીં આપી છે.

➤ સતત ગૂંચવણમાં હોવ તો એક બ્રેક લો. થોડા સમય માટે તદ્દન અલગ કામ કરો. તેનાથી તમારો દ્દષ્ટિકોણ બદલાશે.

➤ દરેક સ્થિતિને બદલવી શક્ય નથી. પોતાનું ધ્યાન તેના પર કેન્દ્રિત કરો જે બદલાઈ શકે છે. જે બદલાઈ શકે તેમ નથી તેને જોવાનો દ્દષ્ટિકોણ બદલો. સ્થિતિ આપોઆપ બદલાઈ જશે.

➤ સારી વાતોને યાદ રાખો અને ખરાબને ભૂલી જાવ. સારા અને ખરાબની પસંદગી જાતે કરો. બીજાથી પ્રભાવિત ન થશો.

➤ વિતેલા સમયમાંથી શીખી શકાય છે જ્યારે આવનાર સમય આપણને આયોજનની તક આપે છે.

➤ પોતાના પર વિશ્વાસ રાખશો તો દુનિયા તમારા પર વિશ્વાસ કરશે. પોતાની ક્ષમતાઓને ક્યારેય ઓછી ન આંકશો.

## જેવા છો તેનાથી બહેતર બનવા પ્રયાસ કરો

**જીવનમાં** કેટલીક વાતો એવી હોય છે કે તેનું મહત્વ ત્યારે જ સમજાય છે જ્યારે આપણે તેનો સામનો કરીએ છીએ. જીવનમાં નવાં લોકો મળે છે અને જૂનાનો સાથ છૂટે છે. છૂટેલા લોકો આપણાં વ્યક્તિત્વનો ભાગ હોય છે પરંતુ તેના વગર જીવવાની આદત પડી જાય છે. આમ આપણને જીવનમાં દુ:ખનાં અહેસાસ સાથે જીવવાની રીત શીખવા મળે છે.

➤ ખુશ થવું અને ખુશી શોધવી બંને અલગ વાત છે. ખુશી તાત્કાલિક મળે છે. ઠંડીની સવાર કરતાં બપોરનાં તાપથી આપણે વધું ખુશ થઈએ છીએ. થોડા સમય પછી તે તાપ જતો રહે છે. ખુશીનો મતલબ ત્યારે સમજાય છે જ્યારે જીવનમાં કોઈક અર્થ હોય.

➤ બીજાનાં વિચારો તમે નથી બદલી શકતા અને જરૂરી પણ નથી. તમે પોતાની જાતને બદલી શકો છો અને તે જ સાચો પડકાર છે. તમે જેવા છો તેના કરતાં બહેતર બનવાનો પ્રયાસ કરો. તુલના કરવાથી કંઈ નહીં મળે.

➤ નવી શરૂઆત માટે જોખમ લેવું પડે અને સંઘર્ષ કરવો જરૂરી છે. તેમાં જીતની સંભાવના હોય છે. સમયાંતરે જોખમ લેવાની આદત પાડવી જોઈએ. તેનાથી ડરી જશો તો આગળ જતા પસ્તાવો થશે.

➤ આશા પૂરી ન થાય તો નિરાશ ન થાવ. આશા એક વિચારથી વધુ કંઈજ નથી અને જરૂરી નથી કે દરેક વિચાર સાચો જ હોય. જીવન હમેશાં આપણી કલ્પના જેવું નથી હોતું. આથી સ્વીકાર કરતાં શીખો.

➤ તમારી ભૂલોને ભૂલી જવાના બદલે તેની સાથે જોડાયેલા નકારાત્મક વિચારો દૂર કરો. પોતાની શક્તિ એવી જગ્યાએ કામે લગાડો જેમાં તમને રસ હોય. મુશ્કેલીઓથી ભાગવાનો પ્રયાસ કરશો તો તમારી શક્તિ ખર્ચાઈ જશે. આથી પોઝિટિવ વિચાર સાથે આગળ વધો.

## સ્વસ્થ રહેવાની કળા

**બાળકો સાથે રમવું :** રોજ વોકિંગ, જોગિંગ અથવા હળવી કસરત કરવી.

**શોખ પૂરો કરવો :** સારી ઊંઘ, રજા માણવી, મેડિટેશન કે સ્વિમિંગ કરવું.

**80% ભોજન લો :** પેટ જ્યારે 80% ભરાઈ જાય તો જમવાનું બધ કરો. તાજા ફળ કે શાકભાજી ખાવ. પાણી વધું પીઓ.

**પરિવાર સાથે રહેવું :** પરિવાર કે મિત્રો સાથે પૂરતો સમય વિતાવો.

**60 પછી સક્રિય રહો :** રૂટિનમાં ફેરફારની અસર નહીં થાય.

## આંતરિક સમૃદ્ધિનાં આ ચાર દુશ્મનને ઓળખો

**અસંભવની ભાવના :** મોટા કામની શરૂઆત નાની હોય છે. મહત્વ હંમેશા પ્રયાસોનું હોય, નિષ્ફળતાની ટકાવારીનું નહી.

**સંતુષ્ટ થઈ જવું :** આપણે પોતાના કામની રીતથી સંતુષ્ટ થઈએ ત્યારે રચનાત્મકતા ખતમ થઈ જાય છે. પોતાનું આકલન બીજાને કરવા દો.

**હિંમત હારવી :** આ નિષ્ફળતાની શરૂઆત છે. પડકાર સૌથી પહેલાં આપણા પ્રયાસોની શક્તિઓને ખતમ કરી નાંખે છે.

**અંતનો વિચાર ન કરો :** તમારો સૌથી શ્રેષ્ઠ પ્રયાસ તમારા કાર્યને સારા અંજામ સુધી લઈ જાય છે.

## ક્રિએટિવ લોકો આ આદતોથી મહાન બન્યાં

**જિજ્ઞાસુ :** સતત સવાલ કરવા. જવાબ પણ જાતે શોધવા. જ્યારે નવી શોધ કરતાં હોય ત્યારે તેમને તેમાં મહાનતા નથી દેખાતી.

**નવા વિચારો :** પ્રયોગ કરવામાં ગભરાશો નહીં. જોખમ ઉઠાવો. દરેક ક્ષણે કંઈક નવું કરવાનું તમારામાં ઝુનૂન હોવું જોઈએ.

**શીખતા રહેવું :** કામનું ઊંચુ સ્તર નક્કી કરો. સર્વશ્રેષ્ઠથી ઓછું જરાય પસંદ ન કરો અને શીખવાનું ક્યારેય બંધ ન કરશો.

**ઊંચી અપેક્ષા :** ટીકાને અવસરમાં બદલો. પોતાનું સ્તર ઊંચુ રાખો જેથી બીજા પાસેથી પણ તમે ઊંચી અપેક્ષા રાખી શકો.

# દેશ અંગે વિચારીએ

**ભારતીઓની** અસામાન્ય શ્રેષ્ઠતાનાં અસંખ્ય ઉદાહરણ છે. અમર્યાદિત ક્ષમતા, કલ્પના શક્તિ, અથાક પ્રયાસ અને પરિશ્રમ. દેશ જ નહીં દુનિયાએ આ વાત સ્વીકારી છે. રાષ્ટ્રીય ચિહ્ન હોય કે પરંપરાઓ આપણા દેશની કોઈની સાથે સરખામણી શક્ય નથી. દરેક વસ્તુ મહત્ત્વની છે.

## તો શા માટે આજે આમ ન કહીએ

**આપણી** પાસે દેશ પર અભિમાન કરવા માટે અનેક ઉદાહરણ છે.

➤ આઝાદીનાં સમયે આપણું અર્થતંત્ર ₹ 100 કરોડ પણ ન હતું. આજે પ્રજાએ અંદાજે ₹ 184 કરોડનું અર્થતંત્ર બનાવ્યું છે.

➤ ગયાં વર્ષે 146 ટકા મોંઘવારી વધી, આવક પણ 277 ટકા વધી છે. ગામડાનાં મહેનતાણામાં 134 ટકાનો વધારો થયો છે.

➤ દુનિયામાં સૌથી સસ્તો ઈલાજ ભારતમાં થાય છે. બાયપાસનાં બ્રિટનમાં ₹ 35 લાખ લેવાય છે, જ્યારે ભારતમાં ₹ 1.25 લાખમાં થાય છે. વિદેશથી ઈલાજ કરાવનારની સંખ્યા દર વર્ષે 40 ટકા વધી રહી છે.

➤ દેશમાં જેટલું ફાસ્ટફૂડ ખવાય છે તેમાં 50 ટકા પિત્ઝા હોય છે. દરેક ભારતીય સરેરાશ 4 પિત્ઝા ખાય છે. જ્યારે અમેરિકામાં દર સેકન્ડે 350 સ્લાઈસ ખવાય છે.

➤ ભારતનાં 97 હજાર વિદ્યાર્થીઓ ગયાં વર્ષે ગ્રેજ્યુએશન માટે અમેરિકા ગયાં. આ સંખ્યા દર વર્ષે 45 ટકાનાં દરે વધી રહી છે.

➤ કાર લોન રેટ ભલે 7 કે 10 ટકા હોય, પરંતુ દેશમાં ગયાં વર્ષે 18 લાખ કારનું વેચાણ, 22 નવાં મોડલ, 40 વેરિએન્ટ અને 10 અપગ્રેડ થયાં.

➤ ભારતમાં મોબાઈલ સર્વિસ દુનિયામાં સૌથી સસ્તી છે. અહીં 65 ટકા વસતી મોબાઈલનો ઉપયોગ કરે છે. 25 કરોડ ઈન્ટરનેટ યુઝર છે, જેમાંથી 85 ટકા મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.

➤ ચોખા ભલે ₹ 40નાં કિલો હોય, વર્ષે 98 હજાર મેટ્રિક ટનનો વપરાશ છે.

➤ દર વર્ષે 1.5 લાખથી વધુ યુવાનો નેશનલ ડિફેન્સ એકેડમી માટે અરજી કરે છે. પોતાના એક પુત્રને સરહદ પર ગુમાવી દીધાં બાદ માતા બીજાને પણ લશ્કરમાં મોકલે છે.

➤ શાકભાજી ઉગાડવામાં અન્ય વસ્તુઓની ખેતી કરતાં 5 ટકા વધુ પૈસા મળે છે. ભારત દુનિયામાં બીજા નંબરનો શાકભાજીનો ઉત્પાદક દેશ છે.

➤ ભારતમાં દરેક વ્યક્તિ વર્ષમાં સરેરાશ 3 જોડી બૂટ ખરીદે છે. 20 ટકા લોકો ઓનલાઈન જૂતાં ખરીદે છે. ભારતમાં દર વર્ષે 300 કરોડ જૂતાનું ઉત્પાદન થાય છે.

➤ દુનિયામાં સૌથી વધુ લીંબુનું ઉત્પાદન ભારતમાં થાય છે. ખેતીનાં સ્વરૂપમાં લીંબુ ઉગાડવાની શરૂઆત સૌથી પહેલા ભારતમાં જ થઈ હતી.

➤ ભારતમાં ડિટર્જન્ટનો વપરાશ માથાદીઠ 3 કિલો વાર્ષિક છે. જ્યારે અમેરિકામાં 10 કિલો માથાદીઠ વાર્ષિક છે.

➤ ભારત એવો પ્રથમ દેશ છે જ્યાં સરકાર સ્કૂલોમાં ભણતા 12 કરોડ બાળકોને મધ્યાહન ભોજન આપી રહી છે.

➤ 2010માં શિક્ષણનો અધિકાર આપ્યા બાદ 6 થી 14 વર્ષનાં 96 ટકા બાળકો સ્કૂલે જવા લાગ્યાં છે.

➤ આપણાં દેશમાં લશ્કરની બે મહિલા ડોક્ટર 21 હજાર ફૂટની ઊંચાઈ અને માઈનસ 20 ડિગ્રી તાપમાન વચ્ચે સિયાચીનમાં લશ્કરનાં જવાનોની સેવા કરે છે. સરકાર સ્કૂલે જતી બાળકીઓને સાઈકલ મફતમાં આપે છે.



## ઘણાં લાંબા સમયથી કહેવાઈ રહ્યું છે

➤ એક અનુમાન મુજબ છેલ્લા 4 વર્ષમાં 1 કરોડ SMS કરવામાં આવ્યાં છે.

➤ આપણે મોંઘવારીથી પીડિત છીએ અને ગરીબી વધી રહી છે.

➤ પિત્ઝા એમ્બુલન્સથી પહેલા ઘરે પહોંચે છે.

➤ કાર લોન 8 ટકા અને એજ્યુકેશન લોન 14 ટકાનાં વ્યાજ પર મળે છે.

➤ અહીં એક કિલો ચોખા ₹ 40માં આવે છે, જ્યારે સિમ કાર્ડ મફતમાં.

➤ અહીં ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડાલિસ્ટને ₹ 3 કરોડ મળે છે, પરંતુ સરહદ પર આતંકવાદીઓ સામે શહીદ થયેલાને ₹ 1 લાખ.

➤ અહીં જૂતા AC શોરૂમમાં વેચાય છે અને શાકભાજી ફૂટપાથ પર.

➤ અહીં લીંબુ પાણી આર્ટિફિશિયલ ફ્લેવરનું મળે છે અને વાસણ ધોવાનું લિક્વિડ અસલી લીંબુવાળું હોય છે.

➤ અહીં ચાની દુકાન પર લોકો અખબારમાં બાળ મજૂરીનાં સમાચાર બાબતે નારાજ થાય છે અને છોટુને ચા લાવવા બૂમ પાડે છે.

➤ અહીં લોકો દેવીનાં સ્વરૂપમાં દુર્ગાની પૂજા કરે છે અને દીકરીની જન્મતા પહેલાં જ હત્યા કરે છે.

## દેશ પાસેથી કેવી રીતે શીખી શકાય

**વિશ્વને** દશાંશ પદ્ધતિ ભારતે આપી. યોગ પણ ભારતે જ શીખવ્યો. દરેક બાબતનું મહત્વ છે. દરેક પેઢી આપણને કશુંક શીખવીને ગઈ છે. એ દેશનું રાષ્ટ્રગીત બનાવવાની વાત હોય કે પછી કોઈ મહત્વનાં નિર્ણયો હોય.

## સહજતા : માત્ર ત્રણ સપ્તાહમાં 500 રજવાડાઓનો વિલય

**આઝાદી** પહેલા ભારત 500 કરતાં વધું રજવાડાઓમાં વહેંચાયેલો હતો. સરદાર પટેલે રજવાડાઓનાં વિલયનો પડકાર સ્વીકાર્યો હતો. રાજાઓને ભારતીય સંઘમાં સામેલ કરવા માટે અધિગ્રહણ દસ્તાવેજ તૈયાર કરાવ્યો. તેમણે રાજાઓને લખ્યું કે અલગ રહેશો તો નવી મુસીબતોનો ખતરો તોળાયેલો રહેશે. ભાવી પેઢી એવું ન કહે કે આપણને તક મળી હતી પણ તેનો ઉપયોગ કરી શક્યા નહીં. પટેલને આ કામ કરવામાં માત્ર અઠવાડીયું લાગ્યું હતું.

1. આપણે મુશ્કેલ કામને સહજ અને સરળ બનાવી દઈએ છીએ.
2. આપણે નક્કી કરી લઈએ પછી એ કામ પૂર્ણ કરીને જ જંપીએ છીએ.

## પરિવર્તન : પરંપરાઓને દેશભક્તિ સાથે સાંકળી લીધી

**બંકિમચંદ્ર** ચેટર્જીની નવલકથા 'આનંદ મઠ' બંગાળમાં દેશભક્તિનું ગીત માનવામાં આવે છે. એમાં તેમણે મૂર્તિપૂજાની પરંપરાને દેશભક્તિની સાથે જોડી. કાલીની પ્રતિમા વિશે તેમણે કહ્યું કે તેમનો રંગ કાળો છે કારણ કે દેશમાં અંધકાર છે. ભારતીયો પોતાના કલ્યાણ પ્રત્યે જાગૃત નથી તેથી શિવ તેમના પગનાં તળિયે છે. 'આનંદ મઠ'ને રાષ્ટ્રીય ભાવનાઓથી ભરપૂર બનાવ્યું અને વંદે માતરમ રાષ્ટ્રભક્તિનું ગીત બની ગયું. દરેક ક્ષણે પરિવર્તન માટે તૈયાર રહેવું, ભલે પોતાની પુરાતન પરંપરાને તોડવી પડે.

## માત્ર સવા મહિનામાં ભારત પાકિસ્તાનનાં ભાગલા

**ભારત** પાકિસ્તાનનાં ભાગલા કરવા માટે માઉન્ટબેટને લંડનથી બ્રિટિશ બેરિસ્ટર સીરિલ રેડક્લિફને બોલાવ્યાં હતાં. તેમણે માત્ર સવા મહિનામાં 4,50,000 કિમીની લાઈન દોરીને 8 કરોડ 80 લાખ લોકોને વહેચી નાંખ્યા હતાં. આટલા ઓછા સમયમાં આ કામ કરવું અત્યંત મુશ્કેલ હતું. પરિણામ સ્વરૂપ 1 કરોડ 70 લાખ લોકોને વિસ્થાપનનું દુખ સહન કરવું પડ્યું હતું. હિંસામાં 10 લાખથી વધુ લોકો અત્યંત વિકટ સ્થિતિમાં મોતને ભેટ્યા હતાં.




# ગાંધીજીને સ્વચ્છ ભારતની ભેટ આપીએ

## ગાંધીજીની આત્મકથામાં દેશની ગંદકીનું હૃદયદ્રાવક વર્ણન

મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી પહેલી વખત ઈ.સ. 1902માં વારાણસીની મુલાકાતે આવ્યાં ત્યારે ત્યાંની ગંદકી જોઈને અત્યંત વ્યથિત થઈ ગયાં હતાં. નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણી લડવા 2014માં વારાણસીની મુલાકાત લીધી ત્યારે તેઓ પણ ભારતનાં આ પવિત્ર શહેરની ગંદકી જોઈને દુ:ખી થયાં હતાં. ગાંધીજીએ ભારતની પ્રજાને સ્વચ્છતાનાં પાઠ ભણાવવા ભારે જહેમત ઉઠાવી પણ તેમને સફળતા મળી નહોતી. હવે નરેન્દ્ર મોદીએ ઈ.સ. 2019માં આપણે ગાંધીજીની જન્મશતાબ્દિ ઉજવીએ ત્યાં સુધીમાં ભારતને ગંદકીથી મુક્ત કરવાની ઝુંબેશ શરૂ કરી છે. આજે ભણેલા ગણેલા લોકો પણ ગંદકી કરતાં નજરે પડે છે. જ્યાં સુધી ભારતની પ્રજા સ્વચ્છતાનું મહત્વ નહીં સમજે ત્યાં સુધી કોઈ ઝુંબેશ સફળ થઈ શકે નહીં. ગાંધીજી વારાણસી આવ્યાં તે પહેલા હિન્દુ મહાસભાની બેઠકમાં ભાગ લેવા કોલકાતા ગયાં હતાં. અહીં સ્વયંસેવકો માટે જે ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી તેની ગંદકી જોઈને ગાંધીજી વ્યથિત થયાં હતાં. આ ગંદકીનું વર્ણન કરતાં ગાંધીજી પોતાની આત્મકથામાં લખે છે : "ગંદકીનો પાર નહોતો. બધે જ પાણી પાણી હતું. પાયખાના થોડાં જ હતાં. તેની દુર્ગંધનું સ્મરણ મને હજી પજવે છે. સ્વયંસેવકને મેં બતાવ્યું તો તેણે ઘસીને કહ્યું, એ તો સફાઈ કામદારનું કામ. મેં સાવરણીની માંગણી કરી. પેલો સામું જોઈ રહ્યો. મેં સાવરણો શોધી લીધો. પાયખાનું સાફ કર્યું, પણ એ મારી સગવડ ખાતર. ભીડ વધું ને પાયખાના ઓછાં હતાં. તેનાં ઉપયોગ પછી તે સાફ થવાં જોઈએ. તેમ કરવું મારી શક્તિ બહારનું હતું. એટલે મેં મારા પૂરતી સગવડ કરી સંતોષ માન્યો. મેં જોયું કે બીજાઓને ગંદકી ખૂંચતી નહોતી. રાતની વેળાએ કોઈ ઓરડાની ઓસરીનો ઉપયોગ કરી લેતા. સવારે સ્વયંસેવકને મેં મેલું બતાવ્યું. સાફ કરવા કોઈ તૈયાર નહોતું. એ સાફ કરવાનું માન તો મેં જ ભોગવ્યું."

આજે પણ આપણા દેશમાં જાહેર સમારંભ હોય ત્યારે તેના પાયખાનાંની હાલત અસહ્ય હોય છે. આજે આપણાં મંદિરો અગાઉ કરતાં વધુ સ્વચ્છ જોવા મળે છે, પણ મંદિરની બહાર જે જાજરૂ હોય છે તે ગંદા અને ગંધાતાં હોય છે. શાળા કે કોલેજોમાં વિદ્યાર્થીઓને સ્વચ્છતાનાં પાઠો ભણાવવામાં આવતા નથી.કોલકાતાથી ગાંધીજી વારાણસી ગયાં. ભારતની વાસ્તવિક હાલત જાણવા તેમણે આ મુસાફરી રેલવેનાં ત્રીજા વર્ગમાં કરી હતી. રેલવેનાં ડબ્બામાં જોયેલી ગંદકીનું વર્ણન કરતાં ગાંધીજી લખે છે : "મુસાફરોની કુટેવો ત્રીજા વર્ગની મુસાફરી સજારૂપ કરી નાંખે છે. ગમે ત્યાં થૂકવું, ગમે ત્યાં કચરો નાંખવો, ગમે તે વખતે બીડી ફૂંકવી, પાનજરદો ચાવવા અને તેની પિચકારીઓ બેઠા હોય ત્યાં જ મારવી, એંઠવાડ ભોંય ઉપર નાંખવો, બરાડા પાડીને વાતો કરવી, જોડે બેઠેલાની દરકાર ન કરવી અને ભાષાની ગંદકી સાર્વત્રિક અનુભવ રહ્યો હતો." ભારતમાં એક સદી પછી પણ કાંઈ બદલાયું નથી. આજે પણ રેલવેની મુસાફરીમાં આપણને આવા જ અનુભવો થાય છે. વારાણસીમાં ગાંધીજીને જે અનુભવ થયો તે પણ વાંચવા જેવો છે : "બારેક વાગ્યે પરવારીને હું કાશીવિશ્વનાથનાં દર્શન કરવા ગયો. સાંકડી લપસણી ગલીમાં થઈને જવાનું. શાંતિનું નામ જ નહીં. માખીઓનો બણબણાટ, મુસાફરો અને દુકાનદારોનો ઘોંઘાટ અસહ્ય લાગ્યાં. મંદિરનાં દરવાજા આગળ ગંધાતાં સડેલાં ફૂલ પડ્યાં હતાં. અંદર સરસ આરસની ભોંય હતી. તેને કોઈએ રૂપિયાથી જડી ભાંગી નાંખી હતી. રૂપિયાઓમાં મેલ ભરાયો હતો. જ્યાં માણસ ધ્યાન અને ભગવત ચિંતનની આશા રાખે ત્યાં તેમાંનું કશું ન હતું. કાશીવિશ્વનાથની આસપાસ શાંત, નિર્મળ, સુગંધી વાતાવરણ પેદા કરવું ને જાળવવું એ સંચાલકોની ફરજ હોય. તેને બદલે મેં લુચ્ચાઓની મીઠાઈઓ અને રમકડાંઓની દુકાનો ભાળી." આજે 112 વરસ પછી વારાણસીની મુલાકાત લેનારને પણ આવો જ અનુભવ થાય છે. શું નરેન્દ્ર મોદી લોકોની આ માનસિકતા બદલી શકશે ખરા ? ઈ.સ. 1915માં ગાંધીજી હરિદ્વારમાં ભરાયેલા કુંભ મેળાની મુલાકાતે ગયાં હતાં. આ દરમિયાન પણ તેઓ ગંગા નદીની ગંદકી જોઈને અત્યંત વ્યથિત થઈ ગયાં હતાં. આ અનુભવનું વર્ણન કરતાં તેઓ લખે છે : "લક્ષ્મણ ઝૂલાનાં કુદરતી દ્રશ્યો બહુ ગમ્યાં. કુદરતની કળા ઓળખવાની પૂર્વજોની શક્તિ વિશે ને કળાને ધાર્મિક સ્વરૂપ આપવાની તેમની દૂરંદેશી વિશે મનમાં અતિ માન થયું, પણ માનવીનાં કરતૂતોથી ચિતને શાંતિ ન થઈ. ઋષિકેશમાં પણ લોકો ગંગાનો સુંદર કિનારો ગંદો કરી મૂક્તા હતાં. ગંગાનું પવિત્ર પાણી બગાડવામાં તેમને કશો સંકોચ નહોતો થતો."

નરેન્દ્ર મોદી ભારતનાં વડા પ્રધાન બન્યાં તે પછી તેમણે બે અશક્ય લાગતા કાર્યો પોતાનાં માથે લીધાં છે. પહેલું કાર્ય છે ગંગાની ગંદકી સાફ કરવાનું અને બીજું કાર્ય છે દેશની ગંદકી સાફ કરવાનું. આ બંને કાર્યો લોકોની ભાગીદારી વિના સંભવિત નથી. આપણા ઘરનો કે શેરીનો કચરો સરકારે નહીં પણ આપણે જ સાફ કરવો જોઈએ. તેનાથી પણ વધુ મહત્ત્વ એ વાતનું છે કે આપણે ક્યાંય ગંદકી કરવી જ ન જોઈએ. ગાંધીજીનાં જન્મદિને આપણે બધાએ સંકલ્પ કરવો જોઈએ કે "ભારતનાં નાગરિક તરીકે હું ક્યાંય રસ્તા ઉપર કચરો નહીં નાખું, કચરાપેટીમાં જ કચરો નાંખીશ અને અન્યને પણ તેમ કરવાની પ્રેરણા આપીશ."

# પ્લાસ્ટિકનો દૈત્ય ધરતી પર વિનાશ વેરી રહ્યો છે

વિજ્ઞાનની કેટલીક શોધો પ્રારંભમાં આશીર્વાદરૂપ રહી, પરંતુ સમય જતાં આફતરૂપ પુરવાર થતી હોય છે. પ્લાસ્ટિકની શોધ પણ તેમાંની એક છે. જમીન કે સમુદ્રમાંથી શારકામ દરમિયાન જે ક્રૂડ તેલ નીકળે છે તેમાંથી પેટ્રોલ અને ડીઝલની જેમ પ્લાસ્ટિક પણ તૈયાર કરવામાં આવે છે. આ પ્લાસ્ટિકનાં દૈત્યએ આપણાં રોજબરોજનાં જીવનને એવું ભરડામાં લીધું છે કે તેનાથી છૂટકારો મેળવવા માટે આપણે ભારે પુરુષાર્થ કરવો પડશે. 25 વર્ષ અગાઉ કોઈ પણ ગૃહિણી બજારમાં ખરીદી કરવા જતી તો કપડાંની કે શણની થેલી સાથે લઈને જતી. એ સમયે કોઈ બજારમાં દૂધ, દહીં, ઘી, તેલ વગેરે પ્રવાહી પદાર્થો ખરીદવા જાય તો બોટલ કે કમંડળ લઈને જતાં. કરિયાણાનો વેપારી અનાજ, કઠોળ, ખાંડ, ગોળ વગેરે ગ્રાહકને બ્રાઉન કે ન્યૂઝ પેપરની બેગ્સમાં આપતો હતો. આજે ગૃહિણીઓ ખાલી હાથે માર્કેટમાં ખરીદી કરવા જાય છે અને આઠ દસ ઝભલાં લઈને પાછી આવે છે. દૂધવાળો પણ તબેલાનું દૂધ પ્લાસ્ટિકની થેલીમાં આપી જાય છે. સરકારી ડેરીઓ પણ દૂધનાં પેકિંગ માટે પ્લાસ્ટિકનો ઉપયોગ કરે છે.

આપણાં જીવનમાં દરેક ક્ષેત્રે પ્લાસ્ટિકે ઘુસણખોરી કરી છે. પ્લાસ્ટિકની થેલીમાં શાકભાજી લઈને આવતી ગૃહિણી વિચારતી હશે કે હું પ્લાસ્ટિકની થેલી કચરામાં નાખીશ તેનાથી ક્યું મોટું નુકશાન થઈ જવાનું છે ? આવી રીતે વિચારતી લાખો ગૃહિણીઓ એકલા મુંબઈ શહેરમાં રોજની 80 લાખ પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ કરે છે. મુંબઈ શહેરમાં પ્લાસ્ટિકની થેલીઓનું ઉત્પાદન કરતાં 409 કારખાનાં છે. આ કારખાનાંમાં રોજની 105 ટન વજનની પ્લાસ્ટિકની થેલીઓનું ઉત્પાદન થાય છે. આ 70 ટનમાંથી 50 ટન થેલીઓ તો સીધી કચરામાં જાય છે. આ 50 ટન પૈકી 15 ટન થેલીઓ સીધી ગટરમાં જાય છે. મુંબઈ શહેરનાં નાગરિકો રોજની 50 ટન થેલીઓ કચરામાં ફેંકી દે છે. આ થેલીઓ ગાયનાં પેટમાં જાય છે ત્યારે તેના મોતનું નિમિત્ત બને છે. દસેક વર્ષ અગાઉ મુંબઈ નજીકની પાંજરાપોળમાં એક ગાયનાં પેટનું ઓપરેશન કરવામાં આવ્યું ત્યારે તેના પેટમાંથી 55 કિગ્રા પ્લાસ્ટિકની થેલીઓ નીકળી હતી. ઓપરેશન પછી થોડા દિવસમાં આ ગાયનું મૃત્યુ થયું હતું. પ્લાસ્ટિકની થેલી ગાય માટે ઝેરની ગરજ સારે છે. દર વર્ષે પ્લાસ્ટિકની થેલીઓ ખાવાને કારણે લાખો ગાયોનાં મોત થાય છે. એક પ્લાસ્ટિકની થેલીનું આયુષ્ય 400 વર્ષનું હોય છે. માલનાં પેકિંગ માટે પ્લાસ્ટિક બેગ્સનો ઉપયોગ કરતાં વેપારીઓ અને ફેરિયાઓ એવી દલીલ કરે છે કે પ્લાસ્ટિકની કોથળીઓ કાગળની કે કપડાંની થેલીઓ કરતાં ખૂબ સસ્તી છે. 10 માઈક્રોનની એક પ્લાસ્ટિક બેગ 8 પૈસામાં પડે છે, જ્યારે 20 માઈક્રોનની પ્લાસ્ટિક બેગ 35 પૈસામાં પડે છે. તેની સામે કાગળની કોથળી દોઢથી બે રૂપિયાની પડે છે. આ દલીલ વાહિયાત છે. જ્યાં પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ થાય છે ત્યાં મોટાભાગનાં કિસ્સાઓમાં કાગળની થેલીની જરૂર હોતી નથી. ગૃહિણીઓ કાપડની કે શણની થેલી લઈ ખરીદી કરવાની ટેવ પાડે તો કાગળની થેલીની જરૂર પડતી નથી. પ્લાસ્ટિકની થેલી ઉપર નિરર્થક કરવામાં આવતો ખર્ચ પણ બચી જાય છે. પર્યાવરણનાં અને આપણાં સૌના આરોગ્યનાં જતન માટે દરેક નાગરિકે આવી ટેવ પાડવી જોઈએ. દુનિયાનાં અનેક પ્રગતિશીલ દેશોમાં હવે પ્લાસ્ટિકની થેલીઓનો બહિષ્કાર કરવામાં આવે છે. બાંગ્લાદેશ, સોમાલિયા અને ફિજી જેવા ગરીબ ગણાતા દેશોમાં પ્લાસ્ટિકની થેલીઓ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. પપુઆ ગિનીમાં પ્લાસ્ટિકની થેલીઓને દેશનિકાલ કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા અને અલાસ્કા જેવા દેશોમાં અનેક શહેરોને પ્લાસ્ટિક મુક્ત જાહેર કરવામાં આવ્યાં છે. મુંબઈનાં નેવી નગરને વર્ષો અગાઉ પ્લાસ્ટિકમુક્ત જાહેર કરાયો હતો. મહારાષ્ટ્રમાં પ્લાસ્ટિકની થેલીઓ ઉપર પ્રતિબંધ આવવાને કારણે દૂધ અને તેલનાં વિક્રેતાઓ પણ મુશ્કેલીમાં આવી ગયાં છે. આજે સરકારી ડેરીઓ પણ પ્લાસ્ટિક થેલીમાં દૂધ વેચે છે. જ્યારે પ્લાસ્ટિકની થેલીઓનું ચલણ નહોતું ત્યારે સરકારી ડેરીઓ કાચની બોટલમાં દૂધ વેચતી હતી. તેઓ ફરી પાછો જૂનો રિવાજ ચાલુ કરી શકે છે અથવા ટેટ્રાપેકમાં દૂધ વેચવાનો વિકલ્પ અપનાવી શકે છે. કાચની બોટલ કે કાગળનાં પેકિંગમાં મળતા પદાર્થો આરોગ્ય માટે ઓછા હાનિકારક હોય છે. પ્લાસ્ટિકની બેગ્સ કરતાં પણ મોટું દૂષણ હવે પ્લાસ્ટિક બોટલ્સનાં રૂપમાં જોર પકડી રહ્યું છે. આજે કોઈ પણ પ્રવાસન સ્થળે કે તીર્થધામમાં પ્લાસ્ટિકની નકામી બોટલનાં ઢગલા જોવા મળે છે. પહેલા પીવાનું પાણી અને હવે ડ્રિન્કસ તથા ફળોનાં રસ પણ પ્લાસ્ટિકની બોટલોમાં મળતા હોવાથી આ દૂષણ દિનપ્રતિદિન જોર પકડી રહ્યું છે. હકીકતમાં પ્લાસ્ટિકની બોટલમાં પેક કરવામાં આવેલા કોઈ પણ પદાર્થો લાંબા ગાળે આરોગ્યને નુકશાન કરે છે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં વ્યાપી ગયેલા આ પ્રદુષણથી મુક્ત થવા માટે આપણે દૃઢ સંકલ્પ કરવો જરૂરી છે.

# સફાઈ અભિયાન

સફાઈ અભિયાનને ઓછું આંકવા જેવું નથી; કેમ કે ગંદકીને 'ક્વિટ ઈન્ડિયા' કહેવાનો તકાજો ક્યારનોય પાકી ગયો છે. અર્થશાસ્ત્રી ગાલ્બ્રેથે એકવાર કહ્યું હતું કે, વૈશ્વિકીકરણ બીજું કાંઈ નથી પણ દુનિયાનાં સમૃદ્ધ દેશોએ ત્રીજી દુનિયાનાં દેશોમાં પોતાની જવાબદારીઓ બારોબાર પધરાવવા માટે ચલાવેલી પ્રક્રિયાનું રૂપાળું નામ છે. સમૃદ્ધ દેશો માટે જે શોષણભૂમિ હતી તે આજનાં જમાનામાં આ દેશોની ઉત્સર્ગભૂમિ છે. વૃદ્ધિનાં વિકાસ દેકારા વચ્ચે આપણો વિક્રમ ઉત્તરોત્તર ઊંચાઈઓ આંબતો રહ્યો છે. ગાંધી જયંતી સાથે સફાઈ અભિયાનને જોડવું જરૂરી છે. આવાં અભિયાનો યુરોપે ઔદ્યોગિક ક્રાંતિ પછીનાં વર્ષોમાં છેડ્યા હતાં તે આવા પ્રસંગે એક ઈતિહાસ તરીકે ચોક્કસ યાદ આવે. કથિત વિકાસ દોટમાં આપણે પશ્ચિમનાં માઠા અનુભવોમાંથી શીખવાની ગાંધી શીખ ચૂકીને આજની તારીખે અંધાધૂંધ ઉદ્યોગવાદમાં મચી પડ્યાં છીએ. સ્વાભાવિક સવાલ થાય કે ગાંધી જયંતી જોડે આ અભિયાનને સાંકળતી વેળાએ એક સમગ્ર અભિગમ અહીં સંડોવાયેલો છે તે હકીકત આપણા ખયાલમાં આવે છે ખરો ? જેમ કે, શ્રમનું ગૌરવ તેમજ શ્રમિક માત્ર સાથે તાદાત્મ્ય અનુભવવાની ભૂમિકા.

શ્રમિક સાથેનાં તાદાત્મ્યની અહીં જિકર કરી એમાં એકતા, સમાનતા, બંધુતાનાં નિર્માણ અને અનુભવની ખાસી સામગ્રી પડેલી છે. 'આવાજ દો હમ એક હૈં !' થી માંડીને 'ભારતમાતા કી જય !' સરખાં ગર્જનતર્જનસૂત્રોથી ઘણે આઘે, ઘણે ઊંચે, ઘણે ઊંડે જતી આ ભૂમિકા છે. મીઠાનાં મુદ્દે એક સર્વજન સંઘર્ષ છેડી શકતા ગાંધીનાં અભિગમ સાથે ભાજપનો અભિગમ ઠીક ઠીક અંશે છત્રીસનો સંબંધ ધરાવે છે. સફાઈનો નારો અને નેજો રક્તરંજિત કોમી વિભાજન કરતાં ગુણાત્મકપણે જુદો પડે છે. નમો વ્યૂહમાં કેજરીવાલનું ઝાડું ક્યાંય ખોવાઈ ગયું ! ભાજપ દિલ્હીમાં નવી ચૂંટણીનો પડકાર ઝીલવા બાબતે આઘોપાછો થાય છે એ જોતાં એની સમક્ષ ઝાડું ચોક્કસ પડકાર રૂપ હોવું જોઈએ. જોકે કેજરીવાલે સફાઈ અભિયાનમાં જોડાઈને પોતાની ઓળખ બરકરાર રાખી છે એ પણ અહીં નોંધવું જોઈએ. ગાંધીએ જે ઝાડું લઈને જાદુ સરજ્યો એ ઝાડું શુચિતાનું હતું. ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસને પણ વટી જતો ખરચ કર્યો એનો સ્ત્રોત સંદિગ્ધ છે. કમબખ્ત ગાંધી બહુ જ પજવે છે ! જ્યારે ને ત્યારે એ પાયાનો કોઈ ડખો ઊભો કરી જાહેર જીવનમાં પડેલ જણે જણને આરોપીનાં પિંજરમાં ઊભો કરી દે છે. એક કમાલ નજર સામે દેખાય છે. જે કોઈ જાહેર જીવનમાં દેખીતા વ્યાપક સમર્થન સાથે આવે એણે સારી સ્વીકૃતિ માટે કહો કે 'લેજિટિમસી'ની લાયમાં મોડે વહેલે ગાંધી પાસે જવું જ પડે છે. એક વાત સાચી કે 'વિકાસ' શત્રુ એટલે 'રાષ્ટ્ર' શત્રુ જેવા એકાન્તિક ખયાલથી હટીને કરાતી સફાઈ રાજનીતિ શાસકીય સંકલ્પનાં સંદર્ભમાં સ્વસ્થ સવાલ જવાબની એક ભૂમિકા જરૂર સરજી શકે.




# વિશ્વનાં શહેરોની સ્વચ્છતા

- **ના સફાઈ કર્મચારીઓની ફોજ, ના કોઈ સફાઈ અભિયાન...**
- **આફ્રિકી મેયર બોલ્યા કે યંત્ર વિના સફાઈ સંભવ નથી**
- **મોટા યંત્રો, નિયમિત નિરીક્ષણ અને ભારે દંડ**

સ્વચ્છ ભારત અભિયાનને પગલે કચરો સાફ તો થઈ શકે છે પરંતુ સફાઈ કર્મચારીઓને ભરોસે તે વ્યવસ્થા હંમેશા સફળ સાબિત ના થઈ શકે. વિશ્વનાં જે શહેરો કે જે હંમેશા સ્વચ્છ જોવા મળે છે ત્યાં સફાઈ કર્મચારીઓની મોટી ફોજ જોવા નથી મળતી, પરંતુ મશીન આધારિત સિસ્ટમ કામ કરે છે. દક્ષિણ આફ્રિકાનાં શહેર જોહાનિસબર્ગનાં મેયરનું કહેવું છે કે મશીનોનાં ઉપયોગ વિના પૂરી સફાઈ સંભવ નથી. તેમના શહેરનાં બજેટનો 22 ટકા ભાગ સફાઈ, સંભાળ અને સમારકામ પાછળ ખર્ચ થાય છે. ક્ષેત્રફળમાં દિલ્હીનાં મુકાબલે આઠ ગણા સિડનીમાં દર વર્ષે સફાઈ પાછળ અંદાજે 1854 કરોડ રૂપિયા ખર્ચ થાય છે. ભારતમાં મેટ્રોપોલિટન વર્લ્ડ એસોસિએશનનાં કન્ટ્રી ડાયરેક્ટરનું કહેવું છે કે મોટા શહેરમાં સફાઈ જાળવવા મશીનો પર નિર્ભર રહેવું પડશે. ભારતમાં સ્ટ્રીટ સ્વીપર, પ્રેશર વોશર અને વેક્યૂમ ટ્રક જેવા મશીનનો ઉપયોગ થઈ શકે છે. બાર્સેલોના અર્બન માર્ટિને ડેવલપમેન્ટનાં તજજ્ઞએ જણાવ્યું કે સફાઈ ક્ષેત્રે મશીનનો ઉપયોગ અંદાજે 80 ટકા સુધીનો ઉકેલ આપે છે.

**ટોકિયો : ડ્રેનેજ સિસ્ટમ જોવા આવે છે વિશ્વનાં પ્રવાસીઓ**

ચોમાસાની મોસમમાં 1.30 કરોડની વસતી ધરાવતા ટોકિયો શહેરને પાણી ભરાઈ જવાની સમસ્યાથી બચાવવા માટે 100 કિમી લાંબી વિશ્વની સૌથી લાંબી અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમ બનાવવામાં આવી છે. 17 વર્ષમાં 2 બિલિયન ડોલરનાં ખર્ચે આ સિસ્ટમ તૈયાર થઈ હતી. તેમાં લાગેલી 83 ફૂટ ઊંચી અને 580 ફૂટ લાંબી મુખ્ય ટેન્ક તેની ખાસિયત છે. તેને અંડરગ્રાઉન્ડ ટેમ્પલ નામ આપવામાં આવ્યું છે. આ ટેમ્પલ 14 હજાર HPનાં ટર્બાઈન અને 19 મેગાવોટનાં 78 પંપથી જોડાયેલો છે. પંપ પ્રતિ સેકન્ડ બે લાખ લિટરથી વધુ પાણી ખેંચી શકે છે.

**ખાસિયત :** ગરમીનાં સમયમાં પાણી નથી હોતું. આથી પર્યટકો માટે ખોલી નાંખવામાં આવે છે. અહીં ઘણી ફિલ્મોનું શુટિંગ થઈ ચૂક્યું છે.

**ન્યૂયોર્ક : 15 ઈન્સ્પેક્ટર સફાઈ પર નજર રાખે છે**

અહીં સફાઈની જવાબદારી સ્ટ્રીટ કંડિશન ઓબ્ઝર્વેશન યુનિટની છે. 15 ઈન્સ્પેક્ટર રોજ શહેરનું નિરીક્ષણ કરે છે. મહિનામાં એકવાર તમામ સડકનું નિરીક્ષણ કરવું જરૂરી માનવામાં આવે છે. જ્યાં સફાઈ કે સમારકામની જરૂરિયાત હોય ત્યાં સંબંધિત એજન્સી પાસે તેઓ કામ કરાવે છે.

**ખાસિયત :** દર મહિને ઈન્સ્પેક્ટર અંદાજે 9500 કિમી સડકનું નિરીક્ષણ કરે છે. એ પણ ધ્યાન રખાય છે કે દીવાલો પર કાંઈ લખાણ ન લખવામાં આવે.

**કેલગૈરી : 10 કરોડ લિટર પાણી રોજ ટ્રીટ થાય છે**

726 કિમી વિસ્તારમાં ફેલાયેલું કેનેડાનું કેલગૈરી શહેર વિશ્વનાં સૌથી સ્વચ્છ શહેરોમાંનું એક છે. રોજ 10 કરોડ લિટર પાણી ટ્રીટ કરવામાં આવે છે. શહેરનો 75 ટકા ભાગ વૈકલ્પિક ઊર્જાથી તૈયાર થયેલી વીજળીથી ઝગમગે છે. ગંદકી ફેલાવનારને ₹ 61,500નો દંડ ભરવો પડે છે.

**ખાસિયત :** કચરામાંથી ખાતર બનાવવાનો કાર્યક્રમ ચાલે છે. આગામી સાત વર્ષમાં 80 ટકા કચરાનો નાશ કરવાનું લક્ષ્યાંક છે.

**સિંગાપોર : ₹ 61 હજારનો દંડ અને 12 કલાક સફાઈની સજા**

સિંગાપોરમાં જાહેર રસ્તા ઉપર પ્લાસ્ટિકની થેલી કે ખાવાનાં ખાલી પડીકા ફેંકતા પકડાયા તો ₹ 61 હજારનો દંડ અને 12 કલાક સુધી સફાઈની સજા ફટકારવામાં આવશે. સજા ભોગવી રહેલા આરોપીને નારંગી રંગનું ટી શર્ટ પહેરાવવામાં આવે છે જેથી લોકો જાણી શકે કે તેણે કયો ગુનો કર્યો છે. જો ભૂલ ફરી વખત કરવામાં આવશે તો દંડમાં પાંચ ગણો વધારો થઈ શકે છે.

**ખાસિયત :** આ દેશમાં સ્વચ્છતા એટલી હાવિ છે કે ત્યાં ચ્યૂઈંગમ વેચવાની પણ મનાઈ છે. જો કોઈ ડોક્ટર લખી આપે તો જ ખાઈ શકાય.

**પેરિસ : રસ્તાનાં કિનારે 12 હજાર વોશિંગ આઉટલેટ્સ**

ફેશનની રાજધાની તરીકે જાણીતા પેરિસમાં પાણી રસ્તા ઉપર ન ભરાઈ જાય તે માટે રસ્તાનાં કિનારા ઉપર 12 હજાર વોશિંગ આઉટલેટ્સ લગાવવામાં આવ્યાં છે. આ આઉટલેટ્સ સીવર લાઈન સાથે જોડાયેલા છે. પાણીની સાથે કચરાને વોશિંગ આઉટલેટ્સ મારફતે લાવવા માટે રસ્તા ઉપર જૂની કાર્પેટ્સનાં ટુકડાઓ પાથરવામાં આવ્યાં છે.

**ખાસિયત :** અહીં કચરો નાંખવા બદલ ₹ 3 હજાર સુધીનો દંડ ફટકારવામાં આવે છે. પાર્કિંગ એરિયા પાસે હંમેશા બે લોકો સફાઈ કરતાં જોવા મળશે. જેથી કોઈ કાર પસાર થાય ત્યારે કચરો ઊડીને જમા ન થાય.

MISSION SWACHH BHARAT




### પહેલવાનોનું ગામ કકહરિયાને

# નરેન્દ્ર મોદી દત્તક લેશે

**ગામ પર એક નજર**

- ➤ વસતી : 2615
- ➤ મુખ્ય કામ : વણાટકામ અને ફૂલોની ખેતી
- ➤ સ્કૂલ : એક પ્રાથમિક વિદ્યાલય
- ➤ કુટુંબ : 419
- ➤ સમસ્યા : વીજળી, પાણી, રસ્તા અને શૌચાલય

કકહરિયા ગામ વારાણસી જિલ્લાનાં રોહનિયા વિધાનસભા ક્ષેત્રમાં આવેલું છે. અત્યાર સુધી આ ગામની ઓળખ અહીંનાં પહેલવાનો હતાં, પરંતુ ગામ અચાનક પ્રકાશમાં આવી ગયું છે. કેમ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક સાંસદ એક ગામ યોજના અંતર્ગત આ ગામને દત્તક લઈ રહ્યાં છે. 2615 લોકોની વસતી ધરાવતા ગામમાં બેરોજગારીનું પ્રમાણ ઊંચુ છે. ગામમાં કુલ 419 કુટુંબ છે. ગરીબી ચરમસીમા પર છે કારણ કે મુખ્ય વ્યવસાય વણાટકામ છે અને તે આજકાલ ચાલતો નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બનારસ ક્યારે જશે તે હજુ અનિશ્ચિત છે.

**રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરનાં અનેક પહેલવાનોનું ગામ**

પહેલવાન રવીન્દ્રએ કહ્યું કે ગામમાં વ્યાયામશાળા પણ નથી, પરંતુ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરનાં પહેલવાન આ ગામમાં છે. સુવિધાઓ ન હોવાથી યુવાનો પહેલવાનીથી દૂર રહે છે. આ ગામે રામાશ્રય અને વીરેન્દર જેવા પહેલવાન આપ્યાં છે.

**પાણી ન મળવાથી ખેતરો સુકાઈ જાય છે**

ગામવાસીઓ કહે છે કે પ્રાથમિક શિક્ષણનાં હાલ ખરાબ છે. ઘર અને ખેતી કામમાં લાગેલા હોવાથી બાળકો શાળાએ જતા નથી. પાણી ન મળવાથી ફૂલોનાં ખેતર સુકાઈ જાય છે. પાણી ખરીદીને સિંચાઈ કરવી પડે છે.

**મોદી પ્રોજેક્ટ માટે અખિલેશે જમીન આપવા કર્યો ઈનકાર**

ભાજપનાં વિધાનસભ્ય રવીન્દ્ર જયસ્વાલે જણાવ્યું કે મોદી વારાણસીની મુલાકાત લેવાના હતાં અને સાંસ્કૃતિક સંકુલ ચૌકા ઘાટ ખાતે સાત એકર જમીન પર બસો કરોડનાં ખર્ચે તૈયાર થનારા મેગા ક્લસ્ટર તથા સંગીત અકાદમીનું ઉદઘાટન કરવાનાં હતાં. પરંતુ ઉત્તર પ્રદેશ સરકારે જમીન આપવા ઈનકાર કરી દીધો છે. જ્યારે વસ્ત્ર પ્રધાન સંતોષ ગંગવાર મુખ્યપ્રધાન અખિલેશ યાદવને મળીને દરખાસ્તને ફાઈનલ પણ કરી ચૂક્યાં છે.

**બાળકો મોદીચાચાની પ્રતીક્ષામાં**

ગામનાં બાળકોએ કહ્યું કે મોદીચાચા અમારા ગામમાં આવશે તો મુલાકાત જરૂર કરીશું. તેઓ કહે છે કે મોદી દિલ્હીમાં રહે છે એટલે થોડી વાર લાગશે.

**બનારસથી 20 કિમીનાં અંતરે આવ્યું છે અભાવોથી ભરેલું ગામ**

ગામનાં સરપંચ કહે છે કે વારાણસી જિલ્લા મુખ્યાલયથી માત્ર 20 કિમીનાં અંતરે આવેલું આ ગામ અભાવોથી ભરેલું છે. ગામની અર્થવ્યવસ્થા ફૂલોની ખેતીથી ચાલે છે. સડક અને શૌચાલય જેવી સુવિધા પણ નથી.

# વડાપ્રધાનની આદર્શ ગ્રામ યોજના

## ગામ ઉપર ગર્વ થાય તેવો માહોલ બનાવાશે

**દરેક સાંસદ 2019 સુધીમાં દત્તક લીધેલા ત્રણ ગામોનો વિકાસ કરશે**

**ગ્રામીણ** ભારતને વિકસિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદ આદર્શ ગ્રામ યોજના શરૂ કરી છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે અમે એવો માહોલ બનાવીશું કે દરેક વ્યક્તિને પોતાના ગામ ઉપર ગર્વ થશે. મોદીએ 15 ઓગસ્ટે લાલ કિલ્લા ઉપરથી આ યોજનાની જાહેરાત કરી હતી. લોકનાયક જયપ્રકાશ નારાયણની જયંતી નિમિત્તે તેને લાગુ પણ પાડી દીધી. મોદી પોતાના મતવિસ્તાર બનારસમાં જશે, ત્યાંના લોકો સાથે વાત કરીને ત્રણ ગામોની પસંદગી કરશે.

**વિકાસ મોડલ માગ આધારિત બનાવાશે**

અત્યાર સુધી વિકાસનું મોડલ પુરવઠા આધારિત હતું. માગ આધારિત નથી. દિલ્હી, લખનઉ કે ગાંધીનગરમાં યોજના બને છે અને તેને તમામ જગ્યાએ લાગુ પાડવાની કોશિશ કરવામાં આવે છે. આ આદર્શ ગ્રામ યોજના મારફતે મોડલને પુરવઠા આધારિતથી બદલીને માગ આધારિત બનાવાશે.

**યોજના બદલો**

મોદીએ કહ્યું કે ચર્ચા થવી જોઈએ. જે લોકો કામ કરે છે તેમણે ક્યાંકથી તો શરૂઆત કરવી પડશે. સમયાંતરે તેમાં બદલાવ અને સુધારા થતાં રહેશે.

## સાબરકાંઠાનું પુંસરી ગામ દેશનું રોલ મોડેલ

**આદર્શ ગ્રામ યોજનાની ડોક્યુમેન્ટ્રીમાં પુંસરીની કહાની**

ગામડામાં શહેર જેવી સાહાબી ભોગવતા સાબારકાંઠા જિલ્લાનાં પુંસરી ગામનો દેશમાં ડંકો વાગ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેર કરેલી સાંસદ આદર્શ ગ્રામ યોજનામાં પુંસરી ગામનો ખાસ ઉલ્લેખ કરાયો હતો. દેશનું રોલ મોડેલ બનવા જઈ રહેલા આ ગામમાં વાઈ ફાઈ કનેક્ટીવીટી, એરકન્ડીશન્ડ પ્રાથમિક શાળા, CCTV કેમેરા, પાકા રસ્તા, RO સિસ્ટમ, હોસ્પિટલ, લાઈબ્રેરી, ગાર્ડન અને ઘરદીઠ શૌચાલય સહિત અનેકવિધ આધુનિક સગવડો લોકભાગીદારીથી ઊભી કરાઈ છે. મોદી ગુજરાતનાં મુખ્યમંત્રી હતાં ત્યારથી આ ગામ તેમનું ડ્રીમ વિલેજ રહ્યું છે. 2011માં દેશનાં શ્રેષ્ઠ ગામનો એવોર્ડ પણ મેળવી ચૂક્યું છે.

**ગુજરાત માટે ગૌરવપૂર્ણ ઘટના**

પુંસરી ગામનાં રસ્તા દરરોજ વાળીને ચોખ્ખા રાખવામાં આવે છે. નરેન્દ્રભાઈએ જાહેર કરેલી યોજનામાં પુંસરી ગામનાં તમામ પેરામીટર્સ સામેલ કરાયા છે. ગ્રામવિકાસ મંત્રી નીતિન ગડકરી તેમજ અધિકારી સમક્ષ ગામનાં વિકાસ અંગેની ડોક્યુમેન્ટરી રજૂ કરાઈ હતી. ગુજરાત માટે ગૌરવપૂર્ણ ઘટના છે.

## પ્લાસ્ટિકનાં પાપને નાથવા સંતોનું અભિયાન

### ગિરનાર પરિક્રમામાં યાત્રિકોને જાગૃત કરવાના નિર્ધાર સાથે વિદ્યાર્થીઓ કાપડની થેલી એકઠી કરી રહ્યાં છે.

**જૂનાગઢમાં** પ્લાસ્ટિક મુક્ત પરિક્રમાનો સંદેશ ફેલાવવા શહિદ સ્મારક ભવન ખાતેથી 800 વ્યક્તિઓની વિશાળ રેલી નીકળી હતી. લોકોને ગિરનાર પરિક્રમા વખતે પ્લાસ્ટિકની થેલી ન લાવવા અનુરોધ કર્યો હતો. આ રેલીમાં સંતો પણ જોડાયા હતાં. પ્રકૃતિ મિત્ર સંસ્થા દ્વારા પ્લાસ્ટિક મુક્ત ગિરનાર પરિક્રમાનો સંદેશ ફેલાવવા માટે અભિયાન હાથ ધરાયું છે. શ્રદ્ધાળુઓ પરિક્રમામાં પ્લાસ્ટિક ન લાવે અને પ્રકૃતિને બચાવે તે માટે અપીલ કરી હતી. પ્રકૃતિ મિત્રનાં 472 યુવા સ્વયં સેવકોએ આ માટે જહેમત ઉઠાવી હતી.

**પ્લાસ્ટિકની થેલી લઈ કાપડની થેલી અપાશે**

જૂનાગઢમાં યોજાતી ગિરનારની પરિક્રમા દરમિયાન ઈંટવાનાં રસ્તેથી પસાર થતાં પરિક્રમાર્થીઓ પાસેથી પ્રકૃતિ મિત્ર સંસ્થાનાં કાર્યકરો પ્લાસ્ટિકની થેલી લઈ કાગળ અથવા કાપડની થેલી આપશે.

**રેલીને લોકોનો સંપૂર્ણ સહકાર**

પ્રકૃતિ મિત્ર સંસ્થાનાં અધ્યક્ષ જણાવે છે કે, લોકો પાસેથી કાપડની કે કાગળની થેલી એકત્રિત કરી પરિક્રમા દરમિયાન વિતરણ કરાશે. પ્લાસ્ટિક મુક્ત પરિક્રમાનાં સંદેશને લોકોનો સંપૂર્ણ સહકાર મળ્યો છે.

## ગુજરાતમાં બની રહ્યું છે દેશનું બીજું સુવર્ણ મંદિર

**51** શક્તિપીઠો પૈકીનાં એક ગુજરાતનાં અંબાજી મંદિરમાં સોનુ લગાવવામાં આવી રહ્યું છે. 40 ટકા કામ પૂરું થઈ ગયું છે. 50 કિલો સોનુ મંદિરમાં લગાવી દીધું છે. હજુ વધું સોનુ ઉપયોગમાં લેવાશે. રાજસ્થાનથી આવેલા કારીગરો શક્તિપીઠને સોનાથી મઢી રહ્યાં છે. મંદિરમાં મુખ્ય કળશ સહિત કુલ 358 કળશ છે તે તમામ સોનાથી ચમકશે.

**આ રીતે ચઢી રહ્યું છે સોનાનું આવરણ**

એક ચોરસ ફૂટ વિસ્તારને સોનાનું આવરણ ચઢાવવામાં 12 ગ્રામ સોનું જોઈએ. સોનાનાં આવરણ પહેલાં તાંબાનું આવરણ ચઢાવવામાં આવે છે. શ્રદ્ધાળુઓ ઓનલાઈન સોનું દાન કરી શકે છે.

## દેશનાં 100 સ્માર્ટ સિટીમાં જૂનાગઢ

### કેન્દ્રીય બજેટમાં કરાઈ દેશનાં 100 શહેરોને સ્માર્ટ સિટી બનાવવા 7,060 કરોડની જોગવાઈ

**દેશનાં** 100 શહેરોને સ્માર્ટ સિટી બનાવવાની એક પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ 100 શહેરોમાં જૂનાગઢનો સમાવેશ કરાયો છે. જૂનાગઢ સહિત રાજ્યનાં 7 શહેરોનો આ સ્માર્ટ સિટીમાં સમાવેશ કરાયાનું જાણવા મળ્યું છે. વર્તમાન શહેરોનું આધુનિકરણ કરવામાં આવશે. ગુજરાતમાંથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ગાંધીનગરનો સમાવેશ કરાયો છે.

**સ્માર્ટ સિટીમાં શું હશે ?**

- સોલાર [સૂર્ય] પેનલ
- સ્માર્ટ હાઉસ
- ઈવી કાર શેરીંગ
- ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટેશન સીસ્ટમ
- નવી પેઢીનાં વાહનો માટેનું કેન્દ્ર
- બેટરી સ્ટોરેજ પ્રણાલિ
- પ્રદૂષણ રહિત ડીઝાઈનવાળાં મકાનો
- રીજ્યોનલ EMS સેન્ટર
- કુદરતી બળતણ
- ઈલેક્ટ્રીક બસ
- મેગા સોલાર
- ઓફશોર પવન ચક્કી
- મલ્ટી એનર્જી સ્ટેશન
- સ્માર્ટ બિલ્ડીંગો

**સ્વચ્છતા અભિયાન**

## 500 શહેરો માટે US મદદ કરશે

**આ અભિયાનની બેંગલોરથી શરૂઆત :**

ભારતનાં 500 શહેરો સ્વચ્છ બનાવવામાં અમેરિકા મદદ કરશે. આ બધાં શહેરો એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા દરમિયાન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ મોદી સાથે આ માહિતી શેર કરી હતી. આ શહેરોમાં નક્કર કચરાનો નિકાલ કરવા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સૂએઝ વોટર ટ્રિટમેન્ટ અને સેનિટેશનની મદદ લેવામાં આવશે. બેંગલોરથી તેની શરૂઆત થશે. અમેરિકાએ ભારત સરકારનાં ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમમાં ભાગીદાર બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

**કૌશલ્ય વિકાસ :**

ભારત કૌશલ્ય વિકાસમાં અમેરિકી અનુભવનો લાભ લેશે. વિભિન્ન અમેરિકી યુનિવર્સિટીઓમાંથી દર વર્ષે 1000 યુવા વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે. તેઓ કૌશલ્ય વિકાસ અંગે પોતાના અનુભવ શેર કરશે.

## દેશનું સુરક્ષા કવચ : INS વિક્રમાદિત્ય

**આધુનિક ભારતની સમૃદ્ધિનું પ્રતીક**

**ભારતીય** નૌકાદળનું સૌથી મોટું યુદ્ધ જહાજ છે. રશિયામાં તૈયાર થયેલ આ જહાજ ભારતીય સેનામાં સામેલ કરાયું છે. આગામી 15 વર્ષ સુધી સેવા આપશે. જહાજ એક તરતા શહેર સમાન છે. તેનાં પર કુલ 22 ડેક છે. 1600 કરતાં વધારે જવાન તેનાં પર નિયુક્ત રહે છે. તેનાં પર લાગેલા જનરેટરો 18 મેગા વોટ વીજળી ઉત્પાદનની ક્ષમતા રાખે છે. સમુદ્રનાં પાણીને સાફ કરીને પીવાલાયક બનાવનાર આસ્મોસિસ પ્લાન્ટ તેનાં પર લાગેલ છે.

**₹ 15 હજાર કરોડનાં ખર્ચે બન્યું**

- 59 કિમી પ્રતિ કલાકની ઝડપ.
- 284 મીટર લાંબુ અને 60 મીટર ઊંચું. ફૂટબોલનાં ત્રણ મેદાન બની જાય.
- કીવ ક્લાસ એર ક્રાફ્ટ કેરિયર 14 જૂન 2014નાં રોજ નેવીમાં સામેલ થયું. તેની કુલ લંબાઈ 930 ફૂટ અને 2500 કંપાર્ટમેન્ટ છે.
- 45.3 હજાર ટન ભાર ખેંચવાની ક્ષમતા.
- 45 દિવસ લગાતાર સમુદ્રમાં રહી શકે છે.
- સૌથી ખાસ 500 કિમીનું સુરક્ષા કવચ.
- યુદ્ધ જહાજ પર 30 યુદ્ધ વિમાન.
- 6 સબમરીન નાશક અને જાસૂસી હેલિકોપ્ટર નિયુક્ત.

## નવી ઓળખ : ઉધમપુર કટરા રેલવે લિન્ક

**આધુનિક ભારતની સમૃદ્ધિનું પ્રતીક**

**જમ્મુ** કાશ્મીરની નવી ઓળખ. અહીં પહાડો કાપીને 25.62 કિમી લાંબો રેલવે ટ્રેક બનાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ 1996માં શરૂ થયો હતો. નદીઓ, ખીણો અને પહાડોમાં ટ્રેક પાથરવા મુશ્કેલ હતાં. સરકારે 2002માં તેને રાષ્ટ્રીય કાર્યક્રમ જાહેર કર્યો હોવા છતાં કામ પૂરું કરવામાં 18 વર્ષ લાગ્યાં. 2014માં ટ્રેન સેવા શરૂ થઈ ગઈ. સફર 50 મિનિટમાં પૂરી થાય છે.

**₹ 1,132 કરોડમાં તૈયાર થયો**

- 10 ટનલ અને 50 પુલો પરથી પસાર થાય છે આ ટ્રેક
- 50 પુલો પરની બધી સુરંગોની કુલ લંબાઈ 11 કિમી
- 21 નંબરની ટનલ 3.5 કિલોમીટર લાંબી છે.
- 22 સામાન્ય અને 5 ખતરનાક વળાંક. સૌથી ખતરનાક વળાંક 5 ડિગ્રીનો.
- વૈષ્ણોદેવીનાં દર્શને જતાં 1 કરોડ શ્રદ્ધાળુઓને સીધો ફાયદો.
- એક પિલ્લરની ઊંચાઈ 85 મીટર છે. કુતુબમિનારથી પણ ઊંચો.

પ્રણવ



સર્વમંગલ માંગલ્યે...

# પહેલા જ પ્રયત્ને મંગળ સુધી પહોંચનારો ભારત દુનિયાનો પ્રથમ દેશ

**કક્ષમાં પહોંચીને મંગળયાને 2 કલાકમાં પહેલો ફોટો મોકલ્યો**

મંગળયાન દસ મહિનામાં 65 કરોડ કિમી ચાલીને મંગળ સુધી પહોંચી ગયું. ઈસરોનાં વૈજ્ઞાનિકોએ સવારે યાનનું એન્જિન ચાલુ કર્યું. સ્પીડ ઓછી કરી અને 24 મિનિટ પછી યાન મંગળની કક્ષામાં હતું. તે સમયે ઈસરો કંટ્રોલ સેન્ટરમાં વડાપ્રધાન નરોન્દ્ર મોદી હાજર હતાં. તેમણે જણાવ્યું કે 'આજે મંગળને મોમ મળી ગઈ. મિશનનું નામ મોમ રાખવામાં આવ્યું ત્યારે જ સફળતાનો વિશ્વાસ હતો. કારણ કે મોમ ક્યારેય નિરાશ નથી કરતી. આ મિશનનું નામ 'માર્સ ઓર્બિટર મિશન' એટલે કે 'મોમ' છે.

**સમર્પણ :** એક હજાર વિજ્ઞાનિક દિવસ રાત કામ કરતાં હતાં. પ્રોજેક્ટ પ્રમુખ સુબ્બા અરુણન કહે છે કે 25 મહિનાથી અમે સતત કામ કરી રહ્યાં છીએ. સફળતાએ થાક ઓછો કરી દીધો.

**સંતોષ :** મંગળ ઉપર મિથેન ગેસની જાણકારી મળશે. જેથી જીવનની શોધ અને ભવિષ્યની સંભાવના શોધી શકાય. મંગળનું પાણી ક્યાં જતું રહ્યું તેની પણ શોધ થશે. છ મહિના સુધી તસવીરો મોકલશે.

**વિચાર :** ઈસરો પ્રમુખ રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે આપણી સફળતા કોઈની હાર નથી. અમે કોઈની સ્પર્ધા નથી કરી રહ્યાં.

**આ માટે ગર્વ છે આપણાં મિશન ઉપર**

**સન્માન :** દુનિયા જણાવી રહી છે કે ભારતે કમાલ કરી. બે વર્ષ પહેલા કહેતા હતાં કે જ્યાં લોકો ભૂખે મરે છે તેઓ મંગળ પર જવાની વાતો કરે છે.

**શક્તિ :** આપણે ₹ 450 કરોડનો ખર્ચ કર્યો. 3 વર્ષ પહેલા વિચાર્યું. 15 મહિનામાં યાન બનાવ્યું. 10 મહિનામાં મંગળ સુધી પહોંચાડ્યું. જ્યારે અમેરિકાએ પોતાના યાન 'મેવન' ઉપર 11 વર્ષ કામ કર્યું. ₹ 3000 કરોડનો ખર્ચ કર્યો. મંગળ સુધી પહોંચવામાં 12 મહિના લાગ્યાં.

**સંકલ્પ :** આપણા સિવાય અમેરિકા અને રશિયા મંગળ સુધી પહોંચ્યા છે. આપણે 1663માં પહેલું રોકેટ થુંબામાં છોડ્યું હતું. ત્યારે દુનિયા કહેતી હતી કે ભારત ચાદરની બહાર પગ ફેલાવી રહ્યું છે.

**મંગળયાને અમેરિકાનાં ક્યુરિયોસિટી સાથે વાત કરી**

**મંગળયાન :** 'હેલો ક્યુરિયોસિટી, હું તારી આસપાસ હાજર રહીશ.'
**ક્યુરિયોસિટી :** 'નમસ્તે, માર્સ ઓર્બિટર. વેલકમ, ઈસરોને અભિનંદન.'
**મંગળયાન :** 'આ લાલ જેવો દેખાઈ રહ્યો છે તે મંગળ છે. હું નાસ્તા પછી પાછો આવું છું. તડકો સારો છે, તે બેટરીઓ માટે જરૂરી છે.'

**ઈસરોની આગામી યોજના**

**વર્ષનાં અંત સુધી :** સ્વદેશી ક્રાયોજેનિક એન્જિન ધરાવતા GSLVનું પરીક્ષણ.
**2015 સુધી :** બે વ્યક્તિઓને કેપ્સ્યૂલમાં રાખી પૃથ્વીની કક્ષામાં લવાશે.
**2016 સુધી :** ચંદ્રયાન 2ને ચંદ્ર ઉપર લઈ જવાશે.

**આપણે પહેલીવારમાં જ મંગળનો ડેન્જર ઝોન પાર કરી લીધો**

આ એક ઐતિહાસિક ઘટના છે. અત્યાર સુધીમાં દુનિયાનાં કોઈ પણ દેશે જેટલાં મિશન મોકલ્યાં છે તેમાંના 50 ટકા જ સફળ થઈ શક્યાં છે. પહેલીવારમાં એક પણ મિશન સફળ રહ્યું નથી, પરંતુ આપણે સફળ થયાં છીએ.

**મંગળ સુધી પહોંચવાનાં સાત પગથિયાં**

**1.** લોન્ચ **2.** પૃથ્વીની કક્ષા સુધી પહોંચવું **3.** પૃથ્વીની કક્ષા ઉપર **4.** ડેન્જર ઝોન **5.** મંગળની કક્ષા **6.** લેન્ડર **7.** રોવર

**જાણો, આપણે દુનિયાને કેવી રીતે હરાવી**

**1.** અમેરિકાનું મરિન 1964માં બીજી સીડી પર જ નાપાસ થયું હતું. કુલ 21 મિશન મોકલ્યાં : પહેલી વખત 1964માં અમેરિકાએ મરિન 3 યાન મોકલ્યું હતું. તે પૃથ્વીની કક્ષા પહેલાં જ નષ્ટ થઈ ગયું હતું. 9 મંગળની કક્ષામાં પહોંચ્યાં. 1 યાન પૃથ્વીની કક્ષા પહેલા નષ્ટ થયું. 1 પૃથ્વીની કક્ષા સુધી પહોંચી શક્યું. 4 ડેન્જર ઝોનમાં ગાયબ. 4 લેન્ડર અને 4 રોવરમાં સફળ.
**2.** રશિયા : 1960-71 સુધીમાં નવ વખત અસફળ. કુલ 19 મિશન મોકલ્યાઃ પહેલો સફળ પ્રયાસ 1971માં માર્સ 2 હતો, જે મંગળની કક્ષા સુધી પહોંચ્યો. 4 મંગળની કક્ષા સુધી પહોચ્યું. 1 મંગળની કક્ષા સુધી પહોંચીને ફેલ. 5 ડેન્ઝર ઝોનમાં ગાયબ. 3 પૃથ્વીની કક્ષા સુધી પહોંચ્યાં. 2 પૃથ્વીની કક્ષા પહેલાં નષ્ટ. 4 લોન્ચ પર જ ફેલ.

**3.** યુરોપિયન સ્પેસ એજન્સીનું 2003માં પહેલું મિશન ડેન્ઝર ઝોનમાં ગાયબ. કુલ 2 મિશન મોકલ્યાં : 2003માં મોકલવામાં આવેલું બીગલ 2 ડેન્જર ઝોનમાં ગાયબ. તે જ વર્ષે માર્સ એક્સપ્રેસ ઓર્બિટર મંગળની કક્ષામાં સ્થાપિત કર્યું.

**4.** જાપાન 1998માં પાંચમી સીડી સુધી પહોંચીને લપસી પડ્યું. એક જ મિશન : મંગળની કક્ષામાં પહોંચીને નોઝોમી યાન નષ્ટ થઈ ગયું.

**5.** ચીનનો 2011માં પહેલો પ્રયાસ નિષ્ફળ. એક જ મિશન : ચીનનું પહેલું મિશન યિંગહુઓ 1 પૃથ્વીની કક્ષા પહેલાં જ ગાયબ થઈ ગયું હતું.

# શાંતિનું નોબેલ પ્રાઈઝ વિવાદાસ્પદ રહ્યું છે

ભારતનાં કૈલાસ સત્યાર્થીને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મળ્યું તે ગૌરવપ્રદ છે. શાંતિ માટેનું નોબેલ હંમેશા લાયક વ્યક્તિને જ મળે તેવું બનતું નથી. ભૂતકાળમાં અયોગ્ય વ્યક્તિને નોબેલ મળવાને કારણે ઘણાં વિવાદો થયાં છે. સૌથી તાજો વિવાદ અમેરિકાનાં રાષ્ટ્રપતિ બરાક ઓબામાને 2009નાં વર્ષમાં આપવામાં આવેલા નોબેલ પીસ પ્રાઈઝને લગતો છે. નોબેલ પ્રાઈઝની જાહેરાત ઓક્ટોબર મહિનામાં કરવામાં આવે છે, પણ તેનાં નોમિનેશન ફેબ્રુઆરી મહિનામાં મંગાવાય છે. 2009માં બરાક ઓબામા અમેરિકાનાં રાષ્ટ્રપતિ બન્યાં તેના બે જ સપ્તાહ પછી નોબેલ પ્રાઈઝ આપનારી સમિતિએ તેમની પસંદગી કરી નાંખી હતી. બરાક ઓબામાને જ્યારે શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું ત્યારે તેમણે એવું કોઈ કામ કર્યું નહોતું. બરાક ઓબામાને નોબેલ મળ્યું ત્યાર બાદ તેમણે એક એવો કાયદો ઘડ્યો જેના થકી અમેરિકાની પોલીસ કોઈ પણ નાગરિકને માત્ર શંકાનાં આધારે અનિશ્ચિતકાળ સુધી જેલમાં રાખી શકે છે. બરાક ઓબામાએ પાકિસ્તાન અને યેમેનમાં ત્રાસવાદીઓ ઉપર ડ્રોન વિમાનો વડે હુમલા શરૂ કરાવ્યાં, જેમાં હજારો નિર્દોષ લોકોનાં જીવ ગયાં છે. ઓબામાની પરવાનગીથી અમેરિકન ગુપ્તચર સંસ્થાઓ દ્વારા એક ખાનગી "કીલ લિસ્ટ" બનાવવામાં આવ્યું છે. 2010માં શાંતિનું નોબેલ ચીનનાં લીઈ શીઓબોને અપાયું હતું. ચીનની સરકારે આક્ષેપ કર્યો હતો કે શીઓબોએ ઈરાક, અફઘાનિસ્તાન, કોરિયા અને વિયેટનામમાં છેડી દીધેલા યુદ્ધમાં અમેરિકાની તરફેણ કરી તેના ઈનામરૂપે નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું.

ઈ.સ. 1994નું નોબેલ પીસ પ્રાઈઝ પેલેસ્ટિન લેબરેશન ફ્રન્ટનાં સ્થાપક યાસર અરાફતને અપાયું તેની સામે પણ વિરોધ થયો હતો. યાસર અરાફત ત્રાસવાદ અને ગેરિલા યુદ્ધો માટે જાણીતા હતાં. અરાફતને શાંતિ માટે ઈનામ આપવામાં આવ્યું તેના વિરોધમાં પ્રાઈઝ કમિટીનાં એક સભ્યે રાજીનામું આપ્યું હતું. ઈ.સ. 1979નું નોબેલ પીસ પ્રાઈઝ ભારતમાં મિશનરી પ્રવૃત્તિઓ કરી રહેલાં ખ્રિસ્તી સાધ્વી મધર ટેરેસાને આપવામાં આવ્યું તેનો ભારતનાં હિન્દુ રાષ્ટ્રવાદીઓએ વિરોધ કર્યો હતો. ભારતમાં વટાળ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ઈ.સ. 1978નું નોબેલ પીસ પ્રાઈઝ ઈજિપ્તનાં વડાપ્રધાન મેનાચેન બેગિનને આપવામાં આવ્યું હતું. અનવર સાદાત ઈઝરાઈલ સામે લોહિયાળ યુદ્ધ લડ્યાં હતાં અને બેગિને જર્મન ચાન્સેલર કોનાર્ડ એડેનૌરની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું, જે નિષ્ફળ ગયું હતું. ઈ.સ. 1973નું નોબેલ પીસ પ્રાઈઝ અમેરિકાનાં વિદેશ મંત્રી હેન્રી કિસિંજરને આપવામાં આવ્યું હતું. ઈ.સ. 1969થી 1975 વચ્ચે કમ્બોડિયામાં લડી રહેલા ઉત્તર વિયેટનામી લશ્કર ઉપર ગુપ્ત રીતે બોમ્બમારો કરવાનું કાવતરું હેન્રી કિસિંજરે ઘડી કાઢ્યું હતું. તુર્કીએ સાયપ્રસ ઉપર હુમલો કરીને સાયપ્રસનાં બે ભાગલા કરી નાંખ્યા એ લડાઈને પણ કિસિંજરે ટેકો આપ્યો હતો. કિંસિજરને શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું તેના વિરોધમાં પીસ પ્રાઈઝ કમિટીનાં બે સભ્યોએ રાજીનામું આપ્યું હતું.

ઈ.સ. 1945નું નોબેલ શાંતિ ઈનામ અમેરિકાનાં ભૂતપૂર્વ વિદેશ મંત્રી કોર્ડેલ હલ્લને આપવામાં આવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીનાં યહૂદીઓથી ભરેલું એક જહાજ આશરો લેવા માટે અમેરિકા આવ્યું હતું. હલ્લનાં વિરોધને કારણે અમેરિકાનાં પ્રમુખ રૂઝવેલ્ટે આ યહૂદીઓને આશરો આપવાનો ઈનકાર કર્યો હતો. જહાજ યુરોપ પાછું ફર્યું પણ રસ્તામાં તોફાન આવતાં સેંકડો યહૂદીઓ માર્યા ગયાં હતાં. ઈ.સ. 1936માં જર્મન સરકારની જાસૂસી અને દેશદ્રોહનાં આરોપનો સામનો કરી રહેલા કાર્લ વોન ઓસ્સિએટ્ઝગકીને નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું. જેલની સજા કાપી રહેલા ગુનેગારને નોબેલ આપવાના વિરોધમાં નોર્વેનાં તત્કાલીન રાજા એવોર્ડ સમારંભમાં ગેરહાજર રહ્યાં હતાં. આ ઘટના પછી જર્મનીનાં ચાન્સેલર એડોલ્ફ હિટલરે કોઈ પણ જર્મન નાગરિકને નોબેલ પ્રાઈઝ સ્વીકારવા ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો હતો. નોબેલ પ્રાઈઝ અર્પણ કરનારાઓની મુખ્ય ગણતરી પશ્ચિમી જીવનશૈલીને મજબૂત બનાવવાની હોય છે. જેઓ પ્રાચીન પરંપરાઓનું ભંજન કરે છે અને આધુનિકતાનાં પ્રચારક બને છે તેમને જ નોબેલ પ્રાઈઝ સહેલાઈથી મળે છે. મધર ટેરેસા, મલાલા અને કૈલાસ સત્યાર્થીને જે નોબેલ માટે પાત્ર ગણવામાં આવ્યાં, તો મહાત્મા ગાંધીને એક નહીં પણ પાંચ વખત ગેરલાયક માનવામાં આવ્યાં હતાં. ઈ.સ. 1939 અને 1945 વચ્ચે પાંચ વખત નોબેલ પીસ પ્રાઈઝ માટે ગાંધીજીનું નામાંકન કરવામાં આવ્યું હતું, પણ તેમને આ ઈનામ મળ્યું નહોતું. ઈ.સ. 1948માં કમિટીને યોગ્ય ઉમેદવાર ન મળતાં કોઈને નોબેલ પીસ પ્રાઈઝ આપવામાં આવ્યું નહોતું. ગાંધીજી બ્રિટીશ સામ્રાજ્ય સામે લડ્યાં તેની સજારૂપે તેમને નોબેલ પ્રાઈઝથી વંચિત રાખવામાં આવ્યાં હતાં.

# પ્રથમવાર ભારત પાક.ને મળ્યું શાંતિનું નોબેલ

ભારત પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ ચાલે છે ત્યારે એક ખુશખબર આવી. પ્રથમવાર ભારત પાકિસ્તાનને શાંતિ નોબેલ પારિતોષિક મળ્યું. નોબેલ કમિટીએ ભારતનાં કૈલાસ સત્યાર્થી અને પાકિસ્તાનની મલાલા યુસુફઝઈનું નામ જાહેર કર્યું. કૈલાસ 34 વર્ષથી બાળમજૂરી સામે લડે છે જ્યારે મલાલાએ બાળકીઓનાં શિક્ષણ માટે તાલિબાનોની ગોળી ખાધી છે. ભારત માટે ગૌરવની વાત છે કે 113 વર્ષનાં ઈતિહાસમાં ભારતમાં જ જન્મેલી વ્યક્તિને આ સન્માન મળ્યું છે. 1979માં મધર ટેરેસાને આ સન્માન મળ્યું હતું પરંતુ તેમની પાસે ભારતનું નાગરિકત્વ હતું.

**કૈલાસ સત્યાર્થી [એવોર્ડની જાહેરાત બાદ]**: 'ભારતને ભલે સેંકડો દુર્ગુણોની માતા કહેવાતું હોય, તે લાખો સમાધાનોની પણ માતા છે. આ ગાંધી અને મહાત્મા બુદ્ધની ધરતી છે. હવે સમય આવ્યો છે કરુણાનાં વૈશ્વિકીકરણનો.

**મલાલા [એવોર્ડની જાહેરાત બાદ]**: 'આ સન્માન દર્શાવે છે કે પાકિસ્તાન પણ શાંતિ ઝંખે છે. આ માત્ર અકસ્માત નથી કે મને ભારતનાં કૈલાસ સાથે નોબેલ મળ્યું. બંને દેશો શાંતિ માટે કામ કરે તે સમયની માંગ છે.

**કૈલાસની વિચારસરણી : હમણાં નહીં તો ક્યારે, તમે નહીં તો કોણ...**

➤ કૈલાસ મધ્યપ્રદેશનાં વિદિશામાં 11 જાન્યુઆરી 1954નાં રોજ જન્મ્યા. એન્જિનિયરિંગ કરીને બાળકો માટે કામ શરૂ કર્યું.

➤ 1983માં બચપન બચાઓ આંદોલન શરૂ કર્યું. 80 હજાર બાળકોને બાળમજૂરીથી મુક્તિ અપાવી ચૂક્યાં છે.

➤ કૈલાશ ગ્લોબલ માર્ચ અગેઈન્સ્ટ ચાઈલ્ડ લેબરનાં અધ્યક્ષ પણ છે. 140 દેશોની 2000 સંસ્થા જોડાયેલી છે.

**હું સમ્રાટ અશોકનાં બાળકોની જેમ શાંતિદૂત બનવા માગું છું...**

➤ હું મધ્યપ્રદેશનાં વિદિશાનો રહેવાસી છું, જે સમ્રાટ અશોકનું સાસરું છે. તેમના બાળકો મહેન્દ્ર અને સંગમિત્રાએ બર્મા, શ્રીલંકા અને થાઈલેન્ડ સુધી શાંતિનો સંદેશ પહોંચાડ્યો. હું પણ શાંતિ માટે કામ કરવા માગું છું.

➤ આ 125 કરોડ ભારતીયોનું સન્માન છે. આ ભારતની લોકશાહીની જીત છે. આજે દુનિયામાં આપણે જીતી રહ્યાં છીએ.

➤ મેં કોઈને બચાવ્યાં નથી, પરંતુ 80 હજાર બાળકોએ મને ભીતરથી આઝાદ કર્યો છે.

➤ આ અભિયાનની શરૂઆત વિદિશાનાં મારા નાનકડા ઘરેથી થઈ હતી. મારા મિત્રોએ તેને વિશ્વભરમાં મોકલી દીધું. આ અભિયાનમાં બે સાથીદાર પણ ગુમાવ્યાં. આ તેમનું સન્માન છે.

# અમદાવાદને મેટ્રો મળી



- ➤ ઝુંબેશની જીત : પ્રતિધ્વનિએ મેટ્રો માટે ઝુંબેશ આદરી હતી
- ➤ ટ્રાફિક પરનું ભારણ ઘટશે અને ઝડપી સેવા મળશે
- ➤ શહેર અન્ય મેગાસિટીની હરોળમાં આવી જશે

**30 સ્થળે સ્ટેશન બનશે**

મેટ્રો રેલનાં પૂર્વ પશ્ચિમ અને ઉત્તર દક્ષિણ કોરિડોરનાં 36 કિમીમાં 30 સ્ટેશન

**ટાઈમ લાઈન**

- ➤ 2003 : GIDBએ મેટ્રો માટે વિચારણા શરૂ કરી.
- ➤ 2005 : DMICએ પ્રોજેક્ટ ડીટેઈલ તૈયાર કરી.
- ➤ 2006 : પ્રોજેક્ટ રદ કરી BRTSનું કામ શરૂ કરાયું.
- ➤ 2008 : મેટ્રો પ્રોજેક્ટ માટે ફરીથી નિર્ણય લેવામાં આવ્યો.
- ➤ 2010 : 200 કરોડનાં ભંડોળ સાથે મેગા કંપની બનાવાઈ.
- ➤ 2011 : પ્રોજેક્ટ ફાસ્ટ ટ્રેક પર લઈ જવા મિટીંગ.
- ➤ 2012 : એક્સપર્ટ કમિટીએ ગેજ અંગેનો રિપોર્ટ સુપરત કર્યો.
- ➤ 2014 : કેન્દ્રિય કેબિનેટે મેટ્રોના 35.9 કિમીનાં પ્રથમ તબક્કા માટે ₹ 10773 કરોડ મંજૂર કર્યા.

**ગુજરાત** સરકાર અંદાજે બે હજાર કરોડ ઈક્વિટી સ્વરૂપે તેમજ 770 કરોડની જમીન પણ આપશે. આશરે 6 હજાર કરોડ જાપાન ઈન્ટરનેશનલ કો.ઓ.એજન્સી પાસેથી હળવા દરની લોન લેવાશે. શહેર માટે મેટ્રો રેલનાં પ્રથમ તબક્કા માટે વડાપ્રધાન મોદીનાં વડપણ હેઠળ કેબિનેટે 10773 કરોડની મંજૂરી આપી. આમ અમદાવાદીઓ અને તેમની જરૂરીયાતોની મોટી જીત થઈ છે. દેશનાં અન્ય મેગા સિટીની સરખામણીએ અમદાવાદીઓ માત્ર મેટ્રોનાં મામલે જ પાછળ હતાં. મેટ્રોનું કામકાજ હવે શરૂ થવાનું હોઈ ટ્રાફિકની સમસ્યા હળવી થશે. પ્રતિધ્વનિએ મેટ્રો માટે ઝુંબેશ હાથ ધરી હતી. મેટ્રો રેલવે યોજનાને મંજૂરી મળી જતાં ટ્રાફિક પરનું ભારણ ઘટવા ઉપરાંત લોકોને ઝડપી, આરામદાયક, સલામત અને પ્રદુષણ મુક્ત તેમજ પરવડી શકે તેવી ટ્રાન્સપોર્ટ સેવા મળશે. પહેલા તબક્કામાં APMCથી મોટેરા સ્ટેડીયમ સુધીનાં ઉત્તર દક્ષિણ કોરીડોરમાં 15.29 કિમી અને થલતેજ થી વસ્ત્રાલગામ સુધીનાં પૂર્વ પશ્ચિમ કોરીડોરમાં 20.31 કિમીને આવરી લેવાશે.

**દર 5 મિનિટે મેટ્રો, બે કોચમાં 800ની ક્ષમતા**

પીક અવર્સ દરમિયાન મેટ્રો દર 5 મિનીટે અને બાકીનાં સમયમાં દર 15 મિનિટે દોડશે. મેટ્રો સાથે પ્રારંભમાં બે કોચ જોડવામાં આવશે. દરેક કોચમાં 400 પેસેન્જર સમાવવાની ક્ષમતા છે. જરૂરીયાત મુજબ કોચની સંખ્યા વધારવામાં આવશે. મેટ્રો રેલની ઝડપ કલાકનાં 45 કિમીની હશે, તે દરેક સ્ટેશને 30 સેકન્ડ માટે રોકાશે. દરેક સ્ટેશન પર ટિકિટ માટે ઓટોમેટીક સિસ્ટમ મુકવામાં આવશે. મેટ્રોનાં બંને પ્રોજેક્ટમાં કુલ 53 સ્ટેશનો ઉભા કરવામાં આવશે. 42 સ્ટેશન જમીન પર અને 11 સ્ટેશન અંડરગ્રાઉન્ડ બાંધવામાં આવશે. ઈસનપુર, મોટેરા અને ઈન્દ્રોડા ખાતે 3 ડેપો કમ વર્કશોપ તૈયાર કરાશે. પ્રોજેક્ટનો અમલ મેટ્રો લિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ [મેગા] કંપની કરશે. મેટ્રો રેલ પ્રોજેક્ટ 2018માં પૂરો થશે અને લોકોને મલ્ટિમોડલ પરિવહન સેવા મળતી થઈ જશે.


**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : કરજણ**

**Happy Diwali**
**Happy New Year**

**ખુલ્લી હરાજી ■ સાચો તોલ ■ રોકડા નાણાં**

**મુખ્ય માર્કેટ:** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ મુખ્ય માર્કેટ યાર્ડ

**સ્થાપના :** સને 1958-1959

**બજાર વિસ્તાર :** કરજણ તાલુકો

**નિયંત્રિત જણસી :** કપાસ લોઢેલો અને લોઢ્યા સિવાયનો, ઘઉં, જુવાર, બાજરી, તુવેર,મગફળી ફોલેલી તથા ફોલ્યા સિવાયની, બળદ અને ભેંસ, અનાજ, કઠોળ, તેલીબિયા, શાકભાજી અને ફળફળાદી.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ :**

ભરતભાઈ રણછોડભાઈ પટેલ [ધાવટ]■સતીષભાઈ અંબુભાઈ પટેલ [વેમાર]
જશભાઈ પરાગભાઈ પટેલ [ઓસલામ]■દિનુભાઈ અંબાલાલ પટેલ [ઉમજ]
જગદેવસિંહજી ફતેસિંહજી પરિહાર [મિયાગામ]
દિલિપસિંહ રાયસિંહ પ્રાંકડા [સણીયાદ]■ભુપેન્દ્રભાઈ પી. પટેલ[હિરજીપુરા]
દિનેશભાઈ શાંતીલાલ ભટ્ટ [અણસ્તુ]■રજનીભાઈ સોમાભાઈ પટેલ [કોઠાવ]
પંકજભાઈ ભાઈલાલભાઈ શાહ [કરજણ]■કેયુરકુમાર એ. શાહ [કરજણ]
ઉપેન્દ્રભાઈ સોમચંદભાઈ શાહ [કરજણ]■દેવેન્દ્રસિંહ એચ. ચાવડા [કરજણ]
સહકારી અધિકારી : બજાર [વડોદરા]■વિસ્તરણ અધિકારી : ખેતી [કરજણ]

**યોગેશભાઈ એમ. પટેલ :** સેક્રેટરી
**આનંદભાઈ બી. શાહ :**ઉપપ્રમુખ
**સતીષભાઈ એમ. પટેલ :** પ્રમુખ



**તિરૂપતી નેચરલ પાર્ક**

Iyasara,Visnagar-Unjha Road, Visnagar, Dist. Mehsana




**રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા પાર્ક**

- ➤ **ગુજરાતમાં શૈક્ષણિક પ્રવાસ માટે શ્રેષ્ઠ વિશાળ સુવિધાપૂર્ણ પ્રવાસન સ્થળ**
- ➤ **પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર ગાર્ડન્સ અને વિશાળ સરોવર**
- ➤ **પિકનીક તથા શુભપ્રસંગ માટે વિશાળ પાર્ટીપ્લોટ્સ**

■ ફિલ્મશુટીંગ માટે શ્રેષ્ઠ ડેસ્ટીનેશન ■ અસંખ્ય રાઈડર્સ
■ ફુવારા રાઈડર્સ સાથે સુસજ્જ વોટરપાર્ક ■ AC મિટીંગ હોલ
■ રહેવા માટે AC નોન AC કોટેઝીસ ■ ડોરમેન્ટ્રી
■ મનપસંદ ભોજન માટે રેસ્ટોરન્ટ

**અસંખ્ય રાઈડર્સનો ખજાનો**

■ રોપવે ■ 3D થિયેટર ■ કીડ્સ ગેમ્સ ■ વિવિધ નૌકાવિહાર

**મુખ્ય પ્રવેશ જનરલ ટિકિટ દર :** ₹ 50/-
**બાળકો માટે ટિકિટ દર :** ₹ 30/- **સાથે :** 10 રાઈડર્સ ફ્રી [નિઃશુલ્ક]
**અન્ય કોન્ટ્રાક્ટ રાઈડર્સમાં સ્પે. ગ્રુપ કન્સેશન**
**વોટરપાર્ક એન્ટ્રી / કોસ્ચ્યુમચાર્જ ફક્ત :** ₹ 150/-
**વિદ્યાર્થી/સામાજીક ગ્રુપ પેકેજ** : 30 થી વધુ સંખ્યા
**એન્ટ્રી / કોસ્ચ્યુમચાર્જ ફક્ત :** ₹ 100/-

**Web :** www.tirupatinaturalpark.co.in
**Tel. :** 02765-264110, 264111, 285695
**Mobile :** 9408197926, 9624902601, 9428663244, 9586812708




### 2015નાં બેસ્ટ ટ્રાવેલ ગાઈડ લિસ્ટમાં

### વિશ્વનાં ફરવાલાયક ટોપ 10 શહેરોમાં ચેન્નઈ 9માં ક્રમે

# ટોપ 10 દેશોમાં સિંગાપોર સૌથી મોખરે

**લોન્લી** પ્લેનેટે વિશ્વનાં ફરવાલાયક શ્રેષ્ઠ શહેરો, દેશો, સ્થળો અને પ્રદેશોનું ગ્લોબલ ટ્રાવેલ ગાઈડ લિસ્ટ જારી કર્યું છે. લોન્લી પ્લેનેટે ફરવા લાયક વિશ્વનાં 10 શ્રેષ્ઠ શહેરોની યાદીમાં ભારતનાં ચેન્નઈને 9મું સ્થાન આપ્યું છે. આ યાદીમાં વિશ્વનું સૌથી શ્રેષ્ઠ શહેર વોશિંગ્ટન પ્રથમ ક્રમે છે. ગ્લોબલ ટ્રાવેલ ગાઈડમાં ચેન્નઈનાં દ્રવિડ મંદિરો, આકર્ષક મ્યુઝિયમ્સ, ચર્ચો, 3 કિમી લાંબો બીચ અને ભારતની બીજી સૌથી વિશાળ ફિલ્મ ઈન્ડસ્ટ્રી 'કોલિવૂડ'નો સમાવેશ કરવામાં આવ્યો છે. લોન્લી પ્લેનેટે ફરવા માટે વિશ્વનાં શ્રેષ્ઠ દેશો, પ્રદેશો અને શહેરો જેવી વિભિન્ન કેટેગરીમાં ટોપ 10 સ્થળોની પણ એક યાદી જારી કરી છે. વિશ્વનાં ફરવાલાયક ટોચનાં 10 દેશોમાં સિંગાપોરને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે મોરોક્કો 10માં સ્થાને છે. વિશ્વનાં ટોચનાં પ્રદેશોની યાદીમાં ગયાં વર્ષે સિક્કીમ પ્રથમ સ્થાને રહ્યું હતું. આ વર્ષે યાદીમાં તુર્કીનો ગલીપોલી પ્રદેશ સૌથી મોખરે છે. અમેરિકાનું રોકી માઉન્ટેન નેશનલ પાર્ક બીજા અને બેલિઝનો ટોલેડો પ્રદેશ ત્રીજા ક્રમે છે.

DR. GOVIND PUROHIT



M.S. [Ortho], DNB [Ortho] LLB, DHA, DISS, Consultant Multi Superspeciality Orthopedic Surgeon, [Arthoscopy, Arthoplasty & Spine Surgeon] Foreign Fellow LOA [UK & USA] Visiting Fellow Newton Hospital [USA], Member of AAOS, Guinness Record Holder
✦ M.: 9825299873, 9427072468

डॉ. योगेश पुरोहित M.S. [Ortho]

खेतेश्वर मेडीकल & जोईन्ट रीप्लेसमेन्ट सेन्टर, मानसरोवर होस्पिटल : खेतेश्वर भवन,
कीर्ती कोलोनी, विठ्ठलभवन के पास, उस्मानपुरा रेल्वे लाईन के पास, साकेत हाउस के सामने, अहमदावाद.

Tel.: 27557024 Tel./Fax : 27557022 M.: 9879697744
Time : 11-00 am to 10-00 pm & 5 pm to 7-30 pm

# કામ માટે મનપસંદ સ્થળોમાં ભારત 18મું

### અમેરિકા અને યુરોપ આજે પણ ફેવરિટ

**આખી** દુનિયામાં કામ કરવા માટે પ્રોફેશનલ્સ દ્વારા પસંદ કરવામાં આવતાં સ્થળોમાં ભારત 18માં ક્રમે આવ્યું છે. આશરે 70થી 80 ટકા ભારતીયો વિદેશમાં જઈને વ્યાવસાયિક પ્રગતિ કરવા માંગતા હોવા છતાં સર્વે અનુસાર કામ કરવા માટે લોકોનાં મનપસંદ સ્થળોમાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. આ યાદીમાં અમેરિકા સૌથી ટોચે છે. પછી ક્રમાનુસાર 2. યુકે, 3. કેનેડા, 4. જર્મની, 5. સ્વિટ્ઝરલેન્ડ આવે છે.

બોસ્ટનનાં કન્સલ્ટિંગ ગ્રૂપ દ્વારા આ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ યાદીમાં ટોપ 10માં સ્થાન મેળવનારા અન્ય દેશોમાં 6. ફ્રાન્સ, 7. ઓસ્ટ્રેલિયા, 8. સ્પેન, 9. ઈટાલી અને 10. સ્વિડન છે. G20 દેશોમાં સૌથી ઈચ્છિત સ્થળ તરીકે ભારતને 18મો ક્રમ મળ્યો છે. રસપ્રદ વાત એ છે કે આ સર્વેમાં સમાવી લેવાયેલા લોકોમાંથી 64 ટકાએ એવું સ્વીકાર્યું હતું કે કામ કરવા માટે તેઓ અન્ય દેશમાં જવાનું પસંદ કરે છે. ભારતમાં બદલાતી આર્થિક સ્થિતિ અને વિદેશી કંપનીઓનાં આગમનનાં કારણે લોકો અહીં પ્રગતિ માટે સ્થાયી થવાનું પસંદ કરી રહ્યાં છે. આ યાદીમાં ભારત પણ સારી સ્થિતિમાં છે.

### એશિયા પેસિફિકમાં રહેવા માટે ઓછો રસ

આ અભ્યાસ અનુસાર લોકો યુરોપ અને યુએસની સરખામણીએ એશિયા પેસિફિકનાં દેશોમાં કામ કરવા માટે ઓછી પસંદગી ઉતારે છે. તેનું મુખ્ય કારણ પશ્ચિમનાં દેશોનું આર્થિક વળતર ઉપરાંત એશિયા પેસિફિકનાં દેશોમાં ભાષા શીખવામાં થતી મુશ્કેલીઓ જવાબદાર છે. એશિયામાં કેટલાક ઝડપથી વિકસી રહેલા દેશો કામદારોને હવે આકર્ષી રહ્યાં છે.

### પ્રાયોગિક ધોરણે ગીરનાં બે સિંહને

### બરડાનાં ડુંગરમાં લાવવાની યોજના સાકાર થઈ

# હવે બરડામાં સાવજોની ડણક સંભળાશે

### નાગરાજ અને યુવરાજ બરડામાં જમાવશે નવું સામ્રાજ્ય

**ગિરનાં** સાવજોની ડણક આજ દી" સુધી ગિરનાં જંગલોમાં સાંભળવા મળતી હતી. હવે પોરબંદરનાં બરડા ડુંગરમાં ગિરનાં સાવજોની "ત્રાડ" સંભળાશે. ગિરનાં સિંહોને પ્રાયોગિક ધોરણે બરડામાં લાવવાની યોજના છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહી હતી. અંતે ગિરનાં સિંહોને બરડામાં લાવવામાં આવ્યાં છે. જેના ભાગરૂપે બરડા ડુંગરનાં સાત વિરડા વિસ્તારમાં 6 કિલોમીટરનું એન્ક્લોઝર બનાવવામાં આવ્યું છે. જેમાં "નાગરાજ" અને "યુવરાજ" સહિત 4 સિંહો વસવાટ કરશે. આ પ્રયાસથી વાઈલ્ડ લાઈફ વર્કરો અને પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદની લાગણી ફરી વળી છે.

**સિંહ દર્શન માટે ગીર જંગલનાં દ્વાર ખૂલ્યાં :** સિંહોનાં સંવનન કાળનાં ચાર માસ સાસણ ગીર અભ્યારણ્ય પ્રવાસીઓ માટે બંધ રહેતુ હોય છે. જે 16 ઓક્ટોબરે સિંહ દર્શન માટે ખુલતા પર્યટકો ઉમટી પડ્યાં છે. પ્રથમ દિવસે જ ઓનલાઈન અને કરન્ટ પરમિટો 100 ટકા વેચાઈ ગઈ હતી .

**પહેલાં બરડામાં સિંહ હતાં :** ગિરની જેમ બરડા ડુંગરમાં પણ દાયકાઓ પહેલા સિંહ વસવાટ કરતાં હતાં. રાજાશાહીનાં વખતમાં બરડા ડુંગરમાં સિંહોની ડણક સાંભળવા મળતી હતી. હવે ફરી ગિરનાં સિંહોને બરડામાં લાવવામાં આવ્યાં છે.

**શું છે સુવિધાઓ ? :** બરડા પંથકમાં બે સિંહોની જોડીઓને લવાઈ છે. તેના માટે 6 કિમીમાં એન્ક્લોઝર બનાવવામાં આવ્યું છે. જેમાં 8 ફૂટની દિવાલ અને 6 ફૂટની ફેન્સીંગ કરવામાં આવી છે. સિંહો માટે ખાસ વેટરનરી ડોક્ટરની નિમણૂંક કરવામાં આવી છે. પાણી પીવા કુંડીઓ અને સ્નાન કરાવવા માટે ખાસ ફૂવારા બનાવાયા છે.

# સુરતી વેપારીઓએ એરલાઈન શરૂ કરી

## એરલાઈનનાં પહેલા પ્લેનનું સુરતમાં આગમન

**➤ સરકારી સેવાથી કંટાળી સુરતનાં ચાર ઉદ્યોગકારે વધુ સારી એરકનેક્ટિવિટી માટે અનોખું સાહસ ખેડ્યું**

**➤ 9 સીટરનું વિમાન રાજ્યનાં નાનાં શહેરોમાં જશે, પહેલી ડિસેમ્બરથી વિમાની સેવા શરૂ**

**સુરતમાં** વિમાન સેવા બરાબર ન હોવાથી શહેરનાં ઉદ્યોગકારોમાં ફરિયાદ રહેતી હતી. જોકે સરકારી સેવાની ઉદાસીનતા સામે ચાર ઉદ્યોગકારોએ અનોખું સાહસ ખેડી પોતાની જ એરલાઈન શરૂ કરી છે જેનું નામ 'ડાયમંડ એરોનોટિક' આપવામાં આવ્યું છે. ધનતેરસનાં દિવસે આ નવી એરલાઈનનું પહેલું પ્લેન સુરત પહોંચ્યું હતું. જોકે અન્ય લોકોને આ વિમાની સેવાનો લાભ પહેલી ડિસેમ્બરથી મળશે. ચાર્ટર સુવિધા દિવાળીથી શરૂ થશે. એરલાઈન શરૂ કરનારા ઉદ્યોગકારોમાં સવજી ધોળકિયા, ગોવિંદ ધોળકિયા, લાલજી પટેલ અને લવજી બાદશાહનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગકારોમાંથી સવજી ધોળકિયાએ તો એક દિવસ પહેલાં પોતાના કર્મચારીઓને 491 કાર અને 207 ફ્લેટ ભેટમાં આપ્યાં હતાં.

**ડાયમંડ એરોનોટિક :** રાજ્યમાં અમદાવાદ, રાજકોટ, ભાવનગર, જામનગર, ભુજ, અમરેલી, વડોદરા, મુંબઈ અને નાસિકને પણ આ એરલાઈનનાં નેટવર્ક સાથે જોડવાની યોજના છે. હાલ તેમના કાફલામાં બે નવ સીટર પ્લેન, એક ચાર સીટર પ્લેન અને એક હેલિકોપ્ટર હશે.

**અન્ય કંપનીની નીરસતા :** 2007માં સુરતમાં વિમાની સેવા શરૂ કરવામાં આવી હતી, પરંતુ અત્યાર સુધી બે ફ્લાઈટ જ ઉપલબ્ધ છે. તેમાંથી એક કંપનીએ મુંબઈ સુરતની ફ્લાઈટ બંધ કરી દીધી છે.

**એર એમ્બુલન્સ તરીકે વિમાનનો ઉપયોગ થશે :** એરલાઈન્સને આગળ જતાં વધું વિકસિત કરવામાં આવશે તેમ ઉદ્યોગકાર લાલજી પટેલે જણાવ્યું હતું. એર એમ્બુલન્સ તરીકે પણ તેનો ઉપયોગ થશે. ત્યાર બાદ વધુ પ્લેન અને હેલિકોપ્ટર્સ ખરીદવામાં આવશે.

# એશિયાની સૌથી મોટી ઘડિયાળ

**➤ ઘડિયાળ માટે થનાર 8.62 લાખનો ખર્ચ મોરબીની કંપની ભોગવશે**

**➤ ભેસ્તાન ગાર્ડનની આ ઘડિયાળ છેલ્લા પાંચ વર્ષથી બંધ હતી**

**પાંચ** વર્ષ પહેલા ભેસ્તાનનાં નવીનચંદ્ર ગાર્ડનમાં મુકવામાં આવેલી એશિયાની સૌથી મોટી ઘડીયાળ થોડો સમય ચાલ્યા બાદ બંધ થઈ ગઈ હતી. તેથી તેને ચાલુ કરવા માટે જન ભાગીદારીથી પ્રયાસ કરવામાં આવ્યો છે અને આગામી છ માસ સુધીમાં આ ઘડીયાળ શરૂ થઈ જશે.

ભેસ્તાન ખાતે આવેલા નવીનચંદ્ર ગાર્ડનમાં 24 મિલીમીટર વ્યાસ ધરાવતી એશિયાની સૌથી મોટી ઘડીયાળને ચાલુ કરવા માટે મોરબીની ઈલેક્ટ્રોનીક્સ કંપનીએ ત્રણ ઓફર આપી હતી. તે પૈકી ઘડીયાળને ચાલુ કરવા માટેનો થનાર ₹ 8.62 લાખનો ખર્ચ મોરબીની કંપની ઉઠાવે તેવો નિર્ણય કરાયો છે. ઘડીયાળની વચ્ચે કંપની દ્વારા એડોનીસ ડાયલ પર લખવામાં આવશે અને બાજુમાં ચાર મીટરનું હોર્ડિંગ્સ મુકવા દેવુ પડશે. જેથી આ ઓફરને મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ મંજૂર રાખી છે. ઉલ્લેખનીય છે કે આ ઘડિયાળ છેલ્લા ઘણાં વર્ષથી બંધ હતી.

**સેટેલાઈટ સાથે સમય જોડાશે :** ભેસ્તાન ગાર્ડનમાં આવેલી ઘડિયાળનો સમય હાલમાં મેન્યુઅલી સેટ કરાય છે તેના કારણે વર્ષમાં ચાર મિનિટ જેટલો ફેરફાર આવે છે. આગામી દિવસોમાં ઘડિયાળ ચાલુ કરવા માટે સેટેલાઈટથી જોડવાના પ્રયાસ કરવામાં આવશે.

## સુરતની ડાયમંડ કંપનીએ

## 1201 કર્મચારીને પરફોર્મન્સ ઈન્સેન્ટિવ આપ્યું

# 491 કારીગરોને કાર, 207 ને ઘરની ભેટ

**શહેરની** ડાયમંડ કંપની શ્રી હરેક્રિષ્ણા એક્સપોર્ટસનાં 1201 કર્મચારીઓની દિવાળી સુધરી ગઈ, કારણ કે વર્ષ દરમ્યાન તેમણે કરેલી કામગીરીને આધારે કંપનીએ 491 કર્મચારીઓને કાર, 503 કર્મચારીઓને જ્વેલરી અને 207 કારીગરોને બે બેડરૂમ કીચનનો ફ્લેટ ભેટમાં આપ્યો છે. આ ડાયમંડ કંપનીએ ગયાં વર્ષે 70 કારની ભેટ આપી હતી. 1201 કર્મચારીઓ માટે કાર્યક્રમ યોજાયો તેને કારણે સમગ્ર હીરાઉદ્યોગ અને કોર્પોરેટ જગતમાં હલચલ મચી ગઈ છે. કંપનીએ આ કર્મચારીઓ માટે અંદાજે 45 કરોડ રૂપિયા ફાળવ્યાં છે. શ્રી હરેક્રિષ્ણા એક્સપોર્ટમાં 7700 કર્મચારીઓ કામ કરે છે. કંપનીએ અગાઉથી પરફોર્મન્સનાં ક્રાઈટેરીયા નક્કી કર્યા હતાં. જેમા કર્મચારીઓની વર્તણૂંક, કંપનીનાં વિકાસમાં સહકાર, ડાયમંડ કટીંગમાં વેલ્યુ એડીશન જેવા પોઈન્ટ રાખવામાં આવ્યાં હતાં. આમ કંપનીને આગળ લઈ જવામાં મદદરૂપ થનારા કર્મચારીઓને પરફોર્મન્સ ઈન્સેન્ટીવ આપવામાં આવ્યું હતું. વર્ષની શરૂઆતથી કામગીરીનું મુલ્યાંકન થઈ રહ્યું હતું પણ કર્મચારીઓને આ વાતની જાણ થવા દેવામાં આવી નહોતી. દિવાળી પર કંપનીએ 1201 કર્મચારીનાં નામ જાહેર કર્યા ત્યારે તેઓ ખુશીથી ઝુમી ઉઠ્યાં હતાં.

**ભેટનો લાભ પરિવારને આપવો :** પરફોર્મન્સનાં ક્રાઈટેરીયામાં 1201 કર્મચારીઓ સફળ થયાં હતાં. દરેક માટે 3.60 લાખની રકમ નક્કી કરવામાં આવી હતી, પરંતુ કંપનીએ તેમની જરૂરીયાતને આધારે વસ્તુ આપી હતી. શરત મુકવામાં આવી હતી કે પહેલો લાભ પરિવારને આપવો.

**સેવાને સલામ :** સુરતની ડાયમંડ કંપની દ્વારા દિવાળી પર્વનાં આરંભે કેમ્પસમાં કાર્યક્રમ યોજી શ્રેષ્ઠ કર્મચારીઓને આગવી ભેટથી નવાજ્યાં.

➤ 491 કર્મચારીઓને કાર મળી

➤ 503 કર્મચારીઓને જ્વેલરી મળી

➤ 208 ભાડે રહેતા કર્મચારીઓને પોતાના ઘર મળ્યાં

**કતારગામમાં રત્નકલાકારોને દિવાળી ગિફ્ટ રૂપે 7600 હેલમેટનું વિતરણ**

દરેક બાઈકચાલક ટ્રાફિકનાં નિયમનું પાલન કરે, પોતાની સેફ્ટી જાળવે તે હેતુથી કતારગામ વિસ્તારની જાણીતી ડાયમંડ કંપની ધર્મનંદન ડાયમંડ દ્વારા 7600 કર્મચારીઓને નિઃશુલ્ક હેલમેટ વિતરણ કરવામાં આવ્યું હતું. હિતેશભાઈ પટેલ, તુલશીભાઈ ગોટી, દયાળભાઈ વગેરેએ હાજર રહીને કર્મચારીઓને હેલમેટ એનાયત કર્યા હતાં .


## સુરત શહેરી વિકાસ સત્તામંડળ

स्वच्छ भारत

**"સ્વચ્છ ભારત, શ્રેષ્ઠ ભારત"** एक कदम स्वच्छता की ओर

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનાં 150માં જન્મજયંતિ વર્ષ 2019 સુધીમાં
ગુજરાત અને ભારત સરકારનાં
'મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન'નો અસરકારક અમલ કરીએ.

**"સ્વચ્છતા તંદુરસ્ત ભારતનો પાયો છે"**
**"સ્વચ્છતા ત્યાં પ્રભુતા"**
**મહાત્મા ગાંધી**



## હવે ATMમાંથી કાર્ડ વગર રૂપિયા કાઢી શકાશે

**બેંકિંગની** એવી સિસ્ટમ પર કામ ચાલી રહ્યું છે જેમાં કોઈપણ વ્યક્તિ કાર્ડ વગર ATMમાંથી પૈસા કાઢી શકશે. માત્ર કોઈ ATM કાર્ડ ધારક પાસેથી મળેલી મંજૂરી અને એક મોબાઈલ કોડનાં આધારે આ શક્ય બનશે. દેશમાં 54 કરોડ બેંક ગ્રાહકો છે તેમાંથી 40 કરોડ પાસે ATM કાર્ડ છે. મોબાઈલ 90 કરોડ લોકો પાસે છે. આવી સ્થિતિમાં આ યોજના 40 કરોડ લોકોને લાભ પહોંચાડશે. છેવાડાનાં વિસ્તારોમાં ઈમરજન્સીમાં ફસાયેલી કોઈ વ્યક્તિને નાણાં મોકલવા માટે આ સિસ્ટમ અસરકારક છે. અચાનક પૈસાની જરૂર પડે ત્યારે લોકો શાહુકારને શોધે છે, પરંતુ હવે તેઓ દૂર વસતા સંબંધીઓ પાસેથી મદદ મેળવી શકશે. રિઝર્વબેંક ટૂંક સમયમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે ATMમાં બ્રેઈલ લિપિ વાળા ટાઈપિંગ પેડ લગાવશે. જેને સ્પર્શ કરીને તેઓ ATM ઓપરેટ કરી શકશે. આ ઉપરાંત ATMમાં સ્પીકિંગ ફંકશન હશે, જેથી લખેલી રકમ સાચી છે કે નહીં તે સાંભળી શકાશે.

**આ રીતે સિસ્ટમ કામ કરશે**

1. ATM કાર્ડ ધારકે નેટ બેંકિંગ દ્વારા બેંકને પૈસા કાઢનાર વ્યક્તિનું નામ, ફોન નંબર અને શહેરનું નામ જણાવવું પડશે.
2. બેંક ATM કાર્ડધારકનાં મોબાઈલ ફોન પર એક કોડ મોકલશે.
3. આ કોડ પૈસા કાઢનારી વ્યક્તિને મોકલાશે.
4. પૈસા કાઢનાર વ્યક્તિ ATMમાં આ કોડ નાખશે એટલે તેના મોબાઈલ પર નવો કોડ આવશે.
5. બંને વ્યક્તિનાં કોડ મેળવ્યા પછી ATMમાંથી પૈસા કાઢી શકાશે.


**The Surat District Co. Op. Bank Ltd., Surat**

રજી. ઓફિસ : શ્રી પ્રમોદભાઈ દેસાઈ સહકાર સદન, જે.પી. રોડ, સુરત

**Happy Diwali**

સહકાર

Advances : 1044 Crores

સુ.ડિ.કો.બેંક
સ્થાપના : ૧૯૦૯

Deposits : 3623 Crores

દિલીપભાઈ ભક્ત [ચેરમેન] તથા સંચાલક મંડળ


**સૌથી વધારે વસ્તી ધરાવતાં શહેરો**

| ક્રમ | શહેર | વસ્તી |
|---|---|---|
| 1. | ટોક્યો | 3.8 કરોડ |
| 2. | નવીદિલ્હી | 2.5 કરોડ |
| 3. | શાંઘાઈ | 2.3 કરોડ |
| 4. | મેક્સિકો | 2.1 કરોડ |
| 5. | સાઉ પાઉલો | 2.1 કરોડ |
| 6. | મુંબઈ | 2.1 કરોડ |



### અમદાવાદ 2030માં મેગાસિટી બની જશે

## વિશ્વનાં સૌથી વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં દિલ્હી બીજું

યુએને બહાર પાડેલા અહેવાલ અનુસાર અમદાવાદ, બેંગલુરુ અને હૈદરાબાદ 50 લાખથી 1 કરોડની વસ્તી ધરાવે છે. આ શહેરો વર્ષ 2030 સુધીમાં મેગાસિટી બનશે. આમ વર્ષ 2030 સુધીમાં કુલ સાત મેગાસિટી હશે. ભારતનાં કોલકાતા, બેંગલુરુ, ચેન્નાઈ, હૈદરાબાદ, અમદાવાદ, પૂણે અને સુરત જેવાં શહેરોમાં 2030 સુધીમાં 2.7 કરોડ સુધીનો વસ્તી વધારો નોંધાશે.

## ન્યુજર્સીમાં BAPSનું સૌથી મોટું મંદિર

**અમેરિકામાં** ન્યુજર્સીનાં રોબિન્સવિલેમાં ભવ્ય સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરાયું છે, જેનું પરિસર ભારત બહારનું સૌથી મોટું છે. રોબિન્સવિલે ખાતેનું આ મંદિર ખાસ રાજસ્થાનનાં પથ્થરોથી બનાવવામાં આવ્યું છે. તેનું શિખર પણ ત્યાંના વાતાવરણને અનુરૂપ ફાઈબરથી બનાવવામાં આવ્યું છે. પ્રદક્ષિણા માર્ગ કાચનો બનાવવામાં આવ્યો છે. સમગ્ર પરિસરમાં અક્ષરધામ બનાવવામાં આવશે. હાલ તેનું બાંધકામ ચાલી રહ્યું છે. અક્ષરધામ બનીને તૈયાર થશે ત્યારે તે ભારત બહારનું સૌથી મોટું મંદિર પરિસર હશે.

## પાવર હોવો ખરાબ નથી, કોની પાસે છે તે મહત્ત્વનું

➤ વ્યક્તિ પાસે ગમે તેટલી જાણકારી હોય, પરંતુ તે ક્યારેય અનુભવો કરતાં વધારે આગળ નથી જઈ શકતું.

➤ આપણે કેટલા રૂપિયા કમાઈએ છીએ તેની સરખામણી જૂતાં ઉપરથી કરી શકાય છે. જૂતું નાનું હશે તો પગમાં ડંખશે. જૂતું મોટું હશે તો તમને ચાલવામાં તકલીફ પડશે.

➤ નવા વિચારોને હંમેશા શંકાની નજરે જોવામાં આવે છે. તેની ટીકા કરવામાં આવે છે. કોઈ તેને સ્વીકારવાનું પસંદ નથી કરતું. તેનું કારણ માત્ર એટલું જ છે કે તે વિચારો સામાન્ય નથી હોતા.

➤ સતત વાંચતા રહેવાથી જ્ઞાન વધતું રહે છે.

➤ આપણે જે વસ્તુઓની ઈચ્છા રાખીએ છીએ તેના થકી જ આપણા ચરિત્રનો ખ્યાલ આવી જાય છે.

➤ વ્યક્તિનાં કામ પરથી તેના વિચારો જાણી શકાય છે. જેવું તમે વિચારશો એવું તમે કામ કરશો.

➤ જે બાબતની ચિંતા કરો છો તેમાં તમે નિપુણતા મેળવો છો.

➤ દરેક વ્યક્તિને ભૂલ કરવાનો અધિકાર છે, પરંતુ કેટલાક લોકોને ભૂલો કરવાનો શોખ હોય છે. તેમને વારંવાર ભૂલ કરવાનું ઝનૂન પણ હોઈ શકે.

➤ કોઈ પણ શિક્ષણ માટે અંકુશ મેળવવો ભણાવવા કરતાં વધારે જરૂરી છે.

➤ બળવો કરવો અને અવાજ ઉઠાવવો દરેક વ્યક્તિનો અધિકાર છે.

➤ જ્ઞાનને આધારે પોતાને આ દુનિયામાં સુરક્ષિત રાખી શકાય છે.

➤ કાયદાનો મતલબ કોઈ વસ્તુને જડમૂળથી નાબૂદ કરવાનો નથી હોતો, તેનો મતલબ આઝાદીને સુરક્ષિત રાખવાનો છે.

➤ તમે જેવો દૃષ્ટિકોણ રાખશો તેવા વિચાર આવશે.

➤ પાવર હોવો ખરાબ નથી, કોની પાસે છે તે મહત્ત્વનું.

# વિશ્વનાં ખૂણે ખૂણામાં ધબકે છે 'ગુજરાત'

નરેન્દ્ર મોદી પ્રત્યે તમને ગમો હોય કે અણગમો, પણ એક વાત ગુજરાતી તરીકે સ્વીકારવી પડશે કે આજે હિન્દુસ્તાન ઉપર એક ગુજરાતી રાજ કરે છે. આજે 'ગુજરાતી' સવા બે કરોડની સંખ્યામાં જગતનાં કોમર્સ વ્યાપારનો મહારાજા છે. કવિ અરદેશર જે માત્ર 'ખબરદાર' તરીકે વધુ ઓળખાતા હતાં તેમણે ગુજરાતી તરીકે ગૌરવ થાય અને મોદીનાં વડા પ્રધાનપદમાં આનંદ લેવાનું મન થાય તેવી કવિતા લખી છે.

જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.
ઉત્તર, દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ ગુર્જરનો વાસ.
જ્યાં સૂર્ય તણાં કિરણો દોડે, ત્યાં સર્વતણો પ્રકાશ.
ગુર્જરવાસી ગુર્જર લહાણી, ગુર્જર શાણી રીત.
જંગલમાં મંગલ કરતી ગુર્જર ઉદ્યમ પ્રીત.

આ પંક્તિ ફરી વાંચો. "જંગલમાં મંગલ કરતી ગુર્જર ઉદ્યમ પ્રીત". કોઈ અંગ્રેજો કે અમેરિકનોની જેમ ગુજરાતી બચ્ચો જ્યાં જ્યાં વસ્યો છે તે ધરતીનો દાદો થઈને નહીં, પણ ત્યાંની ધરતીનો સેવક, બાળક અને ઉદ્યમી થઈને રહ્યો છે. આખા કેન્યાને ગુજરાતી કચ્છીઓએ સમૃદ્ધ કર્યું છે. આજે ગુજરાતી અમેરિકાનાં હૃદયમાં એટલી હદે વસી ગયો છે કે એમ લાગે અમેરિકામાં એક દિવસ ભારતીય લોહીનો માણસ પ્રમુખ બનશે. આજે ભલે એલોપથીનો પ્રભાવ હોય પણ 15 થી 17ટકા અમેરિકનો આયુર્વેદની દવા લે છે. આયુર્વેદમાં વૈદ્ય પંકજ નરમનો હીસ્સો જબરજસ્ત છે. કેન્યામાં એક ગુજરાતી ગીરની ગાયો પાળીને તેનું દૂધ દોહી માવો કે પેંડા બનાવીને લંડનમાં નિકાસ કરતાં ! આપણા ગુજરાતી સોફ્ટવેર નિષ્ણાતો આજે તેમના સોફ્ટવેર પરદેશમાં નિકાસ કરે છે. 'નાસા' એટલે કે અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થાને બેઘડી મૂંઝવી દેવી હોય તો આપણા સોફ્ટવેરનાં નિષ્ણાતો તે કામ કરી શકે છે. તમે જાણો છો કે વિશ્વ બેન્કનાં સિનિયર વાઈસ પ્રેસીડન્ટ અને ઈકોનોમિસ્ટ કૌશિક બાસુ હિન્દુસ્તાની છે. "અમેરિકન બઝાર ઓન લાઈન" નામની વેબસાઈટ કહે છે કે "ઈન ટર્મ્સ ઓફ ઓવર ઓલ ચાર્ટ ઓફ સોફ્ટવેર એક્સ્પોર્ટસ ચીન કમ્સ સેકન્ડ ટુ ઈન્ડિયા"! ભારતનાં નાણાકીય બજારનાં જ્ઞાનને દુબઈ એટલું માન આપે છે કે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની ભાગીદારીમાં એક ક્રેડિટ કાર્ડ લોંચ કર્યું છે, તે કાર્ડથી તમે જગતભરમાં ₹ 50000ની ચીજ ખરીદી શકો છો. વીકીપીડીયા લખે છે કે 1991માં માત્ર 90000 ભારતીઓ પરદેશ કમાઈને માત્ર સવા બે અબજ ડોલર મોકલતા હતાં, આજે એ આંકડો 71 અબજ ડોલરનો થયો છે. આજે તમામ દેશોમાં ભારતનું અર્થતંત્ર એકંદરે સ્ટેબલ ગણાય છે. ફિલાડેલ્ફીયાનાં ડો. ભાસ્કર પટેલ અને તેના બે ભાઈઓ મેક્સીમમ બચત ફિલાડેલ્ફીયાને બદલે સૌરાષ્ટ્રમાં રોકે છે. ભારતની પ્રોપર્ટી મોંઘી કરનારા વિદેશ વસતા ગુજરાતી ભાંડુઓ છે! સિંગાપોર, મલેશિયા, ન્યુયોર્ક, દુબઈ અને બ્રિટનથી મેક્સીમમ રોકાણો ભારત આવે છે. ભારતની સાથે હરીફાઈ કરવા માટે પોર્ચુગલે એક નવો કાનૂન ઓક્ટોબર 2012માં પાસ કર્યો. તેઓ પોતાના દેશમાં રોકાણ કરનારાને ગોલ્ડન પાસપોર્ટ આપે છે. ઓમાનમાં તમે 2 લાખ ડોલર રોકો તો રેસીડન્સી પરમિટ મળે છે. લંડનની બાજુમાં લેસ્ટર શહેર છે તે જાણે ગુજરાતીથી જ ભરેલું છે. ડો. મેઘનાદ દેસાઈ લંડનનાં વિખ્યાત અર્થશાસ્ત્રી છે. બ્રિટનમાં વસતા પાંચ લાખ ગુજરાતીઓ એટલા સદ્ધર છે કે ગુજરાતનાં એક વર્ષનાં બજેટનો ભાર ઉપાડી શકે છે !

બ્રિટન, તાન્ઝાનિયા, યુગાન્ડા, દક્ષિણ આફ્રિકા, કેન્યા, મલેશિયા, ફીજી, સિંગાપોર, મોરેશિયસ, ટ્રીનિદાદ અને ટોબેગો, અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં દરેક જગ્યાએ ગુજરાતી બચ્ચો છે. તેની સંખ્યા વીકીપીડીયાનાં કહેવા પ્રમાણે 6 કરોડ છે ! 'ગુજરાતી પીપલ' ટાઈપ કરીને વીકીપીડીયામાં વાંચજો. મિડલ ઈસ્ટમાં કેરળથી ડોક્ટરો, વકીલો અને બુદ્ધિમંતો ગયાં છે. કેરળનાં એન્જિનિયરો ઠેર ઠેર આરબ દેશનાં પ્રોજેક્ટમાં દેખાય છે. આજે તમે ઈઝરાયલમાં તેલ અવીવ જશો તો ઘણાં હીરાનાં વેપારી બુદ્ધિમંતો ગુજરાતી જોવા મળશે. નવાઈ નહીં પામતા 308542 ઓસ્ટ્રેલિયનો જે હિન્દુસ્તાની છે તે ભારતમાં જન્મ્યા છે. ન્યુઝિલેન્ડમાં તમને ક્રિકેટર દીપક પટેલ અને જીતેન પટેલ તેમજ ગાયિકા આરાધના નામો સંભળાશે. ન્યુઝિલેન્ડનાં એક પ્રાંતનાં ગવર્નર જનરલ આનંદ સત્યાનંદ ભારતીય હતાં !

# માહિતીનો ખજાનો તમારા જીવનની ક્વોલિટીને વધુ સારી બનાવશે

આજે ખિસ્સામાં રાખેલા સ્માર્ટફોને અબજો માહિતીઓ સુધી આપણી પહોંચ બનાવી દીધી છે. તમે વિદેશની ઘટનાઓ જાણી શકો છો. સ્કૂલનાં મિત્ર સાથે સંપર્ક કરી શકો છો. 1706માં દુનિયા છોડનાર બેલેટની તસવીર જોઈ શકો છો. આપણે જવાબનાં સુવર્ણ યુગમાં જીવી રહ્યાં છીએ. આપણા દસ્તાવેજોનું કોઈપણ ભાષામાં અનુવાદ કરી શકાય છે. બહાર રહેવા છતાં આપણે ઘર પર નજર રાખી શકીએ છીએ. ખાનગી જેનેટીક કોડને શોધી બીમારીઓનાં જોખમ સામે સાવધ થઈ શકીએ છીએ. લગભગ 2000 વર્ષ પહેલા રોમન દાર્શનિક સેનેકાએ માહિતીની વિપુલતા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું હતું કે, 'એવા અગણિત પુસ્તકો અને પુસ્તકાલયોનો શું અર્થ, જ્યાં તેનો માલિક પોતાના જીવનકાળમાં વાંચી ન શકે. 1685માં ફ્રાન્સીસ વિદ્વાન એડ્રિયન બેલેટે ચેતવણી આપી હતી કે પુસ્તકોનો સમુદ્ર ખૂબ ઝડપથી વિસ્તરી રહ્યો છે. તે રોમન સભ્યતાનાં પતન જેવી સ્થિતિ પેદા કરી શકે. બર્બરતાનું પ્રમાણ વધી જશે. લાંબા સમય પહેલા કહેવામાં આવેલી વાતો માહિતીનાં ઢગલા સામે નબળી સાબિત થઈ રહી છે.ઈન્ટરનેટની સાથે સ્વતંત્રતા છે, પરંતુ નિયંત્રણ નથી. ઓનલાઈન મેડિકલ વિશ્વમાં પ્રાઈવસીની પણ સમસ્યા છે. તમે જે વસ્તુને ક્લિક કરી, લાઈક કે પોસ્ટ કરી તેનો ઉપયોગ તમને ઉતારી પાડવા માટે થઈ શકે છે.

કોઈપણ ક્રાંતિની સાથે નુકસાન પણ જોડાયેલું છે. વિકીપીડિયાએ ઈનસાઈક્લોપીડિયા અને એપ્સનાં નકશાઓને ખતમ કરી દીધાં છે. માહિતીની સરળતાથી વચેટીયાઓનાં ધંધા પર અસર થઈ છે. વેબસાઈટ હોય તો ટ્રાવેલ એજન્ટની જરૂર કોને છે ? ખરીદી કરવા અને વેચવાવાળા ઓનલાઈન સંપર્ક કરી રહ્યાં હોય તો રીયલ એસ્ટેટ એજન્ટ અને સ્ટોકબ્રોકર ક્યાં સુધી અસ્તિત્વ ટકાવી રાખશે. ઈન્ફોનાં મહાસાગરમાં વસ્તુઓ ખોવાઈ ગઈ છે. GPSએ કોઈ શહેરમાં ભટકવાની મજા ખતમ કરી નાંખી છે. આપણે ફેસબુક પર અજાણ્યા લોકોનો સંપર્ક કરવામાં ઘણો સમય વેડફી નાંખીએ છીએ, પરંતુ આપણી પાસે પોતાના વાસ્તવિક મિત્રો માટે સમય નથી.

જવાબોનાં આ યુગમાં અનંત માહિતીઓ સુધી તાત્કાલિક પહોંચવા માટે તમામ પ્રકારની અસુવિધાઓને ભારે કિંમત ચૂકવવી પડે છે. હવે નકશા, કંપાસ, કેલેન્ડર, એડ્રેસ બુક, કેલક્યુલેટર અથવા ઘડિયાળની જરૂર નથી રહી. આપણા ફોનનાં જાદૂથી આ બધું જ કામ કરી શકાય છે. ફોટો આલ્બમ, મ્યુઝિક કલેક્શન, વીડિયો લાઈબ્રેરી, અખબારો અને પુસ્તકોને રાખવા માટેની જગ્યાની જરૂર નથી રહી. વેબ મારફત આપણે કોઈપણ વસ્તુની લઘુત્તમ કિંમત જાણી શકીએ છીએ. કોઈ પણ પ્રશ્નનો જવાબ જાણવો દરેક દૃષ્ટિએ સારો છે. જરૂર માત્ર યોગ્ય પ્રશ્ન પૂછવાની છે. બિગ ડેટા અર્થવ્યવસ્થા, સ્વાસ્થ્ય સહિત પ્રત્યેક વસ્તુની માહિતી આપે છે. ડેટાનું વિશ્લેષણ, સંશોધન અને છણાવટ માટે યોગ્ય સાધનો આવી ગયાં છે. વિશ્વની કમ્પ્યૂટિંગ શક્તિ પ્રત્યેક દસ વર્ષમાં દસ હજાર ટકા વધી રહી છે. ડોક્ટર કોઈ બીમારીની પેટર્ન સમજે તે પહેલા ઈ પ્રિસ્ક્રિપ્શન ડેટાનું વિશ્લેષણ બધું જણાવી દે છે. એવા ડોક્ટરોની સંખ્યા વધી છે, જે ક્લિપ બોર્ડ પર માહિતી લખવાના બદલે ડિજિટલ ટેબલેટ પર ક્લીનિકલ માહિતી મોકલી રહ્યાં છે. તેનાથી સારી સારવારનો માર્ગ ખુલશે કારણ કે વધુ ડેટાથી સારા જવાબ સામે આવે છે. જવાબોનો આ સમય આપણા જીવનની ગુણવત્તામાં પરિવર્તન લાવી શકે છે.

**જડતા એટલે જ મરણ, જગત પરિવર્તનશીલ છે.**
**જે વિચાર, ક્ષેત્ર, માન્યતા અને શ્રદ્ધા બદલાતાં નથી તે સડી જાય છે તેમજ વિનાશક બને છે.**

# સેક્યુલરિઝમ : રંગ બદલતી વિભાવના

ચૂંટણી ટાંણે અથવા એકબીજાને ઉતારી પાડવાની રસાકસી ચાલતી હોય ત્યારે આપણા દેશમાં 'સેક્યુલર' શબ્દનો અતિછૂટથી ઉપયોગ કરવામાં આવે છે. સેક્યુલર શબ્દ આમ જનતા સમજી શકે તેવો નથી. આ શબ્દ, અનુભવ અને વિભાવના ભારતીય વિચાર વિશ્વ માટે એટલી બધી અજાણી છે કે આપણાં દેશની કોઈપણ ભાષામાં સેક્યુલરનો સમાન શબ્દ જ નથી. સરકારી પંડિતોએ અને અખબારનવેશોએ તેનાં તરજુમા રૂપે જડબાતોડ શબ્દો ધર્મનિરપેક્ષ અને બિનસાંપ્રદાયવાદી બનાવી કાઢ્યાં છે. તે બધામાં સેક્યુલર શબ્દની વિભાવનાનો સમાવેશ થતો ન હોવાથી વારંવાર વપરાતા આ શબ્દો તદ્દન ખોટા છે. સેક્યુલર શબ્દ યુરોપનાં મધ્યયુગીન ઈતિહાસનાં અનુભવ સાથે જડાયેલો છે. સંત ઓગસ્ટાઈન થી માર્ટિન લ્યુથર સુધીનાં બારસો વરસમાં ચાલેલી ચર્ચાબાજીમાં અનેક વૈચારિક ઉથલપાથલો થઈ છે. આજે સેક્યુલર શબ્દનો મૂળ અર્થ ઊંધો થઈ ગયો છે. સેક્યુલરિઝમનો આગ્રહ રાજાઓએ રાખ્યો અને ધર્મસંસ્થા ચર્ચે દુન્યવી સેક્યુલર બાબતમાં માથું ન મારવું તેવી માગણી થતી. આજે સેક્યુલરનો અર્થ સરકારે ધાર્મિક બાબતમાં દખલગીરી ન કરવી તેવો થાય છે. યુરોપનો જન્મ દારૂણ અવસ્થામાં થયો. લોકોએ પાંચસો વરસ સુધી જે ત્રાસ, અત્યાચાર અને અંધાધૂંધી વેઠવી પડી તેવું દુનિયાના બીજા કોઈ દેશમાં થયું નથી. રાજ્ય, વહીવટ અને કાયદો નહીં. પોલીસ તો ક્યાંથી હોય ? માલ મિલકત કે શરીરની રક્ષા જાતે કરી લેવાની અને બળીયાનાં બે ભાગ. રસ્તા, શહેરો, નિશાળો અને દવાખાનાં કશું જ નહીં. આ ભયાનક પરિસ્થિતિમાં એક માત્ર ધર્મ સંસ્થા મજબૂત હતી. રોમન સામ્રાજ્યની કબર પર ચડી બેઠેલા રોમન કેથોલિક ચર્ચે મુગટ પોતાના માથે ચડાવી લીધો.

માત્ર ધર્મશ્રદ્ધાનો આધાર લઈને સમાજ જીવનનાં બધાં કામ ચર્ચે સંભાળી લીધાં. બધાં ક્ષેત્રોમાં સત્તા ભોગવી. ચર્ચ બાળકનું નામ પાડે, મોટા થાય એટલે પરણાવે, મરે ત્યારે દાટી આપે. કરવેરા ચર્ચને આપવાના, પાદરીઓ થોડું ઘણું ભણાવે. ચર્ચનાં કાયદા અને અમલદારો બધું કામ ધર્મનાં આધારે ચાલે. આમ જનતા અતિશય ત્રાસ ભોગવે. આ સ્થિતિ ત્રણસો વરસ ચાલી. પછી રજવાડાં ઊભાં થયાં અને રાજાઓએ ધર્મસત્તા સામે વાંધો ઉઠાવ્યો. ચર્ચ પૂજાપાઠ, લગ્ન મરણ અને નામકરણ વિધી કરે તથા ધર્મનો ઉપદેશ આપે. કરવેરા અને પોલીસ ન્યાય બધું રાજાઓ કરે પણ ચર્ચ કંઈ સહેલાઈથી સત્તા છોડે નહીં. કોઈવાર રાજાઓ અને કોઈવાર ચર્ચનો હાથ ઉપર રહે, પણ રાજ્ય મજબૂત થયું તેમ ચર્ચની સત્તા ઘટતી ગઈ. છેવટે રોમન કેથોલિક ચર્ચની જોહુકમી સામે અવાજ ઉઠાવનાર માર્ટિન લ્યુથરે [1516] બાઈબલનો આધાર લીધો. 'પાદરીઓ ભિક્ષુઓ અને ધર્મપુરુષો છે તેમને દુન્યવી બાબતમાં વચ્ચે પડવાનો કશો અધિકાર નથી.' ધીરે ધીરે એમનો આ વિચાર ચારેય તરફ સ્વીકૃત પામ્યો. સવાલ થોડો ગૂંચવાયેલો છે કારણ કે આપણાં જીવનમાં ધાર્મિક અને દુન્યવી એવા વિભાગ એકબીજા સાથે જોડાયેલા છે. આપણાં નીતિનિયમો ધર્મ સાથે સંકળાયેલા છે. લગ્ન ધાર્મિક વિધિ અને સામાજિક ઘટના પણ છે. મરણ કૌટુંબિક પણ તેની વિધિ ધાર્મિક છે. માણસ ધર્મ વગર જીવી શકતો નથી. મોટાભાગનાં માણસો ધર્મશ્રદ્ધાનાં બળ વગર નાની મોટી આફતો વખતે ટકી શકતા નથી. આજનાં વિશાળ સમૂહોમાં રહેનાર લોકો અલગ અલગ ધર્મો પાળતાં હોય છે અને દરેકને પોતાના ધાર્મિક રિવાજો અને માન્યતાઓમાં શ્રદ્ધા છે.

રાજ્ય અને ધર્મ સંસ્થાઓ વચ્ચેનાં સંબંધોમાં ઘણાં તાણાવાણા હોય છે. ધર્મનું રક્ષણ થાય તો જ સમાજનું રક્ષણ કરી શકાય. તે જમાનામાં રાજાઓને પોતાના ધર્મમાં પૂરી આસ્થા હતી. હિન્દુ રાજાઓ હિન્દુ ધર્મને પ્રોત્સાહન આપતાં. તેઓ ધર્મસ્થાન બનાવી આપતા અથવા નાણાં આપે. મુસ્લિમો પોતાના ધર્મ અનુસાર ચાલે. આજે 205 દેશો છે તેમાંથી પંદર વીસને બાદ કરીએ તો બાકીનાં બધાં એક યા બીજા ધર્મ સાથે જોડાયેલા છે. પાકિસ્તાન ઈસ્લામિક રાષ્ટ્ર છે. બ્રિટનની મહારાણી ધર્મરક્ષક છે. ઈરાનમાં ખૌમેનીઓનો અવાજ મજબૂત છે અને ભારતીય સંસ્કૃતિ હિન્દુ સંસ્કૃતિ છે તેવું કહેનાર લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યને કોઈ ધર્મ સાથે જોડી દેવામાં આવે ત્યારે બીજો ધર્મ પાળનાર નાગરિકોને જાણે અજાણ્યે અન્યાય થવાની સંભાવના રહે છે. ધર્મ સમાજ પર કબજો જમાવે ત્યારે ઝનૂની બની જાય છે. મારા ધર્મમાં કહ્યું છે તેટલું જ સાચું છે. આવા ધર્મઝનૂની લોકો વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર થતાં નથી. ભારતનો ઉપગ્રહ મંગળની ફરતે ફેરા મારી ફોટાઓ મોકલી રહ્યો છે પણ કેટલાક લોકો આ ખગોળજ્ઞાનનો સ્વીકાર કરવા તૈયાર નથી. આજથી પચાસ વરસ અગાઉ અમેરિકાની અનેક શાળાઓમાં ડાર્વિનનાં ઉત્ક્રાંતિવાદનું શિક્ષણ આપી શકાતું ન હતું કારણ કે બાઈબલમાં સૃષ્ટિ ઉત્પત્તિની કથા અલગ રીતે કહેવાઈ છે.

બહુપત્નીત્વ પ્રથાની કથા સ્ત્રીઓ માટે અલગ રીતે કહેવાઈ છે. બહુપત્નીત્વની પ્રથા સ્ત્રીઓ માટે અન્યાયી અને સમાજ માટે નુકસાનકારક છે. તે વાતનો ખુલ્લા દિલે સ્વીકાર કરવા  કટ્ટરપંથી મુસ્લિમો આજે પણ તૈયાર નથી. એક શબને બાળવામાં આખાં ઝાડ જેટલાં લાકડાં બળી જાય છે અને પર્યાવરણ પ્રદૂષિત બને છે. તેથી શબને ઊર્જા શક્તિથી દહન કરવાની પ્રથા વધારે સારી છે તેવું માનવા હિન્દુઓ કે બૌદ્ધો તૈયાર થતાં નથી. શબને દફનાવવાની પ્રથાથી જમીનની અછત સર્જાય છે તેવું મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સમજી શક્તા નથી. ધર્મ સમાજ જીવન સાથે એટલો ગાઢ રીતે જોડાયેલો છે કે સેક્યુલરિઝમનું પૂરેપૂરું પાલન કરવું સરકાર માટે શક્ય હોતું નથી. આપણાં દેશમાં સેક્યુલરિઝમને કોમવાદ સાથે જોડી દેવામાં આવે છે. સેક્યુલર વિચારધારા અને લઘુમતીઓની રક્ષા દરેક સંસ્કારી દેશમાં હોવી જરૂરી છે. ધોતિયું કે બુરખા પહેરવાથી આજની ઝડપી વાહન વ્યવસ્થામાં ગોઠવાઈ જવું અઘરું બની જાય છે. દુનિયા બદલાતી રહે છે. પરિસ્થિતિ બદલાય તેમ આપણો ખોરાક, પહેરવેશ, કુટુંબ વ્યવસ્થા, બાળઉછેર કે બીમારીની સારવારમાં આસમાન જમીનનો તફાવત પડી જાય છે. આવા ફેરફારો સાથે કદમ મિલાવીને ચાલવાના બદલે જે સમાજ કે ધર્મ જૂનવાણી વિચારસરણીને વળગી રહે છે તે નબળો પડતો જાય છે. પછાત રહી જાય છે. છેવટે તેનું અધ:પતન થાય છે. સેક્યુલર અભિગમ આજનાં સમાજ માટે અનિવાર્ય છે. ધાર્મિક મતભેદો કે ચર્ચાબાજીમાં પડવાના બદલે સરકાર દુન્યવી બાબતોનો વહીવટ સારી રીતે ચલાવે તથા આર્થિક, શૈક્ષણિક, શારીરિક અને માનસિક વિકાસને પ્રોત્સાહન મળે તેવી રાજનીતિ અપનાવે તે જરૂરી છે. દરેક વ્યક્તિને ધાર્મિક, ભાષાકીય કે સાંસ્કૃતિક અધિકાર મળી રહે તે સંસ્કારી રાષ્ટ્રનું લક્ષણ છે. સેક્યુલરિઝમનાં ઓઠા હેઠળ ધાર્મિક કે ભાષાકીય લઘુમતીઓ જરીપુરાણી વ્યવસ્થાને વળગી રહેતી હોય તો તેમને આધુનિક જમાનામાં જરૂરી સુધારણાનાં માર્ગે લઈ જવી તે રાષ્ટ્રની ફરજ છે. ભેળસેળનાં કારણે લઘુમતીઓ વિકાસ ક્ષેત્રે પાછળ રહી જાય છે અને સમાજમાં સમતુલા જળવાતી નથી. જગત પરિવર્તનશીલ છે. જે વિચાર, ક્ષેત્ર, માન્યતા કે શ્રદ્ધા બદલાતાં નથી તે સડી જાય છે અને વિનાશક બને છે. જડતા મરણનું બીજું સ્વરૂપ છે.

# હિન્દુ રાષ્ટ્ર હંમેશા વિવાદનો મુદ્દો રહ્યો છે

દેશની 80 ટકાથી વધુ વસતી હિન્દુ છે, તેને કોઈ 'હિન્દુ રાષ્ટ્ર' તરીકે ઓળખાવવાની કોશિશ કરે ત્યારે વિવાદ ફાટી નીકળે છે. ગોવાનાં નાયબ મુખ્યપ્રધાન ફ્રાન્સિસ ડિસોઝાએ એવું વિસ્ફોટક વિધાન કર્યું છે કે 'ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે અને હું ખ્રિસ્તી હિન્દુ છું.' આ વિધાન સાંભળીને બિનસાંપ્રદાયિતાવાદીઓ ખળભળી ઉઠ્યા છે. કેન્દ્રમાં NDAની સરકાર તોતિંગ બહુમતી સાથે સત્તા ઉપર આવી છે ત્યારે લઘુમતીઓનાં મનમાં ભય પેદા થયો છે કે જો ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવામાં આવશે તો તેઓ મુશ્કેલીમાં મુકાઈ જશે. હકીકતમાં 'હિન્દુ રાષ્ટ્ર'ની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી. સૌ પોતપોતાની વ્યાખ્યાઓ કરી રહ્યાં છે. ઉત્તરમાં સિંધુ નદી અને દક્ષિણમાં હિન્દ મહાસાગર વચ્ચેનો પ્રદેશ હજારો વર્ષથી 'હિન્દુસ્તાન' તરીકે ઓળખાતો આવ્યો છે. મોગલો અને અંગ્રેજોનાં કાળમાં પણ આપણો દેશ 'હિન્દુસ્તાન' તરીકે ઓળખાતો હતો. હિન્દુસ્તાનનાં જે રહેવાસીઓ હતાં એ બધાં 'હિન્દુઓ' તરીકે ઓળખાતા હતાં. દક્ષિણ આફ્રિકામાં ભારતનાં જે મુસ્લિમો વસ્યા તેઓ પણ 'હિન્દુઓ' તરીકે ઓળખાતા હતાં. 'હિન્દુ' કોઈ ધર્મનું નામ નથી, પણ એક સંસ્કૃતિ છે. જેમની માતૃભૂમિ હિન્દુસ્તાન છે, જેમના વડવાઓ હિન્દુસ્તાનમાં રહેતા હતાં તેઓ બધાં હિન્દુ છે. આ દૃષ્ટિએ ભારતને પોતાનું વતન ગણતા તમામ ધર્મોનાં લોકો 'હિન્દુ' છે. તેમાં સનાતન કે વૈદિક, જૈન, બૌદ્ધ અને શીખ ધર્મનાં અનુયાયીઓ ઉપરાંત ખ્રિસ્તીઓ અને મુસ્લિમોનો પણ સમાવેશ થાય છે. ભારતની ખ્યાતિ હજારો વર્ષોથી એક 'હિન્દુ રાષ્ટ્ર' તરીકેની હતી અને તેમાં કોઈ વિવાદને સ્થાન ન હોતું. ઈ.સ. 1947માં હિન્દુસ્તાનને આઝાદી મળી ત્યારે દેશનાં ભાગલા થયાં અને પાકિસ્તાનને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવાની ઘોષણા કરવામાં આવી. હિન્દુત્વવાદીઓ ભારતને 'હિન્દુ રાષ્ટ્ર' તરીકે ઘોષિત કરવાનો આગ્રહ સેવી રહ્યાં હતાં, પણ મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરુ અને બાબાસાહેબ આંબેડકર તેના વિરોધી હતાં. આ કારણે હિન્દુસ્તાનને બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર જાહેર કરવામાં આવ્યું અને તેનું નામ પણ બદલી નાંખવામાં આવ્યું. ભારતને સ્વતંત્રતા મળી તે પહેલાં જ તેને 'હિન્દુ રાષ્ટ્ર' તરીકે ઘોષિત કરવાની ચળવળ ચાલુ થઈ ગઈ હતી. ઈ.સ. 1925માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરવામાં આવી તેનો મૂળ હેતુ ભારતમાં 'હિન્દુ રાષ્ટ્ર'ની સ્થાપના કરવાનો હતો. RSSની રાજકીય શાખા હિન્દુ મહાસભા તરીકે ઓળખાતી હતી. વીર સાવરકરે લખેલા 'હિન્દુત્વ' નામના પુસ્તકમાં 'હિન્દુ'ની વ્યાખ્યા કરતાં લખ્યું હતું કે 'જે વ્યક્તિ ભારતને પોતાની માતૃભૂમિ માનતી હોય અને જે વ્યક્તિનાં પૂર્વજો ભારતમાં રહેતા હોય તે બધાં 'હિન્દુ' છે અને તેમનો દેશ 'હિન્દુ રાષ્ટ્ર' છે.' આ વ્યાખ્યામાં ક્યાંય ધર્મની વાત આવતી નથી. ભારતનાં મુસ્લિમોને ભડકાવવામાં આવે છે કે જો ભારતને 'હિન્દુ રાષ્ટ્ર' ઘોષિત કરવામાં આવશે તો તેમણે વટલાઈ જવું પડશે અથવા દેશ છોડીને ભાગી જવું પડશે. વીર સાવરકરની 'હિન્દુ રાષ્ટ્ર'ની વ્યાખ્યા મુજબ મુસ્લિમોએ અથવા ખ્રિસ્તીઓએ આવો કોઈ ભય રાખવાની જરૂર નથી. મુસ્લિમ આગેવાન અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સલમાન ખુરશીદે સવાલ કર્યો છે કે 'શું હિન્દુ રાષ્ટ્રમાં મુસ્લિમોને આપવામાં આવેલા મૂળભૂત અધિકારો ઝૂંટવી લેવામાં આવશે ?' વીર સાવરકરની વ્યાખ્યા મુજબ લઘુમતીએ આવો કોઈ ભય રાખવાની જરૂર નથી. હકીકત એ છે કે મોગલો અને મુસ્લિમોનાં શાસન દરમિયાન ભારતને ગુલામ બનાવીને 'હિન્દુ રાષ્ટ્ર' તરીકે મિટાવી દેવાના પ્રયાસો થયાં હતાં. દેશને આઝાદી મળ્યા પછી પણ આ પ્રક્રિયા ચાલુ રહી હતી. બિનસાંપ્રદાયિકતાનાં ઓઠાં હેઠળ આપણા દેશમાં પશ્ચિમી પદ્ધતિની શાસન વ્યવસ્થા ઠોકી બેસાડવામાં આવી હતી. આ પ્રયાસોનાં ભાગરૂપે આપણા રાજકીય, સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાહિત્યિક જીવનમાંથી હિન્દુત્વનાં વારસાને નષ્ટપ્રાયઃ કરી દેવામાં આવ્યો છે. હવે કોઈ રાજકીય પક્ષ અથવા સંસ્થા આ ભવ્ય પરંપરાને પુનર્જીવિત કરવા માગતી હોય તો તેનાથી ગભરાવાની જરૂર નથી; કારણ કે તેનાથી દેશનું અને પ્રજાનું હિત થવાનું છે.

# હિન્દુત્વ એટલે સર્વધર્મ સમભાવ અને સાર્વભૌમ બંધુત્વ

રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણને 1952માં કહેલું કે વિજ્ઞાનનાં જ્ઞાન તેમજ ભૌતિક સંપત્તિ સાથે જો આપણાં ધર્મનો ઉદય નહીં થાય તો આ વિજ્ઞાન અને આઝાદીનો કોઈ અર્થ નહી રહે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં નેતા મોહન ભાગવતે કહ્યું કે ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે અને તેની પહેચાન છે હિન્દુત્વ. તેનાથી કહેવાતા સેક્યુલરીસ્ટોએ ગભરાઈ જવાની જરૂર નથી. હિન્દુસ્તાનમાં ભલે સોળ કરોડ મુસ્લિમો હોય, પરંતુ તેમણે 'હિન્દુત્વ'નાં શબ્દથી ગભરાવું જોઈએ નહીં. વિખ્યાત બંગાળી બાબુ ચંદ્રનાથ બસુએ 1890નાં દાયકામાં લગભગ સવાસો વર્ષ પહેલાં હિન્દુત્વનું ખરું અર્થઘટન આપેલું. સૌથી મોટી કઠણાઈ એ છે કે 'હિન્દુત્વ' શબ્દ રાજકારણીનાં ધક્કે ચડી ગયો છે. ચંદ્રનાથ બસુ કહે છે કે ઈતિહાસ જુઓ તો હિન્દુત્વ શબ્દ કેમ વિકસ્યો તેની જાણ થશે. મધ્ય યુગમાં હિન્દુ એ પર્યાય શબ્દ હતો. તે શબ્દનું રૂપ સંસ્કૃતમાં સિંધુ ઉપરથી આવ્યું છે. સિંધુ નદીને કાંઠે વસતા લોકો હિન્દુઓ કહેવાયા એટલે 'હિન્દુ' એ કોઈ ધર્મ નથી. ચંદ્રનાથ બસુ પ્રથમ ભારતીય હતાં કે જેમણે હિન્દુ શબ્દનાં મૂળ વિશે પ્રકાશ પાડ્યો. જુલાઈ, 1894નાં 'કલકતા રિવ્યુ' નામના અંકમાં તે છપાયો છે. તેમણે બીજા ધર્મોને વખોડ્યા નહોતાં. શિકાગોમાં પાર્લામેન્ટ ઓફ વર્લ્ડ રીલીજીયન્સ મળેલી ત્યારે સ્વામી વિવેકાનંદે જોરદાર ભાષણ આપેલું. ભાષણ પૂરું થયાં પછી તાળીઓનાં ગડગડાટ બાદ વિવેકાનંદે કહેલું, હું તમારો આભાર માનુ છું. તમે એવા ધર્મને વધાવ્યો છે જે ધર્મ જગતને સહિષ્ણુતા અને યુનિવર્સલ હોવાની સ્વીકૃતિ આપે છે. હું માનું છું કે સર્વધર્મ સમાન છે. મને મારા દેશ માટે ગૌરવ છે જેણે તમામ ધર્મોને આશરો આપ્યો છે, તેમજ ખ્રિસ્તીઓ દ્વારા કાઢી મુકાયેલા યહૂદીઓને આશરો આપ્યો છે. મહર્ષિ અરવિંદે હિન્દુ ધર્મનું અર્થઘટન કરતાં કહ્યું કે 'આપણે જેને હિન્દુ ધર્મ કહીએ છીએ તે સનાતન ધર્મ છે. શું કામ સનાતન ? એટલા માટે કે તે બીજા ધર્મને આશરો આપે છે. જો કોઈ ધર્મ યુનિવર્સલ ન હોય તો તે સનાતન નથી. સનાતન ધર્મમાં જ સૌથી વધુ ફિલોસોફી વિકસી છે. નેતાજી સુભાષચંદ્ર બોઝને બ્રિટિશ રાજ સામે લડવા માટે જોઈતું પ્રેરકબળ 'હિન્દુત્વ'નું હતું. 1925માં કેશવ બાલીરામ ભગતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી અને તેમાં તેમણે ભવ્ય સપનુ જોયું. હવે જે નામથી ઘણાં સેક્યુલરીસ્ટો ભડકે છે તેઓ 'હિન્દુત્વ' વિશે શું કહી ગયાં છે તે વાંચો. 'ભારતમાં વિવિધ રિવાજો, વિવિધ કસ્ટમ અને પ્રણાલિકા છે. પોતપોતાની રીતે દેવતાને ભજે છે તે ખરેખર યુનિક છે. હિન્દુઓનું સમગ્ર કલ્ચર ભારતીય ભૂમિમાંથી પેદા થયું છે. ડો. શ્યામા પ્રસાદ મુખરજીએ કહ્યું કે, હિન્દુત્વ એ રાષ્ટ્રીય જુસ્સાને જગાડવા માટેનું પ્રેરક બળ છે. કહેવાય છે કે ડો. શ્યામા પ્રસાદ મુખરજી મોડર્ન હિન્દુત્વનાં ગોડ ફાધર હતાં. તેમણે જન સંઘની સ્થાપના કરી. આ જન સંઘનો નવો જન્મ ભારતીય જનતા પક્ષ રૂપે થયો. ડો. શ્યામા પ્રસાદ મુખરજી પછી દીન દયાળ ઉપાધ્યાયે માનવતાને પોતાનામાં સમાવી લેતો હિન્દુ ધર્મ છે તેમ કહેલું. એમના પછી એચ.વી. શેષાદ્રીએ કહ્યું કે હિન્દુ રાષ્ટ્ર એ કોઈ ધાર્મિક વિચાર નથી. 'હિન્દુ રાષ્ટ્ર' શબ્દ બોલો તો તેમાં સેક્યુલરીઝમ અને લોકશાહીનાં સિદ્ધાંતોને માન્યતા મળે છે. આપણે 21મી સદીની વાત કરીએ તો 1995માં એક ઐતિહાસિક જજમેન્ટમાં સુપ્રીમ કોર્ટે હિન્દુત્વ વિશે કહેલું: 'હિન્દુત્વ શબ્દ બોલો ત્યારે તેને જીવનની એક પ્રણાલી સમજો. હિન્દુત્વ કોઈ ઝનૂની ધર્મ નથી. હિન્દુત્વ ઈઝ એ વે ઓફ લાઈફ. હિન્દુત્વ ઈઝ યુનિવર્સલ બ્રધર હુડ. તે સર્વધર્મ સમભાવ અને સાર્વભૌમ બંધુત્વમાં માને છે.




# શ્રીમદ્ ભગવદ્ ગીતા બિનસાંપ્રદાયિક ગ્રંથ છે

## આજનાં બિઝનેસ ગુરુઓ શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપર કેમ આફરીન છે ?

સુપ્રીમ કોર્ટનાં ન્યાયમૂર્તિ એ.આર. દવેએ શ્રીમદ્ ભગવદ્ ગીતા બાબતે જે વિધાન કર્યું તેમાં કાંઈ અજુગતું નથી. અગાઉ અલ્હાબાદ હાઈકોર્ટનાં ન્યાયમૂર્તિ એસ. એન. શ્રીવાસ્તવે નિવૃત થતાં પહેલાં એક અફલાતુન ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, 'ભારતમાં જેમ રાષ્ટ્રીય પક્ષી છે. રાષ્ટ્રીય પ્રાણી છે, રાષ્ટ્રીય પ્રતીક છે, રાષ્ટ્રીય ધ્વજ છે તેવી રીતે એક રાષ્ટ્રીય ગ્રંથ હોવો જોઈએ અને એ માટે ભગવદ્ ગીતાની વિચારણા કરવી જોઈએ.' બંને ન્યાયમૂર્તિઓનાં આ સૂચનનો અમલ કરવા જેવો છે.

ન્યાયમૂર્તિ એ.આર. દવેએ આ વિધાન કર્યું ત્યારે તેમના મગજમાં વૈદિક ધર્મનો ગ્રંથ અન્ય ધર્મીઓ ઉપર ઠોકી બેસાડવાની વાત હોય તે સંભવિત નથી. આજે પશ્ચિમનાં દેશોમાં પણ ભગવદ્ ગીતાનો આદર કરવામાં આવે છે, કારણ કે જીવનમાં સફળતા મેળવવાના સિદ્ધાંતો તેમા વણી લેવાયા છે. વેપાર અને વાણિજ્યનાં વિષયમાં દુનિયામાં ટોચનું મેગેઝિન 'બિઝનેસ વીક'ની 30 ઓક્ટોબર, 2006ની આવૃત્તિનો લેખ પોતાને બિનસાંપ્રદાયિક ગણાવતા તમામ બૌદ્ધિકોએ વાંચવા જેવો છે. આ લેખનાં લેખક એન્ગાર્ડિયોએ વિસ્તારથી દર્શાવ્યું છે કે, વિશ્વની ટોચની મલ્ટિનેશનલ કંપનીઓનાં CEO શા માટે ભગવદ્ ગીતાનાં પ્રવચનો સાંભળવા આકરી ફી ચૂકવીને જાય છે. કેટલાક ટોચનાં એક્ઝિક્યુટિવે તો ભગવદ્ ગીતાનાં પ્રાઈવેટ ટ્યૂશન લેવાના શરૂ કરી દીધાં છે. ભારતનાં સ્વામી પાર્થસારથિ વેદાંતનાં વિદ્વાન ગણાય છે અને અમેરિકાની મલ્ટિનેશનલ કંપનીઓનાં એક્ઝિક્યુટિવ્સ માટે તેઓ ભગવદ્ ગીતા ઉપર ખાસ પ્રવચન આપે છે. આશરે 80 વર્ષનાં સ્વામીજી પ્રવચનમાં કહે છે કે 'બિઝનેસમાં સફળ થવા માટે એકાગ્રતા, સાતત્ય અને સહકારની સૌથી વધુ આવશ્યકતા છે. આ ત્રણ ચીજોની કેવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરવી તેનું રહસ્ય આપણને ભગવદ્ ગીતામાંથી જાણવા મળે છે. બુદ્ધિનાં વિકાસ વિના મન અને શરીર ઉપર કાબૂ મેળવી શકાતો નથી. બુદ્ધિનો વિકાસ કરવાના ઉપાયો માત્ર ભગવદ્ ગીતામાં જોવા મળે છે. 'સ્વામી પાર્થસારથિએ અમર્યાદ ધન એકઠું કરવાની તૃષ્ણા સાથે આંતરિક સુખની પ્રાપ્તિ કરવા માટેની તમન્નાનો કેવી રીતે મેળ બેસાડવો એ બાબતમાં પ્રવચન આપ્યું હતું. મેનહટ્ટનમાં આવેલી લેહમેન બ્રધર્સ કંપનીનાં વડા મથકમાં સ્વામીજીનું પ્રવચન રાખાયું હતું. તેમાં એક યુવાન ઈન્વેસ્ટમેન્ટ બેન્કરે સવાલ કર્યો હતો કે, 'તોફાની સહકર્મચારીઓ સાથે કેવી રીતે કામ લેવું ?' સ્વામીજી કહે, 'તેમને તમારા મગજમાંથી કાઢી નાંખો. તમારી સફળતા કે નિષ્ફળતા માટે તમે જ જવાબદાર છો.'

પશ્ચિમનાં દેશોમાં આજે મેનેજમેન્ટનાં પુસ્તકોમાં અને વેબસાઈટો ઉપર ભગવદ્ ગીતાનાં શ્લોકો ટાંકવાની નવી ફેશન શરૂ થઈ છે. અમેરિકાની ટોચની બિઝનેસ સ્કૂલોમાં મેનેજરોને તેમની નેતૃત્વ શક્તિ વિકસાવવા માટે અને કામનાં દબાણ વચ્ચે આંતરિક શાંતિનો અહેસાસ કરાવવા માટે ગીતા ભણાવવામાં આવે છે. ભારતનાં સી.કે. પ્રહ્લાદ, રામચરણ અને વિજય ગોવિંદરાજ જેવા બિઝનેસ ગુરુઓ આજે અનેક મલ્ટીનેશનલ કંપનીઓનાં કન્સલ્ટન્ટ છે. હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ, કેલોગ્સ સ્કૂલ ઓફ બિઝનેસ અને મિશીગન યુનિવર્સિટીની રોસ સ્કૂલ ઓફ બિઝનેસ વગેરેમાં ભારતીય મૂળનાં પ્રોફેસરોની મોટા પ્રમાણમાં ભરતી કરવામાં આવી છે, જેઓ ભગવદ્ ગીતાનાં તત્ત્વજ્ઞાનનાં આધારે તાલીમ આપે છે. આજની મલ્ટીનેશનલ કંપનીઓનાં હજારો મેનેજરો પોતાના ધંધામાં ટોચ ઉપર પહોંચવાની વિદ્યા ભગવદ્ ગીતાનાં પ્રવચનો સાંભળીને પ્રાપ્ત કરે છે. ભગવદ્ ગીતામાં યુદ્ધનાં સમયે અર્જુન મોહવશ બની યુદ્ધ કરવાનો ઈન્કાર કરે છે અને શ્રીકૃષ્ણ તેને મોહનો ત્યાગ કરી સ્થિતપ્રજ્ઞ બની પોતાનું કર્તવ્ય અદા કરવાનો ઉપદેશ આપે છે. આ કથામાંથી પશ્ચિમનાં મેનેજરોને એવો સંદેશ આપવામાં આવે છે કે, 'પ્રજ્ઞાવાન નેતાઓએ એવી કોઈ પણ લાગણીઓથી મુક્ત થઈ જવું જોઈએ, જે તેમને ઉચિત નિર્ણયો લેતા રોકે છે. સારા નેતા તેને કહેવાય જેઓ નિઃસ્વાર્થી હોય અને આર્થિક ફાયદાઓ કે ફળની ચિંતા કર્યા વિના પોતાનું કર્તવ્ય નિભાવે.' અમેરિકાની પ્રસિદ્ધ સ્કૂલ ઓફ બિઝનેસનાં પ્રોફેસર વિજય ગોવિંદરાજને મેનેજમેન્ટ વિશે અનેક બેસ્ટસેલર પુસ્તકો લખ્યાં છે અને તેઓ શેવરોન કોર્પોરેશન તેમજ અન્ય મલ્ટીનેશનલ કંપનીઓનાં મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ પણ છે. તેઓ આ કંપનીઓને ભૂતકાળ ભૂલીને કેવી રીતે નવી શોધો કરી ભવિષ્યનું નિર્માણ કરવું તેની તાલીમ આપે છે. ગોવિંદરાજન કહે છે કે મેનેજમેન્ટનાં સિદ્ધાંતોનો પાયો કર્મની થિયરી છે. 'કર્મ એટલે કાર્ય કરવાનો સિદ્ધાંત. આપણે વર્તમાનમાં જે કાર્ય કરીએ છીએ તેના ઉપરથી આપણું ભવિષ્ય નક્કી થાય છે. નવી શોધ કરવા માટે પણ પરિણામની ચિંતા કર્યા વિના કર્મો કરતાં રહેવું જોઈએ.' આજથી વીસ વર્ષ પહેલા અમેરિકાની બિઝનેસ સ્કૂલોની ટેક્સ્ટ બુકોમાં ચીની ધર્મગ્રંથનાં અવતરણો ટાંકવામાં આવતાં હતાં. હવે એ સ્થાન ભગવદ્ ગીતાનાં શ્લોકોએ લીધું છે. ભગવદ્ ગીતાનું આ ચિંતન ટોચનાં એક્ઝિક્યુટિવ્સને માત્ર બિઝનેસમાં સફળ થવાનું જ નહીં પણ આંતરિક શાંતિ પ્રાપ્ત કરવાનું શીખવે છે. ભારતની તમામ સ્કૂલોમાં અને કોલેજોમાં આ તત્વજ્ઞાન અવશ્ય ભણાવવું જોઈએ.




# મુસ્લિમોનો કૃષ્ણ પ્રેમ

હમણાં જ ગયેલા રમજાન માસનાં અંતિમ રોજાનાં દિવસે જ શ્રાવણ માસનો આરંભ થયો હતો. મુસ્લિમ બિરાદરોએ ઈબાદત પૂર્ણ કરી અને હિન્દુ સમુદાયે ઉપાસનાનો આરંભ કર્યો. આજ સાચું હિન્દુસ્તાન છે. જ્યાં ધર્મનાં આચરણમાં ભિન્નતા ભલે હોય પણ દિલોનાં તારોમાં એક જ સૂર અને તાલ છે. એકબીજાનાં ધર્મ અને સંસ્કારો પ્રત્યેની માનની ભાવના આપણી સંસ્કૃતિનાં મૂળમાં છે. 'મૈં હર કોમ માટે એક રાહબર પેદા કર્યો છે. દરેક કોમ માટે એક માર્ગદર્શક ગ્રંથ આપ્યો છે.' આવા રાહબરો અને ગ્રંથોએ જ દરેક યુગમાં માનવીને એખલાસનું માર્ગદર્શન આપ્યું છે. તેના કારણે જ સમાજનાં આધ્યાત્મિક અને રાજનૈતિક મૂલ્યોનું જતન થયું છે. એટલે જ આવા ગ્રંથો કે મહાનુભાવોનો મહિમા ગાવો, વ્યક્ત કરવો કે સ્વીકારવોએ માનવસહજ ગુણ છે. કૃષ્ણ ભગવાને ગીતા જેવો અદભુત ગ્રંથ આપી માનવ સમાજને કર્મનો સિદ્ધાંત સમજાવ્યો છે. એ જ કૃષ્ણ ભગવાનને ચાહનાર અને માનનાર માત્ર હિન્દુઓ નથી, ઈતિહાસનાં પાનાઓ પર અનેક મુસ્લિમોએ કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો છે.

**મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે...**
**કંકરિયા મોહે મારી ગગરીયા ફોર ડારી...**

આજે પણ મારી સ્મૃતિમાં અંકિત છે. એ ગીતમાં રાધાનાં સ્વાંગમાં મુસ્લિમ અભિનેત્રી મધુબાલાને નૌશાદમિયાનાં સ્વરોમાં અભિનય કરતી જોવી એ હિન્દુ મુસ્લિમ સંસ્કૃતિનાં સમૃદ્ધ સમન્વયનું વાસ્તવિક અને કલાત્મક પાસું છે. ભગવાન શ્રીકૃષ્ણનો આ મહિમા અર્વાચીન યુગનાં મુસ્લિમોમાં પણ જોવા મળે છે. છેક મધ્યકાલીન યુગમાં પણ આ ઘેલછા પ્રસરેલી જોવા મળે છે. ભારતમાં મોગલશાસન મધ્યાહ્નને હતું ત્યારે કૃષ્ણનો મહિમા ગાવા અને તેને વ્યક્ત કરવા ખુદ બાદશાહ અકબર તરફથી પ્રજાને પ્રોત્સાહન આપવામાં આવતું હતું. મોગલ સમ્રાટ અકબરનાં ફોઈનાં પુત્ર અને મંત્રી નવાબ અબ્દુલરહીમ ખાન શ્રીકૃષ્ણનાં પરમ ભક્ત હતાં. શ્રીકૃષ્ણની શાનમાં તેમણે ઘણાં સુંદર ગીતો રચ્યા હતાં.

આવા જ એક અન્ય કૃષ્ણભક્ત હતાં દિલ્હીનાં શાહી ખાનદાનનાં સૈયદ ઈબ્રાહીમ. એકવાર સૈયાદ ઈબ્રાહીમ ધૂનમાં રસ્તા પર ચાલ્યા જતા હતાં અને તેમના કાને શબ્દો પડ્યા.

**'રસો વૈ સઃ' અર્થાત્ ઈશ્વર ખુદા તો રસની ખાણ છે.'**

સૈયદ ઈબ્રાહીમને આ વિચાર ગમી ગયો. તેણે એ વિધાનનાં ઉચ્ચારક પંડિતને પૂછ્યું. 'રસની ખાણ જેવા ઈશ્વર ખુદા કયા માર્ગે મળશે?' પંડિતજીએ સૈયદ ઈબ્રાહીમને શ્રીકૃષ્ણનો પરિચય કરાવ્યો અને એ જ ક્ષણથી સૈયદ ઈબ્રાહીમ કૃષ્ણનો મહિમા ગાનારા રસખાન બની ગયાં. પછી રસખાનની કલમે ઈતિહાસ સર્જ્યો. આવા જ એક કૃષ્ણચાહક શાયર હજરત નફીસ ખલીલ હતાં. તેમણે પોતાના કાવ્યમાં કૃષ્ણ ભગવાનનાં બાલ્યકાળનું સુંદર વર્ણન કર્યું છે.

**'કન્હૈયા કી આંખે હિરન સી નશીલી,**
**કન્હૈયા કી શોખી કલી સી રસીલી,**
**કન્હૈયા કી છબી દિલ ઉડાને વાલી,**
**કન્હૈયા કી સૂરત લુભા દેને વાલી,**
**કન્હૈયા કી હર બાત મેં રસકી ફુહારી.'**

આગ્રાનાં એક શાયર મિયાં નઝીર અકબરાબાદી પણ શ્રીકૃષ્ણનાં ચાહક હતાં. તેમણે કૃષ્ણની બાળલીલાને પોતાના સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે. કૃષ્ણની વાંસળી અંગે તેઓ લખે છે.

**'જબ મુરલીધરને મુરલી કો અપની અધર ધરી**
**ક્યા ક્યા પ્રેમ પ્રીતિ ભરી ઉસ મેં ધૂન ભરી.'**

શ્રીકૃષ્ણ મહાભારતનું એક એવું અદભુત કિરદાર છે જેના આચરણમાં દુષ્ટોનો નાશ અને સત્યનો વિજય છે. જેમાં ધર્મનું પાલન અને અધર્મનું નિકંદન છે. એટલે જ પંજાબનાં મુસ્લિમ નેતા મૌલાનાં ઝફર અલી ખાં સાહેબ શ્રીકૃષ્ણનાં ઉપદેશોને આજનાં યુગમાં અમલી બનાવવા પર ભાર મુક્તા લખે છે.

**'અગર કૃષ્ણ કી તાલીમ આમ હો જાયે**
**તો કામ ફિતનાગારો કા તમામ હો જાયે**
**વતન કી ખાક કે જરો સે ચાંદ પૈદા હો,**
**બુલન્દ ઈસ કદર ઈસ કા મકામ હો જાયે.**
**હૈ ઈસ તરાને મેં ગોકુલ કી બાંસુરી ગુંજ**
**ખુદા કરે કી યહ મકબૂલ આમ હો જાયે.'**

મહામાનવીનાં જીવનકવન તેમને ભક્તમાંથી ભગવાન બનાવે છે. ત્યારે એવા મહામાનવો કોઈ એક કોમ કે ધર્મની જાગીર નથી રહેતા પણ સમગ્ર માનવજાતનો પ્રેમ, આદર અને વંદનીય સ્થાન પામે છે. શ્રીકૃષ્ણ પણ એવી જ એક વિભૂતિ બની ગયાં છે. મુસ્લિમ કવિઓ, શાયરો અને સંતોનાં હૃદયમાં તેમણે પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. એટલે જ તેમનો મહિમા હંમેશા ધર્મ કે કોમનાં વાડાઓને તોડીને પ્રગટ થતો રહ્યો છે.




# દશાવતારનું મનોવૈજ્ઞાનિક અર્થઘટન

## દશાવતાર : મત્સ્ય, કુર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને દસમો કલ્કી

આ જે ભારતીય સંસ્કૃતિની એવી વિરાસતની વાત કરવી છે જે આપણા દિમાગને તરોતાજુ કરી દે. આજે વાત કરવી છે દશાવતારની. યુવા પેઢી આ નામોથી પણ અજાણી હશે. હવે દશાવતાર વાસ્તવમાં હતાં કે કલ્પના છે તેવો સવાલ એટલા માટે ન પૂછશો કે તમને સિતાર દેખાય છે, પણ તેના સુર દેખાતા નથી, માત્ર માણી શકાય છે. તમે જે નવલકથા વાંચો છો તે કાલ્પનિક છે છતાં કોઈ વાસ્તવિક કથા કરતાં તે વધુ અસર કરે છે. ભારતમાં દેવની કલ્પના નિરંકાર કરવામાં આવી છે. મૂળ જે ઉલ્લેખ જોવા મળે છે તે નારાયણ છે. તે વિષ્ણુ સ્વરૂપે નહોતા. પછી આવે છે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. એ ત્રણેય દેવો નારાયણનાં સ્વરૂપો હતાં. પછી ક્યાં દેવ મોટા તે સંપ્રદાયીકરણ થતા નારાયણ એ વિષ્ણુ તરીકે ઓળખાયા. આપણે વિષ્ણુ અને તેમના બાવીસ અવતારોની વાત પર આવીએ. શ્રીમદ ભાગવતમાં વિષ્ણુનાં બાવીસ અવતારોની વાત છે. પરંતુ તેમાંથી દશાવતાર જાણીતા છે. એમ કહેવાય છે કે જ્યારે ધર્મનું પતન થયું ત્યારે તેની રક્ષા કરવા જે તે સમયની જરૂર પ્રમાણે ઈશ્વરે અવતાર ધારણ કર્યો.

વિષ્ણુનાં દશ અવતારમાં ન આવતા મહત્વનાં અવતાર નર અને નારાયણ છે. ત્યારબાદ દશાવતારની વાત આવે. આ દશાવતાર એટલે મત્સ્ય, કુર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ એમ આઠ અવતારો પુરાણો મુજબ આવે. ત્યાર બાદ બુદ્ધને નવામાં અવતાર માનવામાં આવે છે. દસમો અવતાર એ કલ્કી અવતાર છે. જે હજી સુધી નથી થયો. આ અવતારોનાં નામો જુઓ તો તમને લાગે કે માત્ર માનવોની જ વાત નથી કરી. પ્રાણીઓને પણ ઈશ્વરનાં સ્વરૂપો ગણવામાં આવ્યાં છે. ભારતીય સંસ્કૃતિની આ જ ખાસિયત છે. આ ધરતી માત્ર માનવો માટે જ નથી, સર્વ માટે છે. સનાતન ધર્મમાં માનવી, પશુ, પક્ષી તથા વૃક્ષો ઉપરાંત અગ્નિ, વાયુ વગેરે પ્રાકૃતિક તત્વો પણ પૂજનીય મનાય છે. આ સંદર્ભમાં દશાવાતારનો ક્રમ જોઈએ તો ઉત્ક્રાંતિ દેખાય છે. પ્રથમ મત્સ્યાવતાર છે, જે ઉત્ક્રાંતિમાં શરૂનો જીવ છે, તે પછીનાં ક્રમમાં કાચબો, વરાહ અને નરસિંહ અવતાર છે. માનવ અવતાર ત્યાર બાદ આવે છે. તેમાં પણ રામ મર્યાદા પુરુષોત્તમ છે, જ્યારે કૃષ્ણ લીલાધર પુરુષોત્તમ છે.

જ્યારે પૃથ્વી પર કોઈ સમસ્યા ઉદભવી ત્યારે તે સમસ્યામાંથી માર્ગ કાઢવા માટે અવતાર ઉપસ્થિત થયાં. મન્વન્તર સમયે જ્યારે પ્રલય આવ્યો ત્યારે મનુ અને સાત ઋષિઓ સાથે અનેક જીવોને બચાવવા માટે મત્સ્ય અવતાર આવે છે. ખ્રિસ્તી ધર્મમાં પણ લગભગ આ વાત આવે છે. જેમાં પ્રલય સમયે વહાણમાં બેસીને જીવો બચી જાય છે. જ્યારે સમુદ્ર મંથન થવાનું હતું ત્યારે મંદાર પર્વતનો રવૈયો બન્યો હતો. આ મંદાર પર્વતને ટેકો આ કુર્માવતારે એટલે કે કાચબાએ કર્યો હતો. જ્યારે હિરણ્યાક્ષ નામના રાક્ષસે પૃથ્વીને સમુદ્રમાં ફેંકી દીધી ત્યારે વિષ્ણુએ વરાહ બનીને તે રાક્ષસને માર્યો અને પૃથ્વીને બચાવી. નરસિંહ અવતારમાં વિષ્ણુએ હિરણ્યકશ્યપુ નામના રાક્ષસને માર્યો અને પ્રહલાદને બચાવ્યો હતો.

વામન અવતાર બનીને વિષ્ણુ બલી નામના એક રાક્ષસ રાજાને હરાવે છે. ત્રણ પગલા પૃથ્વીનાં માંગે છે અને પછી વિરાટ સ્વરૂપ લઈ સમગ્ર પૃથ્વી પરત મેળવે છે તે વાત જાણીતી છે. પરશુરામ અવતાર સમયે ક્ષત્રિયોનો ત્રાસ વધી ગયો હતો માટે પરશુથી પૃથ્વીને નક્ષત્રી કરે છે. પછી રામ અને કૃષ્ણનાં અવતારો આવે છે. રામાયણ થકી રામની અને મહાભારત થકી કૃષ્ણની કથા અત્યંત જાણીતી છે. પુરાણોમાં બુદ્ધને વિષ્ણુનાં નવમાં અવતાર ગણવામાં આવ્યાં છે. કહેવાય છે કે બુદ્ધને એક અવતાર તરીકે સ્વીકારી ધર્મને બચાવી લેવાની વાત હતી. દસમો અવતાર કલ્કી, જે હજી અવતરવાનો બાકી છે અને કળીયુગમાં અવતરશે તેમ કહેવાય છે.

આવી શ્રદ્ધા લોકોને જીવવાનું બળ આપે છે. આ બધા અવતારોનો સંદર્ભ જોઈએ તો કુદરતી આપત્તિ કે માનવ સર્જિત આપત્તિ આવી પડી ત્યારે ઈશ્વરે અવતાર લઈને લોકોને બચાવ્યાં છે. એટલે માણસો જ્યારે કોઈ સમસ્યાને નથી પહોંચી શક્તા ત્યારે કોઈ શક્તિ તેમને બચાવે છે. વૈજ્ઞાનિક યુગમાં આ વાત કોઈ કદાચ ન માને, પરંતુ આવી ભાવના વ્યક્ત કરવામાં એક સુરક્ષાની લાગણી તો જરૂર અનુભવાય છે. મનોવિજ્ઞાન કહે છે કે, માનવીને કોઈ તારણહાર છે તેવી ભાવના સુરક્ષા આપે છે. આ ભાવના થકી જ આપણી સંસ્કૃતિ સજીવન રહી હશે. દશાવાતારનું સામાજિક મનોવૈજ્ઞાનિક અર્થઘટન કરશો તો દશાવાતારનો સાચો અર્થ પામી શકશો.




# શાંતિપ્રિય અને ધર્મપ્રેમી માનવોની જીત થશે

## કોઈપણ ઝનૂન તારાજી નોંતરે છે, ધર્મપ્રિયતા સમૃદ્ધિ લાવે છે.

જર્મન કવિ જ્હોન શીલર શાંતિ પ્રિય કવિ હતાં. યુદ્ધને ધિક્કારતા. તેમણે બે વિશ્વયુદ્ધો જોયા નહોતાં. તેઓ 1788માં જન્મીને 1805માં 46ની યુવાન વયે જગત માટે બળતરા કરતાં કરતાં પેરાલીસીસ અને ટીબીથી મૃત્યુ પામ્યાં હતાં. યુદ્ધ સામે ફિલોસોફરો, કવિઓ અને સમાજશાસ્ત્રીઓએ બહુ બળતરા ઠાલવી છે. પાલ સાત્રએ કહેલું કે, ‘જ્યારે ધનિક લોકો લડાઈ કરે છે, ત્યારે ગરીબ જ મરે છે. આજે કહેવું પડે કે, જ્યારે મુસ્લિમ દેશોનાં અંતિમવાદી કે ઝનૂની ઈસ્લામીઓ લડાઈ કરે છે ત્યારે સૌપ્રથમ તેના જ દેશનાં બાંધવો મરે છે. આલ્બર્ટ આઈનસ્ટાઈને કહેલું કે, ‘મને ખબર નથી કે 2020-25માં કેવા શસ્ત્રોથી યુદ્ધ લડાશે, પણ હું એટલી કલ્પના કરી શકું કે 100 વર્ષ પછી ચોથું વિશ્વયુદ્ધ પથ્થર અને લાકડીથી લડાશે !’ આજે આપણો ઉદ્દેશ યુદ્ધની ભેકારતા વર્ણવવાનો છે. કવિઓએ શાંતિ અને પ્રેમ માટે માથા પછાડી પછાડીને લખ્યું છે. પ્રેમ, શાંતિ અને સુલેહથી જ આપણે પરમાત્મા, ઈશ્વર કે અલ્લાહની યોજનામાં સૃષ્ટિને સમૃદ્ધ રાખવામાં ફાળો આપી શકીએ. આજે તો અલ્લાહને નામે ખોટી રીતે ઈસ્લામીઓ યુદ્ધને નોંતરી રહ્યાં છે. બે વિશ્વયુદ્ધ વિચાર અને રાજપદ્ધતિ માટે લડાયેલા. સમાજવાદ અને મૂડીવાદ વચ્ચે લડાઈ હતી. ઝનૂની ઈસ્લામીઓ ધર્મને નામે યુદ્ધ કરશે. જે અલ્લાહને મંજૂર નથી. અહીં મારે ભારતનાં 20 કરોડ મુસ્લિમો જે ગુપચુપ ઝનૂની ઈસ્લામી બનીને અને છાલીયા ટોપી પહેરીને ઈસ્લામનું ‘વૈચારીક ઝનૂન’ બતાવે છે, તેમને યુદ્ધની ભેંકારતા દર્શાવવી છે. 1939માં અમેરિકાનું અર્થતંત્ર જગતમાં સૌથી મોટું હતું. તેના જેટલા જ આર્થિક રીતે સબળ બ્રિટન, ફ્રાંસ અને જર્મની હતાં. બીજું વિશ્વયુદ્ધ 1945માં પૂરું થયું ત્યારે આખી દુનિયાની કાચી રાષ્ટ્રીય પેદાશનો સરવાળો કરો અને તેની સામે અમેરિકાની કાચી રાષ્ટ્રીય પેદાશનો આંકડો મુકો તો પણ અમેરિકાનું પલ્લું ભારે હતું. શું કામ ? 1લું વિશ્વયુદ્ધ, 2જું વિશ્વયુદ્ધ અને 1991-92નું ગલ્ફ યુદ્ધ એ તમામ અમેરિકન ધરતીથી હજારો જોજન દૂર લડાયા હતાં. બીજી બાજુ યુરોપ આખું ઔદ્યોગિક દૃષ્ટિએ તારાજ થયું હતું. આખા યુરોપમાં યુદ્ધે ખાનાખરાબી નોંતરી હતી. ભારતે બ્રિટિશનાં ગુલામ તરીકે લડવું પડેલું. ગલ્ફ યુદ્ધ પછી 1991-1992માં આ ધમધમાટ ચાલુ રહ્યો. ગલ્ફ યુદ્ધ પછી અમેરિકાનાં શેરબજારો અને સમૃદ્ધિ ટોચે ગઈ. ઈરાક સામેનું યુદ્ધ 8000 કિલોમીટર દૂર લડાયું. બરાક ઓબામા જે ઉછીની ભોઈની પટલાઈ કરે છે ‘તે સીરીયા, ઈરાક, તુર્કી, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં ઈસ્લામ સાથેની લડાઈ લડીને પોતે તારાજ થાય છે. હિટલર બહુ જ બળ અને અહંકારમાં હતો. તેણે પ્રથમ વિશ્વયુદ્ધમાં ઉદ્ધત બનીને યુદ્ધને નોંતરીને તબાહી ભોગવી. જર્મનીનાં મોટામાં મોટા તમામ શહેરો બળી ગયાં. 10 લાખ જર્મનો મરી ગયાં. નવાઝ શરીફ જુનો ઈતિહાસ વાંચતા હશે. મોદી તો વાકેફ છે. મોદીનાં મગજમાં પાવર છે, પણ ફાંકો નથી. હિટલરનાં ફાંકાને કારણે 40 લાખ જર્મન સોલ્જરો મરી ગયાં. આજે અમેરિકા ફાંકામાં તારાજ થઈ 1040 ટ્રીલીયન ડોલરનાં દેવામાં છે. 1945માં જાપાનની હાલત સૌથી કફોડી હતી. 60 જેટલા મોટા શહેરો યુદ્ધમાં બળી ગયાં. હીરોશીમા નાગાસાકીનો કરતાં સાદા બોમ્બથી જાપાની શહેરો વધુ તારાજ થયાં હતાં. આજે પાકિસ્તાન અને બીજા ઈસ્લામી દેશો કેટલું બધુ ખેરાતનું ખાય છે ?

યુદ્ધો હંમેશાં જૂની સંસ્કૃતિ અને કલાનો નાશ કરે છે. બીજી ઘણી ‘અસમાનતા’ આવે છે. 1945માં જર્મનીમાં સ્ત્રી પુરુષનાં પ્રમાણમાં મોટો તફાવત આવ્યો. દર 100 પુરુષોની સામે સ્ત્રીની સંખ્યા અધધ 180 થઈ ગઈ. પુરુષો યુદ્ધમાં મરાઈ ગયાં. સંખ્યામાં સ્ત્રીની વિપુલતાને કારણે કેટલીક જર્મન સ્ત્રીઓ મધરાતે શેરીમાં ચીસ પાડતી ‘છે કોઈ મને ભોગવનારો, માત્ર એક જ સિગારેટનાં બદલામાં ભોગવી લે.’ આવી અધોગતિ યુદ્ધ લાવે છે. યુદ્ધની ઈમોશનલ કોસ્ટ જબ્બર હોય છે. યુદ્ધ એ જાતે ઉભો કરેલો રોગચાળો છે. આજે જિહાદ શબ્દ બહુ વપરાય છે. જિહાદ એ ક્રિશ્ચિયનોએ ઉપજાવેલો શબ્દ છે. ખરેખર જિહાદનો અર્થ પવિત્ર લડાઈ છે તે સૌએ આપણી ખરાબ ટેવો, ઉણપો, પૂર્વગ્રહો અને પેશન કે લાલચો સામે લડવાની છે. આ જિહાદ શબ્દને ચાર્લ્સ ડાર્વિને વૈજ્ઞાનિક ઢબે અપનાવ્યો. 19મી સદીમાં જિહાદને નવું રૂપ અપાયું. તેમણે કહેલું, જિહાદ એક લાઈફ પ્રોસેસ છે. માનવે પોતાની ઉણપો સામે લડવાનું છે. જોકે હેરાકલીટસ નામના ઈતિહાસકાર યુદ્ધની અમુક દૃષ્ટિએ તરફેણ કરતાં કહેતા કે, ‘માનવીની સર્જકતા ખીલવવા અને દુર્જનતાનો નાશ કરવા પોતાની સામેનું યુદ્ધ આવશ્યક છે...’ તો પછી જીત કોની થશે ? ઝનૂની ઈસ્લામીની નહીં. શાંતિ પ્રિય અને ધર્મ પ્રિય સંસ્કૃતિની. ભારત સમૃદ્ધિમાં ટોચે રહેશે.



# ધર્મનાં નામે થતી પશુહત્યા અટકવી જોઈએ

## દુનિયાનાં કોઈ ધર્મમાં પશુવધનો ઉપદેશ આપવામાં આવ્યો નથી

દુનિયાનો કોઈ ધર્મ આપણને અન્ય જીવોની હત્યા કરવાનો ઉપદેશ આપતો નથી. તેમ છતાં આપણા દેશમાં અને વિદેશોમાં પણ ધર્મનાં નામે પશુઓનો વધ ચાલી રહ્યો છે. જોકે એકવીસમી સદીમાં ધર્મની સાચી પરિભાષા અને માનવ અધિકાર બાબતે જાગૃતિનાં કારણે ધીમે ધીમે આ પ્રકારની હત્યાઓ બંધ થઈ રહી છે. આ વાતનું સુખદ ઉદાહરણ આ વર્ષે રાજસ્થાનનાં ટોંકમાં અને હિમાચલનાં કુલુમાં જોવા મળ્યું.

મુંબઈ નજીક આવેલા દેવનારનાં કતલખાનાંમાં દર વર્ષે બકરી ઈદ નિમિત્તે હજારો તંદુરસ્ત બળદોની કતલ કરવામાં આવે છે. મહારાષ્ટ્ર સરકાર પણ પશુ સંરક્ષણ ધારાની ઉપેક્ષા કરીને આ પ્રકારની પરવાનગી આપતી આવી છે. આ વર્ષે પણ સરકારે બકરી ઈદ અને તેની આજુબાજુનાં દિવસોમાં 15,000 બળદોની કતલ કરવાની પરવાનગી આપી દીધી હતી. જીવદયાપ્રેમી સંસ્થા "વિનિયોગ પરિવાર" એ આ પરવાનગી સામે હાઈકોર્ટનાં દ્વાર ખટખટાવ્યા હતાં. વિનિયોગ પરિવારની દલીલ એવી હતી કે "મહારાષ્ટ્ર સરકારનાં પશુ સંરક્ષણ ધારાનો ઉદ્દેશ ગૌવંશની રક્ષા કરવાનો છે. તેથી પશુઓની હત્યા કરી શકાય નહીં." આ દલીલને માન્ય રાખીને હાઈકોર્ટે 15,000 બળદોની કતલ કરવાની પરવાનગી રદ કરીને બળદોને બચાવી લીધાં હતાં. ટોંક શહેર રાજસ્થાનનાં લખનૌ તરીકે વિખ્યાત છે, કારણ કે ત્યાં નવાબી રાજ હતું અને મુસ્લિમોની મોટી વસતિ હતી. ઈ.સ. 1864માં ટોંકનાં તત્કાલીન નવાબ ઈબ્રાહિમ અલી ખાનને સપનુ આવ્યું કે ઈદ નિમિત્તે ઊંટનો વધ કરીને તેના માંસની મિજબાની કરવી જોઈએ. તે વર્ષથી ટોંકનાં નવાબ દ્વારા ઊંટનો બલિ ચડાવવાની પ્રથા શરૂ થઈ. જે છેક ગયાં વર્ષ સુધી અખંડપણે ચાલુ હતી. દર બકરી ઈદનાં દિવસે નવાબનાં વંશવારસો દ્વારા તેમના મહેલમાં એક ઊંટનો વધ કરવામાં આવતો હતો. રાજસ્થાનમાં ઊંટની વસતિ સતત ઘટી રહી છે. રાજ્યમાં માંસ અને ચામડાં માટે મોટી સંખ્યામાં ઊંટોની કતલ થાય છે અને તેની અન્ય રાજ્યોમાં તેમજ પાકિસ્તાનમાં દાણચોરી થાય છે. પ્રાણીઓનાં અધિકારો માટે લડનારાઓની માગણીને માન આપીને આ વર્ષે રાજસ્થાનની સરકારે કાયદામાં સુધારો કરી ઊંટને રાજ્યનું રક્ષિત પ્રાણી જાહેર કર્યું છે. ઊંટની હત્યા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. આ પ્રતિબંધને માન આપીને નવાબનાં વારસદાર અસ્મત અલીએ ઊંટનાં બલિની પ્રથા કાયમ માટે બંધ કરવાની જાહેરાત કરી છે. ટોંકમાં ઊંટનાં બલિની પ્રથાને સ્વેચ્છાએ તિલાંજલિ આપનારા નવાબ અસ્મત અલીએ જે વિધાન કર્યું છે તે તમામ મુસ્લિમોએ ધ્યાનથી વાંચવા જેવું છે : "આ પ્રકારની પશુહત્યાનો ઈસ્લામમાં ક્યાંય ઉપદેશ આપવામાં આવ્યો નથી."

હિમાચલ પ્રદેશનાં કુલુ શહેરમાં સદીઓથી દશેરાનાં દિવસે દેવીને પશુઓનો ભોગ ચડાવવાનો રિવાજ ચાલ્યો આવતો હતો. આ રિવાજ મુજબ હિન્દુઓ દેવી દેવતાનાં રથને બિયાસ નદી સુધી ખેંચીને લઈ જતા હતાં અને ત્યાં ભેંસ ઉપરાંત બકરાનો બલિ ચડાવતા હતાં. ધર્મને નામે થતી આ પશુહત્યા સામે જીવદયાપ્રેમીઓ દ્વારા લાંબી કાનૂની લડાઈ ચલાવવામાં આવી હતી, જેના પરિણામે હિમાચલ હાઈકોર્ટે 1 સપ્ટેમ્બરનાં ચુકાદા દ્વારા આ ક્રૂર પ્રથા ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો હતો. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે "પશુબલિ સાથે જે રીતરિવાજો જોડાયેલા છે, તેમા માત્ર ક્રૂરતા, વહેમ, ભય અને બર્બરતાનાં દર્શન થાય છે. તેને ધર્મ અથવા સંસ્કૃતિ સાથે કાંઈ લેવાદેવા નથી." આ ચુકાદાને માન આપીને કુલુનાં હિન્દુઓએ પહેલી વખત બલિ વગરનાં દશેરા ઉજવ્યા હતાં. અમદાવાદનાં ભદ્રકાલી મંદિરમાં પણ સદીઓથી નવરાત્રિ દરમિયાન બકરાનો વધ કરવાનો રિવાજ ચાલ્યો આવતો હતો. ઈ.સ. 1920ની આસપાસ જૈનાચાર્ય વિજયરામચન્દ્રસૂરિજી મહારાજે આ પશુહત્યા સામે પ્રચંડ આંદોલન ઊભું કર્યું. આ આંદોલનમાં હિન્દુ ધર્મગુરુઓ ઉપરાંત મુસ્લિમ મૌલવી પણ જોડાયા હતાં. અમદાવાદમાં વિશાળ રેલીઓ નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતાં. પ્રજાનાં આંદોલનથી ડરીને ભદ્રકાલી મંદિરનાં પૂજારીએ બકરાનો વધ બંધ કર્યો, જે આજ દિન સુધી બંધ છે. ગાંધીજી ઈ.સ. 1915માં કોલકાતાની મુલાકાતે ગયાં ત્યારે મહાકાલી મંદિરમાં બકરાની બલિ પ્રથા જોઈને તેમનું હૈયું દ્રવી ઉઠ્યું હતું. આ બલિનું વર્ણન કરતાં ગાંધીજીએ પોતાની આત્મકથામાં લખ્યું છે, "અમે મંદિરે પહોંચ્યા ત્યારે રસ્તા પર બલિદાનનાં ઘેટાંઓની હાર ચાલી જતી હતી. સામે લોહીની નદી વહેતી હતી. હું ખૂબ અકળાયો, બેચેન થયો. આ દ્રશ્ય હું હજી સુધી ભૂલી શક્યો નથી. એવો કોઈ તેજસ્વી પુરુષ કે એવી કોઈ તેજસ્વિની સતી પેદા થાઓ, જે આ મહારક્તપાતમાંથી મનુષ્યને બચાવે અને નિર્દોષ પ્રાણીઓની રક્ષા કરે તેમજ મંદિરને શુદ્ધ કરે, એવી પ્રાર્થના નિરંતર કરું છું." કોલકાતાનાં કાલી મંદિરમાં પશુઓનો વધ આજે પણ ચાલુ છે. એકવીસમી સદીમાં પ્રાણીઓનાં હક્કો બાબતમાં જેમ જાગૃતિ આવી રહી છે, તેમ ધર્મનાં નામે ચાલી રહેલી પશુબલિની પ્રથાઓ પણ બંધ થઈ રહી છે. આજે કોઈ ધર્મનાં અનુયાયી એવો દાવો કરી શકે તેમ નથી કે તેમના ધર્મમાં પશુ હત્યાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. તમામ હત્યાઓ ધર્મ વિરોધી છે, માટે બંધ થવી જોઈએ.



નવઘણસિંહ નટુભા ચુડાસમા

# નિખાલસ અને નિર્મળ પુરૂષ

**ઘણીવાર** એવું વ્યક્તિત્વ જોવા મળે છે જે પોતાની સૂઝબૂઝ અને આગવી શક્તિથી સમાજ, રાજ્ય અને દેશને પ્રગતિનાં પંથે લઈ જાય છે. સાથે યુવાનોને દેશ સેવા તથા સમાજસેવા કરવા ઉત્સાહ અને પ્રેરણા પૂરી પાડે છે. આપણે પણ અહીં એવા જ એક મહાનુભાવની વાત કરવી છે. તેમનું નામ છે નવઘણસિંહ ચુડાસમા.
વતન રાજકોટ જિલ્લાનું ભાયાવદર અને મોસાળ જામનગર જિલ્લાનું દાંતા ગામ. વાણિજ્યમાં સ્નાતક છે. પિતાજી નટુભા જમીનદાર હતાં, સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતાં હતાં. માતા ધનકુંવરબાએ પરિવારને સંસ્કારથી સિંચ્યો છે. પત્ની જયશ્રીબા આદર્શ ગૃહિણી છે. એક દીકરો અને એક દીકરી ક્ષાત્ર સંસ્કારને ઊજાગર કરી રહ્યાં છે. તેઓ ટ્રાન્સપોર્ટ, હોટલ, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામ અને પેટ્રોલનાં વ્યવસાય સાથે સંકળાયેલા છે. સામાજીક ક્ષેત્રે આગળ રહે છે. વડોદરા રાજપૂત સમાજનાં ઉપપ્રમુખ છે. સમાજની વાડી બનાવવાનું કામ સક્રિય છે. મહારાણા પ્રતાપ જયંતિ અને દશેરાનો તહેવાર ધામધૂમથી ઊજવે છે. સ્ત્રી સંગઠન પણ સક્રિય છે. તેઓ કહે છે કે સ્ત્રી શિક્ષણ અને કન્યા કેળવણીને મહત્ત્વ આપવું જોઈએ. ભારતીય સંસ્કૃતિ મુજબ આપણી જીવનશૈલી વિકસિત થાય તે જરૂરી છે.

**જીવન સંદેશ @ વહેંચવાથી મળે છે મનને શાંતિ**

**જે** લોકો પોતાની ખૂબીઓનો ઉપયોગ કરતાં નથી તેઓ પોતાની નબળાઈઓની મદદથી જગતને લૂંટે છે, જે અપરાધ છે. તમારી પાસે જે પણ ખૂબીઓ છે તેને અચૂકપણે જગતની સાથે વહેંચો. આવા લોકોથી જ પરમાત્મા ખુશ રહે છે.



ધર્મેન્દ્રસિંહ પ્રભાતસિંહ ઝાલા

# ધર્મપરાયણ વ્યક્તિત્વ

**મનુષ્યએ** જ્યારે ગરીબી અને તકલીફોને બિલકુલ નજીકથી જોઈ અને અનુભવી હોય ત્યારે આવા માણસ બીજાને મદદ કરવા સમર્થ થાય ત્યારે પોતાની શક્તિ લોકોપયોગી નિવડે તેવી કોશિશ કરતાં હોય છે. આથી આવા મનુષ્યને લીધે વિકાસનાં કામોને વેગ મળે છે. આપણે અહીં એવા વ્યક્તિત્ત્વની વાત કરવી છે કે જેણે જીવનમાં ખૂબ જ સંઘર્ષ અને દુ:ખો સહન કરીને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સંઘર્ષ કરીને જીવનમાં સફળ થયેલ વ્યક્તિત્વ એટલે ધર્મેન્દ્રસિંહ ઝાલા.
જન્મ 5 જુલાઈ 1955માં થયો. વાણિજ્યમાં સ્નાતક છે. પિતાજી પ્રભાતસિંહ ઝાલા જમીનદાર હતાં. માતાએ પરિવારને સંસ્કારથી સિંચ્યો છે. પત્ની રીટાબા આદર્શ ગૃહિણી છે. બે પુત્રી અને એક પુત્ર એમ ત્રણ બાળકો છે. ગામડેથી અમદાવાદ આવી કાકા સાથે રહી અભ્યાસ પૂરો કર્યો. કારકિર્દીની શરૂઆત કલર કામથી કરી. પ્રારંભે જ્યોતિષીમાં ન માનતા ધર્મેન્દ્રસિંહ ઝાલા અત્યારે ગ્રહ, કુંડળી, હસ્તરેખા, અંકશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્ર જેવા ગૂઢ શાસ્ત્રોમાં નિષ્ણાંત છે. મિત્રોનાં સહકારથી ટ્રાન્સપોર્ટનાં વ્યવસાયમાં ઝંપલાવ્યું, પરંતુ સફળતા મળી નહી એટલે સેલ્સ એક્ઝીક્યુટીવ તરીકે કામ ચાલુ કર્યું. સાથે જ્યોતિષ વિજ્ઞાનનું અધ્યયન ચાલુ રાખ્યું. મિત્રોને જ્યોતિષ જ્ઞાન થકી સલાહ સૂચનો આપતા. લોકોને સફળતા મળતા જ્યોતિષ ક્ષેત્રે આત્મવિશ્વાસ વધ્યો, જે તેમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો. તેમણે નોકરી છોડી જ્યોતિષ અને કલર કામનાં વ્યવસાયમાં ઝંપલાવ્યું. આમ બન્ને કાર્યક્ષેત્રમાં સફળતા મળી. રાજીવગાંધીનું અકસ્માતમાં મૃત્યુ થશે તેવી આગાહી કરનાર તેઓ પ્રથમ જ્યોતિષ હતાં. 2011નાં ભૂકંપની આગાહી પણ તેઓ કરી ચૂક્યાં હતાં.આમ છેલ્લા 30 વર્ષથી જ્યોતિષ ક્ષેત્રે સંકળાયેલા ધર્મેન્દ્રસિંહ ઝાલા પાસેથી માર્ગદર્શન લેવા જેવું છે. ઘણાં કલાકારો, રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ તેમનું માર્ગદર્શન મેળવતા રહે છે.

**જીવન સંદેશ @ અવતારોનું ચારિત્ર્ય માર્ગ દેખાડે છે**

**જીવનમાં** દરેક માનવી ક્યારેક માર્ગ ભૂલી જતો હોય છે. એવું કહેવાય છે કે રસ્તો ભૂલી જવામાં અંધકાર મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે, પરંતુ ક્યારેક ખોટું માર્ગદર્શન મળતાં પણ માનવી માર્ગ ભૂલી જતો હોય છે. માનવી ગેરમાર્ગે દોરાઈને જ્યારે કોઈ ખોટું કામ કરે ત્યારે ઈશ્વરનો અવતાર તેને સાચો માર્ગ બતાવે છે. ખોટા કર્મથી બચવા ઈશ્વરની નજીક રહેવું જોઈએ. ઈશ્વરની દિવ્ય શક્તિ આપણાં માટે હોડી, દીપક અને જાગૃતિનું કામ કરે છે.



સુધીરસિંહ ઝાલા

# સેવાકિય પ્રવૃત્તિનો પ્રાણ

**જીવનમાં** ઘણાં એવા ઉમદા વ્યક્તિઓ જોવા મળે છે કે જેઓ પોતાને પડેલી મુશ્કેલીઓ અને આફતોનો સામનો કરી સ્વયં સફળતાનાં શિખરો પ્રાપ્ત કરે છે. સાથે સમાજ અને પ્રજાને પણ પ્રગતિનાં પંથે લઈ જાય છે. આવા ઉમદા વ્યક્તિત્વવાળા માનવીઓ સમાજમાં કે અન્ય કોઈ જગ્યાએ ઉચ્ચ સ્થાન મેળવે ત્યારે અભિમાન વગર સમાજ અને પ્રજા કલ્યાણ માટેનાં કામો અવિરત પણે કરતાં રહે છે. આવું ઉમદા વ્યક્તિત્વ એટલે સુધીરસિંહ ઝાલા. વતન સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ વઢવાણ ગામ. વાણિજ્યમાં સ્નાતક છે. પિતા સુરસિંહ જમીનદાર હતાં. તેમણે બે ગામમાં રાજ કર્યું હતું. માતા સુશીલાબા પરિવારનો સંપૂર્ણ વહીવટ સંભાળતા. પત્ની શક્તિબા આદર્શ ગૃહિણી છે. તેમણે ધોરણ 11 સુધી અભ્યાસ કર્યો છે. શક્તિબા પોતાની સ્કૂલનું જતન કરી રહ્યાં છે. સુધીરસિંહ ઝાલા બાંધકામ, જમીન લે વેચ અને શેરબજારનાં વ્યવસાયમાં સફળ રહ્યાં છે. સમાજ સેવા કરવામાં તેઓ હંમેશા આગળ રહે છે. તેમણે રોટરી કલબનાં ત્રણ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂરા કર્યા છે. સુરેન્દ્રનગર GIDC વિસ્તારમાં સુંદર ગાર્ડન બનાવ્યો છે. થેલેસિમીયાનાં બાળકો માટે મેડિકલ કેમ્પનું આયોજન કરે છે. થેલેસિમીયા વિશે જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવે છે. તેઓ રજવાડા સમાજ અને વઢવાણ રાજપૂત એસોસિએશનનાં પ્રમુખ છે. તેઓ કહે છે કે છેલ્લા દસ વર્ષથી રાજપૂત સમાજે ઘણી પ્રગતિ કરી છે. રાજપૂત સમાજ બાંધકામ અને બેંકિંગ વ્યવસાયમાં સફળ રહ્યો છે. સમાજમાં સ્ત્રી શિક્ષણ અને કન્યા કેળવણીને પ્રાધાન્ય આપવું જોઈએ. તેઓ યુવાનોને કહે છે કે વ્યસન, કુરિવાજો અને અંધશ્રદ્ધાથી દૂર રહી શૈક્ષણિક અને વ્યવસાયિક ક્ષેત્રે આગળ વધવુ જોઈએ.


કિરીટસિંહ દોલુભા જાડેજા [મોટી ખેડોઈ]

- **હોટલ લી નંદની [હોનેસ્ટ] :** ને.હા.નં. 8, કરજણ, જી. વડોદરા
- **હોટલ હોનેસ્ટ :** ને.હા.નં. 8, બગોદરા, જી. અમદાવાદ
- **હોટલ અવધ [હોનેસ્ટ] :** ને.હા.નં.8, માળીયા, જી. રાજકોટ
- **હોટલ નંદની :** તણસા, જી. ભાવનગર
- **હોટલ નંદની :** પાલીતાણા, જી. ભાવનગર
- **હોટલ જયનિલ :** જંબુસર, જી. ભરૂચ
- **હોટલ હિલટોન :** બરવાળા, જી. અમદાવાદ
- **હોટલ વૈભવ :** અટાલી, તા. વાગરા, જી. ભરૂચ
- **હોટલ સિગ્નેચર :** રતનપુર, રાજસ્થાન
- **હોટલ જયનિલ પ્લાઝા :** દહેજ, જી. ભરૂચ
- **નેહા ફૂડ મોલ :** ચોટીલા, જી. રાજકોટ
- **હોટલ નંદની :** મહુવા, જી. ભાવનગર
- **હોટલ નંદની :** ખેડોઈ, તા. અંજાર, જી. કચ્છ









કિરીટસિંહ દોલુભા જાડેજા

# કર્તવ્યનિષ્ઠ અને નિખાલશ વ્યક્તિત્વ

**કેટલાક** પ્રદેશોનું પાણી જ એવું હોય છે કે એ લોકો જ્યાં જાય ત્યાં કંઈક નવું કરી બતાવે. પાટું મારીને પાણી કે પૈસા પેદા કરે એવી તાકાત હોય છે. ભારતનાં બધાં મહાનગરોમાં રાજપૂતો હોટલ વ્યવસાયમાં મોખરે છે. પછી એ કલકત્તા, મદ્રાસ, અમદાવાદ, દિલ્લી કે નાગપુર હોય. હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં સફળ થયેલા કિરીટસિંહ જાડેજાએ ગુજરાતમાં હોટલોની આખી શૃંખલા ઊભી કરી છે. ગુજરાતનાં હાઈવે પર આવેલી તેમની તમામ હોટલો સ્વાદ રસિકોનું ભાવભીનું સ્વાગત કરે છે. મોટી ખેડોઈનાં વતની કિરીટસિંહ જાડેજા કર્તવ્યનિષ્ઠ ઉદ્યોગપતિ છે. રાજપૂત સમાજ માટે ઉચ્ચ ભાવના ધરાવતા કિરીટસિંહ વ્યવસાયનાં નૈતિક સિધ્ધાંતોને વળગી રહે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજે અન્ય સમાજ સાથે કદમ મિલાવવા જરૂરી છે. સમાજમાં એકતા અને શિક્ષણની ખાસ જરૂર છે. કન્યા કેળવણીને મહત્ત્વ આપવાથી જ સમાજનો વિકાસ શક્ય છે. રાજપૂત હોવાનો તેમને ગર્વ છે. તેઓ કહે છે કે રાજપૂતોએ તલવાર છોડી કલમ પકડવી જોઈએ. યુવાનો દેશનું ભવિષ્ય છે. માતા ગર્ભવતી હોય ત્યારથી જ પોતાનાં બાળકમાં સંસ્કારનું સિંચન કરવું જોઈએ. એક આદર્શ બાળકનું નિર્માણ એજ સૌથી મોટી દેશ સેવા છે.



**યુવરાજસિંહ દિલીપસિંહ સિસોદિયા**

# તરવરાટ અને ઉત્સાહનો સમન્વય

**બાળપણમાં** વિદ્યાભ્યાસ દરમ્યાન ઘણીવાર આપણે વાંચ્યુ હશે કે આજનો વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. માટે બાળપણ મનુષ્યનાં જીવન ઘડતરમાં ખૂબ ઉપયોગી રહે છે. બાળપણનાં સંસ્કાર અને ઉછેરને કારણે બાળકનાં મનમાં વિવિધ ઝંખના થાય છે. આ ઝંખના મોટા થતાં સાકાર થાય છે. માટે કહેવાય છે કે બાળપણનાં લક્ષણો અને સંસ્કાર મનુષ્યનાં જીવન ઘડતરમાં મહત્વનો ફાળો આપે છે. આપણે અહીં આવા જ એક વ્યક્તિત્ત્વની વાત કરવી છે કે જેનામાં બાળપણથી જ સમાજ સેવાનાં ગુણોનો ઉછેર થયો છે.

જન્મ 25 સપ્ટેમ્બર 1990માં થયો. વતન અમદાવાદ જિલ્લામાં આવેલ સાણંદ તાલુકાનું ગોધાવી ગામ. અભ્યાસ MBA સુધી કર્યો. પિતાજી દિલીપસિંહ બિલ્ડર છે. આથી બાંધકામનો વ્યવસાય ગળથૂથીમાં મળ્યો છે. માતા પ્રવિણાબા આદર્શ ગૃહિણી છે. ભાઈ સિધ્ધરાજસિંહએ BSc અને બહેન ધારાબાએ MBA સુધી અભ્યાસ કર્યો છે. બાંધકામક્ષેત્રે સાણંદમાં 10 પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂરા કર્યા છે. સામાજિક ક્ષેત્રે રસ અચૂક લે છે. જાયન્ટ ક્લબનાં મેમ્બર છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજમાં આર્થિક અને શૈક્ષણિક રીતે પ્રગતિ થઈ છે. સમાજનું સ્તર ઊંચુ લાવવા અગ્રણીઓ પ્રયાસ કરી રહ્યાં છે.

**દિલીપસિંહ નવલસિંહ સિસોદિયા**

# રોયલ રાજપૂત

**જન્મ** 6 ડિસેમ્બર 1965માં થયો. વાણિજ્યમાં સ્નાતક છે. પિતા નવલસિંહ જમીનદાર હતાં. માતા સર્જનબા ધાર્મિક સ્વભાવનાં છે. અમદાવાદમાં રાજપથ ક્લબ પાસે આવેલ શિવલેખા બંગ્લોઝમાં સહપરિવાર રહે છે. કારકિર્દીની શરૂઆત નાનાં વ્યવસાયથી કરી હતી. બાંધકામક્ષેત્રે પહેલી સ્કીમ 2006માં ચાલુ કરી, જેમાં સફળ રહ્યાં. તેઓ સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે પોતાનું યોગદાન અવશ્ય આપે છે. યુવા પેઢી ખૂબ જ અભ્યાસ કરે, સારા સંસ્કાર મેળવે અને પ્રગતિ કરે તે જરૂરી છે.

**જીવન સંદેશ @ માતા પિતા સામે બાળક બનીને રહો**

**તમે** કોઈ પણ ઉંમરનાં હોવ, તમારા માતા પિતા સામે બાળક જ રહેવાના છો. આ એક અલગ પ્રકારનો આનંદ છે. તેઓ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી તેમના બાળક બનીને રહો, પરંતુ આ કામ એટલું સરળ નથી. કેમકે તેમાં તમારે સારસંભાળ લેવાની છે. તેમની વૃદ્ધાવસ્થાને ઉત્સાહપૂર્વક વધાવવાની છે. તમે જ્યારે એક બીજાનાં હૃદય સાથે જોડાઈ જશો ત્યારે એક અલગ અનુભવ થશે.








જીવન સંદેશ @ દેશભક્તો માટે પરિવાર ગૌણ હોય છે

**સુરેન્દ્રનાથ** બેનર્જી બંગાળનાં પ્રખ્યાત સ્વાતંત્ર્ય સૈનિક હતાં. તેમના માટે દેશસેવાનું કામ પરિવાર કરતાં વધુ મહત્ત્વનું હતું. એક વખત કોલકાતામાં રાજકીય સભાનું આયોજન કરાયું, જેમાં દેશભરનાં જાણીતા નેતાઓ આવવાના હતાં. સંયોગવશાત સભાનાં દિવસે તેમના પુત્રનું આકસ્મિક નિધન થઈ ગયું. બધાએ વિચાર્યું કે તેઓ સભામાં આવી શકશે નહીં, જોકે સાંજે સભા શરૂ થઈ ત્યારે તેમને હાજર જોઈને આશ્ચર્ય થયું. તેમની સહજતા અને દેશ પ્રેમ સામે દરેકનું માથું શ્રદ્ધા સાથે ઝૂકી ગયું. દેશનાં વિકાસમાં આવા દેશભક્તો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### વિરમદેવસિંહ અખાભા ચુડાસમા

## પરિશ્રમ અને પુરુષાર્થનાં પ્રતિક

**માનવતા** એટલે પોતાને શું ગમે એ વિચારીને થતો આચાર. બીજાને સતત મદદરૂપ થવાની અને ઘસાઈને ઉજળા બનવાની ભાવના તે માનવતા. માનવતા અને મમતા એક છે. બંને એકબીજાની સાથે જ હોય. આવા વ્યક્તિઓની સુવાસ હયાતિમાં અને હયાતિ બાદ પ્રસન્નતા રેલાવતી હોય છે. ધૂપસળી સળગાવો ત્યારે તેની હાજરી સુગંધ આપે પણ એ બળીને અદશ્ય થયાં પછી વાતાવરણમાં એની મહેંક ચાલુ રહે છે. આવી ધૂપસળી જેવી વ્યક્તિ એટલે વિરમદેવસિંહ ચુડાસમા.

વતન ધંધુકા તાલુકાનું કાંદીપુર ગામ. SSC સુધી અભ્યાસ કર્યો. સ્વર્ગીય પિતાશ્રી અખાભા જમીનદાર હતાં. માતુશ્રી બા સાહેબા ગામડે ધાર્મિક જીવન જીવે છે. પત્ની નીલાબા ભારતીય ગૃહિણી છે. બે પુત્રોમાં એક સિવિલ એન્જીનિયર અને બીજો સ્નાતક છે. કારકિર્દીની શરૂઆત 1980માં કરી. વડોદરા ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે નિષ્ઠાપૂર્વક કામ કર્યા પછી 1992માં કંપનીમાંથી રાજીનામું આપ્યું. કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા ટિકિટ મળતા ઉમેદવારી નોંધાવી. વિજેતા થયાં, પરંતુ પાર્ટીનાં અમુક નિયમો માફક ન આવતા રાજીનામું આપ્યું. ધીરે ધીરે રાજકારણમાં રસ ઓછો થતાં વ્યવસાયમાં ઝંપલાવ્યું. ભાગીદારીમાં ડામરની ફેક્ટરી શરૂ કરી. સાથે ટ્રાન્સપોર્ટ અને બાંધકામનાં વ્યવસાયમાં જોડાયા. ચાર ભાઈઓનો પરિવાર સંયુક્ત કુટુંબમાં રહે છે. સામાજીક ક્ષેત્રે સક્રિય છે. છેલ્લા બે વર્ષથી રાજપૂત સમાજનાં પ્રેસિડેન્ટ તરીકે કાર્યરત છે. સમાજની વાડી બનાવવાનું કામ ચાલુ છે. શિક્ષણ માટે સમાજનાં અગ્રણીઓ સક્રિય રહે છે. મહારાણા પ્રતાપ જયંતિ અને દશેરાનો તહેવાર રાજપૂત સમાજ ધામધૂમથી ઉજવે છે. રાજપૂત સમાજ શૈક્ષણિક અને આર્થિક રીતે આગળ વધી રહ્યો છે.



જીવન સંદેશ @ આજીવન સ્વસ્થ રહેવાનું રહસ્ય

**એક** રાજા પ્રજાની સ્થિતિ જાણવા માટે રાત્રિનાં સમયે વેશ બદલીને ફરતો હતો, તેથી તે લોકોની સમસ્યાઓ અને જરૂરિયાતોને સારી રીતે સમજી શક્તો. એક વખત રાજાની નજર પાંચ વર્ષની બાળકી પર પડી. રાજાએ તેના આરોગ્યની પ્રશંસા કરી તો તેની વિધવા માતાએ કહ્યું કે 'તેના ભોજનને લઈને હું ત્રણ બાબતોનો ખ્યાલ રાખું છું. પ્રથમ હું એને કહું છું કે કઠોર પરિશ્રમ કર, મહેનત કરવાથી શરીર અને મન સ્વસ્થ રહે છે. બીજી વાત હું હંમેશા તેને ઘરનું ભોજન ખવડાવું છું અને ત્રીજી વાત મેં એને શીખવ્યું છે કે હંમેશા જરૂરિયાતથી વધારે અને ભૂખથી ઓછું ખાવું જોઈએ નહીં.' માતા પિતા બાળકોને શરૂઆતથી જ આરોગ્યનું શિક્ષણ આપવાનું શરૂ કરે તો ભવિષ્યમાં આ બાળકો સ્વસ્થ રહેશે અને સારા માણસ પણ બની શકશે.

### ઘનશ્યામસિંહ બહાદુરસિંહ ઝાલા

## રાજપૂત સમાજનાં હિતચિંતક

**એક** સરસ માન્યતા છે કે, 'પૈસા કરતાં સંસ્કાર હશે તો વ્યક્તિ કુટુંબને પ્રગતિનાં પંથે લઈ જશે.' આમ માનવીનાં જીવનમાં સંસ્કાર, ધર્મ વગેરે ગુણો ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. જેના ઉપર માનવીનાં આચાર વિચાર અને વ્યવહાર નભેલો છે. આવી જ રીતે ધાર્મિક અને સંસ્કારમયી માનવી જ્યારે રાજકારણમાં પ્રવેશે અને સામાજિક પ્રવૃત્તિ કરે ત્યારે સેવાની સાથે પોતાના વિચારોની સુંદરતાને કારણે પ્રજાલક્ષી કાર્ય માનવીય દૃષ્ટિથી સાર્થક કરે છે. આમ વ્યક્તિત્વમાં ધર્મ અને સંસ્કારનું પ્રતિબિંબ પડે છે. આવું સેવાભાવી પ્રતિબિંબ એટલે ઘનશ્યામસિંહ ઝાલા.

વતન સૌરાષ્ટ્રમાં આવેલું લીમડી ગામ. અભ્યાસ SSC સુધી કર્યો. સ્વર્ગીય પિતાશ્રી બહાદુરસિંહ જમીનદાર હતાં. માતુશ્રી બચુબા ધાર્મિક સ્વભાવનાં છે. પત્ની જોશનાબા આદર્શ ગૃહિણી છે. બે પુત્રો ભગીરથસિંહ અને નવદિપસિંહ ક્ષાત્ર સંસ્કારને ઊજાગર કરી રહ્યાં છે. સૌરાષ્ટ્રમાંથી વડોદરા આવી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય શરૂ કર્યો. તેમાં સફળતા મળતા બાંધકામક્ષેત્રે ઝંપલાવ્યું. પરિવહન ક્ષેત્રે શૂન્યમાંથી સર્જન કરીને સફળતા મેળવી છે. ભગીરથ રોડવેઝનાં નામે ચાલતી તેમની પેઢી ગ્રાહકોને સુદૃઢ સર્વિસ આપે છે. સમાજ સેવામાં તેઓ હંમેશા આગળ રહે છે. તેઓ લીમડીમાં રાજપૂત સમાજનાં ટ્રસ્ટી તરીકે નિઃસ્વાર્થ સેવા આપે છે. વડોદરા શહેરમાં નામના ધરાવતા ઘનશ્યામસિંહ ઝાલાનું રાજપૂત સમાજમાં મોટું યોગદાન છે. રાજકારણમાં રસ હોવાથી રાજકીય પ્રવૃત્તિમાં અવશ્ય ભાગ લે છે આથી ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજે શિક્ષણ ક્ષેત્રે અભિયાન ચલાવી સ્ત્રી શિક્ષણને મહત્ત્વ આપવું જોઈએ. વ્યસનો અને અંધશ્રદ્ધાથી સમાજ દૂર રહે તે જરૂરી છે. યુવાનો ભણે અને વ્યવસાય કરે તે આજની જરૂરિયાત છે.

દેવવ્રત



## નરેન્દ્ર મોદી

# ન અવગણી શકાય એવું નામ

આ માણસનાં નામની આગળ પાછળ કોઈ વિશેષણની જરૂર નથી. આ નામ હવે કોઈ ઓળખાણનું મોહતાજ નથી. તમે દેશનાં કોઈ પણ ભાગમાં હો, અરે પરદેશની ધરતી પર પગ મૂકીને કહો કે અમે ગુજરાતથી આવીએ છીએ એટલે સામેવાળી વ્યક્તિ તરત જ કહેશેઃ 'હેં, નરેન્દ્ર મોદીનું ગુજરાત?!' 17 સપ્ટેમ્બર, 1950નાં રોજ ઉત્તર ગુજરાતમાં વડનગર ખાતે માતા હીરાબાની કૂખે નરેન્દ્ર મોદીનો જન્મ થયો ત્યારે કદાચ વિધાતા પોતેય આ બાળકનાં ભાગ્ય લખતી વખતે ખુદ અચંબામાં પડી ગયાં હશેઃ 'એક માણસ ક્યારેય આટલા ધિક્કાર અને એટલા જ પ્રેમનો હકદાર બની શકે?' નરેન્દ્રભાઈની બાબતમાં એક અવલોકન બહુ જ સાચું છે કે તમે એમને કાં તો ભરપૂર નફરત કરી શકો, કાં તો અનહદ ચાહી શકો, પરંતુ તમે એમને અવગણી તો ન જ શકો!

7 ઓક્ટોબર, 2001થી આજ દી લગી ગુજરાતની ગાદી પર એકચક્રી શાસન ભોગવનારા નરેન્દ્ર મોદી મુખ્ય મંત્રી બન્યાં એ પહેલાં કુશળ સંગઠનકાર ગણાતા. સત્તામાં બેઠા પછી એ સવાયા એડ્મિનિસ્ટ્રેટર પુરવાર થયાં છે. પક્ષનો કાર્યકર્તા હોય કે સરકારનો અધિકારી, સામેવાળી વ્યક્તિને ઓળખવાની અને એની પાસેથી કામ લેવાની એમને ગજબની સૂઝ છે. અપ્રતીમ વક્તૃત્વ કલાથી એ લાખોની મેદનીને મંત્રમુગ્ધ કરી શકે છે. ગોધરાકાંડ પછીનાં કોમી રમખાણોને લઈને એમની વૈશ્વિક કક્ષાએ અતિશય વગોવણી થઈ, પણ પોતાની તરફ ફેંકાયેલા પથ્થરોમાંથી વિકાસની ઈમારત ચણીને એના પર પોતાના નામની તકતી મુકાવવાની કળા એમણે સાધ્ય કરી લીધી છે!

નરેન્દ્ર મોદીનું નામ આજે ગુજરાત સાથે સારી કે નરસી, પણ અભિન્ન રીતે જોડાઈ ચૂક્યું છે. કદાચ એ એમની સૌથી મોટી ઉપલબ્ધિ છે. તીવ્ર ટીકા સહન કરી છે તો અભૂતપૂર્વ લોકચાહના પણ એમણે પ્રાપ્ત કરી છે. નાનપણથીજ 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'માં જોડાઈને રાષ્ટ્રવાદની ઝોળી લઈને ઘરેથી નીકળી પડનારા નરેન્દ્રભાઈએ અત્યંત સંઘર્ષ કર્યો છે. અમદાવાદ એસટી સ્ટેન્ડ પર ચાની કીટલીએ કામ કરતાં સામાન્ય માણસની જિંદગીને નજીકથી જોઈ છે. સંઘનાં સ્વયંસેવક તરીકે રઝળપાટ કરીને ભારત શું છે એ સમજવાનો પ્રયત્ન કર્યો છે. હિમાલયની કંદરાઓમાં સાધુ સંતો વચ્ચે અડિંગો જમાવીને ભારતીય જીવનશૈલી અને ભારતીય સંસ્કૃતિનાં મૂળને જાણવાની મથામણ કરી છે. આજે ભારતનાં પ્રધાન મંત્રી તરીકે એ સામાન્ય માણસ, વેપારી, સામાજિક કે ધાર્મિક અગ્રણી, વિચારક, ઉદ્યોગપતિ, અધિકારી કે ટેકનોક્રેટ હોય બધાની સાથે તર્કબદ્ધ રીતે વાત કરી શકે છે. પોતાની વાત શીરાની જેમ સડસડાટ ગળામાં ઉતરાવી શકે છે અની પાછળ આ સંઘર્ષ અને મથામણનો નિચોડ છે. અનુભવનાં આ જ ભાથાએ એમને તીક્ષ્ણ ગ્રહણશક્તિ, લોકમાનસની પરખ અને અદ્‌ભુત વક્તૃત્વ કળાની ભેટ આપી છે. રાજકારણનાં આટાપાટાની સૂઝ અત્યંત શાર્પ છે અને એટલે જ એ કોઈ પણ આફતને રાજકીય અવસરમાં પલટાવી શકે છે. ગુજરાતની રાજકીય લેબોરેટરીમાં એમણે રાજકારણ અને વહીવટનાં અનેક નવા પ્રયોગ કર્યા છે ને આ પ્રયોગ થકી ભારતીય રાજકારણમાં પોતાનું અલગ સ્થાન બનાવ્યું છે. ટેકનોલોજી સેવી નરેન્દ્ર મોદી હંમેશાં આવિષ્કારને પહેલેથી પારખી લે છે. મુખ્યમંત્રી તરીકે લોકપ્રિયતાનો જુવાળ સર્જવામાં અને એ ટકાવી રાખવામાં એમણે સોશિયલ મિડિયાનો ઉપયોગ કર્યો છે એ અન્ય કોઈ પણ ક્ષેત્રનાં લોકો માટે ઉદાહરણીય છે. ગુજરાતનાં નાનકડા ગામમાં સામાન્ય પરિવારમાં જન્મેલા એક છોકરાએ પોતાની જાતમહેનતથી આજે ભારતનાં વડા પ્રધાન સુધીની સફર ખેડી બતાવી છે.



**જન્મ** : 21 નવેમ્બર, 1941
**શિક્ષણ** : MSc, BEd, MEd [ ગોલ્ડ મેડલિસ્ટ ]
**પરિવાર** : જેઠાભાઈ પટેલ [પિતા, ખેડૂત],
મફતભાઈ પટેલ [પતિ], એક પુત્ર અને એક પુત્રી

## ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ

# બાહોશ, નીડર અને આખાબોલું વ્યક્તિત્વ

નરેન્દ્ર મોદીનાં વડાપ્રધાન બનવાના પગલે ગુજરાતમાં નવા નેતા તરીકે ભાજપે આનંદીબહેન પટેલને સર્વાનુમતે પસંદ કરતાં જ રાજ્યનાં 53 વર્ષનાં ઈતિહાસમાં પહેલી વખત એક મહિલા મુખ્યમંત્રી મળ્યાં છે. 1987થી ભારતીય જનતા પક્ષનાં સભ્ય આનંદીબહેન વિષે સામાન્યપણે એવું કહેવાય છે કે તેઓ એકદમ અતડા, અંતર્મુખી અને સ્વભાવે આખાબોલા છે. વિરોધીઓ તેમના સ્વભાવને તોછડાઈમાં ખપાવે છે. આનંદીબહેનનાં પરિવારજનો દ્રઢપણે માને છે કે દસ ભાઈ બહેનોનાં રૂઢિચુસ્ત ખેડૂત પરિવારમાં માતાનાં આગ્રહથી શિક્ષણનાં પાયે ભવિષ્ય ઊજળું બનાવવાનાં ધ્યેયને સાકાર કરવા આનંદીબહેને 'સ્વ નિયંત્રિત શિસ્ત'ને ગુરુમંત્ર બનાવ્યો છે.

મૂળ ઉત્તર ગુજરાતનાં વિસનગરમાં છ દીકરીઓ અને ચાર પુત્રોનાં પરિવારમાં ઉછરેલા આનંદીબહેનને માતા મેનાબહેને નાનપણથી ચોખ્ખું કહી દીધેલું કે, સમાજમાં સ્ત્રીનું જીવન કષ્ટદાયક છે. શિક્ષણનો માર્ગ છોકરી માટે ભવિષ્ય ઊજળું બનાવશે. બસ ત્યારથી તેમણે માત્ર ભણતરમાં ધ્યાન કેન્દ્રીત કરેલું. વિસનગરમાં એ સમયે સો એકર જમીનની ખેતી પર નિર્ભર પરિવારની આ પુત્રી નાનપણથી એકદમ નીડર અને બાહોશ હતી. તેમના આ સ્વભાવનાં કારણે તેઓ જ્યારે અમદાવાદની કન્યા વિદ્યાલયનાં શિક્ષક તરીકે સ્કૂલની વિદ્યાર્થીનીઓને સરદાર સરોવરનાં પ્રવાસે લઈ ગયાં ત્યારે બે વિદ્યાર્થીનીઓને તેમાં ડૂબતી જોઈ કશું વિચાર્યા વિના તેમાં ઝંપલાવી બંનેને બચાવી. આ માટે કેન્દ્ર સરકારે તેમને વીરતા પુરસ્કારથી નવાજેલા. આનંદીબહેનનાં નીડર અને બાહોશ સ્વભાવે જ તેમની રાજકીય કારકિર્દીને તેજ ગતિએ આગળ વધારવામાં મદદ કરી. 1987માં ભાજપનો ગુજરાતમાં વ્યાપ વધારવા મહિલાઓને આકર્ષવાની તાતી જરૂર પડી. આ સમયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ગુજરાત પ્રદેશનાં બે પ્રખર પ્રચારકો શંકરસિંહ વાઘેલા અને નરેન્દ્ર મોદીને જવાબદારી સોંપેલી. આનંદીબહેનનાં પતિ મફતભાઈ તે સમયે સંઘનાં સક્રિય કાર્યકર હતાં. તેમની પ્રેરણાથી બાપુ અને મોદી સાથે આનંદીબહેનની પ્રથમ મુલાકાત યોજાઈ. બંને પ્રચારકોને એક અભ્યાસુ અને શિક્ષિત મહિલાની ખોજ હતી તે જાણે પૂરી થઈ. આનંદીબહેનને ગુજરાત ભાજપ મહિલા મોરચાનું કામ સોંપાયું અને તેમની રાજકીય કારકિર્દીનો આરંભ થયો.

'એ સમયે સંઘનાં પ્રચારકો જ્યાં પણ જતાં ત્યાં હોટેલમાં નહીં, પરંતુ લોકોનાં ઘરે જમતા. કેશુબાપા, શંકરસિંહ વાઘેલા અને નરેન્દ્ર મોદી જ્યારે પણ અમદાવાદ આવે ત્યારે અમારે ત્યાં જમતા,' તેમનો પુત્ર સંજય આ વાત અત્યંત ગર્વભેર કહે છે. યોગાનુયોગ એવો બન્યો કે, જે ત્રણ નેતા તેમને ત્યાં જમતા અને જેમણે આ ત્રણેને રાંધીને જમાડ્યા તે ચારેય નેતાઓ કાળક્રમે રાજ્યનાં મુખ્યમંત્રી બન્યાં. આનંદીબહેનની નીડરતાનો પરચો ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીને 1991માં થઈ ગયો, જ્યારે મુરલીમનોહર જોષીની આગેવાની હેઠળ કન્યાકુમારીથી કાશ્મીર સુધીની એકતા યાત્રા જમ્મુ પહોંચી અને ભારે અવરોધો છતાં ત્યાં ભારતનો ત્રિરંગો લહેરાવ્યો ત્યારે એ સમયે એકમાત્ર મહિલા આનંદીબહેન પટેલ હતાં.




**આનંદીબહેન સામે કોઈ પોલ ચાલતી નથી.**

**તેમની નજર ચકોર છે, તેઓ સખત ટાસ્ક માસ્ટર છે .**

# મોદીએ આ પટલાણીનાં પાવરને પારખ્યો

જર્મન ફિલસૂફ નિત્સેને અસાધારણ સ્ત્રી વિષે કહ્યું કે "સ્ત્રી એ ભગવાનની બીજી ભૂલ છે." તો પછી પહેલી ભૂલ કઈ? તો નિત્સએ કહ્યું "પહેલી ભૂલ એ કે તેણે સ્ત્રીને બહાદુર બનાવી. કાઠિયાવાડી ભાષામાં ખરો ભાયડો બનાવી." કેટલાક મોદીનાં ચાહક કહે છે કે "ગુજરાતનો સિંહ દિલ્હી ગયો, તો ગુજરાતમાં કોને મૂકતો ગયો? આનંદીબહેન પટેલ વિષે જે વાંચ્યું તે જાણીને મેં કહ્યું કે મોદી માત્ર શેર હતાં હવે સવાશેરની મૂકી ગયાં છે. ગામડામાં ભણીને તે માસ્તરાણી થયાં ત્યારે તે કડકમાં કડક માસ્તરાણી હતાં. ડો. મિનેન્ડરની વ્યાખ્યા યાદ આવે છે. "આજે જમીન ઉપર ઘણાં કરડકણા પ્રાણી હોય છે. દરિયામાં તો ફાડી ખાય તેવા જળચર પ્રાણી હોય છે. સૌથી વધુ ફાડી ખાનારી તો અમુક સ્ત્રી હોય છે." હવે આડી અવળી પ્રશંસા કરવાને બદલે આનંદીબહેન કોણ છે તે વાંચો.

ઉત્તર ગુજરાતનાં મહેસાણા જિલ્લાનાં ખારોદ ગામમાં આ બહાદુર નારીનો જન્મ થયો. ગાંધીનગરથી એ ગામ 60 કિમી છે. તમે કહેશો કે આ 60 કિમીનું અંતર કાપતાં એટલે કે ખારોદથી ગાંધીનગરનાં સચિવાલય સુધીની પોલિટિકલ જર્નીમાં 57 વર્ષ લાગ્યાં. વિદ્યાર્થીની હતાં ત્યારે આનંદીબહેનને રાજકારણમાં આવવું નહોતું. તેમને તો અબળા સ્ત્રીને સબળા બનાવવી હતી. આનંદીબહેન એ દિવસો યાદ કરતાં કહે છે કે સાયન્સ એન્ડ આર્ટ્સ કોલેજમાં હું એકમાત્ર સ્ત્રી વિદ્યાર્થી હતી. મને કોલેજનાં એક સાહેબે કહ્યું કે, ગામડામાં જા અને છોકરીઓને ભણતરનું મહત્ત્વ સમજાવ. છોકરીઓનાં હાથમાં જ્ઞાનની જાદુઈ લાકડી આવશે તો જ પુરુષો ડરશે. તેમણે વિધવા, સધવા કે વરનાં ત્રાસવાળી સ્ત્રીને બળવાન બનાવવાનો સંકલ્પ કર્યો. શરૂમાં તેઓ કન્યા વિદ્યાલયમાં શિક્ષિકા બન્યાં. તેમણે કેટલીય છોકરીને બહાદુર બનાવી. તળાવમાં જે કન્યા તણાતી હતી તેને કછોટો મારીને તરીને બચાવી. આનંદીબહેને તેમના ગામમાં 10 વર્ષની બાલિકાનાં ચાઈલ્ડ મેરેજ અટકાવ્યાં. આનંદીબહેન રાજકારણમાં કેમ આવ્યાં? 1985-87માં ગુજરાત કચ્છમાં સખત દુષ્કાળ પડ્યો. તેમણે સખત દુષ્કાળની અસર હતી ત્યાં યાત્રા કરી, ત્યારે તેઓ ઓલરેડી ભારતીય જનતાપાર્ટીનાં સભ્ય હતાં. ભાજપમાં ગુજરાત વીમેન્સ વિંગ હતી, ત્યાં કાગડા ઉડતા હતાં. પોતે વીમેન્સ વિંગનાં પ્રમુખ બન્યાં અને ઊંઘતી વીમેન્સ વિંગને એક્ટિવ બનાવી. પોતાની હિંમત બતાવવા તેમણે 22 વર્ષ પહેલાં શ્રીનગરનાં લાલ ચોકમાં પ્રજાસત્તાક દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. રાજ્ય વિધાનસભા માટે ચૂંટણી લડવાનું કહેવાતા 1998માં ચૂંટણી લડ્યાં અને કેશુભાઈની સરકારમાં પ્રધાન બન્યાં. ગુજરાત વિધાનસભામાં તેઓ એક માત્ર મહિલા સભ્ય હતાં. મોદીએ આ પટલાણીને કેમ એકાએક મુખ્યપ્રધાન તરીકે પસંદ કર્યા? અમિત શાહ, નીતિન પટેલ કે સૌરભ પટેલ એ બધાં મોદીનાં આદમીઓ છે, પણ મોદીને મજબૂત બનાવનારા પાછલે બારણેથી અમિત શાહની સાથોસાથ આનંદીબહેન હતાં તેમ 'બિઝનેસ સ્ટાન્ડર્ડ' કહે છે. વળી આનંદીબહેન દિલ્હી ગયેલા મોદીનાં સંપર્કમાં રહેશે. મોદી ગુજરાતને રેઢું નહીં મૂકે. આનંદીબહેન સામે કોઈ પોલ ચાલતી નથી. તેમની નજર ચકોર છે. તેઓ સખત ટાસ્ક માસ્ટર છે એટલે કે પાકા માસ્તરાણી છે. મોદીની સરકારમાં આનંદીબહેન પાસે ઘણાં ખાતાઓ હતાં. રેવન્યું, રસ્તા અને બાંધકામ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને શહેરી વિકાસ વગેરે. BBC કહે છે કે "આનંદીબહેન વિલ બી બિઝનેસ ફ્રેન્ડલી ચીફ મિનિસ્ટર, એક્ઝેક્ટલી લાઈક મોદી". મોદી જ્યારે બહારગામ હોય ત્યારે વર્ચ્યુઅલ ચીફ મિનિસ્ટર આનંદીબહેન હોય. તેમનો પ્રધાન તરીકે ક્લિન ટ્રેક રેકોર્ડ છે. ભ્રષ્ટાચાર જેવું નામ તે જાણતા નથી. આનંદીબહેનનાં પ્રોફાઈલની કેટલીક નોંધી લેવા જેવી વાતો. 21 નવેમ્બર 1941માં જન્મેલા આનંદીબહેનનાં પિતા જેઠાભાઈ પટેલ કન્યા કેળવણીમાં માનતા હતાં. આનંદીબહેન સ્કૂલમાં ગયાં ત્યાં 700 છોકરાઓ વચ્ચે તેઓ એકલા છોકરી હતાં. એવી જ રીતે સાયન્સ કોલેજમાં પણ તેઓ એકલા છોકરી હતાં. પરણ્યા પછી આનંદીબહેને ભણવાનું ચાલું રાખ્યું. તેમના પતિ મફતભાઈ પટેલ સાથે તે અમદાવાદ આવ્યાં અને સાયન્સની માસ્ટર ડિગ્રી બાળકો થયાં પછી મેળવી. આનંદીબહેન પટેલે બે છોકરીને મરતી બચાવી પછી તેના તરફ ભાજપનું ધ્યાન ગયું. આનંદીબહેનનાં પતિ સાયકોલોજીનાં પ્રોફેસર હતાં. કેશુભાઈ પટેલ 1998માં ચીફ મિનિસ્ટર તરીકે સત્તાની પકડ ગુમાવતા હતાં ત્યારે મોદીએ મોકો પારખ્યો અને આનંદીબહેનનાં સહકારથી ગુજરાતમાં પગદંડો જમાવ્યો. "મોદીએ આ પટલાણીનાં પાવરને પારખ્યો." તમે માનો કે ન માનો મોદીને ગુજરાતમાં રહેવું નહોતું. તેની નજર દિલ્હી તરફ અને આનંદીબહેને મુખ્યપ્રધાન બનાવવાની હતી. આનંદીબહેન બહુ ઓછું બોલે અને ભાગ્યે જ હસે છે. મોદી RSSનાં પ્રચારક હતાં ત્યારે આનંદીબહેન મોદી કરતાં બધી બાબતમાં સ્થિર અને કૃત નિશ્ચયી હતાં. દરેક બાબતનાં આઈડિયા અને રાજકીય ગૂંચોમાં આનંદીબહેન મદદ કરતાં. મોદી એકાએક ધાર્મિક બન્યાં, પણ આનંદીબહેન મા અંબાનાં પહેલેથી ભક્ત છે.

## આનંદીબેનનું મંત્રીમંડળ

**કેબિનેટ કક્ષાનાં મંત્રીઓ**

1. **આનંદીબેન પટેલ** : ગૃહ, મહેસૂલ અને માહિતી પ્રસારણ
2. **નીતિન પટેલ** : આરોગ્ય અને માર્ગ મકાન
3. **રમણલાલ વોરા** : સામાજિક ન્યાય અધિકારિતા
4. **ભુપેન્દ્ર ચુડાસમા** : શિક્ષણ અને નાગરિક પુરવઠો
5. **સૌરભ પટેલ** : નાણાં, ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ
6. **ગણપત વસાવા** : વન પર્યાવરણ અને સંસદીય બાબતો
7. **બાબુ બોખિરિયા** : જળસંપત્તિ, કૃષિ અને સહકાર

**રાજ્ય કક્ષાનાં મંત્રીઓ**

01. **દિલીપ ઠાકોર** : શ્રમ અને રોજગાર
02. **વસુબેન ત્રિવેદી** : મહિલા અને બાળ કલ્યાણ
03. **પ્રદિપસિંહ જાડેજા** : કાયદો અને ન્યાય
04. **છત્રસિંહ મોરી** : અન્ન નાગરિક પુરવઠા
05. **જયદ્રથસિંહ** : માર્ગ મકાન અને પાટનગર આયોજન
06. **રજનીકાંત પટેલ** : ગૃહ અને સરહદી સુરક્ષા
07. **નાનુ વાનાણી** : રમત ગમત અને પ્રાથમિક શિક્ષણ
08. **જયંતિ ક્વાડિયા** : પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ
09. **શંકર ચૌધરી** : આરોગ્ય અને પરિવાર કલ્યાણ
10. **તારાચંદ છેડા** : કુટિર ઉદ્યોગ અને ગૌસંવર્ધન
11. **જયેશ રાદડિયા** : પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન
12. **બચુભાઈ ખાબડ** : પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ
13. **કાંતિભાઈ ગામિત** : આદિજાતિ વિકાસ
14. **ગોવિંદભાઈ પટેલ** : કૃષિ અને પાણી પુરવઠો

### રોયલ રાજપૂત રાજનાથ સિંહ

## પાવરફુલ રાજનાથને રાજકીય મહત્ત્વાકાંક્ષા નથી

આપણને ખબર નથી કે નેપોલિયન કેટલો પાવરફુલ હતો, છતાં તેની પ્રેમિકા સમક્ષ તદ્દન પાવરલેસ હતો. આજે નરેન્દ્ર મોદી પાવરફુલ છે, પણ અમુક બાબતોમાં પાવરલેસ છે. હીરોડોટ્સ નામના વિદ્વાને કહેલું કે, "માણસને સૌથી વધુ શું પીડે છે? તે જાણે છે છતાં કંઈ જ કરી શકતો નથી." પ્રમુખ કેનેડીથી માંડીને મોટાભાગનાં પ્રમુખો આવી રીતે પાવરફુલ હતાં. યુદ્ધ કરી બેસતા, પણ ઘરમાં પાવરલેસ હતાં. આજે રાજનાથસિંહ નામના ભાજપનાં રાજપૂતને યાદ કરું છું ત્યારે ઉપરની ઉક્તિઓ યાદ આવે છે. નરેન્દ્ર મોદીએ રાજનાથસિંહને ગૃહપ્રધાન બનાવ્યાં છે. રાજનાથસિંહ રાજપૂત લોહીનાં સીધાસાદા માણસ છે. આખરી લડાઈ લડી શકે છે, પણ કાવાદાવા કે મોદી જેવી સ્ટ્રેટેજી કરી શક્તા નથી. આ રાજનાથસિંહ કોણ છે? રાજનાથસિંહનાં જીવનમાં તમને રોમાંચ કે ઉત્તેજીત કરે તેવું કાંઈ નથી, કારણ કે તેમનું જીવન સીધું સાદું છે. આમ તો તેઓ ઓફિશિયલ કુંડળી પ્રમાણે 10 જુલાઈ 1951માં જન્મ્યા છે, તેથી 63 વર્ષનાં છે પણ જ્યોતિષીઓની જન્મ તારીખ પ્રમાણે તેઓ 13 ફેબ્રુઆરી 1950માં જન્મ્યા છે એટલે કે 64 વર્ષનાં છે. તેઓ રાજપૂત છે તેથી રાજ કરી શકે તેવું તેમનું ભેજું છે પણ કોઈ મહત્ત્વાકાંક્ષા નથી. તેઓ એકદમ શુદ્ધ હિન્દી બોલે છે. તેઓ જન્મનાં ગ્રહોમાં માને છે. મોદીની કુંડળી જોવરાવીને તેમને ટેકો આપેલ છે. તેઓ નિર્ણયો લીધા પછી તેને બદલતા નથી. રાજપૂત સ્વભાવ તેઓ ખરે સમયે બતાવે છે. સમય આવ્યે તેઓ મોદીને તેમનો મૂળ સ્વભાવ બતાવશે. તમામ રાજકીય વિરોધ પક્ષો સાથે તેમને દોસ્તી છે. રાજનાથ સિંહ થોડાક ફિલોસોફર પણ છે. લગભગ 10 વર્ષ પહેલાં રાજનાથસિંહે ઉત્તરપ્રદેશમાં મુખ્ય પ્રધાનપદ ગુમાવ્યું ત્યારે દિલ્હીમાં અશોક રોડ ઉપરનાં નિવાસસ્થાનમાં તેઓ એકલા રહેતા હતાં. પલાંઠીવાળીને પોતાની દાઢી જાતે કરતાં હતાં. એક પત્રકારને ફિલોસોફરની જેમ કહ્યું કે, "જીવનમાં સમય કદી એકસરખો રહેતો નથી." જોકે તેમની માન્યતા પ્રમાણે તેઓ કાળક્રમે ભારતીય જનતા પક્ષનાં પ્રમુખ 2005થી 2009 સુધી રહ્યાં. પાછા 2013માં પ્રમુખ રહ્યાં અને પ્રમુખપદ હેઠળ તેમણે ભાજપને ચૂંટણી જીતાડીને મોદીને વડાપ્રધાન બનાવ્યાં. રાજનાથસિંહે મોદીને વડાપ્રધાન બનાવવા પક્ષનાં ઘણાં લોકોને નાખુશ કર્યા. પછી બધાં ઢીલા થઈ ગયાં, કારણ કે તેમણે વાપરેલું મોદી કાર્ડ પાવરફુલ સાબિત થયું. સમાધાન કરવામાં પાક્કા છે. રાજકીય કટોકટી આવે ત્યારે રાજનાથસિંહ એસ્ટ્રોલોજીનું જ્ઞાન વાપરે છે. તેમની પત્ની સાવિત્રી દેવી તેમજ પુત્ર પુત્રી ઘણું ભણેલાં છે. એટલી હદે કે પુત્ર પંકજસિંહ ભાજપ પ્રદેશનાં જનરલ સેક્રેટરી છે. લખનૌની આ વખતની ચૂંટણીમાં તેમણે અટલ બિહારી વાજપેયી કરતાં વધું મતો મેળવ્યાં હતાં. તેમના પિતા રામબદનસિંહ ખેડૂત હતાં. માતાનું નામ ગુજરાતી દેવી હતું. તેઓ રાજપૂત પરિવારનાં ખેડૂત હતાં. જેમ ઘણાં ખેડૂતોનાં દીકરા ભણે છે તેમ રાજનાથસિંહ પણ ભણ્યાં. ગોરખપુર યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી મેળવી. કોણ જાણે તેમને 13 વર્ષની ઉંમરે 1964માં RSSનું આકર્ષણ થયું. મિરઝાપુરની કોલેજમાં તેઓ ફિઝિક્સનાં પ્રોફેસર હતાં ત્યારે મિરઝાપુરમાં ભારતીય જનસંઘ પાર્ટીનાં સચિવ બન્યાં. તેમનું હિન્દુત્વ મોદી જેટલું જ સ્ટ્રોંગ છે. 24 વર્ષની યુવાન વયે રાજનાથસિંહ જનસંઘનાં જિલ્લા પ્રમુખ નીમાયા. તેઓ એજ્યુકેશન મિનિસ્ટર બન્યાં ત્યારે રાજપૂત રાજા જેવો સ્વભાવ રાખીને પરીક્ષામાં કોઈ વિદ્યાર્થી કોપી કરે તો જામીન વગર તેને અટકમાં લઈ લેતાં. તેમણે યુનિવર્સિટીમાં વૈદિક મેથેમેટિક્સ દાખલ કર્યું! વાજપેયીની સરકાર આવી ત્યારે તેમણે ભારતીય અર્થતંત્રને ખાડે જતું જોયું. તે વખતે કિસાન કોલ સેન્ટરો, ફાર્મ ઈન્કમ ઈન્સ્યોરન્સ તેમજ ખેડૂતોને મળતી લોનો ઉપર ઓછા વ્યાજની સ્કીમ શરૂ કરી. આજે ભાજપનાં સભ્યો રામ મંદિરનો પ્રોજેક્ટ લગભગ ભૂલી ગયાં હશે, પણ રાજનાથસિંહે તેમના મનમાં ભંડારેલો છે. ગમે ત્યારે તેઓ રામ મંદિર બનાવશે.






રવિન્દ્ર જાડેજા

## રનનું રમખાણ... બોલની બઘડાટી

ભારતીય ક્રિકેટની ક્ષિતિજ પર એક રવિન્દ્રનો ઉદય થયો. જેનો પ્રકાશ દેશ વિદેશમાં ફેલાઈ ગયો. જે જામનગરે રણજી, દુલિપસિંહ, વિનુ માંકડ, સલીમ દુરાની કે અજય જાડેજા જેવા ક્રિકેટર્સ દુનિયાને આપ્યાં એ જ ધરતી પરથી રવિન્દ્ર અનિરુદ્ધસિંહ જાડેજાએ પણ ક્રિકેટનાં મેદાનમાં પદાર્પણ કર્યું. પછી તો પિચ પર એવો ટકી ગયો કે આ સૌરાષ્ટ્રનાં જુવાનને ક્રિકેટનાં ભલભલા ખેરખાં જોતા રહી ગયાં. સ્થાનિક સ્તરેથી માંડી આંતરરાષ્ટ્રીય સ્તરે રવિન્દ્રએ જબરદસ્ત દેખાવ કર્યો છે. એટલે જ 'ટીમ ઈન્ડિયા'નાં કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ હળવાશમાં એને 'સર'નો ઈલકાબ આપ્યો છે. એનું બેટ બરાબર બોલે છે અને સ્લો લેફ્ટ આર્મ ઓર્થોડોક્સ બોલિંગમાં ભલભલા ખેલાડી થાપ ખાઈ જાય છે. એ સારો ફીલ્ડર પણ છે. લાંબા સમય પછી ભારતને એક અચ્છો ઓલરાઉન્ડર મળ્યો છે. ચોવીસ વર્ષનાં આ બાપુએ શિખર ધવનની જેમ એની મૂછોને તાવ દઈ શકે એવો દેખાવ કર્યો છે. 6 ડિસેમ્બર, 1988નાં રોજ જન્મેલા રવિન્દ્ર જાડેજાએ 2005માં 16 વર્ષની વયે અન્ડર 19 ટીમમાં રમ્યા પછી 2006-07માં 'દુલિપ ટ્રોફી' સાથે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમવાની શરૂઆત કરી. 'રણજી ટ્રોફી'માં સૌરાષ્ટ્રની ટીમનો તે હિસ્સો બન્યો. 2008માં શ્રીલંકા સામે રવિન્દ્ર એની પ્રથમ વન ડે ઈન્ટરનેશનલ મેચ રમ્યો. 2012માં એણે ભારતીય ક્રિકેટ ટીમનાં ટેસ્ટ પ્લેયર તરીકે રમવાનું સપનું સાકાર કર્યું. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ત્રણ ત્રેવડી સદી ફટકારી હોય એવો ભારતનો એ પ્રથમ અને વિશ્વનો આઠમો ખેલાડી છે. ડોન બ્રેડમેન અને બ્રાયન લારા જેવા દિગ્ગજોવાળી યાદીમાં એનું નામ સોનેરી અક્ષરોથી લખાઈ ગયું છે. 'IPL'માં 'ચેન્નઈ સુપરકિંગ્સ'નો મહત્ત્વનો હિસ્સો બનેલ રવિન્દ્ર જાડેજા સુનીલ ગાવસ્કરને યુવા ખેલાડીઓનો રોલ મોડેલ ગણાવે છે. ટૂંકમાં જામનગરનો આ બાપુ લાંબી રેસનો ઘોડો છે!

પ્રિયા

# તાજ મહલ નહીં પણ... બોલો તેજ મહા આલય

**તાજ મહલ એ મોગલ સ્થાપત્ય નથી કે નથી શાહજહાંએ મુમતાઝની યાદમાં બનાવેલ મકબરો. હકીકતમાં આ હિન્દુ રાજ પરિવારનો મહેલ છે એટલે કે એક ભવન અને મંદિર પણ છે. પ્રસ્તુત લેખ પુરુષોત્તમ નાગેશ ઓકનાં પુસ્તક "તાજ મહલ મંદિર ભવન હૈ" માંથી સંકલિત છે.**



ભારતનાં પ્રસિધ્ધ ઈતિહાસકાર પી. એન. ઓકે વર્ષોનાં સંશોધનનાં આધારે હિન્દુ સમાજ સામે એક હકીકત રજુ કરી છે. તાજમહલ મોગલ સ્થાપત્ય કે મકબરો નથી. હકીકતમાં આ હિન્દુ રાજ પરિવારનો એક મહેલ અને મન્દિર છે. છેલ્લા 300 વર્ષોથી ચાલી રહેલી શાહજહાં અને તાજમહેલની આખી વાર્તા કપોળકલ્પિત છે. સત્ય હકીકત નથી. આ લેખમાં અનેક પ્રમાણભૂત સંદર્ભો દ્વારા સંબંધિત વિગતો સ્પષ્ટ કરવામાં આવી છે.

➤ શાહજહાનાં દરબારી ઈતિહાસકાર દ્વારા રચિત "બાદશાહનામા" માં સ્પષ્ટ સ્વીકાર કરેલ છે કે તાજ મહલ એ હિન્દુ મહેલ છે.

➤ 'એન્સાઈક્લોપીડિયા બ્રિટેનિકા'માં નોંધાયેલું છે કે તાજમહેલ પરિસરમાં અશ્વશાળા, અતિથિગૃહ અને પહેરેદારનાં ઓરડાઓ છે.

➤ નુરુલ હસન લિખિત પુસ્તકમાં સ્વીકૃતિ મળે છે કે મુમતાઝને દફનાવવા હિન્દુ રાજ મહેલ પર બળજબરીથી કબજો કરવામાં આવ્યો હતો.

➤ શાહજહાનો પાંચમી પેઢીએ પૂર્વજ એવો બાબર, મુમતાઝ મરી એ પહેલા 100 વર્ષ અગાઉ આ તાજમહેલમાં રહેતો હતો. વિસેંટ સ્મિથે નોંધ્યુ છે કે બાબરનું મૃત્યુ તાજ મહેલમાં થયેલું.

અનેક પુરાવા અને વિધાનોથી સાબિત થાય છે કે તાજમહેલનાં કણે કણનું નિર્માણ પ્રાચીન હિન્દુ વાસ્તુકલા અનુરૂપ, હિન્દુઓ દ્વારા અને હિન્દુઓ માટે થયેલુ છે. આ પુસ્તકમાં સંકેત મળે છે કે તાજમહેલનું મૂળ નામ 'તેજ મહા આલય' હતું. જેનું નિર્માણ સને 1155-56માં થયેલું. શું કોઈ રાજા ઓરડાઓ બનાવી, સજાવટ કરી પછી તેને હંમેશ માટે સીલ કરી દે? તાજમહેલનાં અનેક ભાગો આ રીતે વર્ષોથી બંધ છે. જ્યાં કોઈપણ મુલાકાતી જઈ શકતા નથી. શાહજહાં, મુમતાઝ , તાજમહેલ અને મકબરા સંબંધી બિનસંગત વિગતો છેલ્લા ત્રણસો વર્ષોથી ચાલી આવી છે. અનેક માધ્યમો, પુસ્તકો અને દસ્તાવેજો કોઈપણ પ્રકારનાં મજબૂત પુરાવા વગર લખ્યે જાય છે.

➤ તાજમહેલનું મૂલ્ય 40 લાખથી 1 કરોડ વચ્ચે હોય શકે.

➤ તુર્કી, ઈટાલિયન, ઈરાની કે કોઈપણ દેશનો શિલ્પકાર હોઈ શકે.

➤ નિર્માણ સમય કોઈ કહે દશ વર્ષ, તો કોઈ કહે બાવીસ વર્ષ.

➤ બેગમનાં મર્યા પછી છ મહિને કે વરસે તેને દફનાવી હશે.

ઈતિહાસકારો અભ્યાસબાદ એક નિષ્કર્ષણ પર આવ્યાં છે કે રાજા અતિશયોક્તિપૂર્ણ પ્રશંસામાં આંકડા અને વિગતો વધારીને કહેવાની નબળાઈ ધરાવે છે. સર ઈલિયટ, ડૉ. ટેસીટોરી અને ડૉ. સેન જેવાં લબ્ધ પ્રતિષ્ઠત ઈતિહાસકારોએ નોંધ્યુ છે કે મુસ્લિમ ઈતિહાસ અને લેખ અવિશ્વસનીય છે.

**તાજ સંબંધી તથ્યો તપાસીએ**

'અકબરનામા' ની જેમ શાહજહાંએ પોતાના દરબારી લેખક અબ્દુલ હમીદ લાહૌરી દ્વારા 'બાદશાહનામા' એટલે કે દરબારી ઈતિહાસ લખાવેલો, જેમાં સ્પષ્ટ નોંધ્યુ છે કે મહાનગર એટલે કે રાજધાની. આગ્રાની દક્ષિણમાં ભવ્ય તેમજ સુંદર લીલાછમ બાગ વડે ઘેરાયેલું ભવન જે રાજા 'માનસિંહ પ્રાસાદ'નાં નામથી જાણીતું હતું. જે હાલ રાજા માનસિંહનાં પૌત્ર જયસિંહનાં અધિકારમાં છે. તે મહેલ બેગમને દફનાવવા માટે પસંદ કરવામાં આવ્યો. ઉપરોક્ત વર્ણન પ્રમાણે હાલનો તાજમહેલ પૂર્વે હિન્દુ રાજ મહેલ હતો. જે રાજા માનસિંહને ઉતરાધિકારીમાં મળ્યો. આ મહેલ શાહજહાંની નજરમાં આવી જતાં તેણે રાજા માનસિંહનાં પૌત્ર જયસિંહ પાસેથી પડાવી લીધેલ.

મુસ્લિમ અક્ષરો દ્વારા હિન્દુ ભવનોને કલાનાં નામે વિકૃત કરવાની પ્રવૃતિ શાહજહાંની અને તેનાં પુર્વજોની જુની વૃતિ હતી. અજમેરમાં 'અઢાઈ દિનકા ઝોંપડા' જે વિગ્રહરાજ વિશાલદેવનાં મહેલનો એક ભાગ હતો એના પર મુસલમાની અક્ષરો અંકિત છે. કુતુબમિનાર પ્રાચીન હિન્દુ વેધશાળાનો દિશા સ્તંભ છે તેને પણ ઈસ્લામી કલાકૃતિનો નમુનો ગણવામાં આવ્યો. એજ રીતે હુમાયુ, સિકંદર ગંજ અને અકબરનાં મકબરા વિશે પણ આવું જ કહેવામાં આવે છે. ખરેખર તો એ બધાં જ રાજપૂત મહેલો હતાં. શાહજહા એ પૂર્વજોની વિકૃત પરંપરા આગળ વધારી અને શાસકીય અત્યાચારની પરાકાષ્ઠા સમાન રાજા જયસિંહનાં આગ્રા સ્થિત મહેલ ઉપર દાનત બગાડી. આ મહેલ તેણે રાજા જયસિંહ પાસેથી આંચકી લીધો.

બાદશાહ શાહજહાની બેગમનું મૃત્યુ બુરહાનપુરમાં સને 1629-32 ની વચ્ચે થયુ, જ્યાં એક બાગમાં તેનું શબ દફનાવવામાં આવ્યું. છ મહિના પછી શબને આગ્રા લાવવામાં આવ્યું, જયાં રાજ્યાધિકૃત માનસિંહનાં મહેલમાં ગુમ્બદની નીચે ફરી દફનાવવામાં આવ્યું. એટલે કે મહેલ હડપ કરી લીધા પછી મુમતાઝનું શબ બુરહાનપુરથી 600 માઈલ દૂર આગ્રામાં ફરીથી દફનાવવામાં આવ્યું. અહીં શાહજહાની તાજમહેલ હડપ કરી લેવાની મુરાદ છતી થાય છે. તેથી તેણે એકબાજુ શબ આગ્રા મગાવી લીધું અને બીજી બાજુ પગારદારોએ રાજા જયસિંહ પર મહેલ સોંપવા દબાણ ચાલુ રાખ્યું. અંતે શાહજહાનો વધુ એક શાસકીય અત્યાચાર સફળ થયો. શાહજહાએ ન કેવળ મહેલ હડપ કર્યો, પરંતુ તે મહેલને મુસલમાની સ્થાપત્યમાં ખપાવવાની ખેવનાથી તેમાં વિકૃત ફેરફારો કરાવ્યાં. આમ એક ભવ્ય પરંપરાગત હિન્દુ રાજપૂત પરિવારનાં ભવનનો મકબરા રૂપે ગેર ઉપયોગ કર્યો. જો શાહજહાનો ઈરાદો મુમતાઝનો મકબરો બનાવવાનો હોય તો તે બુરહાનપુરમાં જ્યાં તેનું શબ દફનાવવામાં આવ્યું ત્યાં જ બનાવી શક્યો હોત. ભવ્ય હિન્દુ રાજ મહેલને માયાવી મુસ્લિમ મકબરામાં ફેરવવા પાછળ બે ઉદેશ્ય હતાં.

➤ ભવ્ય હિન્દુ રાજભવનને સાધનહીન બનાવી તેનું માનભંગ કરવું.

➤ રાજભવનની અપાર સંપતિ, ભૌતિક ચીજવસ્તુઓ, સુવર્ણયુક્ત સિંહાસન તથા રેલીંગ, ચાંદીનાં દ્વાર અને આ પ્રાસાદમાં રાખેલું વિશ્વ વિખ્યાત મયૂર સિંહાસન વગેરે સહિત મહેલને હડપ કરી ખજાનો અને રાજકોષ વધારવો.

**પ્રસ્તુત લેખની આ તબક્કે બે વાત**

- બાદશાહનામા મુજબ તાજમહેલ હડપ કરવામાં આવેલ હિન્દુ ભવન છે.
- ટૈવનિયરે કહ્યાં મુજબ "શાહજહાએ મુમતાઝને દફનાવવા માટે સપ્રયોજન તાજમહેલ પસંદ કર્યો, સાથે સુસંગત બે મહત્વપૂર્ણ તથ્યની ચર્ચા કરી.
- ઔરંગઝેબે પોતાના પિતા શાહજહાને લખેલો પત્ર.
- તાજમહેલ પરિસરમાં થયેલ ખોદકામ અને શોધના તથ્યો.

એક ભારતીય તરીકે એક વાતનું દુઃખ છે કે ખુદ ભારત સરકારનું પુરાતત્વ વિભાગ કહેવાતા ઈતિહાસનું અનુકરણ કરી તાજમહેલનાં દ્વાર પર લખાવે છે કે તાજમહેલનું નિર્માણ 22 વર્ષે પૂર્ણ થયું. આથી સમગ્ર વિશ્વ તાજમહેલનાં સંદર્ભે ભ્રમિત થાય છે. પ્રસ્તુત લેખ લખનાર ઈતિહાસકાર એ નિષ્કર્ષ આપે છે કે મુસ્લિમ આક્રમકો જે સ્થાન અથવા વ્યક્તિ પર અધિકાર કરી લે પછી એના સંસ્કૃત નામને સમકક્ષ પરશિયન ભાષામાં ફેરવી દે છે. પત્રમાં ઔરંગઝેબ તાજમહેલનાં ઉદ્યાનને મહતાબ ઉદ્યાન અર્થાત ચન્દ્રોદ્યાન એમ લખે છે. આથી એ સંકેત મળે છે કે તેજ મહા આલય ની ચારે બાજુનાં બાગનું નામ ચન્દ્ર ઉદ્યાન હશે. યમુનાનાં પાણીનું આ રહસ્ય તેજ મહા આલય મંદિર હિન્દુ નિર્માતાઓની દૂરદ્રષ્ટિ અને ટેકનીકલ કુશળતાનું પ્રમાણ હતું. હકીકતમાં સમગ્ર ભારતનાં હિન્દુઓમાં પરંપરા રહી છે કે ગઢ, મહેલ, ભવન તથા મંદિર સમુદ્ર અથવા નદીનાં કિનારે નિર્માણ થતાં હતાં. આ નિર્માણોને પાણીનાં પ્રવાહથી બચાવવાનાં ઉપાયોમાં હિન્દુઓ પારંગત હતાં. મુસલમાનો અત્યાચાર અને લૂંટમાં વ્યસ્ત રહેતા, તેથી નદી કિનારાનાં નિર્માણની કલાનાં અભ્યાસુ ન હતાં. વલ્ડિમર હાનસેન, હોલ્ટર રિચાર્ડ અને વિસ્ટન દ્વારા પ્રકાશિત પુસ્તક "ધી પીકોક થ્રોન" માં પાના 181-182 પર લખેલ છે કે મકબરો નિર્માણાધીન હતો. પરિસરનાં બધા ભવન પર અરબી અક્ષર કોતરીને મહેલ વિકૃત કરવા માટે માંચડાથી ઘેરાયેલ હતો. કેન્દ્રીય અષ્ટભુજાય કક્ષને તોડીને તેનાં મધ્ય ભાગનાં ખાડામાં મુમતાઝને ત્રાંસી દફનાવી દીધેલી. ઉપરનાં માળે પણ મકબરા બનાવવામાં આવ્યાં હતાં. જેથી તે ભવન ફરીથી હિન્દુઓનાં હાથમાં આવે તો એક પણ માળનો ઉપયોગ ન થઈ શકે. પહેલા મુમતાઝને પછી મુગલ દરબારનાં અન્ય શબ પણ તાજમાં દફનાવવામાં આવ્યાં. જેથી આખો તાજ કબ્રસ્તાનમાં ફેરવાઈ જાય અને ભવિષ્યમાં કોઈ હિન્દુ તેનો ઉપયોગ કરી શકે નહિં. શાહજહા તરફથી એવો ક્યાંય ઉલ્લેખ નથી, કે જ્યાં એણે કહ્યું હોય કે તાજને પોતે બનાવ્યો છે. એનાથી વિપરીત એનું બાદશાહનામા સ્વીકારે છે કે એ રાજા માનસિંહનો મહેલ હતો.

એટલે કે જુદા જુદા લેખકોએ સરળતાથી ઉપલબ્ધ થયું તે બધું લખી માર્યું અને ઈતિહાસને અન્યાય કરવામાં દોષી બન્યાં. એન્સાઈક્લોપીડીયામાં ઉલ્લેખિત અશ્વશાળા, બાહ્યકક્ષ અને આરક્ષક કક્ષ વગેરેની મૃતકોને ક્યારેય આવશ્યકતા હોતી નથી. એનાથી વિપરીત હિન્દુ પ્રાસાદ અને મંદિરમાં હંમેશા જરૂર રહેતી હોય છે. જેમકે વાલ્મિકી રામાયણમાં ઉલ્લેખ છે કે રાજા રામની રાજધાની અયોધ્યા અષ્ટકોણવાળી હતી. કેવળ હિન્દુ સંસ્કૃતિમાં આઠ દિશાઓનાં નામ ઉપલબ્ધ છે. આ આઠેય દિશાઓનાં સંરક્ષક જુદા જુદા દેવતાઓ છે. માત્ર હિન્દુ રાજા પાસેથી જ દશે દિશાઓમાં વિજયની અપેક્ષા કરવામાં આવતી હતી. ભવનની અગાસી દિશા 1 અને ભવનનો પાયો દિશા 2 નો સંકેત કરે છે. આ રીતે છત, પાયો અને અન્ય દિશા એ રાજા તથા ઈશ્વરની દશે દિશામાં વિજયનું પ્રતીક છે. બધા જ પરંપરાગત હિન્દુ ભવન અષ્ટકોણીય બનાવવામાં આવતા હતાં. તાજમહેલનો આકાર તથા તેનાં વિવિધ ભાગો હિન્દુ પરંપરાનો નમૂનો છે.

## તાજમહેલ હિન્દુ મહેલ છે

શાહજહાનાં સમયમાં એ મહેલ માનસિંહ પ્રાસાદનાં નામે જાણીતો હતો, જે તેનાં પૌત્ર જયસિંહનાં અધિકારમાં હતો. જે મધ્ય યુગીન સ્મારકો અસ્તિત્વમાં છે તે તમામની ઉપરોક્ત પ્રકારે તપાસ કરવામાં આવે તો સહજ રૂપમાં રાજપૂત ભવન, દુર્ગ કે મંદિર સિધ્ધ થશે. જહાંગીરી મહેલની જેમ તાજ પણ હિન્દુઓની પધ્ધતિથી સુશોભિત છે. બુધ્ધિપૂર્વક વિચારીએ તો ખ્યાલ આવે કે તે પ્રાચીન હિન્દુ ભવન છે. મૂર્તિપૂજાનાં વિરોધી મૂર્તિભંજક મુસલમાન બાદશાહે જો ભવનો બનાવ્યા હોય તો તેઓ હિન્દુ પધ્ધતિનું સાજ સજ્જા ક્યારેય પસંદ કરે નહી. આ પ્રસંગોથી મહત્વપૂર્ણ તથ્ય સામે આવે છે કે ભવનોનાં અધિકાંશ ભાગો વ્યર્થ તથા ઉદ્દેશ્યહીન પ્રતિત થાય છે. મુસલમાન બાદશાહો દ્વારા આનું નિર્માણ થયું નથી, પરંતુ તેને હડપ કરી લીધેલ છે. તાજ મહેલ શબ્દનો અર્થ છે 'રાજ મહેલ' અથવા 'ભવનોમાં શિરમોર', આનો અર્થ એક પણ રીતે મકબરો થતો નથી. મહેલ અને મકબરા વચ્ચે જમીન આકાશ જેટલો ફરક છે. મુગલ દરબારનાં રેકોર્ડમાં ક્યાંય પણ તાજમહેલ શબ્દનો ઉપયોગ નથી કરવામાં આવ્યો. કારણ કે આ શબ્દ સંસ્કૃતનો તેજ મહા આલય શબ્દ છે. સરળ સત્ય એ છે કે મુસલમાનોએ હિન્દુ ભવનને તોડી તેનાં અવશેષોમાંથી કોઈ ભવન નથી બનાવ્યું. મુસલમાનો હિન્દુ મંદિરો અથવા ભવનોમાં ઘૂસ્યા અને પોતાને અનુરૂપ બનાવવા માટે કોઈને ત્યાં દફનાવ્યાં. મૂર્તિઓ ફેંકી દીધી, હિન્દુ સાજ સજ્જાની તોડ ફોડ કરી તેનાં પર કુરાનની આયાતો ખોદાવી, તેને મુસલમાની ટચ આપી દીધો. આજ કારણથી મધ્યકાલીન મુસલમાની મકબરાઓ અને મસ્જિદો હિન્દુ મંદિરો તથા મહેલો જેવા દેખાય છે.

આજ સત્ય તાજમહેલ પર લાગુ પડે છે. દુઃખની વાત તો એ છે કે આ ભવનોને હિન્દુ શૈલી નિર્મિત મુસલમાની ભવન માનીને પાશ્ચાત્ય વિદ્વાનોએ એન્જીનિયરીંગના પુસ્તકોમાં પણ ભરાવી દીધું. ભારત અરબ શિલ્પ નામ આપી દીધું. આવી કોઈ વાસ્તુ શૈલી છે જ નહી. લેખક કહે છે પાશ્ચાત્ય વિદ્વાનો પર દોષારોપણનો કોઈ ઈરાદો નથી. એ જિજ્ઞાસુ, વિદ્વાન અને મહેનત કરનારા શિક્ષાવિદો હતાં, વિદેશી હોવાથી ભારતમાં મુસલમાની શાસકોનાં દુઃશાસનથી પરિચિત નહોતા. છતાં ઘણા ખરા સત્યની નજીક પહોંચી ગયેલા. એમાનાં એક ઈ.બી. હેવેલ જે પોતે શિલ્પકલાજ્ઞાની અને દૂરદર્શી વિદ્વાન હતાં. તેમણે કહ્યું છે કે તાજમહેલ હિન્દુ શિલ્પનો નમૂનો છે. ઈ.બી. હેવેલ જેવા પ્રખ્યાત વાસ્તુવિદ્વાન અને બી. એલ. ધામા જેવા પ્રખ્યાત પુરાતત્વવિદ જે આર્કયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાનાં સર્વોચ્ચ પદેથી મુક્ત થઈ, દ્રઢતાથી લખે છે કે તાજમહેલ સંપૂર્ણ રીતે હિન્દુ ભવન છે. જેને પ્રાચીન હિન્દુ પરંપરા અનુસાર બનાવવામાં આવેલું છે. 'ધિ તાજ' નામની પુસ્તિકામાં એનાં લેખક ધામા લખે છે કે આનો આકાર પ્રકાર તથા અનુપાત બધું જ ભારતીય છે. આના નિર્માતા કેવળ હિન્દુ શાસ્ત્રોનાં જ્ઞાતા માત્ર નહિ, પરંતુ પારંગત પંડિત હશે. તાજ શરીર અને આત્માથી ભારતીય છે. અમુક ભાગ વિકૃત કરી તેને બહારી જામા પહેરાવવાનો પ્રયત્ન કર્યો છે. ત્રણ ભાગો ચોરસ, અષ્ટભુજ અને મંડલાકાર ત્રણ દેવતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતિનિધિત્વ કરે છે. તાજનું શિલ્પ કમળમાંથી લેવામાં આવ્યું છે. જે હિન્દુઓનું પૂજ્ય પુષ્પ છે. સમગ્ર વાસ્તુ સજ્જા અને નિર્માણ ભારતીય છે.

## શાહજહા ભાવુકતા શૂન્ય હતો

શાહજહા નિષ્ઠુર, ઘમંડી, કૃપણ, ભ્રમિત મતિનો, ક્રુર, કામુક અને પીડા આપનારો શાસક હતો અને મુમતાઝ તેની પૂર્ણ સહચારિણી હતી, પ્રેમિકા નહી. મૌલવી મોઈનુદીન અહમદ કહે છે "યુરોપિયન ઈતિહાસકાર શાહજહા પર આક્ષેપ લગાવે છે કે એ કામાંધ શાસક હતો, જેનું મૂળ કારણ મુમતાઝની સંકુચિત બુદ્ધિ હતી." ધિ તાજ એન્ડ એનવાયરમેન્ટ પુસ્તકમાં હેવેલ લખે છે કે "શાહજહાએ ઈસાઈઓને બહુ ખરાબ રીતે હેરાન કર્યા. મુમતાઝ ઈસાઈ લોકોની પ્રબળ શત્રુ હતી. તેણે મૃત્યુનાં થોડા સમય પહેલા જ હુબલીમાં વસનારા પુર્તગોલિયો ઉપર આક્રમણ કરવા માટે શાહજહાને ઉશ્કેર્યો."

શાહજહાએ સૌથી નાના ભાઈ અને કાકાનાં બે પુત્રોને મરાવ્યાં. કેટલાક ઈતિહાસકાર મોટા ભાઈની હત્યાનું શ્રેય પણ શાહજહાને આપે છે! શાહજહાની અતિશય કામુક્તા અને તેની પત્ની મુમતાઝનાં સ્વાસ્થ્ય અંગેની લાપરવાહીનું પરિણામ એ આવ્યું કે 18 વર્ષથી ઓછા સમયનાં વૈવાહિક જીવનમાં મુમતાઝે 14 બાળકોને જન્મ દેવો પડ્યો. ફળ સ્વરૂપે તેનું અકાળે મૃત્યું થયું. ઔરંગઝેબ શાહજહા અને મુમતાઝનું છઠ્ઠું સંતાન છે. તેણે પિતાનાં અનુસરણ દ્વારા ઈતિહાસ દોહરાવ્યો. મંદિરો વિધ્વંશ કરી મૂર્તિઓ ફેંકી દેવામાં આવી અને

એજ ભવનનો મસ્જિદ સ્વરૂપે ઉપયોગ થતો હતો. મુસલમાન શાસકોની આ પ્રક્રિયા સ્પષ્ટ કરે છે કે પ્રત્યેક મધ્યકાલીન મકબરો અને મસ્જિદ હિન્દુ મંદિરો અથવા ભવનો હતાં. 'ધિ તાજ' માં કંવરલાલ લખે છે કે શાહજહા બધી જ રીતે કટ્ટર સુન્ની મતને માનવાવાળો હતો. મુમતાઝની ઉશ્કેરણી પર હિન્દુ મંદિરો તોડાવ્યાં. આગ્રામાં ચર્ચનાં મિનારાઓ તોડાવી નાખ્યાં. યુરોપિયન પર્યટક બર્નિયર અને મનૂસી શાહજહાનાં વ્યક્તિગત જીવન સંબંધી અસંખ્ય કલંકોનો ઉલ્લેખ કરે છે. મુમતાઝનાં મૃત્યુથી દુઃખી થવાને બદલે શાહજહાએ મૃત પત્નીનો રાજનૈતિક સાધન તરીકે ઉપયોગ કરી જયસિંહની પૈતૃક સંપદા હડપ કરી લીધી. એના મનમાં હિન્દુઓ પ્રત્યે ખૂબ ઘૃણા હતી. તાજમહેલનાં કેન્દ્રિય કક્ષનો ગુમ્બદ પંચરત્ન મંદિર અનુસાર બનેલ છે. કીન દ્વારા વર્ણવાયેલ અન્ય બાબતો પણ ધ્યાન ખેંચનારી છે.

➤ એ યુગમાં મોટાભાગની યાત્રા પગપાળા થતી, ત્યારે કોણ સેવિકાનાં સડેલા શબને લાહોરથી આગ્રા લગભગ 400 માઈલ દૂર સુધી લઈ આવી દફનાવવા માટે ચિંતિત હોય ?

➤ હડપી લીધેલા તાજમહેલને વિકૃત કરાવનાર શાહજહાએ કુરાનની આયતો ખોદાવવા શ્રમિકોને મજૂરીની એક પાઈ પણ આપી નથી. એ કરોડો રૂપિયા સેવિકાનાં મકબરા પાછળ શા માટે ખર્ચે ?

➤ કેવી રીતે સાધારણ દાસી આગ્રાનાં સતીખાનામાં દફન કરી શકાય ? કારણ કે આગ્રા ફક્ત સતી થવાવાળી સ્ત્રીઓ માટે આરક્ષિત હતું.

➤ તાજની અષ્ટકોણીય આકૃતિ એ વાતનો સંકેત આપે છે કે તે વિકૃત કરેલું હિન્દુ ભવન છે.

## શાહજહાનો શાસનકાળ સુવર્ણમય અને શાંતિમય ન હતો

શાહજહાનાં શાસનને ઈતિહાસનો સ્વર્ણિમ તથા શાન્તિમય કાળ કહેવો એ સત્યનો ઉપહાસ છે. એનું શાસન અત્યાધિક કષ્ટકારક, મહામારીથી ભરપૂર, યુધ્ધ અને દુષ્કાળગ્રસ્ત હતું. લગભગ 99% બિન મુસ્લિમ ભારતીયો સાથે તેણે પાશવી અત્યાચારો કરેલા. શાહજહાએ સગાઓને તેમજ તેના અધિકારને પડકારી શકે તે બધાની હત્યા કરાવી નાંખી. શાહજહા પાસે ન તો સમય હતો, ન ધન, ન સુરક્ષાનાં સાધન અને ન તો તેની પાસે દ્રષ્ટિ હતી કે જેથી તે દિલ્હીનો લાલ કિલ્લો તથા જામા મસ્જિદ કે આગ્રાનો તાજ જેવા ભવ્ય ભવનોનું નિર્માણ કરાવી શકે. શાહજહા પાસે પૂરતા સાધનો પણ ન હતાં કે ઝૂંટવી લીધેલા હિન્દુ મહેલ ને પરિવર્તિત કરી શકે, તો પોતાનો મહેલ બનાવવાની વાત જ દૂર છે. બાદશાહ જહાંગીરનું મૃત્યુ 27 ઓક્ટોબર 1627 માં થયું. શાહજહા આગ્રામાં 6 ફેબ્રુઆરી 1628 માં ગાદી પર બેઠો. મુહમ્મદ કાજિમનાં આલમગીરીનામા અનુસાર શાહજહા 18 સપ્ટેમ્બર 1657માં બીમાર થયો તો શાસન પરનું નિયંત્રણ પુરૂ થઈ ગયું. પુત્રો શાસન હડપ કરવા માટે વિદ્રોહ કરી પરસ્પર લડવા લાગ્યાં. આ રીતે શાહજહાનું શાસન 29 વર્ષ અને 7 માસ ચાલ્યું. આ સમગ્રકાળ યુદ્ધો, વિદ્રોહો અને દમનકારી સૈનિક કાર્યવાહીઓમાં તથા દુષ્કાળથી ભરેલો હતો. શાહજહાનો પ્રત્યેક દિવસ વ્યભિચારમાં વિતતો હતો, ત્યાં ભવન નિર્માણોની વાત જાદુ સમાન છે.

## બાબર તાજ મહેલમાં રહેલો

મધ્યયુગીન ઈતિહાસ ભારતીય ભવનો અને મહેલોની પ્રશંસાથી ભરપૂર છે. સમયાંતરે તેનાં અધિકાર અને સડકોનાં નામ વગેરે બદલાયા. આટલા વર્ષે એ બધાને કેવી રીતે અલગ પાડવા ? મુસ્લિમ ઈતિહાસમાં "મુહમ્મદ ગઝનીએ કહ્યું છે કે મથુરાનું ભવ્ય કૃષ્ણ મંદિર 200 વર્ષમાં પણ પૂર્ણ નહીં થયું હોય અને વિદિશાનું મંદિર 300 વર્ષમાં પૂરૂ થઈ શક્યું નહિ હોય." એ લોકો જ એમ કહે છે કે અમને શાહજહા પહેલા તાજમહેલનો ઉલ્લેખ નથી મળતો. બાબર દ્વારા તાજમહેલનો ઉલ્લેખ એ તાજમહેલ પ્રાચીન પ્રાસાદ હોવાનું વધુ એક સ્પષ્ટ પ્રમાણ છે. શાહજહાનાં દરબારી ઈતિહાસ લેખકનો એ નિર્દેશ કે તાજમહેલ માનસિંહ અને જયસિંહનો રાજમહેલ હતો. આજ સ્વીકૃતિ મિયા નૂરૂલ હસન સિદ્દિકી નું પુસ્તક "ધિ સિટી ઓફ તાજ"નાં પાના 31 ઉપર તથા "ટ્રાવેલ્સ ઈન ઈન્ડિયા" નામના પુસ્તકમાં પાના 111 પર ટૈવર્નિયરનું વક્તવ્ય નોંધનીય છે. પ્રશ્ન એ ઉભો થાય છે કે જે તાજમહેલ શાહજહાનાં વડદાદા બાબરના અધિકારમાં હતો તે કઈ રીતે આ પરિવારનાં હાથમાંથી નીકળી અને શાહજહાનાં સમયમાં જયસિંહનાં હાથમાં આવ્યો. આનું સ્પષ્ટીકરણ એ છે કે બાબરનાં પુત્ર હુમાયુને પિતા બાબરનાં વિજયથી વંચિત થઈ ભારત છોડીને ભાગવું પડ્યું હતું.

## ગુલબદન બેગમનો ઈતિહાસ અનુદિત સંસ્કરણ

ભવનનાં અષ્ટકોણીય કક્ષમાં એક રત્ન જડિત સિંહાસન સ્થાપિત હતું. એની ઉપર તથા નીચે એક સુવર્ણ જડિત જાલર તથા મોતીની સેર લટકતી હતી. રહસ્યમય ભવનનાં અષ્ટકોણીય કક્ષનાં મધ્યવર્તીકક્ષમાં 100 વર્ષ પછી શાહજહા અને મુમતાઝની કબ્ર બનાવવામાં આવી હતી. 1666માં ઔરંગઝેબે પિતા બાદશાહ શાહજહાને દફનાવ્યા. તાજમહેલ રહસ્યમય એટલા માટે કહેવામાં આવે છે કે એનું મૂળ શિવ મંદિર જેવું પ્રતીત થાય છે.

## મધ્યયુગીન ઈતિહાસનું અસત્ય

સર એચ. એમ. ઈલિયટ સ્પષ્ટ હતાં કે 'જહાંગીરનામા' માં દાવા ખોટા છે. સત્યને દબાવ્યુ છે. મુસલમાન શાસકોએ મંદિર ધ્વંસ કર્યા અને મસ્જિદનું નિર્માણ કર્યું. પરિણામ સ્વરૂપે મૂર્તિઓને ઉખેડી ફેંકી દીધી અને મંદિરોનો મસ્જિદનાં સ્વરૂપમાં ઉપયોગ કરવા લાગ્યાં. મુસ્લિમ ઈતિહાસ દાવો કરે છે કે મોગલ શાસકોએ નગર વસાવ્યાં, દુર્ગ બનાવ્યાં, રસ્તા અને પુલ બનાવ્યાં અથવા તળાવ ખોદાવ્યાં. આ બધાજ દાવા બિલકુલ ખોટા છે. એ લોકો ભારતની સંપતિ અને નિર્મિત મહેલોનો આનંદ લૂંટવા આવ્યાં હતાં. શ્રમ કરીને નિર્માણ કરવા માટે નહી. કોઈપણ નિર્માણ કાર્ય માટે સમય, ધન, ધૈર્ય, સુરક્ષા, બુધ્ધિચાતુર્ય, શ્રમ, સાધન કે કારીગરો જોઈએ. આમાંથી તેમની પાસે કંઈ જ ન હતું. પ્રાચીન અને મધ્યયુગીન સાહિત્યમાં એક પણ એવું પુસ્તક ન હતું કે જેમાં વાસ્તુ શિલ્પનો ઉલ્લેખ હોય.

➤ જો રાણી માટે ભવ્ય મકબરો બનાવવાની ઈચ્છા હોય, તો તે મરી ત્યાં જ બનાવી શકત. શું શાહજહાને કોઈ બીજુ કામ ન હતું ? કે તેણે મૃત પત્નીનાં શબની ઉખાડ ખોદી કરીને દૂર નગરોમાં વાસ્તુકલાનો પ્રયોગ કર્યો.

➤ તાજમહેલ પ્રત્યેક ઍંગલથી રાજ મહેલ છે.

➤ અસંખ્ય ભવ્ય પ્રવેશ દ્વારો ખીલાઓ વાળા છે. સંપૂર્ણ ભવન પરિસરમાં ત્રણસોથી ચારસો ઓરડાઓ અને મનોરંજન અર્થે મંડપો છે.

➤ તાજમહેલની બંને બાજુ લાલ પત્થરનાં વરંડા રાજપૂત શૈલીનાં છે.

➤ પાછળનાં ભાગનું તળાવ રાજ્યનાં સભ્યો માટે નૌકાવિહાર અર્થે હતું.

➤ મહેલનાં પરિસરમાં નગારાખાનું અસ્તિત્વમાં છે. ચિતોડ, ગ્વાલિયર અને અજમેરનાં રાજપૂત મહેલોમાં નગારાખાના છે.

➤ ઈસ્લામી ધાર્મિક સ્થાનોમાં સંગીતની સખ્ત મનાઈ છે. બીજુ કે દિવંગત આત્માઓનાં વિશ્રામ સ્થાનને ડિસ્ટર્બ કરવા તેની નજીક નગારાખાના ક્યારેય ન બનાવવામાં આવે.

➤ હિન્દુ મહેલોમાં અચૂક નગારાખાના બનાવવામાં આવે છે. ઢોલ અને શરણાઈ વાદનનું આયોજન પ્રાતઃકાળે રાજકીય આગમન કે પ્રસ્થાન, અતિથિઓનું સ્વાગત, સમારંભો કે શાસનનાં આદેશોની સૂચના આપવા માટે કરવામાં આવતા હતાં.

➤ તાજની ચારે બાજુ બહુમાળી ભવન છે. જેમાં સુરક્ષા કર્મચારી, સેનાની ટુકડીઓ, રસોઈયાઓ, સેવક ગણ તથા અન્ય કર્મચારી જે રાજકીય ઘરાના માટે જરૂરી છે. આથી ત્યાં બજાર, ધર્મશાળા, અતિથિગૃહ અને સડકો છે.

➤ તાજનાં ઍંગલ તથા એની સાજ સજ્જા બધું સમૃધ્ધ મહેલને અનુરૂપ છે. કોઈ ઉદાસ મકબરાને અનુરૂપ નહીં. જેમકે મકબરાઓ ફકીરો અને નિર્ધનો માટે 24 કલાક ખુલ્લા રહેતા હોય છે. એટલે ત્યાં કિંમતી ધાતુનાં દરવાજાની જરૂર ન હોય. પિતળનાં અણીવાળા ખિલ્લાથી બનાવેલા દ્વારો સુરક્ષાનાં દ્રષ્ટિકોણથી મહેલોમાં જરૂરી છે.

➤ મૌલવી મૌઈનુદીન તાજનાં વિવિધ વિભાગો વિશે લખે છે કે અમુક શિખર પર કળશ બનેલા છે. મૌલવીનાં આ વિવરણમાં 'કળશ' શબ્દનું પુનરાવર્તન અનેકવાર થયું છે. આ સંસ્કૃત શબ્દ છે. જો તાજ મુસલમાન પહેલાનું

સ્થાપત્ય ન હોય તો તેમાં શિખર પર કળશ મુકેલા હોય શકે નહી.

➤ તાજમહેલનાં ચારે ખૂણે બનેલા ઓરડાઓ પૂર્ણતઃ રાજપૂત શૈલીનાં છે.

➤ મૌલવી મોઈનુદીન ખુદ લખે છે કે ભુર્ગભીય ઓરડાઓ શા માટે બન્યા હશે એ કળવું મુશ્કેલ છે. તાજની કહાની ઘડી કાઢવામાં આવી છે. એ મહેલ હતો એટલે જ ત્યાં ભુર્ગભીય ઓરડાઓ આવશ્યક હતાં. કારણ કે તેનો ઉપયોગ કોષ સાચવવા, મિત્રો છુપાવવા, શત્રુઓને બંદી બનાવવા અને ગુપ્ત મંત્રણા માટે થતો. મકબરામાં આવા ઉપયોગની આવશ્યકતા નથી.

➤ તાજ પરિસર અંગેનાં પોતાનાં સર્વેક્ષણમાં મૌલવી મોઈનુદ્દીન અહમદ પોતાના પુસ્તક "ધ તાજ એન્ડ ઈટ્સ એન્વાયરમેન્ટસ" પાના 39 ઉપર લખે છે કે "મસ્જિદની પાછળની દિવાલ સાથે જોડાયેલ બસઈ સ્તંભ છે." આ અંગે વિશેષતા સ્પષ્ટ કરવામાં તેઓ અસમર્થ રહ્યાં છે. હકીકતમાં 'બસઈ' શબ્દની ઉત્પતિ સંસ્કૃતમાંથી થઈ હતી, જેનો અર્થ નિવાસ થાય છે. ભારતમાં અનેક પ્રાચીન નગરોનું નામ બસઈ છે.

➤ તાજ પરિસરમાં આવેલા અન્ય ભવનોનાં સંબંધમાં મૌલવી મોઈનુદ્દીનનાં પુસ્તકમાં પાના 64 પર લખેલ છે કે "મકબરાનાં મુખ્ય દ્વાર અને ભવનનાં દ્વારનું સ્થાન જિલોખાના કહેવાય છે. ભવ્ય ભવનનો એક બહુ મોટો ભાગ, જેનો કોઈ સમયે તાજ સાથે સંબંધ હતો તે ધ્વંસ્થ થઈ ગયું છે. જિલોખાનાની અંદર 128 ઓરડા હતાં, જેમાં 76 ઓરડાઓ વધ્યાં છે. તાજમહેલ પરિસરમાં ગૌશાળાની હાજરી તાજ હિન્દુ ભવન હોવાનો એક સ્પષ્ટ સંકેત છે.

➤ તાજને હડપ કરી તેમાં મુસલમાની ફેરફારો કરાવવા માટે ગેરમુસ્લિમનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો. આવી અનેક બિનઐતિહાસિક કે ઐતિહાસિક મનઘડત વાર્તાઓ મુસ્લિમ સાહિત્ય લખી પ્રચાર પ્રસાર કર્યો.

## તાજમહેલ સંભવતઃ મંદિર મહેલ

નીચે લખેલા કારણોસર તાજ મહેલ સ્પષ્ટતઃ શિવનું ચંદ્રમૌલેશ્વર મંદિર છે.

➤ સ્ફટિક શ્વેત સંગેમરમરનો ઉલ્લેખ શિલાલેખમાં અંકિત છે.

➤ શિખર પર કળશ અને ત્રિશૂલ ચંદ્રમૌલેશ્વરનું પ્રતિક છે.

➤ આ ભવનને એટલું સૌંદર્યવાન કહેવાયુ છે કે ભગવાન ચંદ્રમૌલેશ્વરે આમા નિવાસ કર્યા પછી કૈલાશ પર જવાનો વિચાર કર્યો નહિ.

➤ તાજ મહેલનાં બાગમાં હિન્દુઓનાં અનેક પવિત્ર ફૂલ છોડ હતાં.

➤ તાજમહેલનાં કેન્દ્રિય કક્ષની ચારે બાજુ દશ ચતુર્ભુજીય ઓરડાઓ છે, જેનો ભક્તો પરિક્રમા તરીકે ઉપયોગ કરતાં હતાં.

➤ પરિક્રમા કક્ષમાંથી પસાર થાય ત્યારે શિવલિંગ સ્થાપિત અષ્ટકોણીય રૂમનાં દર્શન થાય છે.

➤ તાજમહેલનાં કેન્દ્રિય કક્ષનો ઉંચો ગુમ્બજ નાદ માટે અત્યંત ઉપયોગી હતો, જે ભગવાન શિવજીની પૂજા માટે આવશ્યક હોય છે. એવું માનવામાં આવે છે કે નગારા તથા ઘંટોનાં મહાન નાદમાં શિવ તાંડવ નૃત્ય કરે છે.

➤ પ્રત્યેક શિવ મંદિરોમાં ઉંચા ઘુમ્મટ હોવા એ સામાન્ય વાત છે, કારણ કે શિવલિંગ પર જળની ધાર માટે જળ કળશ લટકાવી શકાય.

➤ તાજમહેલની સજાવટમાં વર્ણિત વસ્તુઓમાં ચાંદીનાં દ્વાર અને સોનાની સાંકળ આજે પણ હિન્દુ મંદિરોમાં જોવા મળે છે. આ બધી વસ્તુ મકબરો બનાવતા પહેલા શાહજહાએ પોતાના કોષ ભેગી કરી દીધી હતી.

➤ આજે પણ તાજમહેલમાં ગાઈડ મકબરાનાં ઉંચા ઘુમ્મટમાંથી કબર પર વરસાદનાં ટીપા પડવાની પરમ્પરાની ચર્ચા કરે છે. એ શિવલિંગ પર જળધારા આપણી પ્રાચીન પરમ્પરા છે.

➤ સંગેમરમરનાં મુખ્ય દ્વારોની ઉપરનાં ભાગે ભગવાન શિવનું અનન્ય અસ્ત્ર ત્રિશૂળ અંકિત છે. બિલકુલ શૈવ હિન્દુ પોતાના મસ્તક પર ચન્દન ધારણ કરે તે આકારનું છે. તે લાલ અને સફેદ રેખાઓથી બનેલું છે. રેખાંકન સિધ્ધ કરે છે કે મૂળતઃ શિવમંદિર છે.

➤ સંગેમરમર ભવન સામે ઉભા રહી એની તરફ જોવામાં આવે ત્યારે તાજમહેલની ડાબી બાજુ લાલ પથ્થરનું મકાન દેખાય છે. એની ઉપરનાં ઘુમ્મટ પર ત્રિશૂલનું ચિહ્ન અંકિત છે. આનાથી સિધ્ધ થાય છે કે એ મૂળ હિન્દુ શૈલી હતી, કારણ કે હિન્દુ શિલ્પ કલામાં એ પરંપરા રહી છે.

તાજમહેલનાં ઘુમ્મટ પર જે સ્વર્ણિમ ત્રિશૂલ કલશ છે એના પર અરબી ભાષામાં અલ્લાહો અકબર અંકિત છે. શાહજહાએ હિન્દુ મહેલને હડપ કરી લીધા પછી તેનો મુસલમાની ઉપયોગ કરવા માટે ત્રિશૂલ પર પાછળથી આ શબ્દ અંકિત કરાવ્યાં હતાં.

➤ તાજમહેલ શબ્દનો ફારસી ભાષા સાથે દૂરનો પણ સંબંધ નથી. આ 'તેજ મહા આલય' સંસ્કૃત શબ્દનો અર્થ થાય છે 'દૈદિપ્યમાન મંદિર'. તે અપભ્રંશ રૂપ છે. દેદિપ્યમાન મંદિર એટલા માટે કહેવાય છે કે તે સૂર્ય અને ચંદ્રનાં પ્રકાશમાં આ અદ્ભુત મંદિર પ્રભાવશાળી દેખાય છે. આ નામનો સંબંધ ભગવાન શિવનાં ત્રીજા નેત્રમાંથી નીકળતી તેજ જવાળા સાથે છે. ઉંડા પરિક્ષણ અને અભ્યાસથી એ વાત નિરાધાર સાબિત થઈ ચૂકી છે કે મુમતાજ મહલનાં નામ પરથી આનું નામ તાજમહેલ પડ્યું. પ્રથમ તો શાહજહાંનાં દરબારી ઈતિહાસનામા મુજબ જે મહિલા અહીં દફન કરેલી માનવામાં આવે છે. એનું નામ મુમતાજુલ જમાની છે નહિ કે મુમતાજ મહલ. 'તાજ મહલ' શબ્દનો કોઈ અર્થ કરવા માગે તો પણ તે રાજકીય નિવાસ કે રાજમહેલ થાય. મકબરો ન થાય. સમસ્ત મુસ્લિમ કથાનકોમાં અને ઈતિહાસમાં ક્યાંય પણ 'તાજમહલ' નો પર્યાયવાચી શબ્દ ઉપલબ્ધ નથી. જો તાજમહેલ શબ્દ સામાન્યતઃ પ્રચલિત હોય તો સંસારનાં અન્ય ભાગોમાં મુસલમાની મકબરો કે મહેલો માટે ક્યાંક ઉલ્લેખ ચોક્કસ મળે.

➤ બટેશ્વર શિલાલેખ ઓછામાં ઓછા 818 વર્ષ પૂર્વથી આજ સુધીનાં તાજમહલનાં ઈતિહાસને શોધવામાં મદદ કરે છે. તાજમહેલ એટલે તેજ મહા આલય. 1155માં મૂળતો શિવમંદિર હતું. શિવ પ્રતિમાની સ્થાપના અશ્વિન શુકલા પંચમી ને રવિવારે એજ વર્ષે થયેલી. સને 1206 પછી મૂર્તિભંજક વિદેશી મુસલમાન શાસન દિલ્હીમાં સ્થાપિત થયુ ત્યારે એ સમયમાં આ મંદિર પર અધિકાર કરી લેવામાં આવ્યો તથા સ્થાપિત પ્રતિમાઓને ફેંકી દેવામાં આવી અને ભવન કે મહેલનાં રૂપે એનો દૂરૂપયોગ કર્યો.

➤ ત્રિશૂળ અને કળશ ઉપરાંત સ્વસ્તિક, કમળ તથા દેવનાગરી લિપીમાં અંકિત પવિત્ર હિન્દુ મંત્ર "ૐ" પણ છે. તાજમહેલનાં દર્શક એની સંગેમરમરની દિવાલો પર નકશી કામમાં 'ૐ' અક્ષર એમ્બોઝ થયેલો જોઈ શકે છે. મકબરાની ચારે બાજુ લાગેલી જાળીદાર રેલીંગનાં કિનારે લાલ કમળ અંકિત થયેલું જોઈ શકાય છે. મુસલમાનોનાં અધિકારમાં આવતા પહેલા તાજમહેલ મહાન શૈવ મંદિર હતું. જયપુરનાં કિલ્લાની અંદર વિદ્યમાન કાલી ભવાની મંદિર અને આગરાનાં તેજ મહાલયનાં સંગેમરમર તથા નકશીકામની સજાવટમાં બહુજ સામ્યતા છે. જે એક વધુ પ્રમાણ છે. છેલ્લા 344 વર્ષથી શિવમંદિરને મુસલમાની બેગમના સ્મારક તરીકેની ઓળખાણ સહન કરવી પડે છે. બની શકે કે ભાગ્ય પલટાય અને પ્રગતિ ઉન્મુખ ભારતનાં હાથમાં ફરીથી તે હિન્દુ શિવમંદિર તરીકે ગૌરવ પ્રાપ્ત કરી શકે.

## જગવિખ્યાત મયુર સિંહાસન હિન્દુ કલાકૃતિ

શાહજહાએ તાજમહેલ હડપ કરવાની સાથે સુવિખ્યાત મયુરસિંહાસન પણ પોતાના અધિકારમાં કરી લીધું હતું. હિન્દુ પારિભાષિક શબ્દાવલી અનુસાર રાજાનાં આસનને સિંહાસન કહેવામાં આવે છે. મયુર સિંહાસન માત્ર હિન્દુ મહેલની સાજ સજ્જા માટે ઉપયોગમાં લેવાય છે. પરંપરાગત રીતે હિન્દુ સિંહાસનોમાં કોઈને કોઈ સુન્દર પક્ષી અથવા પશુની આકૃતિ બનાવવામાં આવતી હતી. હિન્દુ પુરાણોમાં ગરૂડ, સિંહ, વાઘ અને મોરનો અનેક દેવી દેવતાઓનાં પ્રિય વાહન કે સિંહાસન સ્વરૂપે ઉલ્લેખ છે. આનાથી વિપરિત મુસ્લિમ પરંપરામાં કોઈ પણ પ્રકારની આકૃતિ, પ્રતિમા કે નિર્માણનો સર્વથા નિષેધ કરવામાં આવ્યો છે. તાજમહેલ જેવા ભવનનું નિર્માણ જે કાળમાં શાંતિ અને સમ્પન્નતા હોય ત્યારે જ શક્ય છે. મોગલ કાળ દૂરાચારો, ષડયંત્રો અને ક્રૂરતાઓથી ભરપૂર હતો. તાજમહેલનો પ્રવેશદ્વાર દક્ષિણાભિમુખ છે. જો એ મુસ્લિમ ભવન હોત તો દ્વાર પશ્ચિમાભિમુખ હોય. લેખકની આ શોધનાં અંતે એક અપીલ છે કે, હવે અન્ય શોધકર્તાઓ તથા શાસકીય પુરાતત્વ વિભાગ તાજમહેલનાં હિન્દુ ઈતિહાસનું વિશેષ સંશોધન કરે.

# રૉયલ રાજપૂતાના

# ભારતનાં વીર બાળકો




## વીર લવ અને કુશ

ભગવાન શ્રીરામે મર્યાદાનાં રક્ષણ માટે પતિવ્રતા શ્રીજાનકીજીનો ત્યાગ કરી દીધો. શ્રીરામ અને જાનકીજી પરસ્પર અભિન્ન છે. તેમનું અલગ થવું અને મળવું માત્ર એક લીલા છે. ભગવાન શ્રીરામે યશનાં લોભથી, અપયશનાં ભયથી કે કઠોરતાને લીધે જાનકીજીનો ત્યાગ નહોતો કર્યો. તેઓ જાણતા હતાં કે સીતાજી સંપૂર્ણપણે નિર્દોષ છે. સીતાજીનાં વિયોગમાં તેમને ઓછું દુ:ખ થયું ન હતું. ભગવાન શ્રી રામનો અવતાર સંસારમાં મર્યાદાની સ્થાપના માટે થયો હતો. જો આદર્શ પુરુષો પોતાના આચરણમાં સાધારણ શિથિલતા આચરે તો બીજા લોકો તેમનું ઉદાહરણ લઈને મોટા દોષ કરવા લાગે. સીતાજીએ વિવશ થઈને લંકામાં રાવણને ત્યાં બંદી બનીને પવિત્રતાપૂર્વક અશોક વાટિકામાં રહેવું પડ્યું હતું. કેટલાક લોકો આ વાત લઈને અનેક પ્રકારની વાતો કરવા લાગ્યાં. 'ક્યાંક આ વાતનો દાખલો લઈને સ્ત્રીઓ પોતાના અનાચારનું સમર્થન કરવા ન લાગે અને પુરુષો પોતાનું આચરણ દૂષિત ન કરે' એમ વિચારીને મર્યાદા પુરુષોત્તમે પોતાના પ્રત્યે આ ભીષણ કઠોરતા આચરવી પડી હતી. તેમણે શાસકો સમક્ષ એવો આદર્શ સ્થાપિત કરવો હતો કે પ્રજાનાં રક્ષણ માટે શાસકે કેટલી હદ સુધી વ્યક્તિગત ત્યાગ કરવા માટે તૈયાર રહેવું જોઈએ. ભગવાન શ્રીરામની આજ્ઞાથી વિવશ થઈને લક્ષ્મણ જાનકીજીને વનમાં મહર્ષિ વાલ્મીકિનાં આશ્રમ નજીક છોડી આવ્યાં ત્યારે સીતાજી ગર્ભવતી હતાં. મહર્ષિ વાલ્મીકિ સીતાજીને પોતાના આશ્રમમાં લઈ ગયાં ત્યારે જોડિયાં બાળકો લવ અને કુશનો જન્મ થયો. આશ્રમમાં મહર્ષિએ બંને બાળકોનાં સંસ્કાર કરાવ્યાં. વાલ્મીકિએ સમસ્ત શાસ્ત્રોનું તથા અસ્ત્ર શસ્ત્રવિદ્યાનું શિક્ષણ આપ્યું. આ ઉપરાંત વાલ્મીકિએ રામાયણનું ગાન પણ તેમને શિખવાડ્યું. સાત કાંડ અને પાંચસો સર્ગવાળા ચોવીસ હજાર શ્લોકોમાં રચાયેલા શ્રીરામચરિત્રનું બંને કુમારો સુમધુર સ્વરમાં, સંગીતશાસ્ત્ર અનુસાર ગાન કરતાં ત્યારે શ્રોતાઓ મુગ્ધ થઈ જતાં. આયોધ્યામાં ભગવાન શ્રીરામે અશ્વમેઘ યજ્ઞની દીક્ષા લીધી. વિધિપૂર્વક પૂજા કરીને શ્યામ કર્ણવાળો અશ્વ છોડવામાં આવ્યો. સેના સાથે રાજકુમાર પુષ્કલ તથા સેનાપતિ કાલજિત સહિત શત્રુઘ્નજી તે અશ્વનું રક્ષણ કરતાં હતાં. હનુમાનજી તથા વાનરરાજ સુગ્રીવ રીંછોની સેના લઈને શત્રુઘ્નજીની સાથે ચાલી રહ્યાં હતાં. સેના અશ્વની પાછળ ચાલી રહી હતી. અનેક રાજાઓ શત્રુઘ્નજીને આધીન થયાં, કેટલાક રાજાઓને સમજાવવાથી તેમનું આધિપત્ય સ્વીકાર્યું, તો ક્યાંક યુદ્ધ પણ કરવું પડ્યું. આ પ્રમાણે સર્વત્ર વિજય પામીને યજ્ઞનો અશ્વ મહર્ષિ વાલ્મીકિનાં તપોવન પાસે વનમાં જઈ પહોંચ્યો. કુમાર લવ તે સમયે મુનિકુમારો સાથે વનમાં રમી રહ્યાં હતાં. મણિજડિત સુવર્ણનાં આભૂષણોથી સજાવેલા તે સુંદર ઘોડાને જોઈને બધા બાળકો તેની નજીક આવી ગયાં. સ્પષ્ટ અને સુંદર અક્ષરોમાં લખાયેલું એક ઘોષણાપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે "આ અયોધ્યાનાં ચક્રવર્તી સમ્રાટ મહારાજ શ્રીરામનાં યજ્ઞનો અશ્વ છે અને પરાક્રમી શત્રુઘ્નકુમાર તેનું રક્ષણ કરી રહ્યાં છે. જે દેશમાં અશ્વ પસાર થશે તે દેશને જીતી લેવાયેલો સમજવામાં આવશે. જે કોઈ ક્ષત્રિયમાં હિંમત હોય અને અયોધ્યાનાં મહારાજને સમ્રાટ માનવા તૈયાર ન હોય તે અશ્વને પકડે તેમજ યુદ્ધ કરે." આ ઘોષણાપત્ર વાંચીને લવકુમારને ગુસ્સો આવી ગયો. તેમણે ઘોડાને પકડી એક વૃક્ષ સાથે બાંધી દીધો. પોતે ધનુષ્ય ચડાવીને યુદ્ધ માટે તૈયાર થઈ ગયાં. મુનિબાળકોએ પહેલાં રોકવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓ માન્યા નહીં ત્યારે યુદ્ધ જોવા માટે બધા થોડેક દૂર ઊભા રહ્યાં.

ઘોડાની પાછળ ચાલનારા રક્ષકોએ જોયું કે એક બાળકે અશ્વને બાંધી દીધો છે. તેમના પૂછવાથી લવકુમારે કહ્યું "આ ઘોડાને મેં બાંધ્યો છે. જે આને છોડવાની કોશિશ કરશે તેના પર કુશ અવશ્ય ક્રોધ કરશે." રક્ષકો સમજ્યા કે બાળક તો બાળસહજ વાતો કરે છે. તેઓ ઘોડાને છોડવા માટે આગળ વધ્યાં. લવકુમારે જોયું કે આ લોકો મારું કહેવું માનતા નથી, તેથી બાણ મારીને બધાનાં હાથ કાપી નાંખ્યા. રક્ષકો ત્યાંથી ભાગ્યાં અને ઘોડાને બાંધવામાં આવ્યો છે એ સમાચાર શત્રુઘ્નજીને આપ્યાં. સૈનિકોનાં કપાયેલા હાથ જોઈને તથા તેમની વાત સાંભળીને શત્રુઘ્નજી સમજી ગયાં કે અશ્વને બાંધનારો બાળક કોઈ સાધારણ બાળક નથી. તેમણે સેનાપતિને વ્યૂહરચના કરવાનો આદેશ આપ્યો. સઘળી સેનાને વ્યૂહનાં રૂપમાં ઊભી કરી દેવામાં આવી. એ સેનાની સાથે લોકો જ્યાં અશ્વને બાંધ્યો હતો ત્યાં આવ્યાં. એક સુકોમળ બાળકને ધનુષ્ય ચડાવીને સામે ઊભેલો જોઈને સેનાપતિએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો. ત્યારે લવકુમારે કહ્યું "તમે યુદ્ધથી ડરતા હો તો પાછા જાઓ ! હું તમને છોડી દઉં છું. આ અશ્વનાં માલિક શ્રીરામને જઈને કહો કે લવે

તેમના ઘોડાને બાંધ્યો છે." આખરે યુદ્ધનો આરંભ થયો. લવકુમારનાં બાણોનાં વરસાદથી સેનામાં ભાગદોડ મચી ગઈ. હાથી, ઘોડા અને સૈનિકો કપાઈને પડવા લાગ્યાં. સેનાપતિ કાલજિતે પૂરા પરાક્રમથી યુદ્ધ કર્યું. લવકુમારે બધાં અસ્ત્ર શસ્ત્ર કાપી તેના હાથ અને માથું પણ કાપી નાખ્યાં.
શત્રુઘ્નજીને સૈનિકો દ્વારા મળેલા સમાચાર વિશે પહેલાં તો વિશ્વાસ બેસતો ન હતો કે યમરાજ જેવા દુર્ધર્ષ એવા સેનાપતિને કોઈ મારી શકે. મંત્રીની સલાહ લઈને તેઓ સેના સાથે યુદ્ધભૂમિમાં આવી ગયાં. સેનાએ લવકુમારને ચારે તરફથી ઘેરી લીધાં. લવકુમારે જોયું કે હું શત્રુઓથી ઘેરાઈ ગયો છું ત્યારે તેઓ બાણોથી સૈનિકોને છિન્નભિન્ન કરવા લાગ્યાં. સૈનિકોને ભાગતા જોઈને પુષ્કલ આગળ વધ્યાં. થોડીવારમાં લવકુમારે બાણથી પુષ્કલને મૂર્છિત કરી દીધાં. પુષ્કલનાં મૂર્છિત થવાથી સ્વયં હનુમાનજી ક્રોધ કરીને લવકુમાર સાથે યુદ્ધ કરવા આવ્યાં. તેમણે લવકુમાર પર પથ્થરો અને વૃક્ષો વરસાવવાનું શરૂ કર્યું, પરંતુ લવકુમારે બધાંનાં ટુકડા કરી નાખ્યાં. ક્રોધે ભરાઈને હનુમાનજીએ લવકુમારને પૂંછડામાં લપેટી લીધાં. આ સમયે લવકુમારે પોતાની માતાનું સ્મરણ કરીને હનુમાનજીનાં પૂંછડા પર મુક્કો માર્યો. આ મુક્કાનાં પ્રહારથી હનુમાનજીને ઘણી પીડા થઈ. તેમણે લવકુમારને છોડી દીધાં. લવકુમારે હનુમાનજીને એટલાં બાણ માર્યાં કે તેઓ મૂર્છિત થઈ ગયાં. એમના પછી શત્રુઘ્નજી યુદ્ધ કરવા આવ્યાં. ઘોર સંગ્રામ થયાં પછી લવકુમારે બાણ મારીને શત્રુઘ્નજીને પણ મૂર્છિત કરી દીધાં.
શત્રુઘ્નજીને મૂર્છિત થયેલા જોઈને અન્ય રાજાઓ લવકુમાર પર તૂટી પડ્યાં. એકલા બાળક લવકુમાર અનેક મહારથીઓ સાથે યુદ્ધ કરી રહ્યાં હતાં. શત્રુઘ્નજીએ ભગવાન શ્રીરામે આપેલું બાણ ધનુષ્ય પર ચડાવ્યું, કે જેના વડે તેમણે લવણાસુરને હણ્યો હતો. તે તેજોમય બાણ લવકુમારની છાતીમાં વાગવાથી તેઓ મૂર્છિત થઈને પડી ગયાં. મૂર્છિત લવકુમારને રથમાં નાખીને અયોધ્યા લઈ જવાનું શત્રુઘ્નજી વિચારવા લાગ્યાં.
કેટલાક મુનિકુમારો દૂર ઊભા ઊભા યુદ્ધ જોઈ રહ્યાં હતાં. તેમણે દોડી જઈને મહર્ષિ વાલ્મીકિજીનાં આશ્રમમાં શ્રીજાનકીજીને સમાચાર આપ્યાં કે, "માતાજી! તમારા નાના પુત્રે કોઈ રાજાનાં અશ્વને બાંધી દીધો છે, તેથી રાજાનાં સૈનિકોએ તેની સાથે યુદ્ધ કર્યું છે. અત્યારે લવ મૂર્છિત થઈ ગયેલો છે અને તે લોકો તેને પકડીને લઈ જવા ઈચ્છે છે." બાળકોની વાત સાંભળીને માતા જાનકીજી દુઃખી થઈ ગયાં, તેમની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં. તે જ સમયે ત્યાં કુમાર કુશ આવ્યાં. તેમણે માતાને તથા મુનિકુમારોને પૂછીને બધી વાત જાણી લીધી. ભાઈને મૂર્છિત થયેલો જાણીને તેઓ ક્રોધે ભરાયા. માતાનાં ચરણોમાં પ્રણામ કરીને તેમણે આજ્ઞા લીધી અને ધનુષ્ય ચડાવીને તેઓ યુદ્ધભૂમિ તરફ દોડ્યાં. લવકુમાર તે સમયે રથ પર મૂર્છિત અવસ્થામાં હતાં; પરંતુ તેમની મૂર્ચ્છા ઊતરી ગઈ હતી. તેમણે દૂરથી પોતાના ભાઈને આવતા જોઈ લીધાં અને તેઓ કૂદીને રથ પરથી નીચે આવી ગયાં. કુશકુમારે રણભૂમિમાં ઊભેલા યોદ્ધાઓને પૂર્વ તરફથી મારવાનો આરંભ કર્યો અને લવકુમારે પશ્ચિમ તરફથી. ક્રોધે ભરાયેલા બંને બાળકોનાં મારાથી ત્યાંની યુદ્ધભૂમિ લાશોથી છવાઈ ગઈ. યોદ્ધાઓ ભાગીને પ્રાણ બચાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. જે કોઈ યુદ્ધ કરવા સામે આવતો તેનું શરીર બાણોથી ચાળણી બની જતું હતું. હનુમાનજી તથા અંગદને બાણ મારીને લવ કુશ તેમને વારંવાર આકાશમાં ફેંકવા લાગ્યાં. જ્યારે બંને આકાશમાંથી ભૂમિ પર પડતા ત્યારે લવ અને કુશ ફરી બાણ મારીને તેમને ઉપર તરફ ઉછાળતા હતાં. દડાની જેમ ઊછળતા રહેવાથી તેમને ભારે પીડા થઈ. બંને કુમારોએ બાણ ચલાવવાનું બંધ કરી દીધું ત્યારે હનુમાનજી અને અંગદ પૃથ્વી પર મૂર્છિત અવસ્થામાં પડ્યાં હતાં. કુશકુમારે શત્રુઘ્નજીને પણ બાણ મારીને મૂર્છિત કર્યાં. વાનરરાજ સુગ્રીવને કુશકુમારે વરુણપાશથી બાંધી લીધાં. આ પ્રમાણે કુશકુમારે યુદ્ધભૂમિમાં વિજય પ્રાપ્ત કર્યો. વિજય મળ્યાં પછી લવકુમારે કહ્યું "ભાઈ! તમારી કૃપાથી મેં આ સંગ્રામ સાગરને પાર કર્યો. હવે આ યુદ્ધની સ્મૃતિ માટે આપણે કોઈ ઉત્તમ ચિહ્ન લઈ જઈએ." બંને ભાઈ પહેલાં શત્રુઘ્નજી પાસે ગયાં, ત્યાં તેમણે મુગટમાં જડેલો બહુમૂલ્ય મણિ કાઢી લીધો. એ પછી લવકુમારે પુષ્કલનો મુગટ ઉતારી લીધો. તેમની ભુજાઓમાં રહેલાં મૂલ્યવાન આભૂષણો તથા અસ્ત્ર શસ્ત્ર પણ બંને ભાઈઓએ લઈ લીધાં. પછી લવકુમારે કહ્યું "ભાઈ! હું આ બંને મોટા વાનરોને સાથે લઈ જઈશ. આમને જોઈને આપણી મા હસશે, મુનિકુમારો ખુશ થશે અને મારું મનોરંજન થશે." આટલું કહ્યાં પછી બંને ભાઈઓ સુગ્રીવ તથા હનુમાનજીનાં પૂંછડાં પકડીને આશ્રમ તરફ જવા લાગ્યાં. પુત્રોને દૂરથી આવતાં જોઈને માતા જાનકીજી ઘણાં પ્રસન્ન થયાં. તેઓ દ્વાર પર ઊભાં રહીને પુત્રોનાં સકુશળ પાછા આવવાની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. તેમણે જોયું કે પુત્રો બે વાનરોને લઈને આવી રહ્યાં છે ત્યારે તેમને હસવું આવી ગયું. વાનરોને ઓળખી જતાં તેમણે કહ્યું "તમે બંનેએ આમને શા માટે પકડ્યા છે ? જલદી આમને છોડી દો. આ તો લંકાને ભસ્મ કરનારા મહાવીર હનુમાન અને વાનરરાજ સુગ્રીવ છે. તમે આમનો અનાદર શા માટે કર્યો ?" લવ અને કુશે નિખાલસભાવે યુદ્ધનું કારણ તથા તેનું પરિણામ કહી જણાવ્યું. માતા જાનકીજીએ કહ્યું "પુત્રો ! તમે બંનેએ મોટો અન્યાય કર્યો છે. એ તમારા પિતાનો અશ્વ છે. તેને તરત છોડી મૂકો.
માતાની વાત સાંભળીને લવ કુશે કહ્યું "માતાજી! અમે તો ક્ષત્રિયધર્મ અનુસાર ઘોડાને બાંધ્યો હતો અને યુદ્ધ કરનારા લોકોને હરાવ્યાં છે. મહર્ષિ વાલ્મીકિજીએ અમને શીખવ્યું છે કે ધર્મપૂર્વક યુદ્ધ કરનારો ક્ષત્રિય પાપનો ભોક્તા થતો નથી. તમારી આજ્ઞાથી અમે આ વાનરો તથા અશ્વને છોડી દઈએ છીએ."
શ્રીજાનકીજીએ સંકલ્પ કર્યો "જો મેં મનથી ભગવાન શ્રીરામ સિવાયનાં કોઈ પુરુષનું ક્યારેય ચિંતન ન કર્યું હોય, જો મારું ચિત્ત ધર્મમાં અવિચળભાવે સ્થિર રહ્યું હોય તો યુદ્ધમાં ઘાયલ થયેલા, મૂર્છિત થયેલા તથા માર્યા ગયેલાં બધા લોકો ફરીથી સ્વસ્થ અને જીવતા થઈ જાય. " જાનકીજીનાં મુખેથી આ શબ્દો નીકળ્યા અને યુદ્ધભૂમિમાં બધાં લોકો ઊંઘમાંથી જાગ્યા હોય તેમ બેઠા થઈ ગયાં. તેમનાં કપાયેલાં અંગો પણ જોડાઈ ગયાં. કોઈનાં શરીર પર ઈજાનું ચિહ્ન ન હતું. શત્રુઘ્નજીએ જોયું કે મુગટનો મણિ નથી. પુષ્કલને મુગટ, આભૂષણો અને અસ્ત્ર શસ્ત્ર મળ્યાં નહીં. યજ્ઞનો અશ્વ સામે ઊભો હતો. તેને લઈને બધા લોકો અયોધ્યામાં પાછા ગયાં અને ત્યાં બધી જ વાતો ભગવાન શ્રીરામને કહી સંભળાવી. અશ્વનાં આવી જવાથી યજ્ઞ શરૂ થયો. ઋષિઓ પોતાના શિષ્યો સાથે અયોધ્યામાં પધાર્યા. મહર્ષિ વાલ્મીકિજી પણ લવ અને કુશ તથા પોતાના અન્ય શિષ્યો સાથે આવ્યાં અને સરયૂનાં કિનારે નગરથી થોડેક દૂર સૌની સાથે ઉતારો કર્યો. મહર્ષિનાં આદેશથી લવ અને કુશ મુનિઓનાં આશ્રમોમાં, રાજાઓની છાવણીઓમાં તથા નગરની ગલીઓમાં રામાયણનું ગાન કરતાં હતાં. તેમનું મધુર અને મનોહર ગાન સાંભળીને લોકોનાં ટોળાં તેમની સાથે જોડાયેલાં રહેતાં હતાં. સર્વત્ર તે બંનેનાં ગાનની ચર્ચા થવા લાગી.
એક દિવસે ભરતજી સહિત શ્રીરામે પણ રાજભવન ખાતે ઉપરથી તે બંને બાળકોનું ગાન સાંભળ્યું. બંનેને આદરપૂર્વક રાજભવનમાં બોલાવીને સમ્માનિત કરવામાં આવ્યાં અને ત્યાં તેમનું ગાન સાંભળવામાં આવ્યું. શ્રીરામે તેમને પુરસ્કારસ્વરૂપે અઢાર હજાર સુવર્ણ મુદ્રાઓ આપી. લવ અને કુશે લેવાનો ઈનકાર કરી દીધો. લવ કુશનાં કહેવાથી યજ્ઞકાર્યમાંથી બચેલા સમયે રામાયણ ગાનનો એક સમય નક્કી કરવામાં આવ્યો. તે સમયે પ્રજાજનો, રાજાઓ, ઋષિઓ તથા વાનરો વગેરે રામાયણનું અદ્ભુત ગાન સાંભળતા હતાં. કેટલાક દિવસોમાં પૂરું રામચરિત્ર સાંભળવાથી સૌએ જાણી લીધું કે આ બંને બાળકો જનકસુતા શ્રીસીતાજીનાં પુત્રો છે. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામે શ્રીજાનકીજીને બધાં લોકો સમ્મુખ સભામાં આવીને પવિત્રતાને પ્રમાણિત કરવા માટે શપથ લેવાનું કહીને બોલાવ્યાં. જગતજનની માતા જાનકીજી ત્યાં આવ્યાં અને તેમણે શપથનાં રૂપે કહ્યું "જો હું તમામ પ્રકારે પવિત્ર હોઉં તો પૃથ્વીદેવી મને પોતાની અંદર સ્થાન આપે." પૃથ્વી ઘણાં ભારે અવાજ સાથે ફાટી. સ્વયં પૃથ્વીદેવી રત્નસિંહાસન લઈને પ્રગટ થયાં અને શ્રીસીતાજીને તેના પર બેસાડીને તેઓ લઈ ગયાં. ફાટેલી પૃથ્વી પાછી બરાબર થઈ ગઈ. લવ અને કુશને જન્મકાળથી પિતાજી મળ્યાં ન હતાં, જ્યારે પિતાજી મળ્યાં ત્યારે તેમનાં સ્નેહમયી માતા ન રહ્યાં.

## વીર રાજકુમાર કુવલયાશ્વ

પરાક્રમી રાજા શત્રુજિત પાસે એક દિવસ મહર્ષિ ગાલવ આવ્યાં. મહર્ષિ પોતાની સાથે એક દિવ્ય અશ્વ લઈને આવ્યાં હતાં. રાજાએ મહર્ષિનું વિધિપૂર્વક પૂજન કર્યું. મહર્ષિએ જણાવ્યું "એક દુષ્ટ રાક્ષસ પોતાની માયાથી સિંહ, વાઘ, હાથી વગેરે જંગલી પશુઓનું રૂપ ધારણ કરીને વારંવાર આશ્રમમાં આવી નષ્ટભ્રષ્ટ કરી જાય છે. તેને ક્રોધ કરીને ભસ્મ કરી શકાય, પણ એમ કરવાથી તપસ્યાનો નાશ થઈ જાય. અમે કષ્ટપૂર્વક જે તપ કરીએ છીએ તેના પુણ્યને નષ્ટ કરવા ઈચ્છતા નથી. ક્લેશ જોઈને સૂર્યદેવે અમારી પાસે કુવલય નામનો અશ્વ મોકલ્યો છે. અશ્વ થાક્યા વિના સંપૂર્ણ પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકે છે. આકાશ, પાતાળ અને પાણીમાં સર્વત્ર જઈ શકે છે. દેવતાઓએ કહ્યું છે કે આ અશ્વ પર સવાર થઈને તમારો પુત્ર ઋતુધ્વજ અસુરનો વધ કરશે માટે તમે રાજકુમારને અમારી સાથે મોકલો. આ અશ્વને પ્રાપ્ત કરીને તે કુવલાયાશ્વનાં નામે સંસારમાં પ્રસિદ્ધ થશે."

ધર્માત્મા રાજાએ મુનિની આજ્ઞા માની અને રાજકુમારને સાથે જવાની આજ્ઞા આપી. રાજકુમાર મુનિની સાથે ગયાં અને આશ્રમમાં રહેવા લાગ્યાં. એક દિવસ મુનિજનો ઉપાસનામાં વ્યસ્ત હતાં ત્યારે સૂવરનું રૂપ ધારણ કરીને તે દાનવ મુનિઓને સતાવવા માટે ત્યાં આવી પહોંચ્યો. તેને જોતાં જ ત્યાં રહેતાં મુનિઓનાં શિષ્યો દેકારો કરવા લાગ્યાં. રાજકુમાર ઋતુધ્વજ ઘોડા પર સવાર થયાં અને તે સૂવરની પાછળ પડ્યાં. ધનુષ્ય ખેંચીને તેમણે એક અર્ધચંદ્રાકાર બાણથી અસુરને વીંધી નાંખ્યો. બાણથી ઘાયલ અસુર જીવ બચાવવા ત્યાંથી ભાગ્યો. રાજકુમાર તેની પાછળ ઘોડા પર બેસીને દોડ્યાં. વનો, પર્વતો, ઝાડીઓમાં જ્યાં તે ગયો ત્યાં રાજકુમારનાં ઘોડાએ તેનો પીછો કર્યો. ભારે વેગથી દોડતો તે રાક્ષસ છેવટે પૃથ્વીની એક ખાઈમાં કૂદી પડ્યો. રાજકુમારે તે ખાઈમાં ઘોડાને ઝંપલાવ્યો. તે પાતાળલોકમાં જવાનો રસ્તો હતો. અંધકારભર્યા માર્ગે રાજકુમાર પાતાળમાં જઈ પહોંચ્યાં. સ્વર્ગ જેવા સુંદર પાતાળમાં જઈને તેમણે ઘોડાને એક જગ્યાએ બાંધી દીધો અને પોતે એક મહેલમાં ગયાં. ત્યાં તેમને વિશ્વાવસુ નામના ગંધર્વરાજની પુત્રી મદાલસા મળી, જેનું દાનવ વજ્રકેતુનાં દુષ્ટ પુત્ર પાતાળકેતુએ સ્વર્ગમાંથી હરણ કર્યું હતું. તે અસુર તેની સાથે લગ્ન કરવા ઈચ્છતો હતો. જ્યારે મદાલસાને ખબર પડી કે રાજકુમાર ઋતુધ્વજે અસુર પાતાળકેતુને પોતાના બાણથી વીંધી નાખ્યો છે ત્યારે તેણે તેમનું જ પોતાના પતિ તરીકે વરણ કરી લીધું. રાજકુમાર ઋતુધ્વજે જ્યારે મદાલસા સાથે લગ્ન કર્યા ત્યારે આ વાતનાં સમાચાર મેળવીને ક્રોધે ભરાયેલો પાતાળકેતુ અનુયાયી દાનવો સાથે ત્યાં આવ્યો. અસુરોએ રાજકુમાર પર અસ્ત્રો શસ્ત્રોનો વરસાદ વરસાવવાનું આરંભી દીધું; પરંતુ રાજકુમારે બધાં અસ્ત્રો શસ્ત્રોને પોતાનાં બાણોથી કાપી નાખ્યાં. દિવ્યાસ્ત્રનો પ્રયોગ કરીને બધાં જ દાનવોને એક ક્ષણમાં નષ્ટ કરી દીધાં જેમ મહર્ષિ કપિલનાં ક્રોધાગ્નિમાં સગર રાજાનાં સાઠ હજાર પુત્રો ભસ્મ થઈ ગયાં તેવી જ રીતે બધાં દાનવો તે દિવ્યાસ્ત્રની જ્વાળામાં બળીને ખાખ થઈ ગયાં. પત્ની મદાલસા સહિત રાજકુમાર અશ્વ પર આરૂઢ થઈને પાતાળમાંથી પૃથ્વી પર આવી ગયાં. વિજયી પુત્રને આવેલો જોઈને તેમના પિતાને ઘણો હર્ષ થયો. સમય આવ્યે રાજકુમાર ઋતુધ્વજ કુવલયાશ્વ રાજા થયાં. પત્ની મદાલસા પરમતત્ત્વનાં જ્ઞાતા હતાં. તેમણે પોતાના પુત્રોને ખોળામાં લઈ હાલરડું ગાતાં ગાતાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો.

## વીર અસુરબાળક બર્બરીક

પાંડુપુત્ર મહાબલી ભીમસેને હિડિમ્બા નામની રાક્ષસી સાથે લગ્ન કર્યા હતાં. તેનાથી ઘટોત્કચ નામનો પરાક્રમી પુત્ર થયો. ઘટોત્કચે ભગવાન શ્રીકૃષ્ણનાં આદેશથી ભૌમાસુરનાં નગરપતિ મુર દાનવની સુંદર પુત્રી કામકટંકટા સાથે લગ્ન કર્યું. ઘટોત્કચને મુર પુત્રીથી બર્બરીક નામના પુત્રની પ્રાપ્તિ થઈ. રાક્ષસ પત્નીઓ ગર્ભ ધારણ કરતાં જ પુત્રને જન્મ આપે છે. તેમના બાળકો જન્મતાં જ યુવાન અને બળવાન થઈ જાય છે. બાળક બર્બરીક જન્મથી વિનયી, ધર્માત્મા અને વીર હતો. તેને સાથે લઈને ઘટોત્કચ દ્વારકા ગયો, ત્યાં પોતાના પુત્ર સહિત તેણે ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણોમાં પ્રણામ કર્યા. બર્બરીકે હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરી "હે આદિદેવ માધવ! હું મન, બુદ્ધિ અને ચિત્તની એકાગ્રતાથી તમને પ્રણામ કરું છું. હે પુરુષોત્તમ! સંસારમાં જીવનું કલ્યાણ કેવી રીતે થાય છે ? કેટલાક ધર્મને, દાનને, તપને, ધનને, ભોગને, તો કેટલાક મોક્ષને કલ્યાણકારી બતાવે છે આ સેંકડો શ્રેયોમાં કોઈ એક નિશ્ચિત શ્રેય કે જે મારા કુળને અનુરૂપ હોય તેનો મને ઉપદેશ આપો." ભગવાને કહ્યું "વત્સ! માનવ જે કુળમાં ઉત્પન્ન થયો હોય તેના કલ્યાણનું સાધન તે કુળને અનુરૂપ હોય છે. બ્રાહ્મણ માટે તપ, ઈન્દ્રિયસંયમ અને સ્વાધ્યાય કલ્યાણકારી છે. ક્ષત્રિય માટે સૌ પહેલાં બળ સાધ્ય છે, કારણ કે બળ વડે દુષ્ટોનું દમન અને સજ્જનોનું રક્ષણ કરવાથી તેનું કલ્યાણ થાય છે. વૈશ્ય પશુપાલન, ખેતી અને વેપાર થકી ધન એકઠું કરી એનું દાન કરવાથી કલ્યાણનો ભોક્તા થાય છે. શૂદ્ર સેવા કરીને શ્રેયનો ભોક્તા થાય છે. તમે ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયાં છો, તેથી અતુલનીય બળ પ્રાપ્ત કરવા માટે ઉદ્યમ કરો. બળની પ્રાપ્તિ ભગવતી શક્તિની કૃપાથી થાય છે, તેથી તમારે શક્તિ સ્વરૂપિણી દેવીઓની આરાધના કરવી જોઈએ."

બર્બરીકનાં પૂછવાથી ભગવાને તેને મહીસાગર સંગમ તીર્થમાં જઈને દેવર્ષિ નારદજી વડે લાવવામાં આવેલી નવદુર્ગાઓની આરાધના કરવાનો આદેશ આપ્યો. ત્રણ વર્ષ સુધી બર્બરીકે આરાધના કરી તેથી દેવીઓ પ્રસન્ન થઈ. તેમણે બર્બરીકને પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને ત્રણે લોકમાં જે બળ કોઈનામાં નથી તેવું દુર્લભ અતુલનીય બળ તે પ્રાપ્ત કરશે એવું વરદાન આપ્યું. વરદાન આપ્યા પછી દેવીઓએ કહ્યું "હે પુત્ર! તું કેટલાક સમય સુધી અહીં નિવાસ કર. અહીં વિજય નામના એક બ્રાહ્મણદેવતા આવશે, તેમના સંગથી તારું વિશેષ કલ્યાણ થશે." દેવીઓની આજ્ઞા માનીને બર્બરીક ત્યાં જ રહેવા લાગ્યો. કેટલાક દિવસો પછી મગધ દેશનાં વિજય નામનાં બ્રાહ્મણદેવતા ત્યાં પધાર્યા. તેમણે કુમારેશ્વર વગેરે સાત શિવલિંગોનું પૂજન કર્યું અને વિદ્યાની સફળતા માટે ઘણાં દિવસો સુધી દેવીઓની આરાધના કરી. દેવીઓએ તેમને સ્વપ્નમાં આદેશ આપ્યો "તમે સિદ્ધ માતા સમક્ષ આંગણામાં સમસ્ત વિદ્યાઓની સાધના કરો. અમારો ભક્ત બર્બરીક તમને મદદ કરશે." બ્રાહ્મણદેવતા વિજયે ભીમસેનનાં પૌત્ર બર્બરીકને સવારે કહ્યું "તમે નિદ્રારહિત અને પવિત્ર થઈને દેવીનાં સ્તોત્રનો પાઠ કરીને અહીં રહો, હું જ્યાં સુધી વિદ્યાઓની સાધના કરું ત્યાં સુધી કોઈ વિઘ્ન આવે નહીં."

વિજયજી પોતાની સાધનામાં એકાગ્રચિત્તે રત થઈ ગયાં અને બર્બરીક તેમનું સાવધાનીપૂર્વક રક્ષણ કરતો ઊભો રહ્યો. તેણે વિજયજીની સાધનામાં વિઘ્ન કરનારાં રેપલેન્દ્ર નામનાં મહાદાનવનો તથા દ્રુહદ્રુહા નામની રાક્ષસીનો સંહાર કર્યો. ત્યારબાદ પાતાળમાં જઈને નાગલોકોને પીડતા પલાસી નામના અસુરોને કચડી નાખીને યમલોકમાં મોકલી દીધાં. તે અસુરોનાં માર્યા જવાથી નાગલોકોનાં રાજા વાસુકી ત્યાં આવ્યાં. તેમણે બર્બરીકની પ્રશંસા કરી અને પ્રસન્ન થઈને વરદાન માગવા કહ્યું. બર્બરીકે વરદાનમાં માત્ર એ જ માગ્યું કે, "વિજયજી નિર્વિઘ્ન સાધના કરીને સિદ્ધિ પ્રાપ્ત કરે." તે પાતાળમાંથી પાછો આવવા નીકળ્યો ત્યારે સુંદર નાગ કન્યાઓએ બર્બરીકનાં રૂપ અને પરાક્રમથી મુગ્ધ થઈને તેને પ્રાર્થના કરી કે પોતાની સાથે લગ્ન કરે, પરંતુ જિતેન્દ્રિય બર્બરીકે તેમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો નહીં. તેણે હંમેશા બ્રહ્મચારી રહેવાનું વ્રત લીધેલું હતું. બર્બરીક જ્યારે પાતાળમાંથી પાછો આવ્યો ત્યારે વિજયજીએ તેને હૈયા સરસો ચાંપ્યો અને તે સિદ્ધ પુરુષે કહ્યું "હે વીરેન્દ્ર!

મેં તમારી કૃપાથી જ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. મારા યજ્ઞકુંડમાં સિંદુરનાં રંગની પવિત્ર ભસ્મ છે તેને હાથમાં લઈ લો. યુદ્ધભૂમિમાં સાક્ષાત્ મૃત્યુ જો શત્રુ બનીને આવી જાય તો તેને પણ મરવું પડશે. તમે શત્રુઓ પર સહેલાઈથી વિજય પ્રાપ્ત કરી શકશો." બર્બરીકે કહ્યું "ઉત્તમ પુરુષ તે જ છે, કે જે નિષ્કામભાવે કોઈનો ઉપકાર કરે છે. જે મનુષ્ય કોઈ વસ્તુની અપેક્ષા રાખીને ઉપકાર કરે તેની સજ્જનતામાં શું ગુણ ? આ ભસ્મ તમે કોઈ બીજાને આપી દો. હું તમને પ્રસન્ન જોઈને ખુશ છું." દેવતાઓએ વિજયજીને સિદ્ધિનું ઐશ્વર્ય પ્રદાન કર્યું. તેમનું નામ સિદ્ધસેન થઈ ગયું. એ પછી કેટલોક સમય વીત્યાં બાદ પાંડવો જુગારમાં હારીને જંગલોમાં અને તીર્થોમાં ફરતા. ચંડિકાદેવીનાં દર્શન કરીને તેઓ ત્યાં બેસી ગયાં. બર્બરીક પણ ત્યાં જ હતો; પરંતુ પાંડવોએ બર્બરીકને જોયો ન હતો અને બર્બરીકે પણ ક્યારેય પાંડવોનાં દર્શન કર્યાં ન હતાં; તેથી તેઓ એકબીજાને ઓળખી શક્યા નહીં. તરસથી પીડિત ભીમસેન કુંડમાં પાણી પીવા ઉતર્યા. યુધિષ્ઠિરે તેમને કહ્યું "પહેલાં પાણી લઈને કુંડથી દૂર હાથપગ ધોઈ લો, પછી પાણી પીજો." ભીમસેન તરસથી વ્યાકુળ થઈ રહ્યાં હતાં. યુધિષ્ઠિરની વાત સાંભળ્યા વિના તેઓ પાણીમાં ઊતર્યા અને હાથપગ ધોવા લાગ્યાં. તેમને બર્બરીકે ઠપકો આપતાં કહ્યું "તમે દેવીનાં કુંડમાં હાથપગ ધોઈને તેને દૂષિત કરી રહ્યાં છો. હું હંમેશા આ જળથી દેવીને સ્નાન કરાવું છું. જો તમારામાં આટલો પણ વિવેક નથી, તો પછી તીર્થોમાં શા માટે રખડ્યા કરો છો?"

ભીમસેને પણ ગરજીને બર્બરીકને ધમકાવ્યો. "જળ સ્નાન કરવા માટે હોય છે, તીર્થમાં સ્નાન કરવાની આજ્ઞા છે' વગેરે કહીને પોતાના કાર્યનું સમર્થન કર્યું. બર્બરીકે જણાવ્યું "જે જળ વહેતાં હોય એવાં તીર્થોનાં જળમાં સ્નાન કરવાની આજ્ઞા છે." કૂવો, સરોવર વગેરેમાંથી પાણી લઈને ત્યાંથી દૂર સ્નાન કરવું જોઈએ એવું શાસ્ત્રનું વિધાન છે. જેઓ પાણીમાં મળ, મૂત્ર, વિષ્ઠા, કફ, થૂંક અને કોગળા છોડે છે તેઓ બ્રહ્મહત્યારા સમાન છે. જેના હાથ પગ, મન ઈન્દ્રિયો પોતાના વશમાં હોય અને સંયમી હોય તે જ તીર્થનું ફળ મેળવે છે. મનુષ્ય પુણ્યકર્મો કરતો રહીને બે ઘડી જીવતો રહે તોપણ તે ઉત્તમ છે. પરલોક વિરોધી પાપ કરવાથી જો કલ્પ પર્યંતનું આયુષ્ય મળતું હોય તોપણ તેનો સ્વીકાર ન કરવો. આથી તમે તરત આ જળમાંથી બહાર આવી જાઓ." શાસ્ત્રસંમત વાત પ્રત્યે ભીમસેને ધ્યાન આપ્યું નહીં ત્યારે બર્બરીકે ભીમસેનનાં માથાને લક્ષ્ય બનાવીને ઈંટોનાં ટુકડા મારવાનું શરૂ કર્યું. પ્રહારથી બચાવા ભીમસેન બહાર નીકળી આવ્યાં અને બર્બરીક સાથે યુદ્ધે ચડ્યાં. બંનેય મહાબળવાન હતાં, તેથી મલ્લયુદ્ધ કરવા લાગ્યાં. બે ઘડીમાં ભીમસેન દુર્બળ પડી ગયાં. બર્બરીક તેમને ઊંચકીને સમુદ્રમાં ફેંકવા ચાલી નીકળ્યાં. બર્બરીક સમુદ્ર કિનારે પહોંચી ગયાં ત્યારે આકાશમાં સ્થિત ભગવાન શંકરે તેને કહ્યું "રાક્ષસશ્રેષ્ઠ! આમને છોડી દો. તેઓ ભરતકુળનાં રત્ન, તમારા દાદા પાંડુપુત્ર ભીમસેન છે. તેઓ સમ્માનિત થવાને પાત્ર છે." બર્બરીકે આ વાત સાંભળી એટલે ભીમસેનને છોડી દીધાં અને તેમનાં ચરણોમાં પડી ગયાં. ડૂસકાં ભરીને માફી માગવા લાગ્યાં. તેને અત્યંત વ્યાકુળ થતાં જોઈને ભીમસેને છાતીએ લગાડી દીધાં અને સમજાવ્યું "બેટા! તારો કોઈ દોષ નથી. ભૂલ મારાથી જ થઈ હતી. કુમાર્ગે ચાલનારો કોઈ પણ હોય ક્ષત્રિયે તેને શિક્ષા કરવી જોઈએ. હું ઘણો પ્રસન્ન છું. મારા પૂર્વજો ધન્ય છે કે તેમના કુળમાં તારા જેવો ધર્માત્મા પુત્ર ઉત્પન્ન થયો છે. તું સત્પુરુષો દ્વારા પ્રશંસાપાત્ર છે. તારે શોક ન કરવો જોઈએ." બર્બરીકનો શોક દૂર થયો નહીં એટલે તે કહેવા લાગ્યો "મેં પૂજ્ય દાદાનો જે શરીરથી અપરાધ કર્યો છે તેનો આજે હું મહીસાગર સંગમમાં ત્યાગ કરીશ, જેથી બીજા જન્મોમાં મારાથી આવો અપરાધ ન થાય."

તે સમુદ્રકિનારે પહોંચ્યો અને તેમાં કૂદી પડવા તત્પર થઈ ગયો. તે સમયે ત્યાં સિદ્ધામ્બિકા તથા ચારે દિશાઓની દેવીઓ ભગવાન રુદ્ર સાથે આવી. તેમણે બર્બરીકને સમજાવ્યો અને આત્મહત્યા કરતાં રોક્યો. તેમના રોકવાથી ઉદાસ મનથી તે પાછો આવી ગયો. પાંડવોને તેનું પરાક્રમ જોઈને આશ્ચર્ય થયું. તેમણે બર્બરીકનું સમ્માન કર્યું. પાંડવોનાં વનવાસની અવધિ સમાપ્ત થઈ છતાં દુરાત્મા દુર્યોધને તેમનું રાજ્ય પાછું આપવાનો ઈનકાર કર્યો, ત્યારે કુરુક્ષેત્રનાં મેદાનમાં મહાભારત યુદ્ધની તૈયારી થવા લાગી. યુદ્ધનાં આરંભમાં મહારાજ યુધિષ્ઠિરે પોતાના મહારથી યોદ્ધાઓની શક્તિ વિશે અર્જુનને પૂછ્યું. અર્જુને યોદ્ધાઓનાં પરાક્રમની પ્રશંસા કરીને જણાવ્યું કે, "હું એકલો જ કૌરવસેનાને એક દિવસમાં નષ્ટ કરવા સમર્થ છું." આ વાત સાંભળીને બર્બરીકથી રહેવાયું નહીં, તેણે કહ્યું "મારી પાસે એવાં દિવ્ય અસ્ત્ર શસ્ત્રો છે કે હું એક ઘડીમાં સમસ્ત કૌરવસેનાને યમલોકમાં મોકલી શકું છું."

બર્બરીકની વાતનું ભગવાન શ્રીકૃષ્ણે સમર્થન કર્યું અને પછી કહ્યું "બેટા! તું ભીષ્મ, દ્રોણ વગેરેથી રક્ષિત કૌરવસેનાને એક ઘડીમાં કેવી રીતે મારી શકે?" ભગવાનની વાત સાંભળીને અતુલ બળવાળા બર્બરીકે પોતાનું ભયંકર ધનુષ્ય ચડાવ્યું. પોલા બાણને લાલ રંગથી ભરીને છોડી દીધું. બાણમાંથી ઊડેલી ભસ્મ બંને સેનાઓનાં સૈનિકોનાં મર્મસ્થાન પર જઈને પડી. ફક્ત પાંડવો, કૃપાચાર્ય અને અશ્વત્થામાનાં શરીર પર તે પડી નહીં. બર્બરીકે કહ્યું "મેં આ ક્રિયાથી મરનારા વીરોનાં મર્મસ્થાનોનું નિરીક્ષણ કર્યું છે. હવે દેવીએ આપેલાં તીક્ષ્ણ બાણ તેમનાં મર્મસ્થાનોમાં મારીને સુવાડી દઈશ. બધાંને ધર્મનાં સોગંદ છે, કોઈ શસ્ત્ર ઉઠાવે નહીં. હું બે ઘડીમાં જ શત્રુઓને મારી નાખીશ." બર્બરીક અતુલ બલી, ધર્માત્મા અને વિનયી પણ હતો; પરંતુ આ સમયે તેણે અહંકારને વશ થઈ ધર્મની મર્યાદા તોડી નાંખી. બંને સેનાઓનાં વીરોને દેવતાઓ અને ઋષિઓ પાસેથી વરદાન પ્રાપ્ત થયેલાં હતાં. તે બધાં વરદાનોને વ્યર્થ કરવાથી દેવો, ધર્મ અને તપની મર્યાદા નષ્ટ થઈ જાત. ધર્મની મર્યાદા માટે અવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણએ બર્બરીકની વાત સાંભળીને પોતાના ચક્રથી તેનું માથું કાપી નાંખ્યું. બર્બરીકનાં મરવાથી બધા લોકો સ્તબ્ધ રહી ગયાં. પાંડવો શોકમાં ડૂબી ગયાં. ઘટોત્કચ મૂર્ચ્છિત થઈને ઢળી પડ્યો. તે જ સમયે ત્યાં ચૌદ દેવીઓ આવી. તેણે ઘટોત્કચ તથા પાંડવોને જણાવ્યું કે "બર્બરીક પૂર્વજન્મમાં સૂર્યવર્ચા નામનો યક્ષ હતો. દેવતાઓ બ્રહ્માજીની સાથે પૃથ્વીનો ભાર ઉતારવા મેરુ પર્વત પર ભગવાન શ્રીનારાયણની સ્તુતિ કરી રહ્યાં હતાં ત્યારે તે યક્ષે અહંકારવશ કહ્યું 'પૃથ્વીનો ભાર હું દૂર કરી દઈશ.' અહંકારને કારણે બ્રહ્માજીએ તેને શાપ આપી દીધો કે 'ભૂમિનો ભાર દૂર કરતી વખતે ભગવાન આનો વધ કરશે.' બ્રહ્માજીનાં શાપને સત્ય કરવા માટે જ ભગવાન શ્રીકૃષ્ણએ બર્બરીકને માર્યા. ભગવાનનાં આદેશથી દેવીઓએ બર્બરીકનાં માથાને અમૃતથી સીંચીને અજર અમર બનાવી દીધું. તે માથાએ યુદ્ધ જોવાની ઈચ્છા વ્યક્ત કરી, તેથી ભગવાને તેને એક પર્વત પર સ્થાપિત કર્યો અને સંસારમાં પૂજિત થવાનું વરદાન આપ્યું.

મહાભારત યુદ્ધનાં અંતે ધર્મરાજ યુધિષ્ઠિર ભગવાન શ્રીકૃષ્ણનાં વારંવાર કૃતજ્ઞ થઈ રહ્યાં હતાં કે વાસુદેવનાં અનુગ્રહથી અમને વિજય મળ્યો છે. ભીમસેને વિચાર્યું કે 'ધૃતરાષ્ટ્રનાં પુત્રોને તો મેં માર્યા છે, તો પછી ધર્મરાજ શા માટે શ્રીકૃષ્ણની આટલી પ્રશંસા કરી રહ્યાં છે?" ભીમસેને આ વાત કહી ત્યારે અર્જુને તેમને સમજાવવાની ઈચ્છાથી કહ્યું "મારા તમારા વડે આ ભીષ્મ, દ્રોણ વગેરે ત્રિલોક વિજયી શૂરવીરો માર્યા ગયાં નથી. આપણે તો નિમિત્ત માત્ર છીએ. યુદ્ધમાં વિજય કોઈ અદ્રશ્ય શક્તિ થકી થયો છે, જેને હું હંમેશા પોતાની આગળ ચાલતા જોતો હતો." ભીમસેન અર્જુનની વાત સાંભળીને હસી પડ્યાં. તેમને લાગ્યું કે અર્જુનને ભ્રમ થઈ ગયો છે ! યોગ્ય નિર્ણય કરાવવા તેઓ અર્જુન અને શ્રીકૃષ્ણ સાથે પર્વત પર ગયાં. બર્બરીકનાં માથાને પૂછ્યું "બેટા! તે પુરુ યુદ્ધ જોયું છે, તો બતાવ કે યુદ્ધમાં કૌરવોને કોણે માર્યા છે?" બર્બરીકે કહ્યું "મેં તો શત્રુઓની સાથે યુદ્ધ કરતાં એક પુરુષને જ જોયો છે; તેની ડાબી બાજુએ પાંચ મુખ અને દશ હાથ હતાં, જેમાં ત્રિશૂળ વગેરે ધારણ કરેલાં હતાં. જમણી બાજુએ એક મુખ અને ચાર હાથ હતાં, જેમાં ચક્ર વગેરે અસ્ત્ર શસ્ત્ર ધારણ કરેલાં હતાં. ડાબી બાજુએ જટાઓ હતી અને કપાળ પર ચંદ્રમા શોભી રહ્યો હતો; જમણી બાજુએ મસ્તક પર મુગટ અને ગળામાં કૌસ્તુભમણિ શોભી રહ્યો હતો. તે પુરુષ સિવાય કૌરવસેનાનો નાશ કરનાર બીજા કોઈ પુરુષને મેં જોયો નથી." બર્બરીકે આ પ્રમાણે કહ્યું ત્યારે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી. ભીમસેન લજ્જિત થઈને ભગવાન પાસે ક્ષમા માગવા લાગ્યાં. ભગવાન ક્ષમાનાં મહાસાગર છે.



## વીર બાળક અભિમન્યુ

મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું હતું. ભીષ્મ પિતામહ શરશય્યા પર પડ્યાં હતાં. દ્રોણાચાર્ય કૌરવ પક્ષનાં સેનાપતિ હતાં. દુર્યોધન આચાર્યને વારંવાર કહેતો હતો "તમે પાંડવોનો પક્ષપાત કરો છો. તમે આવું ન કરો તો પાંડવોને જીતી લેવા ઘણું સહેલું છે." આચાર્યે ઉત્તેજિત થઈને કહ્યું "અર્જુનનાં રહેતાં પાંડવ પક્ષને દેવતાઓ પણ જીતી શકે એમ નથી. તમે જો અર્જુનને દૂર હટાવી શકો તો હું બધાયને હરાવી દઈશ." દુર્યોધનનાં ઉશ્કેરવાથી સંશપ્તક નામનાં વીર યોદ્ધાઓએ અર્જુનને યુદ્ધ કરવા માટે પડકાર કર્યો. તેઓ તેમને સંગ્રામની મુખ્ય ભૂમિથી દૂર યુદ્ધ કરવા માટે લઈ ગયાં. અહીં દ્રોણાચાર્યે પોતાની સેના વડે ચક્રવ્યૂહ નામની વ્યૂહરચના કરી. યુધિષ્ઠિરને આ વાતની જાણ થઈ ત્યારે તેઓ ઘણાં નિરાશ અને દુઃખી થઈ ગયાં. પાંડવ પક્ષમાં એકમાત્ર અર્જુન ચક્રવ્યૂહને ભેદવાનું રહસ્ય જાણતા હતાં. અર્જુનનાં ન હોવાને લીધે પરાજય સ્પષ્ટ જોઈ શકાતો હતો. પક્ષનાં લોકોને હતાશ થતા જોઈને અર્જુનનાં પંદર વર્ષનાં સુભદ્રાપુત્ર અભિમન્યુએ કહ્યું "મહારાજ! તમે ચિંતા શા માટે કરો છો? હું એકલો કાલે ચક્રવ્યૂહમાં પ્રવેશ કરીશ અને શત્રુઓનો ગર્વ દૂર કરી દઈશ."

યુધિષ્ઠિરે પૂછ્યું "બેટા! તું ચક્રવ્યૂહનું રહસ્ય કેવી રીતે જાણે છે?" અભિમન્યુએ જણાવ્યું "હું માતાનાં ગર્ભમાં હતો, ત્યારે એક દિવસ પિતાજીએ મારી માતાને ચક્રવ્યૂહનું વર્ણન કહી સંભળાવ્યું હતું. પિતાજીએ ચક્રવ્યૂહનાં છ દ્વાર તોડવાની વાત વર્ણવી હતી, એ દરમિયાન મારી માતાને ઊંઘ આવી ગઈ. પિતાજીએ એની આગળનું વર્ણન કર્યું નહીં. તેથી હું ચક્રવ્યૂહમાં પ્રવેશ કરીને તેનાં છ દ્વાર તોડી શકું છું, પરંતુ તેનું સાતમું દ્વાર તોડીને નીકળી જવાની વિદ્યા મને આવડતી નથી." ઉત્સાહમાં ભીમસેને કહ્યું "સાતમું દ્વાર તો હું ગદાથી તોડી નાખીશ." ધર્મરાજ યુધિષ્ઠિર નહોતા ઈચ્છતા કે બાળક અભિમન્યુને ચક્રવ્યૂહમાં મોકલવામાં આવે, પરંતુ બીજો કોઈ ઉપાય ન હતો. અભિમન્યુ અતિરથી યોદ્ધો હતો અને રોજિંદા યુદ્ધમાં સંમિલિત થતો હતો. તેનો આગ્રહ પણ હતો આ વિકટ યુદ્ધમાં પ્રવેશ કરવાનો. બીજા દિવસે સવારે યુદ્ધ શરૂ થયું. દ્રોણાચાર્યે વ્યૂહનાં મુખ્ય દ્વારનાં રક્ષણની જવાબદારી દુર્યોધનના બનેવી જયદ્રથને સોંપી હતી. જયદ્રથે કઠોર તપ કરીને ભગવાન શંકર પાસેથી એવું વરદાન મેળવી લીધું હતું કે અર્જુન સિવાય બાકીનાં પાંડવોને તે જીતી શકશે. અભિમન્યુએ બાણોનો વરસાદ વરસાવીને જયદ્રથને વિચલિત કરી વ્યૂહની અંદર પ્રવેશ કર્યો. તરત જયદ્રથ સાવધાન થઈ ગયો અને ફરી દ્વાર રોકીને ઊભો રહી ગયો. આખા દિવસ સુધી પ્રયત્ન કરવા છતાં ભીમસેન કે અન્ય કોઈ પણ યોદ્ધા વ્યૂહમાં પ્રવેશી શક્યા નહીં. જયદ્રથ એકલાએ વરદાનનાં પ્રભાવે બધાને રોકી રાખ્યાં. પંદર વર્ષનો બાળક અભિમન્યુ રથ પર બેસીને શત્રુઓનાં વ્યૂહમાં ઘૂસી ગયો હતો. ચારે બાજુથી તેના પર અસ્ત્ર શસ્ત્રોનો વરસાદ વરસી રહ્યો હતો; પરંતુ એનાથી તે ડર્યો નહીં. તેણે ધનુષ્યથી ધોધમાર વરસતા પાણીની જેમ ચારે બાજુએ બાણ વરસાવવાનું શરૂ કરી દીધું. કૌરવોની સેનાનાં હાથી, ઘોડા અને સૈનિકો કપાઈને પડવા લાગ્યાં. રથોનાં ભૂક્કા થવા લાગ્યાં. ચારે તરફ હાહાકાર મચી ગયો. સૈનિકો આમ તેમ નાસવા લાગ્યાં. દ્રોણાચાર્ય, કર્ણ, અશ્વત્થામા, શલ્ય વગેરે મોટા મહારથીઓ સામે આવ્યાં; પરંતુ બાળક અભિમન્યુની ગતિને કોઈ પણ રોકી શક્યા નહીં. તેના લીધે આચાર્ય દ્રોણ અને કર્ણ સુધ્ધાએ વારંવાર પાછા હટી જવું પડ્યું. એક પછી એક વ્યૂહનાં દ્વારને તોડીને તે આગળ વધતો ગયો. તેણે વ્યૂહનાં છ દ્વાર પાર કરી લીધાં.

અભિમન્યુ એકલો હતો આથી તેણે લગાતાર યુદ્ધ કરવું પડ્યું. તેણે જે મહારથીઓને પરાજિત કરીને પાછળ રાખી દીધાં હતાં તેઓ પણ યુદ્ધ કરવા આવી પહોચ્યાં. સાતમાં દ્વારનું મર્મસ્થાન તે જાણતો ન હતો. બીજી તરફ કૌરવ પક્ષનાં મોટા મહારથીઓ અભિમન્યુનાં બાણોથી ઘાયલ થઈ ગયાં હતાં. દ્રોણાચાર્યે સ્પષ્ટ કહી દીધું " જ્યાં સુધી આ બાળકનાં હાથમાં ધનુષ્ય છે ત્યાં સુધી તેને જીતવાની આશા ન રાખવી જોઈએ." કર્ણ વગેરે છ મહારથીઓએ અભિમન્યુ પર એકીસાથે અન્યાયપૂર્વક આક્રમણ કર્યું. પહેલાં અભિમન્યુનાં ઘોડાઓને મારી નાખ્યાં, પછી સારથિને મારી નાંખ્યો અને કર્ણે તેનું ધનુષ્ય કાપી નાખ્યું. છતાં અભિમન્યુ રથ પરથી કૂદીને બધાં શત્રુઓ પર પ્રહાર કરવા લાગ્યો. તેના પ્રહારથી ફરી એક વાર ભાગદોડ મચી ગઈ. ક્રૂર શત્રુઓએ અન્યાય કરતાં રહીને તેને ઘેરી રાખ્યો હતો. તમામ તેના પર શસ્ત્રો વરસાવી રહ્યાં હતાં. કવચ અને શિરસ્ત્રાણ કપાઈ ગયાં. શરીર બાણો વાગવાથી ઘાયલ થઈ ગયું હતું અને લોહીની ધારાઓ વહી રહી હતી. અભિમન્યુનાં બધાં અસ્ત્રો શસ્ત્રો કપાઈ ગયાં ત્યારે તેણે રથનું પૈડું ઉઠાવીને પ્રહાર કરવાનું શરૂ કર્યું. આવી દશામાં પણ કોઈ સમ્મુખ આવીને તેને હરાવી શક્યું નહીં. શત્રુઓએ પાછળથી શિરસ્ત્રાણ વિનાનાં માથા પર ગદા મારી. ગદા વાગવાથી અભિમન્યુ હંમેશ માટે યુદ્ધભૂમિમાં ઢળી પડ્યો. આમ અભિમન્યુએ સંગ્રામમાં શૌર્યપૂર્વક વીરગતિ પ્રાપ્ત કરી. ભગવાન શ્રીકૃષ્ણએ બહેન સુભદ્રાને આશ્વાસન આપતી વખતે અભિમન્યુનાં મૃત્યુને સૌના માટે વાંછનીય ગણાવ્યું હતું.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : દહેગામ**

Tel.: હેડ ઓફિસ [દહેગામ] : 02716 232612
સબ યાર્ડ [રખિયાલ] : 267242 ● ચેરમેન [રહેઠાણ] : 233640

**સાચો તોલ** **રોકડા નાણાં** **ખુલ્લી હરાજી**

ખેડૂત અને વેપારીઓનાં હિતનું રક્ષણ કરતી APMC દહેગામ
સૌને સાથે લઈ સર્વાંગી વિકાસને ગતિશીલ બનાવી
ઉત્તરોત્તર પ્રગતિનાં પંથે લઈ જવા સતત પ્રયત્નશીલ છે.

**યતિનકુમાર જે. શાહ** [સેક્રેટરી]
**નંદુભાઈ કે. પટેલ** [વાઈસ ચેરમેન]
**સુમેરુભાઈ આર. અમીન** [ચેરમેન]




## વીર બાળક ભરત

ઋષભદેવ કે પુત્ર ભરતજી યોગી ત્યાગી જ્ઞાની ।
પર રાજા દુષ્યન્ત પુત્ર થે ભરત શૂર બલ ખાની ।।
અપના દેશ દોનોંકે નામસે 'ભારત' કહલાતા ।
ત્યાગ જ્ઞાન ઔર બલ પૌરુષકી મહિમા બતલાતા ।।
ઋષભપુત્ર રાજર્ષિ ભરતકી પઢના કભી કહાની ।
ભરત દૂસરેકે બચપનકી હૈ વીરતા બતાની ।।
જન્મ હુઆ થા ઋષિ આશ્રમમેં માતાને થા પાલા ।
નન્હેપનસે હી નિર્ભય થા વહ શકુન્તલા કા લાલા ।।
ઘુટનોં ચલને લગે ભરત તબ રેંગ નિકલ જાતે થે ।
બાઘ સિંહકે પાસ પહુઁચકર મુખ ઉનકા થપકાતે થે ।।
જબ વે ચલને લગે, પકડ લાતે સિંહનીકે બચ્ચે ।
ગુર્રાનેસે ધમકાતે થે, નહીં તનિક થે કચ્ચે ।।
'રહ મૈં તેરે દાઁત ગિનૂઁગા' બડે સિંહસે કહતે ।
ઉસકે મૂઁહમેં હાથ ડાલકર સચમુચ ગિનતે રહતે ।।
ચાર બરસકે ભરત ખીંચતે કાન બાઘકા જાકર ।
હઁસતે બૈઠ પીઠપર ઉસકી તાલી બજા બજાકર ।।
છડી દિખાતે સિંહ રીછકો 'બેટા! નહીં મારૂંગા ।
લડ લે કુશ્તી પકડ પટક દૂઁ, ક્યા તુઝસે હારૂઁગા' ।।
પૂઁછ હિલાતે બાઘ સિંહ અપના પ્યાર દિખાકર ।
હાથી રીછ ખિલાતે ઉનકો મીઠે ફલ લાકર ।।
ઐસે નિર્ભય વીર પુત્ર સે માતા ખુશ રહતી ।
'મેરા પુત્ર દેશકા પાલન કર લેગા' કહતી ।।
હોકર બડે ભરત ધર્માત્મા રાજા હુએ મહાન ।
અબતક વીર કિયા કરતે હૈં ઉનકા ગૌરવ ગાન ।।

ઋષભદેવનાં પુત્ર ભરતજી યોગી, ત્યાગી અને જ્ઞાની હતાં; જ્યારે રાજા દુષ્યન્તનાં પુત્ર ભરત શૂરવીર અને બળવાન હતાં. આ બંનેનાં નામ પરથી આપણો દેશ 'ભારત' કહેવાય છે. જે ત્યાગ, જ્ઞાન, બળ અને પૌરુષનો મહિમા દર્શાવે છે. ઋષભપુત્ર રાજર્ષિ ભરતની કથા કોઈ વખત વાંચજો, અહીં બીજા ભરતનાં બાળપણની વીરતા બતાવવી છે.

ઋષિ આશ્રમમાં જન્મ થયો હતો. શકુન્તલા પુત્ર ભરત નાનપણથી નિર્ભય હતાં. ભરત જ્યારે ઘૂંટણભેર ચાલવા લાગ્યાં ત્યારે ઘસડાતા પગે બહાર નીકળી સિંહ પાસે પહોંચી તેમનું મોઢું થપથપાવતા. તેઓ ચાલવા લાગ્યાં ત્યારે સિંહણનાં બચ્ચાં પકડી લાવતા હતાં, તેઓ ગર્જના કરતાં તો ધમકાવતા. સિંહને તેઓ કહેતા 'ઊભો રહે, હું તારા દાંત ગણીશ'. તેના મોઢામાં હાથ નાખીને ખરેખર દાંત ગણતા હતાં. ચાર વર્ષનાં ભરત વાઘ પાસે જઈને તેના કાન ખેંચતા અને પીઠ પર બેસીને તાળી વગાડીને હસતા હતાં. સિંહ અને રીંછને લાકડી બતાવતા હતાં "બેસી જા ! તને નહીં મારું. મારી સાથે કુસ્તી લડી લે, પકડીને પછાડું ! શું હું તારાથી હારીશ ?" વાઘ અને સિંહ પોતાનો પ્રેમ બતાવીને પૂંછડી હલાવતા હતાં. હાથી અને રીંછ મીઠાં ફળ લાવીને તેમને ખવડાવતા હતાં. આવા નિર્ભય અને વીર પુત્રથી માતા પ્રસન્ન રહેતી અને 'મારો પુત્ર દેશનું પાલનપોષણ કરશે' એમ કહેતી હતી. આ ભરત મોટા થઈને મહાન ધર્માત્મા રાજા થયાં. તેમના ગૌરવનું ગાન વીર પુરુષો હજીયે કર્યા કરે છે.

## વીર બાળક સ્કંદગુપ્ત

મધ્ય એશિયાનાં રણપ્રદેશમાં હૂણ, શક વગેરે જંગલી જાતિઓ હતી. તેઓ પાંચમી સદીમાં રહેતા હતાં. હૂણ અને શક જાતિનાં લોકો લડાયક યોદ્ધા હતાં. એ લોકોએ યુરોપ ખંડને ઘણી વાર ઉજ્જડ બનાવી દીધો હતો. રોમનું રાજ્ય તેમની ચઢાઈઓથી નષ્ટ થઈ ગયું. ચીનને પણ અનેક વાર લૂંટ્યુ. તેઓ સૈન્ય લઈને જે દેશ પર ચઢાઈ કરતાં તે દેશમાં હાહાકાર મચી જતો. એક વાર સમાચાર મળ્યા કે હૂણ લોકોનું સૈન્ય હિમાલય પર્વતની પેલે પાર ભારત પર આક્રમણ કરવા એકઠું થઈ રહ્યું છે. તે સમયે ભારતમાં સૌથી મોટું રાજ્ય મગધ હતું. ત્યાંના સમ્રાટ કુમારગુપ્ત હતાં. તેમના પુત્ર યુવરાજ સ્કંદગુપ્ત હજુ યુવાન થયાં ન હતાં. હૂણોનું સૈન્ય એકત્ર થઈ રહ્યું હોવાના સમાચાર મળ્યા કે તરત સ્કંદગુપ્ત પિતા પાસે ગયાં. તે સમયે સમ્રાટ કુમારગુપ્ત મંત્રીઓ અને સેનાપતિઓ સાથે યુદ્ધ કરવા બાબતે મંત્રણા કરી રહ્યાં હતાં. સ્કંદગુપ્તે કહ્યું "હું પણ યુદ્ધ કરવા જઈશ." મહારાજ કુમારગુપ્તે સમજાવ્યું કે "હૂણ લોકો પરાક્રમી અને નિર્દય હોય છે. તેઓ અધર્મપૂર્વક છુપાઈને યુદ્ધ કરે છે. તેમની સંખ્યા વધુ છે. તેમની સાથે યુદ્ધ કરવું એટલે મૃત્યુ સાથે યુદ્ધ કરવા બરાબર છે. યુવરાજ સ્કંદગુપ્ત આવી વાતોથી ડરી જનારા ન હતાં. તેમણે કહ્યું "પિતાજી ! દેશ અને ધર્મનાં રક્ષણ માટે મરી જવું એ વીર ક્ષત્રિય માટે મહાન વાત છે. હું મૃત્યુ સાથે લડીશ અને દેશને ક્રૂર શત્રુઓથી બચાવીશ."

મહારાજ કુમારગુપ્તે વીર પુત્રને હૈયા સરસો ચાંપ્યો. સ્કંદગુપ્તને યુદ્ધમાં જવાની આજ્ઞા મળી. તેમની સાથે મગધનાં બે લાખ વીર સૈનિકો ચાલી નીકળ્યાં. પટણાથી પંજાબ પાર કરી તે વીર સૈનિકો બરફથી ઢંકાયેલા હિમાલયનાં સફેદ શિખરો ઉપર ચઢ્યાં. ભયાનક ઠંડી, શીતળ હવા અને બરફનાં તોફાન પણ તેમને આગળ વધતાં રોકી શક્યાં નહીં. હૂણોએ હંમેશા બીજા દેશો પર આક્રમણ કર્યાં હતાં. કોઈ આગળ વધીને તેમના પર આક્રમણ કરે એવું તેમણે ક્યારેય વિચાર્યું પણ ન હતું. તે લોકોએ જોયું કે હિમાલયનાં શિખરો પરથી મોટું સૈન્ય તેમના પર આક્રમણ કરવા ઊતરી રહ્યું છે ત્યારે તેઓ યુદ્ધ કરવા તૈયાર થઈ ગયાં. તેમને સૌથી વધુ આશ્ચર્ય એ થયું કે પર્વત પરથી ઊતરતા તે સૈન્યનાં મોખરે નાની વયનો એક બાળક ઘોડા પર બેસીને, ખુલ્લી તલવાર લઈને અને શંખ બજાવતો ચાલી આવી રહ્યો છે. તે હતો યુવરાજ સ્કંદગુપ્ત. યુદ્ધ શરૂ થઈ ગયું. યુવરાજ સ્કંદગુપ્ત જ્યાંથી નીકળતા ત્યાં શત્રુઓને કાપીને ઢગલો કરી દેતા. થોડા જ વખતનાં યુદ્ધમાં હૂણોની હિંમત તૂટી ગઈ. તે લોકો અહીં તહીં નાસવા લાગ્યાં. હૂણોનું પૂરેપૂરું સૈન્ય ભાગી છૂટ્યું. શત્રુઓ પર વિજય મેળવીને યુવરાજ સ્કંદગુપ્ત જ્યારે પોતાના દેશમાં પાછા ફર્યા ત્યારે તેમનું સ્વાગત કરવા માટે લાખો માણસોની ભીડ પહેલાંથી જ ઊભી હતી. મગધમાં રાજધાનીથી આગળનો પાંચ કોસ સુધીનો માર્ગ શણગારવામાં આવ્યો હતો. સ્વાગત માટે આખા દેશમાં દસ દિવસ સુધી ઉત્સવ મનાવવામાં આવ્યો. યુવરાજ સ્કંદગુપ્ત આગળ જતાં ભારતનાં સમ્રાટ થયાં. ઈરાન અને અફઘાનિસ્તાન સુધી તેમણે રાજ્યનો વિસ્તાર કર્યો હતો. એમના જેવો પરાક્રમી વીર ભારત સિવાય બીજા દેશનાં ઈતિહાસમાં મળવો મુશ્કેલ છે. તેમણે દિગ્વિજય કરીને અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. વીર હોવાની સાથે તેઓ ઘણાં જ ધર્માત્મા, દયાળું અને ન્યાયી સમ્રાટ હતાં.

## વીર બાળક ચંડ

ચિત્તોડનાં રાજ્યસિંહાસન પર તે સમયે રાણા લાખા વિરાજમાન હતાં. તેમણે પોતાના પરાક્રમથી દિલ્હીનાં બાદશાહ લોદીને યુદ્ધમાં પરાજિત કર્યો હતો. તેમની કીર્તિ ચારે તરફ ફેલાઈ રહી હતી. રાણાનાં પુત્રોમાં ચંડ સૌથી મોટા અને ગુણોમાં પણ શ્રેષ્ઠ હતાં. જોધપુરનાં રાઠોડ રાજા રણમલ્લજીએ પોતાની પુત્રીનો વિવાહ રાજકુમાર ચંડ સાથે કરવા ચિત્તોડમાં નાળિયેર મોકલ્યું. જોધપુરથી નાળિયેર લઈને બ્રાહ્મણ જે સમયે રાજસભામાં પહોચ્યો ત્યારે રાજકુમાર ચંડ ન હતાં. બ્રાહ્મણે કહ્યું કે 'રાજકુમાર માટે હું નાળિયેર લઈને આવ્યો છું, ત્યારે રાણા લાખાએ મજાકમાં કહ્યું હું તો એમ સમજ્યો કે તમે મારા માટે નાળિયેર લાવ્યાં છો." રાણાની વાત સાંભળીને બધાં હસવા લાગ્યાં. રાજકુમાર ચંડ તે સમયે રાજસભામાં આવી રહ્યાં હતાં. તેમણે રાણાનાં શબ્દો સાંભળી લીધાં હતાં. તેમણે અત્યંત નમ્રતાપૂર્વક કહ્યું "જે કન્યાનાં નાળિયેરને મારા પિતાએ પોતાનું ગણાવ્યું હોય તે સ્ત્રી મારી માતા સમાન છે. આથી હું તેની સાથે વિવાહ કરી શકું નહીં." વાત ઘણી વિચિત્ર થઈ ગઈ. નાળિયેરને પાછું જવા દેવું એ જોધપુર નરેશનું તથા તેમની નિર્દોષ પુત્રીનું અપમાન કરવા બરાબર હતું; રાજકુમાર ચંડ આ વિવાહ કરવા કોઈ પણ રીતે તૈયાર ન હતાં. રાણાએ ઘણાં સમજાવ્યા, પણ ચંડ એકનાં બે ન થયાં. જે પુત્રે પિતાની આજ્ઞા ક્યારેય ટાળી ન હતી તેને આ રીતે હઠ કરતો જોઈને રાજાને ક્રોધ આવી ગયો. તેમણે કહ્યું "આ નાળિયેર પાછું મોકલી શકાય નહીં. રણમલ્લજીનું સન્માન જાળવવા માટે નાળિયેરનો હું સ્વયં સ્વીકાર કરી રહ્યો છું; પરંતુ યાદ રાખો કે આ સંબંધથી કોઈ પુત્ર જન્મશે તો ચિત્તોડનાં સિંહાસન પર તે જ બેસશે." કુમાર ચંડને પિતાની આ વાતથી જરા પણ દુઃખ થયું નહીં. તેમણે ભીષ્મ પ્રતિજ્ઞા કરતાં કહ્યું "પિતાજી! હું તમારાં ચરણોને સ્પર્શીને પ્રતિજ્ઞા કરું છું કે મારી નવી માતાથી જે પુત્ર થશે તે જ સિંહાસન પર બેસશે અને હું જીવનપર્યંત તેના હિતમાં વ્યસ્ત રહીશ." રાજકુમારની પ્રતિજ્ઞા સાંભળીને બધાં લોકો તેમની પ્રશંસા કરવા લાગ્યાં. બાર વર્ષની રાજકુમારીનું પાણિગ્રહણ પચાસ વર્ષનાં રાણા લાખાએ કર્યું. આ નવાં રાણીથી તેમને એક પુત્ર થયો, જેનું નામ મુકુલ રાખવામાં આવ્યું. મુકુલ પાંચ વર્ષનો થયો ત્યારે મુસલમાનોએ ગયા તીર્થ પર આક્રમણ કર્યું. તીર્થનાં રક્ષણ માટે રાણાએ સૈન્ય સજાવ્યું. યુદ્ધમાંથી જીવતા પાછા આવવાની આશા રાખવી એ વ્યર્થ હતું. રાણાએ રાજકુમાર ચંડને કહ્યું "બેટા! હું તો ધર્મનાં રક્ષણ માટે જઈ રહ્યો છું. તારા નાના ભાઈ મુકુલની આજીવિકાની શી વ્યવસ્થા થશે?" ચંડે કહ્યું "ચિત્તોડનું રાજ્યસિંહાસન એમનું છે." રાણા નહોતા ઈચ્છતા કે પાંચ વર્ષનાં બાળકને સિંહાસન પર બેસાડવામાં આવે. તેમણે ચંડને અનેક રીતે સમજાવ્યાં, પરંતુ ચંડ પ્રતિજ્ઞામાં અચલ રહ્યાં. રાણાની સામે તેમણે મુકુલનો રાજ્યાભિષેક કર્યો અને સૌથી પહેલાં પોતે જ તેમનું સમ્માન કર્યું. રાણા લાખા યુદ્ધ કરવા ગયાં, પરંતુ પાછાં વળ્યાં નહીં. રાજ્યગાદી પર મુકુલને બેસાડીને ચંડ તેમના વતી રાજ્યનો કારોબાર ચલાવવા લાગ્યાં. તેમના સુંદર કારોબારથી પ્રજા પ્રસન્ન અને સુખસંપન્ન થઈ ગઈ. છતાં રાજમાતાને એવો સંદેહ થઈ ગયો કે ચંડ મારા પુત્રને ખસેડીને રાજ્ય લેવા ઈચ્છે છે. આ વાત રાજકુમાર ચંડે સાંભળી ત્યારે તેમને દુઃખ થયું. તેઓ રાજમાતા પાસે ગયાં અને બોલ્યાં "મા! તમને સંતુષ્ટ કરવા માટે હું ચિત્તોડને ત્યજી રહ્યો છું; છતાં તમને મારી સેવાની જરૂર પડે ત્યારે હું જરૂર આવી જઈશ." ચંડનાં ચાલ્યા ગયાં પછી રાજમાતાએ જોધપુરથી પોતાના ભાઈને બોલાવી લીધો. પાછળથી સ્વયં રણમલ્લજી ઘણાં સેવકોની સાથે ચિત્તોડ આવ્યાં. થોડાં દિવસોમાં તેમની દાનત બદલાઈ ગઈ. તેઓ ભાણેજને મારીને ચિત્તોડનું રાજ્ય હડપ કરવાનું કાવતરું ઘડવા લાગ્યાં. રાજમાતાને આ વાતની ખબર પડી ત્યારે તેઓ ઘણાં દુઃખી થયાં. અત્યારે તેમનો કોઈ મદદગાર ન હતો. તેમણે ઘણાં દુઃખ સાથે ચંડને પત્ર લખીને ક્ષમા માગી અને ચિત્તોડને બચાવી લેવા આમંત્રણ આપ્યું. સંદેશો મળતાં જ ચંડ આવી પહોંચ્યાં. આખરે ચિત્તોડને રાઠોડનાં પંજામાંથી મુક્ત કરાવ્યું.




## વીર બાળક પ્રતાપ

મહારાણા પ્રતાપનો જન્મ ઈસવીસન 1540માં થયો હતો. તેઓ મહારાણા ઉદયસિંહનાં જ્યેષ્ઠ પુત્ર હતાં. તેમની શિક્ષા દીક્ષા મેવાડનાં રાજવંશની પરંપરાને અનુરૂપ થઈ હતી. અસ્ત્ર શસ્ત્ર, સેનાનું સંચાલન, શિકાર વગેરેની તથા રાજ્યનાં કારોબારની દક્ષતા તેમણે બાલ્યાવસ્થામાં જ સંપૂર્ણપણે પ્રાપ્ત કરી લીધી. રાણા ઉદયસિંહ સૌથી નાના પુત્ર જગમલને ઘણો પ્રેમ કરતાં હતાં અને તેમને ઉત્તરાધિકારી જાહેર કરવાનો નિશ્ચય કરી લીધો. પ્રતાપ પિતૃભક્ત બાળક હતાં, તેમણે પિતાનાં નિર્ણયનો વિરોધ કર્યો નહીં. તેમની સામે ભગવાન શ્રીરામનો રાજ્ય ત્યાગ અને વનવાસનો આદર્શ મોજૂદ હતો. પ્રતાપને બાલ્યકાળમાં હંમેશા એ જ વાત ખટકતી હતી કે ભારતભૂમિ વિદેશીઓની ગુલામીની બેડીમાં કણસી રહી છે. તેઓ સ્વદેશની મુક્તિ માટે યોજના બનાવવા હંમેશા ચિંતન કરતાં હતાં. તેમના મામા ઝાલોરનાં રાવ અક્ષયરાજ બાળક પ્રતાપની પીઠ થાબડતા હતાં.
તેમને આશંકા હતી કે પ્રતાપ અંતઃપુરનાં ષડયંત્રોનો શિકાર ન થઈ જાય અને સ્વાધીનતાની પવિત્ર યજ્ઞવેદીનું કાર્ય અધૂરું રહી જાય. પ્રતાપ ઘણાં સાહસિક બાળક હતાં. સ્વતંત્રતા અને વીરતાનાં ભાવ તેમની રગેરગમાં હતાં. ક્યારેક બાળક પ્રતાપ ઘોડાની પીઠ પરથી ઊતરીને અત્યંત શ્રદ્ધા અને આદરથી વિજયસ્તંભની પરિક્રમા કરીને તથા મેવાડની પવિત્ર ધૂળ માથે લગાડીને કહેતા કે "મેં વીર ક્ષત્રિયાણીનું દૂધ પીધું છે; હે ચિત્તોડનાં વિજયસ્તંભ! હું તમને માતૃભૂમિનાં સોગંદ લઈને કહું છું કે તમે હંમેશા સિસોદિયા વંશનાં ગૌરવનું વિજય પ્રતિક બનીને રહેશો. મારા રહેતાં, શત્રુઓ પોતાના સ્પર્શથી તમને અપવિત્ર નહીં કરી શકે." બાળક પ્રતાપની સન્મુખ હંમેશા રાણા સાંગાનો આદર્શ હતો. તેઓ શ્રદ્ધાંજલિ સમર્પિત કરતી વખતે કહેતા કે "હું મહારાણા સાંગાનાં અધૂરા કાર્યને અવશ્ય પૂરા કરીશ. દિલ્હી વિજયનાં સ્વપ્નને હકીકતમાં રૂપાંતરિત કરવું એ જ મારા જીવનનું ધ્યેય છે. તે દિવસ દૂર નથી કે જ્યારે દિલ્હીનો અધિપતિ સાંગાનાં વંશજ પાસે પ્રાણની ભીખ માગતો હશે." પ્રતાપે બાળપણમાં એ સિદ્ધ કરી બતાવ્યું કે બાપા રાવળનાં સંતાનનું શિર કોઈ મનુષ્યની આગળ ઝૂકી શકતું નથી. બાળક પ્રતાપે રાજ્યની પ્રાપ્તિનું નહીં, પણ દેશની મુક્તિનું વ્રત લીધું હતું.


અર્જુનસિંહ બી. ભાટી
અધ્યક્ષ : ગુજરાત ક્ષત્રિય સભા



Happy Diwali
Happy New Year

1, અરિહંત ફ્લેટ્સ, રાજસ્થાન હોસ્પિટલ પાસે, ICICI બેંક સામે,
ધર્મનાથ સોસાયટી પાસે, શાહીબાગ, અમદાવાદ : 380004.
Tel [O] : 22850013 Mobile : 99798 66333

## વીર બાળક બાદલ

દિલ્હીની ગાદી પર અલાઉદ્દીન ખિલજી બાદશાહ બની બેઠો હતો. તે ઘણો ધૂર્ત અને નિષ્ઠુર બાદશાહ હતો. રાજપૂતાનામાં ચિત્તોડનાં રાજ્યસિંહાસન પર તે સમયે રાજા રત્નસિંહ બિરાજમાન હતાં. અલાઉદ્દીને સાંભળ્યું કે રાણાનાં મહારાણી પદ્મિની અત્યંત સુંદર છે. તે પદ્મિનીને કોઈ પણ રીતે મેળવવા માટે સૈન્ય લઈને રાજપૂતાના ગયો અને ચિત્તોડથી થોડેક દૂર તેણે પોતાના સૈન્યનો પડાવ નાંખ્યો. રાણાને સંદેશો મોકલ્યો "હું પદ્મિનીનું પ્રતિબિંબ દર્પણમાં જોઈને પાછો ચાલ્યો જઈશ." મહારાણા રત્નસિંહે આટલી વાત માટે રક્તપાત કરવાનું યોગ્ય ન માન્યું. તેમના બોલાવવાથી અલાઉદ્દીન દુર્ગમાં આવ્યો. દર્પણમાં રાણી પદ્મિનીનું પ્રતિબિંબ તેને દેખાડવામાં આવ્યું. પાછા ફરતી વખતે રાણા તેને દુર્ગમાંથી બહાર સુધી વળાવવા આવ્યાં. અલાઉદ્દીને દુર્ગની બહાર પહેલેથી જ સૈનિકોને સંતાડી રાખેલા. તેમણે રાણા પર આક્રમણ કરીને બંદીવાન બનાવી પોતાની છાવણીમાં લઈ ગયાં. રાણા બંદીવાન થવાથી ચિત્તોડનાં કિલ્લામાં હાહાકાર મચી ગયો. બાદશાહનું સૈન્ય એટલું મોટું હતું કે તેની સાથે યુદ્ધ કરીને વિજય મેળવવાની કોઈ આશા ન હતી. આખરે રાણી પદ્મિનીનાં મામા ગોરાએ એક યોજના બનાવી. અલાઉદ્દીનને સંદેશો મોકલવામાં આવ્યો "જો બાદશાહ રાણાને છોડી દે તો રાણી પદ્મિની ત્યાં આવવા તૈયાર છે. રાણીની સાથે સાતસો દાસીઓ પણ આવશે, શાહી સૈનિકો તેમને રોકે નહીં."

બાદશાહે આ વાત ઘણાં ઉત્સાહથી સ્વીકારી લીધી. સાંજે અંધારું થયાં પછી દુર્ગમાંથી સાતસો પાલખીઓ નીકળી. બાદશાહનાં સૈનિકો વિજયનાં ઉન્માદમાં ઉત્સવ મનાવી રહ્યાં હતાં. શાહી સૈન્ય વચ્ચે પહોંચીને રાણીએ પહેલાં તો રાણાને મળવાની ઈચ્છા વ્યક્ત કરી અને એ માંગણી સ્વીકારવામાં આવી. તમે શું એવું વિચારો છો કે રાણી પદ્મિની પાલખીમાં બેસીને યવન બાદશાહ પાસે આવી હતી? ના, એ પાલખીમાં આવેલી વ્યક્તિ તો રાણી બનેલો, સ્ત્રીનાં વેશમાં છુપાયેલો અને અસ્ત્ર શસ્ત્રથી સુસજ્જ બાર વર્ષનો સુંદર બાળક રાણીનો ભાણેજ બાદલ હતો. બીજી પાલખીઓમાં રાજપૂત સરદારો બેઠેલા હતાં. પાલખીઓ ઊંચકનારાઓ કહારોનાં વેશમાં રાજપૂત યોદ્ધાઓ હતાં! તેમણે રાણાને મુક્ત કરીને, ઘોડા પર બેસાડીને કેટલાક સૈનિકો સાથે દુર્ગ તરફ મોકલી દીધાં. તેઓ શસ્ત્રો લઈને અલાઉદ્દીનનાં સૈન્ય પર તૂટી પડ્યા. ગોરા આ સેનાનું સેનાપતિપદ સંભાળી રહ્યાં હતાં. બાદલે આ યુદ્ધમાં અદ્ભુત વીરતા બતાવી. મુઠ્ઠીભર રાજપૂતો સમુદ્ર જેવડા વિશાળ સૈન્ય સાથે ક્યાં સુધી લડે? ગોરા યુદ્ધભૂમિમાં ખપી ગયાં. બંને હાથોથી તલવાર ચલાવીને યવન સૈનિકોને ગાજરમૂળાની જેમ કાપી નાખતો બાળક બાદલ દુર્ગમાં પહોંચી ગયો. અલાઉદ્દીન ઈચ્છતો હતો કે આ યુદ્ધનાં સમાચાર દુર્ગમાં ન પહોંચે. અચાનક આક્રમણ કરી પદ્મિનીને પકડી તે દિલ્હી લઈ જવા ઈચ્છતો હતો, પરંતુ બાર વર્ષનાં બાળકે તેની એક પણ ચાલ સફળ થવા દીધી નહીં. દુર્ગમાં સમાચાર પહોંચતાં જ રાજપૂત વીરોએ કેસરિયા વાઘા પહેરી લીધાં. તેઓ નીકળી પડ્યાં ધર્મ અને માતૃભૂમિ પર મસ્તક ચડાવવા! ઘણી મુશ્કેલીએ અલાઉદ્દીનને વિજય મળ્યો. મોટા ભાગનાં સૈન્યનો ભોગ આપીને જ્યારે તે ચિત્તોડનાં પવિત્ર દુર્ગમાં દાખલ થયો ત્યારે ચિતાઓ ભડ ભડ સળગી રહી હતી. રાજપૂતાનાની એ દેવીઓ પાપી પુરુષનાં સ્પર્શથી બચવા માટે અગ્નિમાં પ્રવેશ કરી ચૂકી હતી. અલાઉદ્દીને પોતાનું માથું કૂટ્યું. ભારતની આ ગૌરવપૂર્ણ દિવ્યભૂમિ સતીઓનાં તેજથી અને વીર બાળક બાદલનાં શૌર્ય તથા બલિદાનથી સદૈવ ઉજ્જવળ છે.

## વીર બાળક પ્રતાપ

આ વાત મહારાણા પ્રતાપની નથી. આ તો ચિત્તોડનાં એક સાધારણ રાજપૂત બાળકની વાત છે. તેનું નામ હતું પ્રતાપ. તેને ગીત સંગીત ઘણું ગમતું હતું. તેનાં માતા પિતા અને મિત્રો તેનાથી નારાજ રહેતાં હતાં. બધાં તેને ઠપકો આપતાં કે "રાજપૂતનો છોકરો થઈને તું તલવાર ચલાવવાનું શીખતો નથી! દેશ પર જ્યારે સંકટ આવશે ત્યારે તું પોતાના કર્તવ્યનું પાલન કેવી રીતે કરીશ? દેશની સેવા ન કરી શકે અને દેશ માટે મરી ફીટવા તૈયાર ન થાય એવો રાજપૂત શું કામનો ?" પ્રતાપ તે લોકોને કહ્યાં કરતો "દેશની સેવા ફક્ત તલવારથી નથી થતી. સંગીતથી પણ દેશની સેવા થઈ શકે છે. ખપ પડતાં હું બતાવી આપીશ કે દેશ માટે મરી ફીટવામાં હું કોઈનાથીય પાછળ નથી."

કોઈને પ્રતાપની વાત વાજબી લાગતી ન હતી. લોકો સમજતાં હતાં કે આ છોકરો સુકોમળ તો છે, સાથે જ ડંફાસ મારનારો પણ છે. પ્રતાપ પોતાની ધૂનમાં એટલો મક્કમ હતો કે કોઈની વાત પર ધ્યાન આપતો ન હતો. તે વખતે દિલ્હીમાં મોગલ બાદશાહ હતાં. મોગલોનાં સૈન્યે ચિત્તોડ પર ચઢાઈ કરી, પરંતુ ચિત્તોડનો કિલ્લો એટલો મજબૂત હતો કે મોગલ સૈન્ય તેના પર વિજય મેળવી શક્યું ન હતું. કિલ્લાની દીવાલો અને દરવાજા તૂટતા ન હતાં. મોગલ સેનાએ કિલ્લાની અંદરનાં રાજપૂત વીરોનાં બાણોનો માર ખાઈને વારંવાર પાછા જતા રહેવું પડતું હતું. ચિત્તોડમાં જેટલા શૂરવીર રાજપૂતો હતાં તે બધાંય મહારાણાનાં સૈન્યમાં ભરતી થઈ ગયાં હતાં. પ્રતાપ પોતે બાળક હતો અને અસ્ત્ર શસ્ત્ર ચલાવતાં આવડતું ન હતું; તેથી સૈન્યમાં ભરતી થયો નહીં. તે રાજપૂતોનાં સૈન્યમાં ફરતો રહીને વીરતાનાં ગીતો ગાતો હતો અને તેમનો ઉત્સાહ વધારતો. તે ચિત્તોડમાં અને આજુબાજુનાં ગામોમાં વીરતાનાં ગીતો સંભળાવીને યુવાનોને સૈન્યમાં ભરતી થઈ જવા પ્રોત્સાહિત કરતો હતો. તેના ગીતોનો એવો પ્રભાવ પડ્યો કે મહારાણાનું સૈન્ય બમણું થઈ ગયું. એક દિવસ પ્રતાપ સિતાર વગાડીને ગીત સંભળાવી રહ્યો હતો ત્યારે એક મોગલ સૈનિકે છુપાઈને તેનું ગીત સાંભળ્યું. પ્રતાપ ત્યાંથી પાછો ફરવા લાગ્યો ત્યારે સૈનિકે પ્રતાપને પકડી લીધો અને સેનાપતિ પાસે લઈ ગયો. મોગલ સેનાપતિ પ્રતાપને જોઈને ઘણો ખુશ થયો. તેણે કહ્યું "છોકરા! તારે અમને ગીત સંભળાવવું પડશે."

પ્રતાપે કહ્યું "મારું તો કામ જ ગીત સંભળાવવાનું છે. તમે કહો ત્યારે ગીત ગાવા હું તૈયાર છું." મોગલ સેનાપતિએ રાત્રે સૈન્ય સજ્જ કર્યું. સૈન્યની સાથે તે ચિત્તોડનાં કિલ્લા પાસે આવ્યો. કિલ્લાનાં દરવાજા પર પ્રતાપને ઊભો રાખીને તેને કહ્યું "હવે તું પોતાનાં ગીત ગા." મોગલ સેનાપતિએ વિચાર્યું કે પ્રતાપનાં ગીતો સાંભળીને કિલ્લાની અંદરનાં લોકો એવું સમજશે કે તેમને મદદ કરવા કોઈ રાજપૂત સૈન્ય આવ્યું છે. આવી ગફલતથી તેઓ કિલ્લાનાં દરવાજા ખોલી નાખશે. પ્રતાપ મોગલ સેનાપતિની ચાલાકીને પારખી ગયો. તેણે એવું ગીત ગાવાનું શરૂ કર્યું કે તે સાંભળીને કિલ્લાની અંદરનાં રાજપૂતો સાવધાન થઈ ગયાં; તેમણે મોગલ સૈન્ય પર પથ્થરો અને બાણો વરસાવવાનું શરૂ કરી દીધું. ઘણાં સૈનિકો માર્યા ગયાં. મોગલ સેનાપતિએ ધમકાવતાં પ્રતાપને પૂછ્યું "છોકરા! તું શું ગાઈ રહ્યો છે?" પ્રતાપે અત્યંત નિર્ભયતાથી કહ્યું "હું ગીતમાં પોતાના વીરોને કહી રહ્યો છું કે 'શત્રુઓ દરવાજા પર ઊભા છે; ઊંઘો નહીં; છેતરાશો નહીં; કિલ્લો ખોલશો નહીં; પથ્થર મારો, પથ્થર! શત્રુઓનું કચુંબર કરી નાંખો." મોગલ સેનાપતિએ એક જ ઝાટકે પ્રતાપનું માથું વાઢી નાખ્યું. રાજપૂતો સાવધાન થઈ ગયાં હતાં. મોગલ સૈન્યે નિરાશ થઈને પાછા જવું પડ્યું. બીજે દિવસે રાજપૂતોને પ્રતાપની લાશ મળી. દેશ માટે પ્રાણ આપનાર વીર બાળકનાં દેહને સ્વયં મહારાણાએ પોતાના હાથે ચિતા પર મૂક્યો.



## વીર બાળક રામસિંહ

રાઠોડ વીર અમરસિંહ પોતાની તેજસ્વિતા માટે વિખ્યાત હતાં. તેઓ બાદશાહ શાહજહાંનાં દરબારમાં એક ઊંચા પદ પર હતાં. એક દિવસ બાદશાહનાં સાળા સલામતખાને તેમનું અપમાન કર્યું. અમરસિંહે ભર્યા દરબારમાં સલામતખાનનું માથું કાપી નાખ્યું. કોઈની હિંમત ન થઈ કે અમરસિંહને કંઈક કહે. મુસલમાન દરબારીઓ જીવ બચાવવા આમ તેમ ભાગવા લાગ્યાં. અમરસિંહ પોતાના ઘરે પાછા આવ્યાં. અમરસિંહનાં સાળાનું નામ હતું અર્જુન ગૌડ. તે ઘણો ભોગી અને નીચ સ્વભાવનો હતો. બાદશાહે અર્જુન ગૌડને લાલચ આપી. તેણે અમરસિંહને સમજાવ્યા અને છેતરીને તે બાદશાહનાં મહેલમાં લઈ ગયો. અમરસિંહ એક નાના દરવાજામાંથી અંદર જઈ રહ્યાં હતાં ત્યારે અર્જુન ગૌડે પાછળથી પ્રહાર કરીને તેમને મારી નાખ્યાં. આ સમાચાર સાંભળીને બાદશાહ શાહજહાં ઘણો ખુશ થયો. તેણે અમરસિંહનાં શબને કિલ્લાનાં બુરજ પર મુકાવી દીધું. એક વિખ્યાત વીર પુરુષનું શબ ગીધ કાગડાઓ ખાઈ જાય એ માટે ત્યાં નાખી દેવામાં આવ્યું. અમરસિંહનાં રાણીએ સમાચાર સાંભળ્યા, ત્યારે તેમણે સતી થવાનો નિશ્ચય કરી લીધો. પતિનાં શબ વિના તેઓ સતી કેવી રીતે થઈ શકે? મહેલમાં જે રાજપૂત સૈનિકો હતાં તેમને રાણીએ પતિનું શબ લેવા માટે મોકલ્યા; પરંતુ બાદશાહનાં સૈન્ય આગળ તે વીર સૈનિકો શું કરી શકે ? રાણીએ સરદારોને વિનંતી કરી; પરંતુ બાદશાહ સાથે શત્રુતા વહોરી લેવાની હિંમત કોઈ પણ કરી શક્યું નહીં. આખરે રાણીએ તલવાર મંગાવી અને પોતે જ પતિનું શબ લાવવા માટે તૈયાર થઈ ગઈ.

એ જ સમયે અમરસિંહનો ભત્રીજો ખુલ્લી તલવાર લઈને ત્યાં આવ્યો. તેણે કહ્યું "કાકી! તમે હમણાં રોકાઈ જાઓ. હું જાઉં છું, કાં તો કાકાનું શબ લઈને આવીશ અથવા તો મારી પણ લાશ ત્યાં જ પડશે." રામસિંહ અમરસિંહનાં મોટા ભાઈ જસવંતસિંહનો પુત્ર હતો. તે હજી નવયુવાન હતો. સતી રાણીએ તેને આશીર્વાદ આપ્યાં. પંદર વર્ષનો રાજપૂત વીર ઘોડા પર સવાર થયો અને ઘોડાને દોડાવતો તે સીધો બાદશાહનાં મહેલમાં જઈ પહોંચ્યો. મહેલનો દરવાજો ખુલ્લો હતો. દરવાજાનાં ચોકીદારો રામસિંહને ઓળખી ન શક્યાં. બુરજ નીચે પહોંચતા પહેલાં સેંકડો મુસલમાન સૈનિકોએ તેને ઘેરી લીધો. રામસિંહને જીવવાની ચિંતા ન હતી. તેણે પોતાના મોઢામાં ઘોડાની લગામ પકડી રાખી હતી. બંને હાથોથી તલવાર ચલાવી રહ્યો હતો. તેનું સઘળું શરીર લોહીથી લથપથ થઈ ગયું હતું. હજારો મુસલમાન સૈનિકો હતાં. તેમની લાશો પર થઈને રામસિંહ આગળ વધતો રહ્યો. તે મડદાંઓની છાતી પર દોડતો, બુરજ પર ચઢી ગયો. અમરસિંહનું શબ ઉઠાવીને તેણે ખભા પર મૂક્યું અને એક હાથથી તલવાર ચલાવતો તે નીચે ઊતર્યો. શબને ઘોડા પર મૂકીને પોતે પણ બેસી ગયો. બુરજની નીચે મુસલમાનોની બીજી સેના આવી પહોંચે એ પહેલાં રામસિંહનો ઘોડો કિલ્લાનાં દરવાજાની બહાર નીકળી ચૂક્યો હતો. રાણી ભત્રીજાનાં આવવાની વાટ જોઈ રહ્યાં હતાં. પતિનું શબ મેળવીને તેમણે ચિતા બનાવી. ચિતા પર બેઠેલાં સતીએ રામસિંહને આશીર્વાદ આપ્યાં "બેટા! ગાય, બ્રાહ્મણ, ધર્મ અને સતી સ્ત્રીનાં રક્ષણ માટે જે સંકટ ઉઠાવે છે તેના પર ભગવાન પ્રસન્ન થાય છે. તેં આજે મારી પ્રતિષ્ઠા જાળવી છે. તારો યશ સંસારમાં સદા અમર રહેશે."

## વીર બાળક શિવાજી

આગળ જતાં હિંદુ ધર્મનાં સંરક્ષક થવાનું હતું તે બાળકની બાલ્ય અવસ્થામાં શિક્ષણ શરૂ થઈ ગયું હતું. મુશ્કેલીઓ જીવનનું નિર્માણ કરે છે. શિવાજીનો બાલ્યકાળ ઘણી મુશ્કેલીઓમાં વીત્યો હતો. શિવનેરનાં કિલ્લામાં ઈસવીસન 1930માં તેમનો જન્મ થયો હતો. પિતા શાહજી બિજાપુરનાં દરબારમાં નોકર હતાં. બિજાપુરનાં નવાબ તરફથી શાહજી જ્યારે અહમદનગરની લડાઈમાં ફસાઈ ગયાં તે જ સમયે માલદારખાને દિલ્હીનાં બાદશાહને ખુશ કરવા માટે બાળક શિવાજીને તથા તેમનાં માતા જીજાબાઈને સિંહગઢનાં કિલ્લામાં કેદ કરી લેવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેનો આ દુષ્ટ પ્રયત્ન સફળ થઈ શક્યો નહીં. શિવાજીનાં બાળપણનાં ત્રણ વર્ષ જન્મસ્થાન શિવનેરનાં કિલ્લામાં જ વીત્યાં. ત્યારબાદ જીજાબાઈએ શત્રુઓનાં ભયને કારણે પુત્ર સાથે એક કિલ્લામાંથી બીજા કિલ્લામાં નાસતા રહેવું પડ્યું. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં વીર માતાએ પુત્રનાં શિક્ષણમાં ત્રુટિ આવવા દીધી નહીં. માતા જીજાબાઈ શિવાજીને રામાયણ, મહાભારત તથા પુરાણોની વીર ગાથાઓ સંભળાવતાં હતાં. નારો, ત્રીમલ, હનુમંત અને ગોમાજી શિવાજીનાં શિક્ષકો હતાં. શિવાજીનાં સંરક્ષક હતાં પ્રચંડ વીર દાદાજી કોડદેવ. શિક્ષણનું પરિણામ એ આવ્યું કે બાળક શિવાજી નાની અવસ્થામાં જ નિર્ભીક અને અદમ્ય થઈ ગયાં. જન્મજાત શૂરવીર મવાલી બાળકોની ટોળી બનાવીને તેઓ તેમનું નેતૃત્વ કરતાં હતાં. તેમણે બાળપણમાં વિધર્મીઓથી હિંદુધર્મ, મંદિરો તથા ગાયોનું રક્ષણ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. શાહજી ઈચ્છતા હતાં કે પોતાનો પુત્ર બિજાપુરનાં દરબારનો કૃપાપાત્ર બને. શિવાજી આઠ વર્ષનાં હતાં ત્યારે પિતાજી તેમને એક દિવસ શાહી દરબારમાં લઈ ગયાં. પિતાએ વિચાર્યું કે દરબારની સાજ સજાવટ, રૂઆબ અને ઠાઠમાઠ હાથી ઘોડા વગેરે જોઈને બાળક રોફમાં આવી જશે, પરંતુ શિવાજી કોઈ તરફ જોયા વિના એવી રીતે જતા હતાં કે કોઈ સાધારણ માર્ગ પર જઈ રહ્યાં હોય. નવાબની સામે પહોંચીને પિતાએ શિવાજીની પીઠ પર હાથ ફેરવતાં કહ્યું "બેટા! બાદશાહને સલામ કર." બાળકે પાછા ફરીને પિતા તરફ જોયું અને કહ્યું "બાદશાહ મારા રાજા નથી; હું એમની આગળ માથું ઝુકાવી શકું નહીં." દરબારમાં સનસનાટી ફેલાઈ ગઈ. નવાબ ફાટી આંખે બાળક તરફ જોતો રહ્યો; પરંતુ શિવાજીએ આંખો ઝુકાવી નહીં. શાહજીએ ભયવિહ્વળ થતાં વિનંતી કરી "શહેનશાહ! ક્ષમા કરો. બાળક હજી ઘણો નાદાન છે." તેમણે પુત્રને ઘરે જવા આદેશ આપ્યો. બાળકે પીઠ ફેરવી અને નિર્ભીકતાપૂર્વક દરબારમાંથી નીકળી ગયો. ઘરે પાછા આવીને શાહજીએ પુત્રને તેની ધૃષ્ટતા માટે ઠપકાર્યો ત્યારે પુત્રે જવાબ આપ્યો "પિતાજી! તમે મને શા માટે લઈ ગયાં હતાં? તમે જાણો છો કે મારું માથું તુળજા ભવાની અને તમારા સિવાય અન્ય કોઈની આગળ ઝૂકી શક્તું નથી." શાહજી ચૂપ થઈ ગયાં.

આ ઘટના બાદ ચાર વર્ષ પછીની એક ઘટના છે. તે સમયે શિવાજીની વય બાર વર્ષની હતી. બાળક શિવાજી એક દિવસ બિજાપુરનાં મુખ્ય માર્ગ પર ઘૂમી રહ્યાં હતાં. તેમણે જોયું કે એક કસાઈ ગાયને દોરડાથી બાંધીને લઈ જઈ રહ્યો છે. ગાય આગળ જવા ઈચ્છતી નથી અને આર્દ્ર આંખે આમ તેમ જોયા કરે છે. કસાઈ તેને દંડથી વારંવાર મારી રહ્યો છે. બાળક શિવાની તલવાર મ્યાનમાંથી નીકળી; તેઓ કૂદીને કસાઈ પાસે પહોંચ્યા અને ગાયને બાંધેલું દોરડું કાપી નાખ્યું. ગાય નાસી ગઈ. કસાઈ કંઈ બોલે એ પહેલાં તેનું માથું ધડ પરથી અલગ કરી નાંખ્યુ. સમાચાર દરબારમાં પહોચ્યાં. નવાબે લાલઘૂમ થઈને કહ્યું "શાહજી! તમારો પુત્ર ઘણો ઉપદ્રવી છે; તેને બિજાપુરમાંથી બહાર મોકલી દો." શાહજીએ ફરમાન સ્વીકારી લીધું. શિવાજીને પોતાની માતા પાસે મોકલી દેવામાં આવ્યાં. એક દિવસ બિજાપુરનાં નવાબે સ્વતંત્ર હિંદુ સમ્રાટ હોવાના નાતે શિવાજીને પોતાના રાજ્યમાં નિમંત્રિત કર્યા. શિવાજી હાથી પર સવાર થઈને બિજાપુરનાં રાજમાર્ગો પર પસાર થતા દરબારમાં જઈ પહોંચ્યા ત્યારે નવાબે આગળ આવીને તેમનું સ્વાગત કર્યું તથા માથું ઝુકાવ્યું.

## વીર બાળક છત્રસાલ

પન્ના નરેશ મહારાજ ચંપતરાવ ધર્મનિષ્ઠ અને સ્વાભિમાની હતાં. એમને ત્યાં વિક્રમ સંવત 1706નાં જેઠ સુદ તૃતીયા તિથિએ બાળક છત્રસાલનો જંગલમાં જન્મ થયો. મોગલ સમ્રાટ શાહજહાંનું સૈન્ય ચારે તરફથી ઘેરો ઘાલવાનો પ્રયત્ન કરતું હતું. છુપાયેલા રહેવું આવશ્યક છે એમ સમજીને પુત્રનાં જન્મ પ્રસંગે મહારાજે કોઈ ઉત્સવ ઊજવ્યો ન હતો. એક વાર શત્રુઓ એટલા નજીક આવી ગયાં કે લોકોએ જીવ બચાવવા ભાગવું પડ્યું. આ ભાગદોડમાં શિશુ છત્રસાલ એકલા મેદાનમાં છૂટા પડી ગયાં.

**'જાકો રાખૈ સાઈયૈં માર સકૈ નહિં કોય ।**
**બાલ ન બૈંકા કરિ સકૈ જો જગ બૈરી હોય ।।'**

જેનું ઈશ્વર રક્ષણ કરે છે તેને કોઈ મારી શકતું નથી; જે સમસ્ત જગતનો વેરી હોય તે પણ તેનો વાળ વાંકો કરી શકતો નથી.

બાળક છત્રસાલ પર શત્રુઓની નજર પડી નહીં. ભગવાને શિશુનું રક્ષણ કર્યું. ચાર વર્ષની વય સુધી તેમણે મોસાળમાં રહેવું પડ્યું. સાત વર્ષની વય સુધી પિતા પાસે રહ્યાં. પાંચ વર્ષની વયે ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજીની મૂર્તિઓને બાળક સમજી તેમની સાથે રમવાની ઈચ્છા થઈ; કહેવાય છે કે તેઓ ભગવાન સાથે રમ્યા હતાં. પિતાનાં મૃત્યુ પછી તેર વર્ષની વયે છત્રસાલે મોસાળમાં રહેવું પડ્યું. ત્યારબાદ તેઓ પન્ના ચાલ્યા ગયાં અને કાકા સુજાનરાવે અત્યંત સાવધાનીપૂર્વક સૈનિક બનવાનું શિક્ષણ આપ્યું. છત્રસાલને પિતાનાં શૌર્યનો ગુણ પૈતૃક સંપતિરૂપે મળ્યો હતો. જીવનમાં તેમણે પિતાનો સંકલ્પ પૂરો કર્યો. પન્નાનું રાજ્ય છત્રસાલને મેળવીને ધન્ય થઈ ગયું.

દિલ્હીનાં સિંહાસન પર ઔરંગઝેબ બેસી ચૂક્યો હતો. અન્યાયપૂર્ણ શાસનનો અમલ આખા દેશને ભયત્રસ્ત કરી રહ્યો હતો. છત્રસાલની ઉંમર તે સમયે લગભગ ચૌદ વર્ષની હતી. વિંધ્યવાસિની દેવીનાં મંદિરમાં મેળો ભરાયો હતો. ચારે બાજુ ધમાલ મચી હતી. લોકો ભગવતીનાં દર્શન કરવા આવી રહ્યાં હતાં. મહારાજ સુજાનરાવ બુંદેલા સરદારો સાથે વાર્તાલાપ કરવામાં વ્યસ્ત હતાં. યુવરાજ છત્રસાલે હાથ પગ ધોયા અને દેવીની પૂજા કરવા માટે ફૂલ ચૂંટી લાવવા વાટિકામાં જઈ પહોચ્યાં. તેમની સાથે બીજા રાજપૂત બાળકો પણ હતાં. ફૂલ ચૂંટતાં ચૂંટતાં તેઓ થોડે દૂર નીકળી ગયાં. એટલામાં કેટલાક મુસલમાન સૈનિકો આવી પહોંચ્યા. તેઓ ઘોડાઓ પરથી ઊતરીને પૂછવા લાગ્યાં "વિંધ્યવાસિનીનું મંદિર ક્યાં છે?" છત્રસાલે પૂછ્યું "કેમ, તમારે શું દેવીની પૂજા કરવી છે?"

મુસલમાન સરદારે કહ્યું "અમે મંદિરને તોડવા આવ્યાં છીએ." છત્રસાલે ફૂલોની છાબડી બીજા બાળકને પકડાવી અને ગરજી ઊઠ્યાં "મોઢું સંભાળીને બોલ! ફરી આવી વાત કરી છે ને, તો જીભ ખેંચી લઈશ." સરદાર હસ્યો અને બોલ્યો "અરે! તું શું કરી શકે એમ છે? અને તારી દેવી પણ...", પરંતુ શેતાનનું એ વાક્ય પૂરું થયું નહીં; છત્રસાલની તલવાર તેની છાતીમાંથી પીઠ બહાર નીકળી ગઈ. એક યુદ્ધ છેડાઈ ગયું. પુષ્પવાટિકામાં જે બાળકો પાસે તલવારો નહોતી તેઓ તલવારો લેવા દોડી ગયાં. યુદ્ધનાં સમાચાર મંદિરમાં પહોંચ્યાં. રાજપૂતોએ કવચ પહેરી લીધાં અને તલવારો સંભાળી લીધી. તેમણે જોયું કે યુવરાજ છત્રસાલ એક હાથમાં લોહીથી ભીંજાયેલી તલવાર અને બીજા હાથમાં ફૂલોની છાબડી લઈને હસતા હસતા આવી રહ્યાં છે. તેમનાં વસ્ત્રો લોહીથી લાલ થઈ રહ્યાં હતાં. એકલા યુવરાજે શત્રુ સૈનિકોને ધરતી પર સુવાડી દીધાં. મહારાજ સુજાનરાવે છત્રસાલને હૈયા સરસા ચાંપ્યા. ભગવતી વિંધ્યવાસિની પોતાના સાચા પૂજારીનાં શૌર્યરૂપી પુષ્પને પામીને પ્રસન્ન થઈ ગયાં.

## વીર બાળક પુત્ત

એક વાર દિલ્હીનો મોગલ બાદશાહ અકબર સૈન્ય લઈને ચિત્તોડને જીતવા આવ્યો. એ જોઈને રાણા ઉદયસિંહ બીકનાં માર્યા ચિત્તોડ છોડીને ભાગી ગયાં. તેમનો સેનાપતિ જયમલ શહેરનું રક્ષણ કરવા લાગ્યો. એક રાત્રે અકબરશાહે તેને ગોળીથી વિંધી નાંખ્યો. ચિત્તોડવાસીઓ ગભરાઈ ગયાં. એ દરમિયાન ચિત્તોડનો એક બહાદૂર છોકરો સ્વદેશનું રક્ષણ કરવા માટે મેદાનમાં આવી ગયો. તે વીર બાળકનું નામ હતું પુત્ત. તેની ઉંમર ફક્ત સોળ વર્ષની હતી. પુત્ત હતો બાળક, પણ તે બહાદુર પુરુષો જેવો હિંમતવાન અને બળવાન હતો. તેની માતા, બહેન અને પત્નીએ તેને યુદ્ધમાં જવા માટે ખુશીથી અનુમતી આપી દીધી. એટલું જ નહીં તેઓ પણ ઘરમાં બેસી ન રહેતાં, હથિયાર લઈને દેશનું રક્ષણ કરવા માટે ઉત્સાહ સાથે યુદ્ધભૂમિમાં જઈ પહોંચી. અકબરનું સૈન્ય બે ભાગમાં વહેંચાયેલું હતું. એક ભાગ પુત્તની સામે લડતો હતો, જ્યારે બીજો ભાગ પુત્તને રોકવા માટે આવી રહ્યો હતો. બીજા ભાગનું સૈન્ય પુત્તની માતા, પત્ની અને બહેનનું પરાક્રમ જોઈને દંગ રહી ગયું. બપોરનાં બે વાગવાનાં સુમારે પુત્ત તેમની પાસે પહોંચ્યો, તો બહેન લડાઈમાં મરી ચૂકી હતી. માતા અને પત્ની બંદૂકની ગોળી ખાઈને જમીન પર તરફડી રહી છે. પુત્તની પાસે જોઈને માતાએ કહ્યું "બેટા! અમે સ્વર્ગમાં જઈએ છીએ; તું યુદ્ધ કરવા જા. લડીને જન્મભૂમિનું રક્ષણ કરજે અથવા મરીને સ્વર્ગમાં મળજે." આટલું કહીને પુત્તની માતાએ પ્રાણ ત્યજી દીધાં. પુત્તની પત્નીએ પણ સ્વામી તરફ ધીરભાવે એકીટસે જોઈને પ્રાણ ત્યાગ કર્યો. પુત્ત વિશેષ ઉત્સાહ અને વીરતાથી ફરી શત્રુઓનાં સૈન્યનો મુકાબલો કરવા લાગ્યો. માતાની આજ્ઞાનું પાલન કરવામાં તેણે જરા પણ પાછી પાની કરી નહીં અને જન્મભૂમિ ખાતર લડીને પ્રાણ ત્યજી દીધાં. આમ એક જ પરિવારનાં ચાર વીર નર નારીઓ સ્વર્ગ સિધાવ્યાં અને તેમની કીર્તિ હંમેશ માટે સંસારમાં અમર થઈ ગઈ.

## વીર બાળક દુર્ગાદાસ રાઠોડ

જોધપુર નરેશ મહારાજ યશવંતસિંહજીને તેમની સાંઢણીઓનાં રખેવાળે એવી સૂચના પહોંચાડી કે સાધારણ ખેડૂતનાં દીકરાએ એક સાંઢણીને મારી નાંખી છે. મહારાજે ખેડૂતને પકડીને લાવવાનો હુકમ કર્યો. ખેડૂતનું નામ હતું આસકરણ. તે રાઠોડ રાજપૂત હતો. મહારાજની સામે આવ્યાં પછી તેણે બાળકને આગળ કરીને કહ્યું "શ્રીમાનનો અપરાધી આ જ છે." મહારાજે ક્રોધપૂર્વક ધમકાવીને પૂછ્યું "તેં સાંઢણી મારી છે?" બાળકે નિર્ભયતાપૂર્વક વાત કબૂલ કરી. તેણે કહ્યું "હું ખેતરનું રખોપું કરી રહ્યો હતો. સાંઢણીઓને આવતી જોઈ હું આગળ દોડી ગયો અને ભરવાડને મનાઈ કરી; પણ તેણે મારી વાત પર ધ્યાન ન આપ્યું. અમારો પાક નષ્ટ થઈ જાય તો અમે ખાઈએ શું? સાંઢણીએ મારા ખેતરમાં મોઢું નાખ્યું એટલે મેં તેને મારી નાંખી. બીજી સાંઢણીઓ ચાલી ગઈ અને ભરવાડ પણ ભાગી ગયો." એક નાનકડો બાળક એક મજબૂત ઊંટને મારી શકે એ વાત મનમાં બેસતી ન હતી. મહારાજે પૂછ્યું "તે સાંઢણીને મારી કેવી રીતે?" એક પખાલિયો ઊંટ સામેથી જઈ રહ્યો હતો. તેની કેડ પરથી તલવાર ખેંચીને એવો ઘા માર્યો કે ઊંટની ગરદન ઊડી ગઈ. મહારાજ બાળકની વીરતા પર ખુશ થયાં. મહારાજે બાળકને પોતાની પાસે રાખી લીધો. આ જ બાળક ઈતિહાસ પ્રસિદ્ધ વીર દુર્ગાદાસ થયાં. ઔરંગઝેબ જેવા ક્રૂર બાદશાહ પાસેથી તેમણે યશવંતસિંહજીનાં રાણી તથા રાજકુમાર અજિતસિંહને બચાવ્યાં હતાં. આમ યવનોનાં પંજામાંથી મારવાડનો ઉદ્ધાર કર્યો હતો.

## વીર બાળકો અજિતસિંહ અને જુઝારસિંહ

ગુરુ ગોવિંદસિંહ આનંદપુરનાં કિલ્લામાં હતાં. તેમની સાથે જેટલા શીખ સૈનિકો હતાં તેના કરતાં લગભગ વીસ ગણાં મુસલમાની સૈનિકોએ કિલ્લાને ઘેરી રાખ્યો હતો. કિલ્લામાં જે ખાદ્યસામગ્રી હતી તે ખતમ થવા લાગી. શીખસેનાનાં સરદારોએ ગુરુજી પર વારંવાર દબાણ કરવાનો આરંભ કર્યો કે, "તમે બાળકો સાથે અહીંથી નીકળી જાઓ. દેશને અને ધર્મને વિધર્મીઓનાં અત્યાચારોથી બચાવવા માટે તમારે બચવું જરૂરી છે." સાથીઓએ ઘણી હઠ કરી તેથી એક દિવસ અડધી રાતે ગુરુજી માતા, પત્ની અને ચાર પુત્રો સાથે કિલ્લામાંથી ચુપચાપ નીકળી ગયાં, પરંતુ તેઓ સુરક્ષિત સ્થળે પહોંચી શક્યા નહી. મુસલમાની સૈન્યને ખબર પડી ગઈ. શત્રુનાં ઘોડેસવારો અને પૈદલ સૈનિકો મશાલો લઈને દોડવા લાગ્યાં. લોકોની ભાગદોડનું પરિણામ એ આવ્યું કે ગુરુ ગોવિંદસિંહજી, તેમનાં પત્ની તથા અજિતસિંહ અને જુઝારસિંહ એક તરફ થઈ ગયાં. ગુરુજીની માતા તથા બે નાના પુત્રો જોરાવરસિંહ અને ફતેહસિંહ બીજી તરફ થઈ ગયાં. ગુરુજી સુરક્ષિત નીકળી જાય એ માટે કિલ્લામાં જે શીખ સૈનિકો હતાં તેમણે મુસલમાની સૈન્ય પર આક્રમણ કર્યું. રાતનાં અંધારામાં ભયંકર યુદ્ધ આરંભાયું. શીખ સૈનિકો ઝઝૂમી રહ્યાં હતાં.

મુસલમાન સૈનિકો ગુરુજીનો પીછો કરી રહ્યાં હતાં. ગુરુજીની સાથે જે સૈનિકો હતાં તેઓ શત્રુઓ સામે ખતમ થઈ ગયાં હતાં. ગુરુદેવનાં મોટા પુત્ર અજિતસિંહથી આ જોઈ શકાયું નહીં. તેઓ પિતાજી પાસે આવ્યાં અને પ્રણામ કરીને બોલ્યાં "પિતાજી! સૈનિકો આપણું રક્ષણ કરવા પોતાના પ્રાણ આપી રહ્યાં છે, આવી સ્થિતિમાં હું તેમને મૃત્યુનાં મુખમાં નાખીને ભાગી જવા ઈચ્છતો નથી. તમે મને યુદ્ધ કરવાની અનુમતિ આપો." પુત્રની વાત સાંભળીને ગુરુજીએ તેને હૈયા સરસો ચાંપ્યો અને કહ્યું "બેટા! તું ધન્ય છે! પોતાના દેશ અને ધર્મ ખાતર મરી ફીટનારા અમર રહે છે. તું પોતાના કર્તવ્યનું પાલન કર." અજિતસિંહ દસ શીખ સૈનિકોને સાથે લઈને શત્રુનાં દળ પર તૂટી પડ્યાં. તેમનું આક્રમણ શત્રુઓ માટે સાક્ષાત્ યમરાજનાં આક્રમણ જેવું ભયંકર સાબિત થયું. મોટા સૈન્ય સામે દશ માણસો શું કરી શકે ? સેંકડો શત્રુઓને સુવાડી દઈને તેમણે વીરગતિ પ્રાપ્ત કરી લીધી. મોટા ભાઈ યુદ્ધમાં ઢળી પડ્યા ત્યારે તેમનાથી નાના જુઝારસિંહે ગુરુજીને પ્રણામ કરીને કહ્યું "પિતાજી! મને આજ્ઞા આપો, કે હું પણ મોટાભાઈનો અનુગામી બની શકું." ધન્ય છે તે પુત્રો કે જેઓ દેશ અને ધર્મ ખાતર મરવા ઉત્સુક હોય છે. ધન્ય છે તે પિતા કે જેઓ પુત્રોને આત્મ બલિ આપવાના પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપે છે. ગુરુજીએ જુઝારસિંહને આશીર્વાદ આપ્યાં "પુત્ર! દેવતાઓ તારી પ્રતીક્ષા કરે છે. અમરત્વ પ્રાપ્ત કર!" જુઝારસિંહ પણ સાથીઓને લઈને તૂટી પડ્યાં. શીખ સૈનિકો અને સરદાર જુઝારસિંહ યુદ્ધભૂમિમાં વીરગતિને પામ્યાં, પણ એટલા શત્રુઓનાં સૈનિકો મરાઈ ચૂક્યા હતાં કે મુસલમાન સૈન્યથી ગુરુજીનો પીછો કરવાની હિંમત જ રહી નહીં.


**પ્રો. હીરાભાઈ એચ. પટેલ** [MLA]



PEAEC **Love** LIGHT Shubh Deepavali
**HAPPY NEW YEAR**

પ્રકાશપર્વે પોંખીએ ભારતનાં સુવર્ણ પ્રભાતને...
ઝગમગતા દીપની આભાથી પ્રકાશિત આ નૂતનવર્ષ
ભારતનાં પ્રત્યેક પરિવારનાં આંગણામાં સુખ, સમૃદ્ધિનાં આશીર્વાદ
લઈને આવે તથા નવા વર્ષનું પ્રત્યેક સૂર્યકિરણ ઉલ્લાસનો નવો ઉજાસ
આપણા ભારતમાં વિસ્તારે તેવી શુભેચ્છાઓ...

મહર્ષિ અરવિંદ માર્ગ, મુ.પો.તા. : લુણાવાડા, જિ. : પંચમહાલ : 389 230


## વીર બાળક પૃથ્વીસિંહ

દિલ્હીનાં મોગલ બાદશાહ ઔરંગઝેબને ત્યાં તેના શિકારીઓ જંગલમાંથી એક સિંહ પકડી લાવ્યાં હતાં. સિંહ લોખંડનાં પાંજરામાં બંધ હતો. વારંવાર ત્રાડ નાંખતો હતો. બાદશાહ કહેતો "આના કરતાં ભયાનક સિંહ બીજો મળી શકે નહીં." બાદશાહનાં દરબારીઓ તેની વાતમાં સહમત થયાં; પરંતુ મહારાજ યશવંતસિંહજીએ કહ્યું "આના કરતાં શક્તિ શાળી સિંહ મારી પાસે છે." બાદશાહને ક્રોધ આવ્યો. તેણે કહ્યું "તમે પોતાના સિંહને આની સાથે લડવા છોડો. જો તમારો સિંહ હારી જશે તો તમારું માથું કાપી લેવામાં આવશે." બાદશાહની આ વાત યશવંતસિંહે સ્વીકારી લીધી. બીજે દિવસે કિલ્લાની સામેનાં મેદાનમાં લોખડનાં જાડા સળિયાઓનું પાંજરું બે સિંહોની લડાઈ માટે મૂકવામાં આવ્યું. સિંહોનું યુદ્ધ જોવા માટે ભીડ એકઠી થઈ ગઈ. ઔરંગઝેબ સમયસર આવીને પોતાના સિંહાસન પર બેસી ગયો. રાજા યશવંતસિંહ દસ વર્ષનાં પુત્ર પૃથ્વીસિંહ સાથે આવ્યાં. તેમને જોઈને બાદશાહે પૂછ્યું "તમારો સિંહ ક્યાં છે?" યશવંતસિંહ બોલ્યાં "હું મારો સિંહ સાથે જ લાવ્યો છું. તમે લડાઈ શરૂ કરવાની આજ્ઞા આપો."

